# સમૃદ્ધ ખ્રિસ્તી જીવન

લેખક : પાસ્ટર ડેવિડ સર્લ

અનુવાદક : ડૉ. રવિકાન્ત પરમાર

5BG52

# સમૃદ્ધ ખ્રિસ્તી જીવન

# BE STRONG IN THE LORD

GUJARATI CHRISTIAN FELLOWSHIP
OF PHILADELPHIA
425 CENTRAL AVE.
CHELTENHAM, PA 19012-2103

: લેખક :
પાસ્ટર ડેવિડ સર્લ

: અનુવાદક :
ડૉ. રવિકાન્ત પરમાર
એમ.એ., પી.એચ.ડી.

: પ્રકાશક :
ગુજરાત ટ્રાકટ એન્ડ બુક સોસાયટી
સાહિત્ય સેવા સદન,
એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.

આવૃત્તિ પ્રથમ, ૧૯૯૯

કિંમત રૂા. ૩૦-૦૦

પ્રત ૧,૦૦૦

: મુદ્રક :
ફોટ્રોનિક્સ
ભરવાડા હાઉસ, જૂની હાઈકોર્ટ રેલવે ક્રોસિંગ પાસે,
આશ્રમ રોડ, નવરંગપુરા, અમદાવાદ.
ફોન : ૬૪૨૭૪૪૮

# અર્પણ

મારાં દાદીમા.....

સ્વ. આજ્યુટન્ટ મરિયમબહેન એસ. પરમાર

તથા

પિતાશ્રી.....

સ્વ. જેકબ એસ. પરમાર

ને

સ્નેહ-સ્મરણરૂપે આ પુસ્તક સાદર

અર્પણ કરું છું.

– રવિકાન્ત પરમાર

# દાન માટે આભાર

આ પુસ્તકના પ્રકાશન માટે તેના વિદ્વાન અનુવાદક ડૉ. રવિકાન્ત પરમાર તરફથી રૂા. ૧૨,૦૦૦/-નું ઉમદા દાન મળ્યું છે.

# અનુવાદકનું વક્તવ્ય

પાસ્ટર ડેવિડ સર્લ અત્યારે એડિન્બર્ગના 'રૂધરફોર્ડ હાઉસ' નામની ખ્રિસ્તી કેળવણી સંસ્થામાં વૉર્ડન તરીકે સેવાઓ આપી રહ્યા છે. અહીં તેમનું કાર્ય દેવની સેવા માટે પાળકોના સહાયક બનવાનું અને સેવાકાર્ય માટે પાળકોને સજ્જ કરવાનું છે. વૉર્ડન તરીકેની સેવાઓ તેમણે સ્વીકારી તે પહેલાં સ્કોટલેંડની એબરડીન અને લારબેટ તથા ઉત્તર આયરલેંડની બેંગોર મંડળીઓમાં પાળક તરીકેની સેવાઓ આપી છે.

'આત્માનાં શસ્ત્રો ધારણ કરી દેવમાં સમૃદ્ધ બનો' (Arming ourselves for the fight... be strong in the Lord') નામના તેમના આ પુસ્તકને મેં 'પ્રભુમાં સમૃદ્ધ : જયવંત ખ્રિસ્તી જીવનનું રહસ્ય' - શીર્ષક આપ્યું છે, કારણ કે લેખકે તેમનાં વાચકોને જયવંત ખ્રિસ્તી જીવન જીવવામાં સહાયક બને એવા આશયથી જ આ સુંદર પુસ્તકની રચના કરી છે.

આપણે ઘણી વખત કહેતાં હોઈએ છીએ કે, અમે તો ત્રણ પેઢી કે ચાર પેઢીથી ખ્રિસ્તી છીએ. અમારી તો ત્રણ પેઢીઓએ પ્રભુ ઈસુ અને તેમનાં લોકની સેવા કરી છે અને તેથી, અમે પ્રભુ ઈસુના આશીર્વાદ પ્રાપ્ત કરવાનો અધિકાર ધરાવીએ છીએ! પરન્તુ આ પુસ્તકના લેખકે ૧૭માં પ્રકરણમાં આપણા એ ફાંકાને ઉતારી નાખ્યો છે. એ પ્રસંગ વાંચ્યા પછી આપણે જ આપણી જાતને પ્રશ્ન પૂછવા તૈયાર થઈએ છીએં કે, શું આપણે ખ્રિસ્તી છીએ?

પરન્તુ ચિંતા કરશો નહીં. આ પુસ્તકમાં આવા તો ઘણા પ્રસંગો છે અને ઘણાં ઉદાહરણ છે, જે આપણને જ લાગુ પડે છે

અને ડરતાં ડરતાં આગળ વાંચતાં જઈએ છીએ. છતાં, પુસ્તકના અંતે આપણું અહમ, અજ્ઞાન, વહેમ, ખોટી માન્યતાઓ - સર્વ કાંઈ ઓગળી જાય છે અને એક નવીન દૃષ્ટિ મળ્યાનો સંતોષ અને આનંદ થાય છે.

આ પુસ્તકના પ્રત્યેક પાના પર 'ધર્મવિદ્યા' (Theology)ની ચર્ચા કરવામાં આવી છે, છતાં જીવનનાં જીવંત ઉદાહરણોને લીધે પુસ્તક રસપ્રદ બન્યું છે; વાંચતાં ક્યારેય કંટાળો આવતો નથી. આ પુસ્તકની રસિકતાનું એક બીજું પણ કારણ છે - તેની શૈલી. લેખકે તેમનાં ભાષણોનું સંકલન કરીને આ પુસ્તકની રચના કરી છે, આથી વક્તા-શ્રોતાનો સંબંધ અહીં જળવાયો છે. એકમાંથી બીજી અને બીજીમાંથી ત્રીજી વાત, આગળને આગળ ચાલ્યા જ કરે અને એ વાતનું પૂર્ણ વિરામ આપમેળે જ સમજાઈ જાય! અને વક્તા જ્યારે પ્રશ્ન પૂછે : 'મારો કહેવાનો આશય તમે સમજ્યા હશો.' ત્યારે વિના વિલંબે આપણાં માથાં 'હકાર'માં હાલવા લાગે છે!

ખ્રિસ્તી જીવન એ એક સૈનિકનાં જીવન જેવું જીવન છે, આથી તેણે દેવના તથા ખ્રિસ્તી મનુષ્યના શત્રુ શેતાનથી હંમેશાં સાવધ રહેવાનું છે અને તેને લીધે સંત પાઉલ આપણને આત્માનાં શસ્ત્રો ધારણ કરીને સાવચેતીથી દેવના પક્ષે લડતા રહેવાનું તથા સંપૂર્ણ રક્ષણ પ્રાપ્ત કરવા માટે આત્માનાં બધાં જ શસ્ત્રોથી સજ્જ થવાનું કહે છે. પાસ્ટર ડેવિડ સર્લ આત્માનાં શસ્ત્રો : સત્યનો કમર બંધ, ન્યાયીપણાનું બખતર, શાંતિનાં પગરખાં, વિશ્વાસની ઢાલ, તારણનો ટોપ તથા દેવનાં વચનરૂપી આત્માની તલવાર વિશે વિષદતાથી ચર્ચા કરી તો પ્રત્યેકની ખ્રિસ્તીને ખાસ જરૂર છે,

એ વાત સમજાવે છે. લેખકની એ શસ્રોનું વર્ણન કરી જીવન માટેની તેમની મહત્તા સમજાવવાની રીત દાદ માગે તેવી છે. અહીં આપણે 'ન્યાયીપણા'નો તેમણે આપેલો અર્થ જોઈશું. તે લખે છે :

''પ્રથમ, આપણે ન્યાયીપણાનો અર્થ શોધવા પ્રયાસ કરીશું. ન્યાયીપણાનો જે અર્થ બાઇબલમાંથી મળે છે તે છે : યોગ્ય પ્રકારના સંબંધમાં હોવું (અથવા રહેવું). પરન્તુ 'સંબંધ' શબ્દ અનેક અર્થોમાં વાપરવામાં આવે છે. સરળ (HORIZONTLE) સંબંધ, આડોસંબંધ, ઘનિષ્ઠસંબંધ, ઉપરછલ્લો સંબંધ, કામચલાઉ સંબંધ, દેખાવનો સંબંધ, મીઠો સંબંધ વગેરે. આ બધા સંબંધોમાં બાઈબલ જે સંબંધની વાત કરે છે, તેમાં ત્યાગ, આત્મસમર્પણ, ક્ષમા અને પ્રધાન સ્વરૂપે પ્રેમ હોય છે. તમારા પરિવારનાં બધાં સભ્યો એકબીજાં સભ્યો સાથે બાઈબલમાં કહ્યો છે તેવો 'ન્યાયી' (Righteous) સંબંધ રાખતાં હોય, એટલે તમારા કુટુંબનાં બધાં લોકો 'ન્યાયી' છે એમ માનવાની જરૂર નથી. કદાચ તમારા કુટુંબમાં કોઈ એક વ્યક્તિ છે, જે પોતાના વ્યાપારમાં અનીતિ કરે છે, સરકારને અથવા લોકોને છેતરે છે. તમારા પરિવારની કોઈ છોકરી પાડોશીના છોકરાની સાથે અનૈતિક સંબંધ ધરાવતી હોય. તમારા કોઈ પાડોશી સાથે તમારે કોઈ બાબતે ઝગડો થયો હોય અને તેની સાથે તમારે બોલવાનોય સંબંધ રહ્યો ના હોય. જો આ જાતની સ્થિતિ તમારા કુટુંબમાં હોય, તો તમારા પરિવારને યોગ્ય પરિવાર (Righteous Family) કહી શકાય નહીં. જોકે તમારા પરિવારનાં સભ્યોનો એકબીજાં સાથેનો સંબંધ યોગ્ય પ્રકારનો છે, પરન્તુ એ જ

સભ્યોનો, પરિવારની બહારનાં લોકો સાથેનો સંબંધ યોગ્ય પ્રકારનો નથી; ખોટો છે.” (Pg. ૧૨૮-૧૨૯)

મને લાગે છે કે વિષયના હાર્દને સમજાવવાની કલાનું અને લેખકની વિદ્વત્તાનું, આ એક જ ઉદાહરણ પૂરતું ગણાશે. જ્યવંત ખ્રિસ્તી જીવન જીવવાના તમારા પ્રયાસને આ પુસ્તક સહાયક બનશે તેની મને ખાતરી છે. આપણી ગુજરાતની સેમિનરિઝના અભ્યાસક્રમમાં આ પુસ્તકને જો રાખવામાં આવશે, તો ભવિષ્યના પાળકો પ્રભુ ઈસુની મંડળીના લોકોને દેવનાં (આત્માનાં) શસ્ત્રો વિશે યોગ્ય સમજ આપી, સાચા ખ્રિસ્તી યોદ્ધામાં પરિવર્તિત કરી શકશે એવી મને શ્રદ્ધા છે.

પાસ્ટર ડેવિડ સર્લ જગતમાં આપણી સ્થિતિની સમીક્ષા કરતાં લખે છે :

“પ્રભુ ઈસુએ આપણને તેમના સૈનિકો તરીકે પસંદ કર્યાં છે. તેમના સૈનિકો તરીકે આપણી પસંદગી કરીને તેમણે આપણને ઘણું મોટું ગૌરવ આપ્યું છે. ખ્રિસ્તના સૈનિકો તરીકે આપણે મુશ્કેલીઓ સહન કરવી પડે કે પ્રલોભનો સામે ભીષણ યુદ્ધ કરવું પડે, છતાં આપણે આપણું સ્થાન છોડીને ભાગવાનું નથી; કારણ કે આપણા સેનાપતિનો એ હુકમ છે! તેમને ખાતરી છે કે એ જ રીતે આપણે વિજય મેળવી શકીએ છીએ. તેમની અપરિમિત શક્તિ (Mighty Power)નું સામર્થ્ય આપણામાં ભરી, તેમનાં જ આત્માનાં શસ્ત્રોથી આપણને સજ્જ કરેલાં છે. આથી હિમ્મત રાખી શેતાન શત્રુ સાથે સતત યુદ્ધ કરતા રહો અને જે મોરચા પર તમને મૂક્યા છે, ત્યાંથી જરાપણ પાછા હઠશો નહીં!”

લેખકની આ સલાહ તથા ચેતવણી આપણને સાચું ખ્રિસ્તી જીવન જીવવામાં મદદ કરશે; એવી શ્રદ્ધા સાથે આપણા જીવન-માર્ગમાં ચાલતાં ચાલતાં 'સિયોન'ના માર્ગે આગળ વધીએ.

અગાઉનાં પુસ્તકોની જેમ 'પ્રભુમાં સમૃદ્ધ : જયવંત ખ્રિસ્તી જીવનનું રહસ્ય' પુસ્તકના અનુવાદ-કાર્યમાં જેમણે મને સહાય કરી છે, તે સર્વ ભાઈ-બહેનોનો હું આભાર માનું છું અને મારા અનુવાદ કાર્યમાં મને પ્રેરણા, પ્રોત્સાહન મને સહાય પૂરી પાડનાર મારી પત્ની શ્રીમતી ઈમોજીનનો હું આભાર માનતાં આનંદની લાગણી અનુભવું છું.

આપણા તારનાર પ્રભુ ઈસુના પુનરાગમનનો સમય ક્ષણે-ક્ષણે આપણી સમીપ આવી રહ્યો છે, ત્યારે શેતાન સાથેના યુદ્ધના રણશિંગડાનો સૂર આપણા કાન સુધી પહોંચાડનાર પ્રભુના સેવક પાસ્ટર ડેવિડ સર્લ, સેક્રેટરી શ્રી ભગવતપ્રસાદ ચૌહાણ અને ગુજરાત ટ્રાકટ એન્ડ બુક સોસાયટી તથા ફોટ્રોનિક્સને તેમના સેવા-કાર્ય માટે અભિનંદન આપું છું.

અને છેલ્લે, સંત પાઉલની તમારે અને મારે માટેની જે ઇચ્છા હતી તેનું સ્મરણ કરીએ. તે લખે છે :

"અંતમાં, પ્રભુની સાથેની સંગતમાં અને તેમની મહાન શક્તિથી તમે તાકાતવાન બનો. જેથી શેતાનની દુષ્ટ ચાલાકીઓનો તમે સામનો કરી શકો માટે ઈશ્વર તમને જે શસ્ત્રો આપે છે તે સજી લો. કારણ આપણે માનવીઓની વિરુદ્ધ લડાઈ કરતા નથી,

પણ સ્વર્ગીય દુનિયામાં જે દુષ્ટ આત્મિક સત્તાઓ છે એટલે અધિકારીઓ, અધિપતિઓ અને અંધકારની શક્તિઓ તેમની સામે લડીએ. તેથી ઈશ્વરનાં શસ્ત્રો હમણાં જ સજી લો! જેથી જ્યારે ભૂંડા દિવસો આવે ત્યારે દુશ્મનના હુમલાને હટાવવા તમે શક્તિમાન થઈ શકો અને અંત સુધી લડાઈ કરીને તમે ઊભા રહી શકો (એફેસી ૬ : ૧૦-૧૩, 'નવો કરાર', નવો અનુવાદ, ભારતની બાઈબલ સોસાયટી, બેંગ્લોર. ૧૯૮૧).

જુલાઈ ૧૩, ૧૯૯૮ — **રવિકાન્ત પરમાર**
હ્યુસ્ટન, યુ.એસ.એ.

# આવકાર

પાસ્ટર ડેવિડ સર્લે લખેલ BE STRONG IN THE LORD એ પ્રેરણાદાયી પુસ્તકનો આપણા અભ્યાસનિષ્ઠ ભાષાંતરકાર ડૉ. રવિકાન્ત પરમારે કરેલ અનુવાદ 'સમૃદ્ધ ખ્રિસ્તી જીવન'ને આવકારતાં આનંદ થાય એ સ્વાભાવિક છે. કારણ કે, આ પુસ્તકમાં વિશ્વાસીઓને પ્રભુમાં સમર્થ કે બળવાન થવાની અને રહેવાની પ્રેરણા મળે છે. ઈશ્વરી સેવા માટે બાળકોને મદદ કરવાની સેવા બજાવતા એક ખ્રિસ્તી વોર્ડન તરીકે સેવા આપતા રેવ. ડેવિડ સર્લ ઉત્તર આયર્લેન્ડની એક મંડળીમાં ધર્મગુરુ કે પાળક તરીકેની ઉત્તમ સેવા બજાવે છે.

આ ગ્રંથ મુખ્યત્વે આધ્યાત્મિક સામર્થ્ય સાથે સંબંધ ધરાવે છે. આપણો ધર્મ એ સામર્થ્યનો અને શક્તિનો ધર્મ છે. તેમાં ક્ષમાની વાત તો છે જ પણ એ વીરોચિત ક્ષમા છે. વધસ્તંભ એ કમજોરીનો કે નબળાઈનો વધસ્તંભ નથી, એ તો સામર્થ્ય, ચમત્કાર અને આકાશને ઉઘાડી નાખતી ચાવીનું પ્રતીક છે - ખ્રિસ્તી ધર્મ એ વીરો અને શહીદોનો ધર્મ છે.

એફેસીઓને પત્રમાં પાઉલ પ્રેરિત જે લખ્યું છે તેની જ આમાં મુખ્ય નોંધ છે. ખ્રિસ્તી ધર્મ એ યુદ્ધ છે. જેમાં દેવને પક્ષે રહી જન્મજાત યોદ્ધા એવા ખ્રિસ્તીઓએ લડાઈ કરવાની છે. આથી જ દરેક ખ્રિસ્તીએ યુદ્ધનું સાચું સ્વરૂપ અને લડાઈની પદ્ધતિઓ - શેતાનની પદ્ધતિઓ - પણ જાણી લેવાં જોઈએ. તેણે સત્યનો કમરબંધ, ન્યાયીપણાનું બખતર, શાંતિનાં પગરખાં,

વિશ્વાસની ઢાલ અને તારણનો ટોપ લઈને - એ બધાંથી સજ્જ થઈને શેતાન સામે યુદ્ધ લડવાનું છે, તેમાં વિજેતા બનવાનું છે.

આ કામ આસાન નથી. તેમાં કઈ બાબતો મદદરૂપ થઈ શકે તે વાત આ ગ્રંથમાં રસિક રીતે દર્શાવાયેલી છે. આ ગ્રંથના અનુવાદક ડૉ. રવિકાન્ત પરમાર સાહેબ તરફથી આ ગ્રંથનો અનુવાદ કરવા ઉપરાંત રૂા. ૧૨,૦૦૦/-નું ઉમદા દાન મળ્યું છે. તે બદલ ડૉ. રવિકાન્ત પરમાર સાહેબનો હૃદયપૂર્વક આભાર માનીએ છીએ. પરમપિતા આ પુસ્તકના તમામ વાચકોને તેનો પરમ આશીર્વાદ બક્ષે તે જ પ્રાર્થના.

– ભગવતપ્રસાદ ચૌહાણ

સેક્રેટરી

# અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| | અનુવાદકનું વક્તવ્ય | v |
| ૧. | આધ્યાત્મિક સામર્થ્યની વ્યાખ્યા અને વર્ણન | ૧ |
| ૨. | આધ્યાત્મિક સામર્થ્ય પ્રાપ્ત કરવાની રીત | ૧૬ |
| ૩. | આધ્યાત્મિક સામર્થ્ય આપનાર શક્તિ | ૩૨ |
| ૪. | આધ્યાત્મિક સામર્થ્ય અને આત્મિક શસ્ત્રો | ૫૦ |
| ૫. | આધ્યાત્મિક શસ્ત્રો અંગેના ચાર પ્રશ્ન | ૬૬ |
| ૬. | દેવને પક્ષે રહી દઢતાપૂર્વક યુદ્ધ કરો | ૮૧ |
| ૭. | શેતાનની યુદ્ધ-કલા અને તેની વ્યૂહરચના | ૯૫ |
| ૮. | આપણા યુદ્ધનું સાચું સ્વરૂપ | ૧૧૦ |
| ૯. | શેતાનના રાજ્યની વિશેષ માહિતી | ૧૨૫ |
| ૧૦. | અંધકારના સ્વામી શેતાનની સત્તા | ૧૩૯ |
| ૧૧. | સત્યનો કમરબંધ | ૧૫૪ |
| ૧૨. | ન્યાયીપણાનું બખતર | ૧૬૮ |
| ૧૩. | શાંતિનાં પગરખાં | ૧૮૪ |
| ૧૪. | વિશ્વાસની ઢાલ | ૧૯૯ |
| ૧૫. | તારણનો ટોપ | ૨૧૪ |
| ૧૬. | દેવનાં વચનરૂપી આત્માની તલવાર | ૨૨૭ |
| ૧૭. | પ્રાર્થનાનું સ્વરૂપ અને મહત્ત્વ | ૨૪૩ |

# પ્રકરણ ૧

# આધ્યાત્મિક સામર્થ્યની વ્યાખ્યા અને વર્ણન

"છેવટે, [હું કહું છું], પ્રભુમાં તથા તેમના સામર્થ્યના બળમાં શક્તિમાન થાઓ." - એફેસીઓને પત્ર, ૬ : ૧૦

## તમે કયા પ્રકારના ખ્રિસ્તી છો?

કલ્પના કરો કે તમે એક એવા દેશમાં જીવી રહ્યાં છો કે જ્યાં ખ્રિસ્તી હોવું એ એક ગુનો ગણાય છે અને ખ્રિસ્તી હોવાને લીધે તમને નોકરીમાંથી પાણીચું આપી શકાય છે, તમે ભણતા હો તો તમને શાળા-કોલેજમાંથી બરતરફ કરી શકાય છે, તમને જેલમાં પૂરી શકાય છે અને તમને કેદીઓની છાવણી (Concentration camp)માં રાખી રીબાવી શકાય છે. પરન્તુ આ કાંઈ કલ્પના માત્ર નથી. દુનિયામાં આજે પણ ઘણા દેશ એવા છે, જ્યાં ખ્રિસ્તીઓની સાથે ઉપર કલ્પના કરી તેનાં કરતાં પણ વધારે ક્રૂરતાપૂર્ણ વ્યવહાર કરવામાં આવે છે.

ધારો કે તમે ખ્રિસ્તી છો તેને લીધે તમને પકડવામાં આવ્યા છે અને તમારી વિરુદ્ધ કેસ દાખલ કરવામાં આવ્યો છે. તમારી સામે ફરિયાદ છે કે, તમે એક સાચા નમૂનેદાર ખ્રિસ્તી છો, ખ્રિસ્તના સાચા શિષ્ય છો. જ્યારે આપણે સાચા ખ્રિસ્તીની વાત કરીએ છીએ ત્યારે, આપણે દેવળમાં જવા અંગેની, મંડળીના સભાસદ હોવાની, બાઈબલ સ્ટડીના કલાસમાં જવા અંગેની, ખ્રિસ્તી સંગતની કે પ્રાર્થના મંડળોની વાત કરતા નથી, પરન્તુ આપણે તો આપણા દૈનિક જીવન વ્યવહારની વાત કરીએ છીએ.

તમે કયા પ્રકારના ખ્રિસ્તી છો? શું તમને જેલમાં પૂરી શકાય એ માટેનાં પૂરતાં કારણો તમે ઊભાં કર્યાં છે?

પરમેશ્વરને પસંદ પડે એવા ખ્રિસ્તી વિશે અત્યારે આપણે વિચાર કરવા માગીએ છીએ. આપણે તો 'પ્રભુમાં તથા તેમના સામર્થ્યના બળમાં' શક્તિ પ્રાપ્ત કરવા વિશે વિચારણા કરવી છે.

## ખ્રિસ્તી કોણ છે?

તમે આરોપીના પાંજરામાં ઊભા છો. ન્યાયાધીશ પોતાના આસન પર બેઠા છે. તમારી આજુબાજુ વકીલો અને કોર્ટના કર્મચારીઓ બેઠા છે અને કોર્ટનો ઓરડો લોકોથી ખીચોખચ ભરાઈ ગયો છે. તમારી વિરુદ્ધ ખ્રિસ્તી હોવાનો આક્ષેપ મૂકાયો છે. પરન્તુ ખ્રિસ્તી એટલે શું?

એફેસીઓને લખેલા પત્રના આરંભમાં સંત પાઉલે એ વિશે આપણને કહેલું છે. તેમના એ શબ્દો તમને 'ખ્રિસ્તી'ની સાચી પરિભાષા સમજાવવા માટે ઘણા જ અગત્યના છે, આથી એ શબ્દોને તમારા બાઇબલમાં રેખાંકિત કરી રાખો. એ શબ્દો પત્રની પ્રારંભિક ૧૪ પંક્તિઓમાં આવેલા છે.

૧. એ શબ્દોમાં સૌ પ્રથમ 'પિતા' શબ્દ પર દૃષ્ટિ કરો, જે ત્રીજા પદ (કલમ)માં આવેલો છે. એ શબ્દને રેખાંકિત કર્યા પછી 'પિતા'એ જે જે કર્યું છે તે બધાના થયેલા ઉલ્લેખને પણ કાળજીપૂર્વક રેખાંકિત કરો. પરમેશ્વરે જે જે કર્યું છે તેમાં બે બાબતો વધારે ઉલ્લેખનીય છે. એ બેમાંની પ્રથમ છે : તેમણે આપણને પસંદ કર્યાં છે, અને બીજી છે : જગતના મંડાણ અગાઉ આપણને પસંદ કર્યાં છે (૧ : ૩). - એ બંને બાબત એક જ મહાન સત્યનાં બે મહત્ત્વનાં પાસાં છે.

આપણા પ્રભુ ઈસુ ખ્રિસ્તના દેવ તથા પિતા સ્તુત્ય હો; તેમણે સ્વર્ગીય (સ્થાનો)માં દરેક આશીર્વાદથી આપણને ખ્રિસ્તમાં આશીર્વાદિત કર્યા છે... (એફે. ૧ : ૩)

આપણે જાણીએ છીએ કે કશાની પસંદગી કરવી એટલે શું. જ્યારે તમે વસ્ત્રો ખરીદવા માટે સ્ટોરમાં જાવ છો, ત્યારે નમૂના માટે મૂકેલાં વસ્ત્રોને તમે નિહાળો છો અને તેમાંથી તમને કોઈ વસ્ત્ર પસંદ પડે તો તે વસ્ત્રને તમે ખરીદો છો.

આપણને બાઈબલ કહે છે : ખ્રિસ્તી, એ એક એવો મનુષ્ય છે જેને દેવે પસંદ કર્યો છે. પ્રભુ ઈસુએ પેલા બાર શિષ્યોને કેવી રીતે પસંદ કર્યા હતા તે યાદ કરો. માથ્થી જ્યારે કર ઉઘરાવવાના કાર્યમાં રત હતો ત્યારે તેને એ કામ કરતો અટકાવ્યો અને તેને પોતાની પાછળ આવવાનો પ્રભુ ઈસુએ આદેશ આપ્યો. જ્યારે સીમોન, આંદ્રિયા, યાકૂબ અને યોહાન પોતાની જાળ નાખીને માછલાં પકડવાના કાર્યમાં રત હતા, ત્યારે તેમને પ્રભુ ઈસુએ પસંદ કર્યા અને પોતાની પાછળ આવવાનો તેમને આદેશ આપ્યો.

જ્યારે આપણે 'ખ્રિસ્તી' શબ્દની વ્યાખ્યા નિર્ધારિત કરવા માગીએ છીએ ત્યારે, પ્રથમ બાબત એ જણાય છે કે ખ્રિસ્તી વ્યક્તિ એ છે કે જેને પ્રભુએ ખુદ ખ્રિસ્તી થવા માટે પસંદ કર્યો છે. આપણ ખ્રિસ્તીઓને પ્રભુ ઈસુએ ખુદ પસંદ કર્યાં છે અને તેમની પાછળ ચાલવાનો આદેશ આપણને આપ્યો છે.

પરન્તુ જ્યારે તેમણે આપણને પસંદ કર્યાં છે ત્યારે એક બીજી હકીકત આપણું ધ્યાન આકર્ષિત કરે છે કે, આપણા જન્મ અગાઉ આપણને પસંદ કરવામાં આવ્યાં હતાં. તો આ દેવની પસંદગી અને 'જન્મ અગાઉની પસંદગી' (Predestined)નો શું અર્થ કરી શકાય?

ફરી પાછા, આપણે પેલાં વસ્ત્રોની પસંદગી માટેની વાત પર આવવું પડશે. જો તમે સ્પેશ્યલ ઓર્ડર આપીને તમારાં વસ્ત્રો એ સ્ટોર પાસે બનાવડાવો તો એ. વસ્ત્રો માત્ર તમારા જ માટે છે; બીજા કોઈ માટે નથી. તમારી જ ઇચ્છા મુજબની ડિઝાઈન પ્રમાણે એ વસ્ત્રોનું નિર્માણ કરવામાં આવ્યું છે.

પવિત્રશાસ્ત્ર બાઈબલ ખ્રિસ્તીને માટે આવી જ વાત કહે છે. આપણા જન્મ અગાઉ જ પરમેશ્વરે તેમનાં થવા માટે આપણી પસંદગી કરેલી છે. આ જ વાત સંત પાઉલ આપણને સમજાવવા માગે છે, પરન્તુ એ વાત આપણને સરળતાથી સમજાય તેવી નથી. છતાં શું તેનો પ્રભાવ બધાં ખ્રિસ્તી લોકોના જીવનમાં દેખાતો નથી? આનો અર્થ એ થયો કે આપણાં જીવનો માટે પરમેશ્વરની કોઈ વિશેષ પ્રકારની યોજના છે અને આપણે તેમની એ મહાન યોજના અને આશયનો એક ભાગ છીએ. આપણા પરમેશ્વર ફિલીપાઈન્સના સદ્‌ગત પ્રમુખનાં પત્ની ઈમેલ્ડા મારકોસના જેવા નથી કે જેમની પાસે હજારો પ્રકારનાં વસ્ત્રો અને હજારો જોડી પગરખાં હતાં. એ બધાં વસ્ત્રો અને પગરખાંની પસંદગી તેમણે જ કરેલી, છતાં તેમને કયારેય પહેર્યાં ન હતાં. અને જ્યારે પ્રમુખ મારકોસને પદભ્રષ્ટ કરવામાં આવ્યા, ત્યારે લોકો તેમના મહેલમાં ઘૂસી ગયાં અને બીજી વસ્તુઓની સાથે ઈમેલ્ડાનાં વસ્ત્રો અને પગરખાં પણ લૂંટી ગયાં. જો ઈમેલ્ડા સો વરસ જીવી હોત, તો પણ એ બધાં જ વસ્ત્રો અને બધાં જ પગરખાં કયારેય પહેરી શકી ન હોત!

ખ્રિસ્તીઓ, ઘોડા ઉપર મૂકેલાં પગરખાં કે હેંગર ઉપર લટકાવેલાં ઈમેલ્ડાનાં વસ્ત્રો જેવાં નથી. ખ્રિસ્તી તો જન્મ અગાઉ

પસંદ કરેલાં અને જન્મ પછી બોલાવાયેલાં એવાં લોકો છે, જેમની દેવને પોતાની યોજનાને માટે જરૂર છે.

૨. આ ઉપરાંત બીજી પણ એક બાબત ધ્યાનમાં રાખવા યોગ્ય છે, એ ફકરામાં પ્રભુ ઈસુ વિશે પણ ઉલ્લેખ કરવામાં આવ્યો છે. તેમને 'તારનાર' અને દેવના 'પ્રિયપુત્ર' કહેવામાં આવ્યા છે. છઠ્ઠી કલમના એ અંતિમ શબ્દોને ધ્યાનમાં રાખી આગળ વધો અને જુઓ કે તેમાં પ્રભુ ઈસુ વિશે બીજું શું કહેવામાં આવ્યું છે. ત્યાં આપણને કહેવામાં આવ્યું છે કે 'તેમના રક્તથી આપણું તારણ થયું છે' અને 'આપણાં પાપની આપણને ક્ષમા મળી છે' (કલમ ૭). આઠમી કલમમાં 'ડહાપણ' (Wisdom) અને 'વિવેકબુદ્ધિ' (Understanding) જેવા શબ્દોનો ઉપયોગ કરવામાં આવ્યો છે.

તેમનામાં, તેમના રક્તદ્વારા, તેમની કૃપાની સંપત પ્રમાણે આપણને ઉદ્ધાર એટલે પાપની માફી મળી છે; સર્વ જ્ઞાનમાં તથા વિવેકમાં તેમણે આપણા પર કૃપાની બહુ વૃદ્ધિ કરી છે (એફે. ૧ : ૭-૮).

તારણ, મોક્ષ કે મુક્તિ, એ શબ્દો ઘણા જ મોહક છે. એનો અર્થ થાય છે : આપણે માટે મોટો ભોગ આપીને તથા ભારે મૂલ્ય ચૂકવીને આપણને ગુલામીમાંથી મુક્ત કરવામાં આવ્યા છે. આપણી સ્થિતિ કાજળ કોટડીમાં સાંકળોથી જકડાયેલા કેદીના જેવી હતી. જ્યાં સુધી આપણે માટે કોઈ વ્યક્તિ મોટી કિંમત ચૂકવીને આપણને એ લાચાર સ્થિતિમાંથી છોડાવી મુક્ત ન કરે ત્યાં સુધી એ જેલ અને ગુલામીમાં જ અસહ્ય વેદના અને યાતના ભોગવતાં ભોગવતાં મૃત્યુની પ્રતીક્ષા કરવાની હતી. સંત પાઉલ કહે છે : ખ્રિસ્તીઓ તો એવાં મનુષ્યો છે, કે જે અંધકારની સત્તાનાં ગુલામ હતાં અને

પરમેશ્વરથી દૂર હતાં, ત્યારે પરમેશ્વરે પોતાના પુત્ર પ્રભુ ઈસુના મૂલ્યવાન રક્તથી ખંડણી ભરીને શેતાનની ગુલામીમાંથી મુક્ત કરાયેલાં મનુષ્યો છે. આપણે તો આપણા જ અપરાધોને લીધે ગુલામ બનેલાં હતાં પરન્તુ પ્રભુ ઈસુના એ મૂલ્યવાન રક્તથી આપણા અપરાધોની પણ આપણને ક્ષમા મળી. જો આપણે ખ્રિસ્તી નથી, તો આજે પણ આપણે દેવની નજરમાં ગુલામો છીએ, પાપની સાંકળોથી બંધાયેલાં અને નરકની ખાઈ તરફ ધકેલાઈ રહેલાં લાચાર મનુષ્યો છીએ. આપણી સ્થિતિ જો આવી હોય, તો કેવળ પ્રભુ ઈસુ જ આપણને પાપની ક્ષમા આપી અનંતજીવનની આશા આપી શકે છે. આત્મિક પ્રકાશમાં દોરી જવાને તે એકલા જ શક્તિમાન છે. જ્યારે આપણને દેવ તરફથી ક્ષમા મળે છે ત્યારે આપણી આસપાસનો અંધકાર દિવસના સૂર્યપ્રકાશ પેઠે ઝળહળવા લાગે છે. આપણા જીવનની રાત્રિનો અંધકાર પ્રકાશરૂપ બની જાય છે અને નવીન જીવનનો ઉલ્લાસ વાતાવરણમાં મહેકી ઊઠે છે!

પ્રભુ ઈસુ આપણને તારણ અને પાપની ક્ષમાની સાથે સમજશક્તિનો આત્મા પણ આપે છે, જેના વડે આપણને સમજણ પ્રાપ્ત થાય છે, કે પ્રભુ ઈસુએ આપણે માટે પોતાનું રક્ત શા માટે આપી દીધું અને અને પરમેશ્વરે શા કારણથી આપણને પસંદ કર્યાં. ઘણાં લોકો આ જાતની સમજણના અભાવે એ બાબતોને સમજી શકતાં નથી. ખ્રિસ્તી તરીકે આપણી એ ફરજ બને છે કે આપણે તેમને 'સુવાર્તા'નાં પુસ્તકો, ટ્રેક્ટ અને બીજું ખ્રિસ્તી સાહિત્ય વાંચવા આપીએ. જો કે જ્યાં સુધી પરમેશ્વર એવાં લોકોનાં મનને સ્પર્શ નહીં કરે, ત્યાં સુધી તેમને દેવના પ્રેમની ખબર નહીં પડે એ હકીકત છે, છતાં, જો દેવ ચાહે તો આપણા એ પ્રયત્નોને

પોતાના ઉપયોગમાં લઈ શકે છે. કદાચ આથી જ દેવે આપણને જગતનાં લોકો સમક્ષ 'સુવાર્તા' પ્રગટ કરવાનો આદેશ આપ્યો છે.

૩. એફેસીઓને લખેલા પત્રના પ્રથમ અધ્યાયની ૧૩મી કલમમાં એક ત્રીજો શબ્દ પણ મહત્ત્વપૂર્ણ છે. એ શબ્દ છે 'પવિત્ર આત્મા'. સંત પાઉલની પરિભાષા પ્રમાણે ખ્રિસ્તી વ્યક્તિ તેને કહી શકાય કે જેણે પોતાના જીવનમાં પરમેશ્વર પિતા, પરમેશ્વર પુત્ર અને પરમેશ્વર પવિત્ર આત્માના કાર્યનો અનુભવ કર્યો છે. જ્યારે પરમેશ્વરે આપણને પસંદ કર્યાં છે એમ કહેવામાં આવે છે અને જ્યારે પ્રભુ પુત્ર ઈસુ ખ્રિસ્તે આપણને પાપોની ક્ષમા અપાવી છે એમ કહેવામાં આવે છે, ત્યારે સાથે સાથે આપણને એમ કહેવામાં આવે છે કે આપણા પર પવિત્ર આત્માની મહોર પણ મારવામાં આવી છે. સંત પાઉલ કહે છે :

જ્યારે તમે સાચો સંદેશ, એટલે કે તમારો ઉદ્ધાર લાવનાર શુભ સંદેશ સાંભળ્યો, ત્યારે તમે ખ્રિસ્ત પર વિશ્વાસ મૂક્યો અને ઈશ્વરે પોતે આપેલા વચન પ્રમાણે પવિત્ર આત્મા આપીને તમારા પર પોતાના માલિકી હક્કની મુદ્દા મારી. પવિત્ર આત્મા તો ઈશ્વરે પોતાના વચન પ્રમાણે પોતાના લોકને આપવા ધારેલ વારસાનું બ્યાનુ છે અને જેઓ ઈશ્વરના છે તેઓને ઈશ્વર સંપૂર્ણ સ્વતંત્રતા આપશે તેની ખાતરી પવિત્ર આત્મા આપે છે... (૧ : ૧૩-૧૪).

ઘણાં વર્ષો પહેલાં કીમતી દસ્તાવેજોની પ્રામાણિકતા જાળવવા માટે લાખનો ઉપયોગ કરવામાં આવતો હતો. લાખને ગરમ કરવામાં આવતી અને જ્યારે તે પોચી-પ્રવાહી થાય, ત્યારે તેના પર મુદ્રા (Seal) દબાવવામાં આવતી અને જ્યારે તે લાખ સૂકાતી ત્યારે તેના પર મારવામાં આવેલી મુદ્રાની નિશાની દેખાતી. એક જમાનામાં બધા રાજાઓ અને રાજ્યના મોટા અધિકારીઓ

પોતપોતાની મુદ્રા (Seal) રાખતા હતા. વકીલો પણ અગત્યના દસ્તાવેજોને કપડાની કે કાગળની કોથળીમાં મૂકી પોતાનું 'સીલ' (મુદ્રા) મારતા.

આ જાતની મુદ્રા કે ચિહ્ન કરવાનો આશય શો હશે? એ મુદ્રા કરવા પાછળ ત્રણ કારણ રહેલાં છે. એક, એ મુદ્રા જેની મુદ્રા છે તેનો માલિકી હક સૂચવે છે. બે, એ મુદ્રાથી તે વસ્તુની પ્રામાણિકતા (Authenticity) કે અસલીયતની ખાતરી થાય છે અને ત્રણ, તે વસ્તુને સલામતી કે રક્ષણ પ્રાપ્ત થાય છે. પ્રત્યેક ખ્રિસ્તીને પવિત્ર આત્માની મહોરથી મુદ્રાંકિત કરવામાં આવ્યો છે, જેથી સાબિત થાય છે કે તે પ્રભુ ઈસુનો છે, તે અસલી ખ્રિસ્તી છે અને તેનું રક્ષણ પ્રભુ ઈસુ દ્વારા થાય છે.

એફેસીઓને લખેલા પત્રના છઠ્ઠા અધ્યાયની દશમી કલમમાં સંત પાઉલ સ્પષ્ટ કરે છે કે ખ્રિસ્તી હોવું એટલે શું? અથવા ખ્રિસ્તી કેવો હોવો જોઈએ!

## ખ્રિસ્તી શું કરે છે :

હવે મને સમજાય છે કે તમારાં મનમાં કયા પ્રકારના વિચારો ઉત્પન્ન થઈ રહ્યા છે. તમે વિચારવા લાગ્યા છો કે, ઉપર જણાવેલ ત્રણ મુદ્રાઓને આધારે તો તમને ખ્રિસ્તી માની જેલમાં પૂરી શકાય તેમ નથી. પરમેશ્વરે તમને પસંદ કર્યા છે, પ્રભુ ઈસુએ તમને ક્ષમા આપી છે અને પવિત્ર આત્માની મહોર તમારા પર મારવામાં આવી છે - એ દલીલો ન્યાયાલયમાં ટકી શકવાની નથી. અને જો ખ્રિસ્તીપણાની એ જ વ્યાખ્યા હોય, તો દુનિયાની ગમે તે કોર્ટમાં તમે છૂટી જાવ!

પરન્તુ, ઊભા રહો. એફેસીઓને લખેલા એ પત્રમાં સંત પાઉલ કહે છે, જો કોઈ પણ વ્યક્તિના જીવનમાં ઉપરની ત્રણ બાબતો દેખાતી હશે, તો એ વ્યક્તિનું જીવન અખ્રિસ્તીની તુલનામાં ભિન્ન પ્રકારનું હશે. સંત પાઉલે પોતાના એ પત્રના ૪થા અધ્યાયના પ્રારંભથી જ ખ્રિસ્તી વ્યક્તિના જીવનની ભિન્નતા વિશે ઉલ્લેખ કર્યો છે.

સંત પાઉલ જ્યારે લખે છે કે, પ્રભુમાં તમે બળવાન બનો, ત્યારે તે કહેવા માગે છે કે, પરમેશ્વરે તમને દૈનિક જીવન જીવવા માટે જે જે સૂચનાઓ અને આદેશો આપ્યાં છે, તે બધાંનું તમારા વ્યાવહારિક જીવનમાં ગંભીરતાથી પાલન કરો. સાચા ખ્રિસ્તીનું પ્રથમ અને આવશ્યક લક્ષણ છે, આજ્ઞાધીનતા (Obedience). એ જ આજ્ઞાધીનતા તમને પ્રભુમાં દઢ અને મજબૂત બનાવે છે.

આપણે ખ્રિસ્તીઓ પ્રભુમાં કેટલા દઢ અને મજબૂત છીએ અથવા તેમને આજ્ઞાધીન છીએ કે નહીં, તે જાણવા માટે આપણી જાતને ચાર પ્રશ્નો પૂછી જોઈએ.

૧. આપણી મંડળીમાં રહીને દેવને કેટલા આધીન રહીએ છીએ? (જુઓ એફેસી, ૪ : ૧-૧૬). સંત પાઉલ જે કહેવા માગે છે તે જ વસ્તુ હું પણ પૂછું છું કે, આપણે આપણી મંડળી પાસેથી પરમેશ્વર વિશે વાસ્તવમાં શું શીખીએ છીએ? અને જે મંડળીમાં આપણે છીએ તેને માટે આપણે કેટલું ઘસાઈએ છીએ? મંડળી એ તો ખ્રિસ્તનું શરીર છે અને એફેસીઓને પત્રના ૪થા અધ્યાયની કલમ ૪, ૧૨ અને ૧૬ અનુસાર તે શરીરનો વિકાસ થવો જોઈએ. જેમ બાળક વૃદ્ધિ પામીને પુખ્ત વયનો પુરુષ કે સ્ત્રી બને છે તેમ, ખ્રિસ્તની શરીરરૂપી મંડળીના વિકાસ માટે આપણે તેના ભાગીદાર બનવાનું છે.

આપણી મંડળી જ આપણું સામર્થ્ય બને છે અને ખ્રિસ્ત પ્રત્યેની આપણી વફાદારી આપણે ત્યારે જ પ્રગટ કરી શકીએ છીએ, જ્યારે આપણે જે મંડળીની સંગતમાં રહીએ છીએ તે મંડળીને વફાદાર રહીએ છીએ ત્યારે. આ વફાદારી પ્રગટ કરતાં ત્યારે જ આવડે છે, જ્યારે આપણને દેવના વચનો માટે પ્રેમ જાગે છે. પરમેશ્વર પ્રત્યેનો ભક્તિભાવ અને સત્ય પ્રત્યેની પ્રીતિ આપણને વિશ્વાસના પાઠ નિત્ય શીખવે છે. મંડળીમાં પરમેશ્વરનાં લોકને પ્રેમ કરીને તથા તેમના પ્રત્યે સહાનુભૂતિ અને સદ્‌ભાવના રાખીને ખ્રિસ્તના શરીરની વૃદ્ધિ માટે પોષણ પૂરું પાડીએ છીએ. આ બધાંની ગણતરી પ્રભુમાં બળવાન બનવાની વાત સાથે કરવામાં આવે છે. આપણે આપણી જાતને પ્રશ્ન પૂછ્વાનો છે કે, આપણે પ્રભુમાં કેટલાં બળવાન બન્યાં છીએ અને કેટલી વૃદ્ધિ પામ્યાં છીએ. એફેસી ૪ : ૧ થી ૧૬માં જણાવ્યા પ્રમાણે શું આપણે દેવની આધીનતામાં આવ્યા છીએ? શું દેવની મંડળીની વૃદ્ધિને માટે આપણે આપણી જાતનું સ્વાર્પણ કર્યું છે?

૨. બીજો પ્રશ્ન છે : આપણે જગતમાં રહીને પ્રભુને કેટલાં આધીન રહ્યાં છીએ? (જૂઓ, એફેસી. ૪ : ૧૭, ૫ : ૨૦). 'જગતમાં' શબ્દનો મારે મન અર્થ છે. આપણી શાળા કે કોલેજમાં, આપણા પડોશમાં, આપણા કામની જગાએ કે આપણા સમાજનાં લોકો સાથેનો આપણો વ્યવહાર. ઉપર જણાવેલી જગાઓમાં વ્યવહાર કરતી વખતે આપણે સ્વીકારેલી પ્રભુ ઈસુની આધીનતા, પ્રભુમાં આપણી સમૃદ્ધિ એમ સમર્થતાનો માપદંડ બને છે.

હવે આપણે એવા પોઈંટ પર પહોંચવાની તૈયારીમાં છીએ, જે પોઈંટની કોર્ટમાં નોંધ લેવામાં આવે અને તેનો ઉપયોગ આપણી વિરુદ્ધમાં કરી આપણા પર ખ્રિસ્તી હોવાનો આક્ષેપ સાબિત કરી

શકાય. જ્યારે કોઈ વાત અસહ્ય સ્વરૂપમાં રજૂ કરવામાં આવે ત્યારે તે વખતનો આપણો વ્યવહાર કેવો હોય છે. જેને કોઈ મિત્ર નથી એવી એકલવાયી વ્યક્તિની સાથે આપણે કેવી રીતનો વ્યવહાર કરીએ છીએ. કોઈની જરૂરિયાત પ્રસંગે આપણે તેને માટે શું કરીએ છીએ. પ્રભુ ઈસુ પ્રત્યેની આપણી આધીનતા શું આપણા સમાજ સમક્ષ એવો પૂરાવો આપે છે કે જેથી આપણને સાચા ખ્રિસ્તી સાબિત કરી શકાય અને કોર્ટ આપણને ગુનેગાર ઠરાવી શકે?

એફેસીઓને લખેલા આ પત્રમાં સંત પાઉલે સાચા ખ્રિસ્તીપણા કે સાચી ખ્રિસ્તીતા વિશે ઘણું લખ્યું છે. જગતમાં રહેતાં પણ પ્રભુ ઈસુની આધીનતા કેવી રીતે સ્વીકારી શકાય એ બાબત વિશે એફેસીઓને પત્રના ૪થા અધ્યાયના ઉત્તરાર્ધમાં અને પાંચમા અધ્યાયના પ્રારંભમાં લખવામાં આવ્યું છે.

૩. ત્રીજો પ્રશ્ન છે : આપણે આપણા પરિવારમાં શું ખ્રિસ્તની આધીનતામાં જીવીએ છીએ? (જુઓ ૫ : ૨૧ અને અધ્યાય ૬). પતિઓ, તમે તમારી પત્નીઓ સાથે માયાળુ અને પ્રેમાળ વ્યવહાર કરો છો? પત્નીઓ, તમે શું તમારા પતિઓનું સન્માન જાળવો છો? પિતાઓ, શું તમે તમારાં બાળકોને ઉછેરવાં જોઈએ એવા માર્ગમાં ઉછેરી તેમને તમારો પ્રેમ આપો છો? અને બાળકો, તમે તમારા માતા-પિતાની આજ્ઞા માની તેમનું સન્માન જાળવો છો? આ ત્રીજા પ્રશ્નના ઉત્તરથી તમે પ્રભુમાં કેટલા સમૃદ્ધ છો તેનો અંદાજ તમને આવી જશે.

૪. ચોથો પ્રશ્ન છે : આપણા કામની જગાએ પ્રભુ ઈસુની આધીનતાનો આપણે કેટલા પ્રમાણમાં સ્વીકાર કરીએ છીએ? (જુઓ, એફેસી. ૬ : ૫-૯). વિદ્યાર્થીઓ, તમે તમારું કામ કેટલી

કાળજીથી, કેટલા ઉમંગથી અને વ્યવસ્થિત રીતે કરો છો? તમને શીખવાના વિષયોને કેટલી તત્પરતાથી તમે શીખો છો? તમે તમારા શિક્ષકો અને કર્મચારીઓને માન આપો છો? વિભિન્ન સ્થળોએ કામ કરનાર કર્મચારી ભાઈ-બહેનો શું તમે તમારું કામ ખંતપૂર્વક કરો છો? શું તમે તમારી પ્રામાણિકતા અને સચ્ચાઈની છાપ તમારા માલિકો કે ઉપરી-અધિકારીઓ પર પાડી છે કે જેથી તેઓ તમારા પર પૂરો વિશ્વાસ મૂકી શકે? કંપની અને કારખાનાના માલિકો અને અધિકારીઓ, શું તમારા કર્મચારીઓ તમને ન્યાયી અને પ્રામાણિક ગણે છે? અને તમારા દ્વારા લેવાતા પ્રત્યેક વહીવટી નિર્ણયો ન્યાયપૂર્ણ હોય છે એમ તેઓ માને છે?

આ પ્રશ્નોના ઉત્તરમાં જ આપણી ખ્રિસ્તીતાની ચકાસણી સમાયેલી છે એ બાબત આપણે યાદ રાખીએ.

મારી ધારણા છે કે સંત પાઉલનાં લખાણોમાં તેમણે ઘરમાં, સમાજમાં, મંડળીમાં અને આપણા કામની જગાએ ખ્રિસ્તી વર્તણૂક અંગે જે કહ્યું છે તે પ્રમાણેનું વર્તન કરવાનું ઘણાં લોકો માટે અઘરું છે. અને સાચે જ આપણી વિરુદ્ધ કોર્ટમાં કામ ચલાવી શકાય એવા આપણી વિરુદ્ધના મુદ્દા ખ્રિસ્તી તરીકે આપણે આપણા વિરોધીઓને આપવા એ પણ કઠિન કાર્ય છે. આથી જ સંત પાઉલ એફેસીઓને લખેલા પત્રના અંત ભાગમાં લોકોને સલાહ આપે છે કે પ્રભુમાં બળવાન બનો. સંત પાઉલની હાર્દિક ઇચ્છા છે કે તેમણે જે કાંઈ કહ્યું છે, લખ્યું છે.તેનો આપણે પ્રામાણિકપણે અમલ કરીએ; આથી તે પોતાના વિચારો એકત્ર કરી કહે છે : પ્રભુ ઈસુએ કહેલી બધી બાબતોનો જો પ્રામાણિકપણે અમલ કરવામાં આવશે, તો પ્રભુમાં બળવાન બની શકાશે.

અંતમાં, પરન્તુ અંતમાં શા માટે? આનો અર્થ એ નથી કે

સંત પાઉલને જે કાંઈ કહેવું હતું તેનો અંત આવી ગયો છે. 'અંતમાં' શબ્દ કાંઈ પત્રને અંતે ઘણી વખત લખાય છે તે પોસ્ટ સ્ક્રિપ્ટ (P.S.) કે 'નોંધ' માત્ર નથી, એ તો તેના કરતાં પણ વધારે અગત્યનું લખાણ છે. સંત પાઉલ તેમાં આપણે માટે ઘણી જ અગત્યની બાબત જણાવવા માગે છે કે આપણે ઘરમાં, મંડળીમાં, સમાજમાં કે આપણી નોકરી-ધંધાની જગાએ કેવો વ્યવહાર કરીને આપણે પ્રભુમાં બળવાન બની શકીએ છીએ. આપણો એ વ્યવહાર જ આપણી નિર્બળતા કે સબળતાની પારાશીશી બને છે!

જ્યારે આપણે પરમેશ્વરની આધીનતામાં આવીને પરમેશ્વરમાં બળવાન થવાના પ્રયત્ન કરીએ છીએ, ત્યારે શેતાનની શક્તિઓ આપણને હરાવવા માટે ચારેબાજુથી આપણા પર હુમલા કરશે. એ હુમલા આપણી મંડળી સાથેના આપણા વ્યવહાર ઉપર, આપણી શાળા કે કોલેજના જીવનમાં કે આપણા સહકર્મીઓ સાથેના સંબંધ ઉપર થશે. અને આપણા પારિવારિક જીવનમાં પણ અશાંતિ ઉત્પન્ન કરશે.

પરન્તુ એ હુમલા વખતે તમે શેતાનને પ્રત્યક્ષ નિહાળી શકશો નહીં. આખા બાઈબલને તમે તપાસો, માત્ર તમને શેતાનના શબ્દો સાંભળવા મળશે, અને તે પણ ત્રણ જ વખત! એક વખત એદનવાડીમાં, બીજી વખત અયૂબના પુસ્તકમાં અને ત્રીજી વખત ૪૦ દિવસના ઉપવાસ પછી જ્યારે પ્રભુ ઈસુનું પરીક્ષણ થાય છે ત્યારે. શેતાન ભાગ્યે જ પોતાનું અસલીરૂપ બતાવતો હોય છે. તે જુદી જુદી આતંકવાદી ટોળકીઓની પેઠે પોતાનું કામ ભૂગર્ભમાં રહીને જ કરે છે. ભૂગર્ભમાં સંતાઈને કાર્ય કરનાર શેતાનની પાસે કરોડોની સંખ્યામાં તેના સાગરિતો છે. અનેક પ્રકારની યુક્તિ અને કુયુક્તિઓ તેને આવડે છે અને અસંખ્ય પ્રકારનાં શસ્ત્રો તે રાખે

છે. સામ, દામ, દંડ અને ભેદની રાજનીતિનો તે ખેલાડી છે. આથી જ સંત પાઉલ આપણને જણાવે છે કે દેવની આધીનતામાં રહેવાથી જ આપણે દેવનું સામર્થ્ય પ્રાપ્ત કરી શકીએ છીએ. આ હકીકતથી શેતાન વાકેફ છે અને તેથી જ આપણે દેવની આણ સ્વીકારી તેમને શરણે જઈએ નહીં, એ જાતના તે પેંતરા રચતો રહે છે.

સંત પાઉલ આથી આપણને 'આત્માનાં શસ્ત્રો' ધારણ કરતાં શીખવાની સલાહ આપે છે. આપણે ધ્યાનમાં રાખવાની વાત એ છે કે પિતા, પુત્ર અને પવિત્ર આત્મા આપણને દેવના પરિવારનાં સભ્ય બનાવે છે. જો પ્રભુ પરમેશ્વરે આપણી પસંદગી કરી ન હોત, જો ઈશ્વરપુત્ર પ્રભુ ઈસુએ આપણને પોતાના રક્તથી ખરીદી મુક્ત કર્યાં ન હોત અને જો પ્રભુ પવિત્ર આત્માએ પોતાની મહોર આપણા પર મારી ન હોત, તો આપણે શેતાનની શક્તિની સન્મુખ ક્ષણવાર પણ ટકી શકત નહીં; કારણ કે શેતાન ભારે શક્તિશાળી છે અને તે પોતાના કામમાં ખંતથી મંડ્યો રહે છે. આથી આપણે ખ્રિસ્તીઓએ ખ્રિસ્તીતાનો સાચો મર્મ સમજવાની જરૂર છે તથા એફેસીઓને લખેલા સંત પાઉલના પત્રના પ્રથમ અધ્યાયમાં જે સાર્વત્રિક સત્યોનો ઉલ્લેખ થયો છે, તે સત્યોને સમજવાની જરૂર છે. અને આથી સંત પાઉલ બાઇબલમાં પરમેશ્વર પિતા, પુત્ર અને પવિત્ર આત્મા વિશે જે જે ઉલ્લેખ કરે છે, તેની ગંભીરતાપૂર્વક નોંધ લેવી જોઈએ. આપણો શત્રુ ઘણો જ ખતરનાક છે. તેની પાસે આપણને પરાજિત કરવાની અપ્રતીમ શક્તિ છે, આથી જો આપણે પ્રભુને શરણે જઈએ નહીં, તો જોતજોતાંમાં તે આપણો વિનાશ કરી શકે છે.

પરમેશ્વર ચાહે છે કે આપણે આપણી મંડળીમાં, સમાજમાં, આપણા કામની જગાએ અને આપણાં પારિવારિક જીવનમાં તેમની

આધીનતામાં જીવીએ. આજ્ઞાધીનતા એ સહેલી બાબત નથી, રમત વાત નથી; પરન્તુ ઘણી જ અઘરી બાબત છે અને છતાંય તે અશક્ય નથી! પરમેશ્વરની ઈચ્છા નથી કે આપણે અશક્ય એવી વસ્તુની પ્રાપ્તિ અર્થે વ્યર્થ ફાંફાં મારીએ! પ્રભુની સહાયથી આપણે તેમની આધીનતામાં જીવી શકીએ છીએ. સંત પાઉલ આથી જ આપણને પ્રભુમાં બળવાન બનવાનું આહ્‌વાન આપે છે.

✿ ✿ ✿

## પ્રકરણ ૨

# આધ્યાત્મિક સામર્થ્ય પ્રાપ્ત કરવાની રીત

......પ્રભુમાં તથા તેમના સામર્થ્યના બળમાં શક્તિમાન થાઓ.

- એફેસીઓને પત્ર, ૬ : ૧૦

જોન બનિયને પોતાના વિશ્વાસને કારણે જેલવાસ ભોગવતાં ભોગવતાં 'યાત્રાકારી' નામના પુસ્તકની રચના કરી, જે પુસ્તકે આપણી આગલી પેઢીનાં અનેક લોકોને સાચું ખ્રિસ્તી જીવન જીવવા માટે પ્રોત્સાહન પૂરું પાડ્યું હતું. જો તમે પણ એ 'યાત્રાકારી' પુસ્તકને વાંચ્યું હશે, તો તમને પણ સ્મરણ હશે કે એ રૂપક-કથાના નાયક યાત્રાકારીને સેલેસ્ટીયલ શહેરની 'મુશ્કેલી' (Difficulty) નામની સીધા ચઢાણવાળી ટેકરી પર ચઢવાનું હતું. એ ટેકરી પર ચઢતાં-ચઢતાં એ યાત્રાકારીને શ્વાસ ચઢી ગયો, પરસેવે રેબઝેબ થઈ ગયો અને તેને આરામ લેવા થોભવું પડ્યું અને છેવટે તે ઊંઘી ગયો. જ્યારે તેની પીઠ પરનો બોજ લઈ લેવામાં આવેલો, ત્યારે વધસ્તંભની છાયામાં તેને મુદ્રિત કરેલું ઓળિયું (Scroll) આપવામાં આવેલું, જેને વાંચવાથી માર્ગમાં દિલાસો મળતો, તે ઓળિયું નીચે પડી ગયું. (જુઓ, 'યાત્રાકારી', આવૃત્તિ ૧૯૮૭, પૃ. ૪૮-૫૦ - અનુવાદક). જ્યારે તે ભર ઊંઘમાં હતો ત્યારે કોઈકે તેને જગાડ્યો અને તે આગળ ચાલ્યો. થોડીવાર પછી તેને ખબર પડી કે તેનું કીમતી ઓળિયું ખોવાઈ ગયું છે. તે પાછો ગયો અને ઓળિયું મળ્યું ત્યારે ઘણો જ ખુશ થયો. જ્યારે ત્યાંથી પાછો વળ્યો ત્યારે અંધારું થવા આવ્યું હતું. ઝડપથી તે પોતાના માર્ગે આગળ ચાલ્યો. અંધકાર વધવા લાગ્યો અને માર્ગ

વિકટ અને સાંકડો બન્યો. યાત્રાકારી (ખ્રિસ્તી) એ એક ધર્મશાળા જોઈ અને તે રાત્રિના વિશ્રામ માટે ત્યાં જવા લાગ્યો, પણ માર્ગમાં બે સિંહ બેઠેલા જોયા. તે ગભરાયો અને પાછા વળી જવાનો વિચાર કરવા લાગ્યો, પણ ધર્મશાળાના દરવાને તેને બોલાવ્યો અને તેના અવિશ્વાસને લીધે ઠપકો આપી કહ્યું કે ડરીશ નહીં. એ સિંહ તો સાંકળોથી બાંધેલા છે. તને કાંઈ ઈજા કરી શકશે નહીં. વિશ્વાસીઓના વિશ્વાસનું તથા અવિશ્વાસીઓનું પારખું કરવા માટે હેતુપૂર્વક તેમને રાખવામાં આવ્યા છે. રસ્તાની વચ્ચે જ ચાલજે. તે તને કોઈ જાતની હાનિ પહોંચાડી શકશે નહીં. યાત્રાકારી (ખ્રિસ્તી) ગભરાતો ગભરાતો આગળ ચાલ્યો અને મહેલ જેવી ધર્મશાળામાં ગયો, જ્યાં તેને માત્ર આશ્રય જ નહીં, પરન્તુ ખોરાક-પાણી પણ પ્રાપ્ત થયાં. ધર્મશાળાનાં અન્ય લોકોનું આતિથ્ય મળ્યું અને બીજે દિવસે જ્યારે પોતાના ગંતવ્યસ્થાન પર જવા નીકળ્યો, ત્યારે તેને 'આત્માનાં હથિયારોથી' સજ્જ કરી એ ધર્મશાળાનાં લોકોએ જવા દીધો, કે જેથી માર્ગમાં તેને એ 'શસ્ત્રો'થી રક્ષણ મળે. ('યાત્રાકારી' આવૃત્તિ, ૧૯૮૭, પૃ. ૫૩, ૬૩, ૬૬, ૬૭ - અનુવાદક).

જોન બનિયને પ્રત્યેક ખ્રિસ્તીના જીવનમાં બનતા બનાવોનું અહીં ક્રમવાર અને વીગત સાથે વર્ણન કર્યું છે. આપણને આશ્ચર્ય પમાડે એવી એક અગત્યની બાબત પ્રત્યે અહીં આપણું ધ્યાન ખેંચાય છે કે આપણે ખ્રિસ્તીઓ, એફેસીઓને પત્રના અધ્યાય છ પ્રમાણે 'દેવનાં શસ્ત્રો'થી સજ્જ થતાં નથી, આથી આપણે નિર્બળ જ રહીએ છીએ. પેલા 'યાત્રાકારી' (ખ્રિસ્તી) એ ગર્જના કરતા સાવજની પાસેથી પસાર થવા માટે હિમ્મત એકઠી કરવાની હતી. અને એ ત્યારે જ શક્ય બન્યું, જ્યારે તેણે 'દેવનાં શસ્ત્રો' ધારણ

કર્યાં! શેતાનની શક્તિ સામે રક્ષણ પ્રાપ્ત કરવા માટે 'દેવનાં શસ્ત્રો' (Gospel Armour)ની પ્રત્યેક ખ્રિસ્તીને જરૂર પડે છે!

## આત્મપરીક્ષણ (Self assessment) માટેનાં કેટલાંક સૂચનો :

પરીક્ષા કરવી એટલે શું - એ તમે જાણો છો. જ્યારે તમે પરીક્ષા માટે નિબંધ લખો છો, ગૃહકાર્ય કરો છો અથવા કાર ચલાવવા માટેનું શિક્ષણ લો છો ત્યારે, તમે તમારા પરીક્ષકને તમે શું શીખ્યા છો અને તમે શીખેલા વિષયો વિશે કેટલું જાણો છો તેની ચકાસણી કરવાની તક આપતા હો છો. આપણી શાળા-કોલેજના કાર્યમાં અને આપણા નોકરી ધંધાના કામમાં પણ આપણી કાર્ય-ક્ષમતાની ચકાસણી થતી રહે છે. એ ચકાસણી દ્વારા આપણે પ્રગતિ કરી છે, અધોગતિ કરી છે કે આપણે સ્થગિત થઈ ગયા છીએ, તેની ખબર પડે છે. સામાન્ય રીતે આપણી પરીક્ષા કે ચકાસણી આપણા શિક્ષક, સુપરવાઈઝર અધિકારી કે આપણા માલિક વડે થતી હોય છે. અર્થાત્ આપણી પરીક્ષા કે ચકાસણી અન્ય વ્યક્તિ કરતી હોય છે. એટલે સામાન્ય રીતે આપણે જાતે જ આપણી પરીક્ષા કે ચકાસણી કરતાં હોતાં નથી. પરન્તુ આપણે એફેસીઓને પત્રના છઠ્ઠા અધ્યાયના અભ્યાસમાં આગળ વધીએ તે પહેલાં મારી ઇચ્છા છે કે આપણે આપણું આત્મપરીક્ષણ કરીએ. આપણે જાતે જ આપણી પરીક્ષા કરીએ. આપણે જાતે જ આપણી ચકાસણી કરી જોઈએ કે, આપણે ખ્રિસ્તી તરીકે કેવું જીવન જીવીએ છીએ!

સંત પાઉલના શબ્દો : 'પરમેશ્વરમાં સામર્થ્ય પ્રાપ્ત કરો' - દ્વારા આપણે પ્રથમ પ્રકરણનો પ્રારંભ કર્યો હતો. સંત પાઉલ આપણને સલાહ આપતાં કહે છે કે પરમેશ્વરની આધીનતા સ્વીકારીને આપણે પરમેશ્વરનું સામર્થ્ય પ્રાપ્ત કરી શકીએ છીએ. ખ્રિસ્તી

જીવનનાં ચાર પાસાં એવાં છે કે, જેમાં આપણે પરમેશ્વરની આણ સ્વીકારીને સાચું ખ્રિસ્તી જીવન જીવી શકીએ છીએ. જે ચાર પાસાંનો તેમણે ઉલ્લેખ કર્યો છે તે છે : મંડળી, આપણો સમાજ, આપણું ઘર અને આપણા કામની જગા.

મને ખબર નથી કે તમે જ્યારે એ વાંચ્યું હશે ત્યારે તમને કેવી લાગણી થઈ હશે! પરન્તુ મને શ્રદ્ધા છે, કે એ વાંચીને મને જેવું થયું હતું, તેવું જ તમને પણ થયું હશે! મને તો થયેલું, 'હા, હવેથી હું પરમેશ્વરનું સામર્થ્ય પ્રાપ્ત કરવાના પ્રયત્ન કરીશ. મારા ઘરમાં હું સારા ખ્રિસ્તી તરીકે વ્યવહાર કરીશ. જ્યારે હું મારા કામ પર જઈશ ત્યારે મારી આંખો પ્રભુ ઈસુ તરફ રાખીશ અને સંત પાઉલ કહે છે તેમ હું પ્રામાણિકતાથી મારું કાર્ય કરવાનો પ્રયત્ન કરીશ. જ્યારે હું પ્રભુમંદિરમાં જઈશ, ત્યારે મારા સાથી ખ્રિસ્તીઓ સાથે પૂરા ઉમંગથી ભક્તિ કરીશ, દિલની સચ્ચાઈથી પ્રાર્થના કરીશ અને દેવનાં વચનોને મારા અભ્યંતરમાં ઉતારીશ તથા જે જગામાં હું નિવાસ કરું છું ત્યાં સાચા ખ્રિસ્તીને શોભે એવો વ્યવહાર કરી, સાક્ષીરૂપ જીવન જીવવાનો પ્રયત્ન કરીશ.'

પરન્તુ તમારે શું કહેવું છે? ચાલો, આપણે આપણી જાતને તપાસીએ! છેલ્લાં કેટલાંક અઠવાડિયાં દરમિયાન ખ્રિસ્તી તરીકે આપણે કેવો વ્યવહાર કર્યો છે, તેનું સરવૈયું કાઢીએ! ઉપર જણાવેલી ચારેય બાબતોમાં જો આપણો વ્યવહાર બરાબર રહ્યો હોય, તો આપણે ખ્રિસ્તની આધીનતામાં જીવીએ છીએ; પરન્તુ જો એમ ન હોય તો?

## ૧. તમારા ઘરમાં :

બાળકો, શું તમે તમારા માતા-પિતાને માન આપો છો?

અને તેમના આદેશોનું પાલન કરો છો? શું તમારે કરવાનાં પ્રત્યેક કાર્ય નિયમિત અને વ્યવસ્થિત કરો છો? ઘરકામમાં તમે સહાયક બનો છો? અને જરૂર પડે ત્યારે એકબીજાના બદલે થોડું વધારે કામ કરતાં કચકચ કરો છો?

માતા-પિતા, શું તમે તમારાં બાળકો પ્રત્યે માયાળુ અને સહાનુભૂતિ ભરેલું વર્તન રાખો છો? પત્નીઓ, તમે તમારા પતિ પ્રત્યે કેવો વ્યવહાર કરો છો? શું તમે પરમેશ્વરનું સામર્થ્ય પ્રાપ્ત કર્યું છે? કે પછી અભિમાની, તોછડું વર્તન કરો છો, જાણે પ્રભુ ઈસુએ તમારા હ્રદયને પોતાનું ઘર કદી ન બનાવ્યું હોય એવું; પ્રેમ રહિત!

અને પતિઓ, તમારી પત્ની તરફ સારો અને પ્રેમાળ વ્યવહાર કરવામાં તમે વૃદ્ધિ પામ્યા છો? કે પછી સ્વાર્થી અને કઠોર, જાણે પ્રભુ ઈસુએ તમને પ્રેમ અને કરુણા અને નમ્રતા વિશે કોઈ ઉદાહરણ આપ્યું ન હોય એવો; ક્રૂર વ્યવહાર?!

## ૨. તમારા કામની જગાએ :

આપણે સહુને આત્મ-પરીક્ષણ કરવાની જરૂર એટલા માટે છે કે, જેથી આપણે જાણીએ છીએ કે આપણી શાળા-કોલેજ, ઓફિસ કે કારખાનામાં ખ્રિસ્તી તરીકે વર્તન કરીએ છીએ કે નહીં! શક્ય છે કે સંત પાઉલ એફેસીઓને પત્રના ૬ઠ્ઠા અધ્યાયમાં જણાવે છે તેવી વર્તણૂક આપણા કામમાં અને આપણા સાથીઓ સાથે રહી ના હોય! 'હ્રદયની નિખાલસતા'થી આપણે આપણા શિક્ષકો, આપણા અધિકારીઓ અને માલિકોની આધીનતામાં 'ખ્રિસ્તની આધીનતા સ્વીકારીએ છીએ, એવી ભાવનાથી' આપણે ગયા ન હોઈએ! પ્રભુ ઈસુના આપણે ગુલામ હોઈએ એ રીતે

પૂરા હૃદયથી આપણે આપણા ઉપરી-અધિકારીને આધીન રહ્યા છીએ? તમારો વ્યવહાર તમારા સાથીદારો પર કેવી છાપ પાડે છે?

## ૩. તમારી મંડળીમાં :

પ્રત્યેક રવિવારની ભક્તિ-સભામાં તમે કેવી ભાવનાથી જાવ છો? આપણી પ્રાર્થના પરાયણતામાં વૃદ્ધિ થઈ છે? પરમેશ્વર પ્રત્યેના પ્રેમ અને સન્માનમાં આપણે આગળ વધ્યાં છીએ? આપણા આત્માને માટે જીવનની રોટલીનું કામ કરનાર દેવનાં વચનોની આપણામાં ભૂખ જાગી છે? આપણા ખ્રિસ્તી-ભાઈબહેનો પ્રત્યે આપણા હૃદયમાં સ્વાભાવિક પ્રેમ ઉત્પન્ન થયો છે? શું એ પ્રેમ આપણા વર્તનમાં પ્રગટ થાય છે? મંડળી, એ પ્રભુ ઈસુનું શરીર છે; જેની વૃદ્ધિ થાય, જેમાં પ્રૌઢત્ત્વ આવે અને મંડળીનાં પ્રત્યેક અંગોમાં સંપ જળવાઈ રહે એવી તીવ્ર લાગણી તમારામાં ઉત્પન્ન થઈ છે? કે પછી મંડળીમાં કુસંપ ઊભો કરી તેને છિન્ન-ભિન્ન કરવાના પ્રયત્નો કરીએ છીએ અને એવા પ્રયત્નોમાં જોડાઈ ખ્રિસ્તના શરીરને તોડવાની પ્રવૃત્તિમાં રસ લઈએ છીએ?

## ૪. તમારા સમાજમાં :

આપણા પાડોશી આપણને કેવા ગણે છે? શું આપણા વાણી, વિચાર અને વ્યવહાર દ્વારા પ્રભુ ઈસુ ખ્રિસ્તને મહિમા અને ગૌરવ મળે છે? કે પછી તેઓ આપણને સ્વાર્થી, દંભી અને વિઘ્નસંતોષી મનુષ્યો ગણી આપણાથી દૂર ભાગે છે? આપણા દૈનિક જીવન-વ્યવહારમાં પ્રગટ થતી ભલાઈ, કરુણા અને ઈશ્વરપરાયણતા જોઈને આફત, મુશ્કેલી અને સંકટમાં પડેલાં લોકો તમારી પાસે સહાય માગવા આવે છે? શું આપણી રૂડી

કરણીઓ જોઈને તેઓ આકાશમાંના આપણા બાપનો મહિમા કરે છે?

આ જાતની જ્યારે આત્મપરીક્ષા કરીએ, ત્યારે પ્રાર્થના અને દેવનાં વચનોના પ્રકાશમાં આત્મપરીક્ષા કરવી જોઈએ, કે જેથી આપણા પોતાના નહીં, પરન્તુ દેવના માપદંડ પ્રમાણે આપણી ચકાસણી થાય. જો આપણે સુવાર્તાના કેટલાક ચૂંટી કાઢેલા વાક્ય-પ્રયોગોનો આશ્રય લઈને આત્મ-પરીક્ષા કરવા બેસીએ તો આપણને આપણા વિશે આશ્વાસન મળશે, પરન્તુ એફેસીઓને પત્રના ચોથા અધ્યાયની પ્રથમ અને છઠ્ઠા અધ્યાયની નવમી કલમની વચ્ચે આપેલાં દેવનાં વચનોના પ્રકાશમાં આપણી જાતને તપાસવા લાગીશું; તો આપણને જાણ થશે કે પરમેશ્વરમાં આપણે કેટલાં સમૃદ્ધ બન્યાં છીએ અને ખ્રિસ્તી તરીકે આપણે હજુ શું કરવાનું બાકી રહે છે!

મારે એ આત્મપરીક્ષામાં પાસ થવું છે, આથી મારે કેટલાક સ્વાધ્યાય (Homework) કરવા છે, જે મને બાઈબલમાંથી પ્રાપ્ત થાય છે અને દેવનું સામર્થ્ય પ્રાપ્ત કરવામાં સહાયક નીવડે છે. મને ખાતરી છે કે તમારામાંના કેટલાકને મારી સાથે સ્વાધ્યાય કરવામાં આનંદ આવશે. મને એવી ત્રણ કસોટીઓ મળી છે, જેના પ્રશ્નોના ઉત્તર આપીશું તો દેવનું સામર્થ્ય પ્રાપ્ત કરવાનું શિક્ષણ પ્રાપ્ત કરી શકીશું.

**કસોટી નંબર એક :**

શું મને સૌથી વધારે ગમતા પાપની સામે મેં યુદ્ધ જાહેર કર્યું છે? આ યુદ્ધ એવું યુદ્ધ છે કે જેનું સમાધાન ન કરાય! એ યુદ્ધમાં કોઈ પ્રકારની બાંધછોડ ન કરાય, યુદ્ધને મુલતવી ન રખાય

કે તેના પ્રત્યે આંખ આડા કાન ન કરાય! આપણને અત્યંત પ્રિય એવા આપણા એ પાપ સામે યુદ્ધે ચડવાનો જો મક્કમ નિર્ધાર નહીં કરીએ તો, આપણામાં દેવના સામર્થ્યનો પ્રવાહ વહેતો થશે નહીં.

જો આ ક્ષણે જ આપણને પ્રિય એવા આપણા ગુપ્ત પાપ વિશે વિચાર કરીશું, તો આપણા યુદ્ધની તૈયારીરૂપે એક અગત્યનું પગલું ભર્યું ગણાશે. આપણે જાણીએ છીએ કે, એ પાપ આપણને ઘણું જ વહાલું છે, છતાં તેની સામે આપણે યુદ્ધે ચડ્યા છીએ, કારણ કે પાપ કરવું એ ખોટું છે અને પવિત્ર દેવ પાપને ધિક્કારે છે.

પરન્તુ આવે વખતે શું થાય છે? જો આપણે પ્રભુ મંદિરમાં હોઈએ ત્યારે ભજનો ગાઈએ છીએ, પ્રભુ ઈસુના પ્રેમની સુંદરતાનું પાન કરીએ છીએ અને ત્યાં શેતાનનો હુમલો આપણા પર ભાગ્યે જ થતો હોય છે. પરન્તુ થોડા દિવસો પછી જ્યારે આપણા કામના બોજને લીધે પ્રાર્થના કરવાનું ભૂલી જઈએ છીએ, બાઇબલ વાંચવાનું ટાળીએ છીએ અને આત્મિક રીતે ઠંડા પડી જઈએ છીએ ત્યારે, ધૂર્ત શેતાન ચાલાકીપૂર્વક આપણને ફસાવે છે. આપણને તે એવી પરિસ્થિતિમાં મૂકી દે છે, જ્યાં આપણે આપણને પ્રિય એવા પાપમાં પડવા તત્પર બની જઈએ છીએ. આપણે કહીએ છીએ : બસ એક જ વખત! આ છેલ્લી જ વખત! હવે પછી ક્યારેય નહીં! અને .....

તો પ્રથમ કસોટી છે : આપણને પ્રિય એવા પાપની સામે આમરણાંત યુદ્ધની સ્થિતિ ચાલુ રાખવી.

**<u>કસોટી નંબર બે :</u>**

હું ઘોષણા કરું છું કે હવે પછી જગતની રીતે પ્રમાણે હું નહીં ચાલું. 'આ જગત' એટલે સંત પાઉલ 'રોમનોને પત્ર'ના બારમા

અધ્યાયની બીજી કલમમાં લખે છે તેમ, 'આ જગતનું રૂપ તમે ન ધરો; પણ તમારાં મનથી નવીનતાને યોગે તમે પૂર્ણ રીતે રૂપાંતર પામો, જેથી દેવની સારી તથા માન્ય તથા સંપૂર્ણ ઈચ્છા શી છે, તે તમે પારખી શકો.' આજે આપણે નિર્ધાર જાહેર કરીએ છીએ કે હવે પછી આપણે જગતના ધોરણ પ્રમાણે ચાલીશું નહીં, કારણ કે આપણે ખ્રિસ્તના પક્ષે છીએ!

અત્યાર સુધી તો આપણને બધું જ બરાબર લાગતું હતું! ટેલિવિઝન પર આવતા બધા જ 'શો' (Show) આપણને ગમતા! બધાં જ પ્રકારના દશ્યોમાં આપણને મઝા પડતી અને પાપની ગંદકી ભરેલાં દશ્યો જોઈને આપણે આનંદથી ઉછળી પડતાં. અનીતિ આપણાં હ્રદય અને વિચારો પર પ્રભુત્વ ભોગવતી. પરન્તુ હવે આપણે આપણા દિલ અને દિમાગની કાળજીપૂર્વક સંભાળ રાખવાનાં છીએ, કે જેથી પાપની કાળી છાયા આપણા વિચારોને તથા ભાવનાઓને કલુષિત ન કરી શકે.

અને જો આપણે ઈચ્છીએ, તો આજે જગતના લોકો જેમાં આનંદ લે છે. તે ધન-દોલત, વસ્ત્રો અને આભૂષણો તથા આનંદ-પ્રમોદની દુનિયાનો સ્વીકાર કરી શકીએ છીએ! પરન્તુ આપણે યાદ રાખીએ કે સૃષ્ટિના સ્વામી હોવા છતાંય આપણા પ્રભુ ઈસુને રહેવાનું કોઈ ઘર ન હતું, તેમની પાસે કીમતી વસ્ત્રો ન હતાં અને એ વસ્ત્રોની જાળવણી માટે કબાટો ન હતાં! સંગીતની મોજ માણવા માટે તેમની પાસે સ્ટીરિયો, ટી.વી. કે કોમ્પેક્ટ ડિસ્ક પ્લેયર ન હતાં! તેમની પોતાની કહી શકાય, એવી તેમની કોઈ સ્થાવર કે જંગમ મિલકત ન હતી! આપણામાંનાં કેટલાંક લોકો પાસે કબાટો ભરીને સારાં, પહેરી શકાય એવાં કપડાં હશે અને છતાંય તેઓ બીજાં ખરીદતાં હશે કારણ કે તે જૂનાં (?) કપડાં

પહેરી-પહેરીને કંટાળી ગયાં હશે! જ્યારે લોકો ખોરાકના અભાવમાં મરી રહ્યાં છે, ત્યારે લોકોને પોતાના પૈસા કપડાં માટે આવી રીતે વેડફી નાખતાં આપણે જોઈએ છીએ. આ જગતની અસર આપણા જીવન પર પડતી હોય છે, છતાં ઘણી વખત એ અસરને આપણે અનુભવી શકતાં નથી. હું એવાં કેટલાંય ખ્રિસ્તીઓને ઓળખું છું, જે દારૂ પીવાને તથા બીડી-સિગરેટના વ્યસનને ધિક્કારે છે. અરે, સીનેમા જોવાને પણ સારું ગણતા નથી અને તેનાથી દૂર રહે છે; છતાં જગતનાં અખ્રિસ્તી સ્ત્રી-પુરુષો નાણાંનો જે રીતે દુર્વ્યય કરે છે, તે જ રીતે તેઓ પણ પોતાના પૈસાનો દુર્વ્યય કરે છે.

આથી, કસોટી નંબર બે : - હવેથી હું મારું જીવન ખ્રિસ્તી-જીવન-પદ્ધતિથી જીવીશ. હવેથી મારું જીવન હું વધસ્તંભની છાયામાં જીવીશ. હું મારી પોતાની ઇચ્છાથી જગતનાં લોકોની રીત-રસમનો ત્યાગ કરીશ અને તેમની અસરોથી બચવા સાવધાન રહીશ.

## ૩. કસોટી નંબર ત્રણ :

હવેથી હું માત્ર સ્વર્ગના રસ્તા પર જ ચાલવાનો નિર્ધાર કરું છું. તમને મારી વાત વિચિત્ર લાગશે, પરન્તુ તમને ખબર છે કે હું શું કરતો હોઉં છું? હું મારી જ જાતને છેતરું છું! મારી જાતને હું કહું છું કે, એકાદ કલાક નરકના પેલા ધોરી માર્ગ પર રખડી આવું અને ફરી પાછો સ્વર્ગના સાંકડા માર્ગ પર આવી જઈશ! પરન્તુ આવું વિચારનાર હું એકલો જ મૂર્ખ છું; કે પછી આત્મહત્યાનો આવો ભયંકર માર્ગ લેનારાં બીજાં લોકો પણ છે?!

સેંટ એન્ડ્રૂઝ યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ દરરોજ લાલ રંગનો ઝભ્ભો પહેરતા. અત્યારે તો વિદ્યાર્થીઓ એવા ઝભ્ભા પહેરતા નથી, પરન્તુ જ્યારે હું વિદ્યાર્થી હતો ત્યારે મારે પણ લાલ ઝભ્ભો

પહેરવો પડેલો! આવો રિવાજ શા માટે પાડવામાં આવ્યો હશે? તપાસ કરતાં માહિતી મળેલી કે વિદ્યાર્થીઓ વિદ્યાર્થી તરીકે ઓળખાઈ આવે અને અયોગ્ય વર્તન ન કરી બેસે તે માટે; તેમના ગૌરવની જાળવણીના આશયથી, તેમને લાલ રંગના ઝભ્ભા પહેરાવવામાં આવતા!

ધર્મ અને નીતિની બાબતમાં એકાંતિક કડકાઈ રાખનાર (Puritans) જે ઝભ્ભા પહેરતા તેની પાછળ પણ આવા જ પ્રકારનો આશય હતો. તેઓ જે જાતનાં વસ્ત્રો પરિધાન કરતા તે વસ્ત્રો જ જાહેર કરતાં કે આ માણસ સ્વર્ગના માર્ગ પર ચાલનાર ખ્રિસ્તી છે. આ વિચાર કાંઈ ખોટો નથી. આ ત્રીજી કસોટી આપણને શીખવે છે કે આપણે આપણા દૈનિક જીવન વ્યવહાર વડે પ્રગટ કરવું જોઈએ કે 'આપણે પ્રભુ ઈસુની સાથે ચાલનાર યાત્રિક છીએ'. આપણે આપણી રીતે માત્ર રવિવારે સવારની કે સાંજની ભક્તિ-સભામાં જનાર ખ્રિસ્તી નથી, પણ આપણે તો પ્રત્યેક મહિને, પ્રત્યેક અઠવાડિયાના પ્રત્યેક દિવસે ભક્તિ કરનારા ખ્રિસ્તી છીએ. આપણી યાત્રાના માર્ગ પર ચાલતાં આપણને કશાની શરમ નથી અને કોઈનો ડર નથી.

લો, આપણે તો અજાણતાં જ એક નબળી મંડળીની પરિભાષા બનાવી દીધી. નીચે એવી નબળી કે મૃત મંડળીના કેટલાંક લક્ષણોનું વર્ણન છે, જરા નજર કરી લઈએ :

૧. જે ખ્રિસ્તીઓ પોતાને પ્રિય એવાં ગુપ્ત પાપોની સામે સતત લડતાં રહેતાં નથી અને છાનાં-છાનાં એ પ્રિય પાપને પંપાળ્યા કરે છે અને બીજાં લોકો ન જાણે એ રીતે ખાનગીમાં એ પ્રિય પાપને વળગી રહે છે; એવાં ખ્રિસ્તીઓ મંડળીને નબળી બનાવે છે.

૨. જે ખ્રિસ્તીઓ, અન્ય લોકો જે વધસ્તંભના મહિમાને જાણતાં નથી તેમના જેવો જગિક વ્યવહાર કરે છે અને તેમનો પાડોશી જેમ પ્રત્યેક રવિવારના દિવસે પોતાની કાર ધૂએ છે એવી રીતે પ્રત્યેક રવિવારે દેવળમાં જાય છે. (આ એકલો જ ફરક છે, પેલાં જગતનાં લોકો અને ખ્રિસ્તી વચ્ચે! જો ખ્રિસ્તીઓ બીજાં કરતાં અલગ ન દેખાય, તો એવાં ખ્રિસ્તીઓને કારણે દેવની મંડળી નબળી પડે છે.

૩. જે ખ્રિસ્તીઓ અઠવાડિયાનો કેવળ એક જ દિવસ સ્વર્ગના રસ્તા પર ચાલે છે અને બાકીના છ દિવસ નરકના સરિયામ રસ્તા પર ચાલે છે, - એવાં ખ્રિસ્તીઓને લીધે મંડળી નબળી પડતી જાય છે.

જે મંડળીના લોકો ઉપર પ્રમાણેના ખ્રિસ્તીઓ હશે, તે મંડળી ક્યારેય મજબૂત બની શકશે નહીં. જ્યાં સુધી પવિત્ર આત્માનો ધસમસતો વંટોળ એ મંડળીનાં લોકોને હચમચાવી નાખીને પાવક જવાળા વડે તેમનાં પાપ અને જગિકપ્રેમને ભસ્મિભૂત કરશે નહીં, ત્યાં સુધી એ નબળી મંડળીમાં જીવનનું ચેતન આવશે નહીં!

## પરમેશ્વરનું સામર્થ્ય પ્રાપ્ત કરવા માટેની બે બાબતો :

પ્રથમ બાબત એ છે કે, આપણે માટે પરમેશ્વરે જે કર્યું છે તેને આપણે યોગ્ય રીતે સમજીએ. શરૂઆતમાં મેં તમને તમારા બાઈબલમાં પરમેશ્વર પિતા, પરમેશ્વરપુત્ર અને પરમેશ્વર પવિત્રઆત્મા વિશે એફેસીઓને પત્રના પ્રથમ અધ્યાયમાં આવેલા ઉલ્લેખને રેખાંકિત કરવાનું સૂચન કર્યું હતું એ તમને યાદ હશે. અને તમે એ અધ્યાયને કાળજીપૂર્વક વાંચ્યો પણ હશે.

હું તમને અત્રે એ બતાવવા માગું છું કે તેની શી અગત્યતા છે. ચાલો, આપણે પેલા 'યાત્રાકારી' (ખ્રિસ્તી) ના ઓળિયાની વાત યાદ કરીએ. એ 'યાત્રાકારી'ને પેલું ઓળિયું (Scroll) ક્યારે આપવામાં આવેલું? ટેકરીની ટોચ પર જ્યાં વધસ્તંભ હતો તે જગાએ 'યાત્રાકારી' ચઢ્યો, ત્યારે ઓળિયું તેને આપેલું. અને એ 'યાત્રાકારી' વધસ્તંભની સમીપ, ટેકરીની ટોચ પર ક્યારે પહોંચ્યો? જ્યારે તેની પીઠ પર રહેલો પાપનો બોજ નીચે ખાઈમાં આવેલી ખાલી કબરમાં જઈને પડ્યો ત્યારે! ત્યારે જ તેને પાપના બોજથી મુક્તિ અને સદાકાળ માટેનો આરામ મળ્યો! જ્યારે તેણે અનિમિષ નેત્રે વધસ્તંભને નિહાળ્યો, ત્યારે એ 'યાત્રાકારી'ની આંખોમાંથી આંસુની અસ્ખલિત ધારા વહેવા માંડી અને ત્રણ તેજસ્વી દૂતો તેની સમક્ષ ઉપસ્થિત થયા. એ ત્રણમાંના એકે પેલા રડતા 'યાત્રાકારી'ને કહ્યું : "તારાં સઘળાં પાપ માફ થઈ ગયાં છે." બીજા દૂતે એ 'યાત્રાકારી'નાં જીર્ણ થઈ ગયેલાં ગંદા વસ્ત્રોને તેના શરીર પરથી ઉતારી લઈ તેને તારણનાં ઉજળાં વસ્ત્રો પહેરાવ્યાં. અને ત્રીજા દૂતે 'યાત્રાકારી'ના કપાળ પર મુદ્રા કરી અને તેના હાથમાં ઓળિયું (Scroll) આપ્યું. કપાળ પરની મુદ્રા તેના પર દેવના માલિકીપણાની નિશાની હતી. જ્યારે ઓળિયું પવિત્રઆત્માની ભેટનું પ્રતિક હતું, જે 'યાત્રા' માટેનું માર્ગદર્શન પૂરું પાડતું હતું.

પરન્તુ 'યાત્રાકારી' માર્ગમાં ઊંઘી ગયો ત્યારે તેના હાથમાંનું ઓળિયું પડી ગયું. તેને ઊંઘમાંથી કોઈએ જગાડ્યો ત્યારે ઉતાવળે ઉતાવળે ઊભો થઈને યાત્રામાં આગળ વધવા લાગ્યો. માર્ગમાં તેને ભ્રાંતવાળો (Misturst) અને બીકણ (Timorous) મળ્યા અને તેમણે 'યાત્રાકારી'ના મનમાં શંકા અને ભય જાગૃત કર્યાં.

એ સમયે તેને ઓળિયા દ્વારા મળતા આશ્વાસન અને શક્તિની જરૂર પડી, પણ તે તો ખોવાઈ ગયું હતું! હવે તે રસ્તામાં આવતા સિંહોનો સામનો કરી શકે એવો હિમ્મતવાન અને બળવાન રહ્યો ન હતો.

મને આશા છે કે હું જે કહેવા માગું છું એ મુદ્દો, તમે સમજી ગયાં હશો. દેવના સામર્થ્ય વિશે આપણામાં ભરોસો હોવો જોઈએ. દેવે આપણા માટે જે કાંઈ કર્યું છે તેની આપણને જાણ હોવી જોઈએ. પ્રભુપુત્રએ આપણા અપરાધોને લીધે વધસ્તંભના મૃત્યુનો સ્વીકાર કર્યો અને પ્રભુ પવિત્રઆત્મા નીત-નીત આપણામાં નવીન વિશ્વાસ ઉત્પન્ન કરી આપણને સહાયની ખાતરી પૂરી પાડે છે, - એ બધાંનું સ્મરણ આપણને હોય તે જરૂરી છે. પરમેશ્વર પિતા, પરમેશ્વરપુત્ર અને પરમેશ્વર પવિત્રઆત્માના ખડક પર આપણાં પગલાં દઢ બનેલાં હોવાં જોઈએ. આપણે તો પરમેશ્વર દ્વારા પસંદ કરાયેલાં, પ્રભુ ઈસુના પવિત્ર રક્તથી મુક્તિ પામેલાં અને પ્રભુ પવિત્ર આત્માની મહોરથી મુદ્રિત કરાયેલાં પ્રભુનાં બાળકો છીએ.

### બીજી બાબત :

પરમેશ્વરનું સામર્થ્ય પ્રાપ્ત કરવા માટે આપણે દઢ નિર્ધાર કરવાની જરૂર છે. આપણે 'આત્મિક શસ્ત્રો' ધારણ કરીએ તે પહેલાં સંત પાઉલ આપણને કહે છે કે આપણે આપણાં પ્રિય એવાં ગુપ્ત પાપોની સામે યુદ્ધ જાહેર કરી દેવના ઝંડા નીચે આવવાનું છે અને જગતના માર્ગોનો ત્યાગ કરી સ્વર્ગના માર્ગ પર ચાલતાં ચાલતાં આપણી જીવનયાત્રા પૂરી કરવાની છે.

જ્યારે આપણું તારણ થયેલું, ત્યારે આપણે પ્રભુ ઈસુની પાછળ ચાલવાનો નિર્ણય કરેલો. એવી જ રીતે આજે આપણે

પરમેશ્વરમાં બળવાન બનવાનો સભાનપણે નિર્ધાર કરીએ. એ જાતનાં પગલાં આપણે આપણા દૈનિક જીવનમાં ભરતા રહીએ એ આપણા માટે ઘણું જ જરૂરી છે; કારણ કે શેતાન પોતાની સંપૂર્ણ તાકાત વડે આજે લડી રહ્યો છે અને એ લડાઈમાં આપણે જો ઊણા ઊતરીશું તો સદાને માટે આપણે લાચાર અને પાંગળાં બની જઈએ એવી પૂરી શક્યતા છે. આથી એ પવિત્ર યુદ્ધમાં આપણે અડગ નિર્ધાર કરીને આગળ વધવાનું છે. જ્યારે આપણે તારણ પામ્યાં, ત્યારે જે રીતે આપણા તારણહાર પર પૂરો વિશ્વાસ કરીને તેમને શરણે આવ્યાં હતાં; એવા જ વિશ્વાસ સહિત પ્રભુ ઈસુની ધજા પાછળ આપણે આગેકૂચ કરવાની છે.

પ્રભુના સેવક વિલિયમ ગર્નેલ કહે છે : "જ્યાં સુધી તમે જગત અને શેતાન સાથેના યુદ્ધમાં તમારું કૌવત બતાવતા નથી, ત્યાં સુધી તમને રાજવંશી કે પરમેશ્વર પિતાનું સંતાન કહેવડાવવાનો કોઈ અધિકાર નથી." [1]

અને જોન કેલ્વીન લખે છે :

"આપણે મુશ્કેલીઓ વેઠ્યા વિના દેવની સેવાને યોગ્ય બનતા નથી... પાઉલ કહે છે, મેં તમને એટલા માટે બળવાન બનવાનું કહ્યું છે કે જો મનુષ્ય પોતાની પાપની ભાવનાઓને દૃઢતાપૂર્વક દબાવવાનો નિશ્ચય ન કરે, તો તે પોતાની એ ભાવનાઓ અને લાગણીઓ પર ક્યારેય વિજય પ્રાપ્ત કરી શકશે નહીં." [2]

---

1. William Gurnale, The Christian in complet Armour, republished 1964, Banner of Truth, P. 16.

2. John Calvin's Sermons on Ephesians, republished 1973, Banner of Truth, P. 652.

પ્રભુના બંને સેવકો : કેલ્વીન અને ગર્નેલ - બંને માને છે કે સંત પાઉલનું કહેવું છે કે, પરમેશ્વર આપણને પ્રેરણા કરે એ પ્રમાણે આપણે તેમનું સામર્થ્ય પ્રાપ્ત કરવા તત્પર રહેવું જોઈએ.

**<u>પ્રભુ ઈસુ કહે છે :</u>**

મારી ઝૂંસરી તમે પોતા પર લો, ને મારી પાસેથી શીખો; કેમ કે હું મનમાં નમ્ર તથા રાંક છું, ને તમે તમારા જીવમાં વિસામો પામશો (માથ્થી, ૧૧ : ૨૯).

આપણા તારનાર પ્રભુ ઈસુ હળવેકથી પ્રેમપૂર્વક આપણને પોતાની ઝૂંસરીએ જોડે છે અને ભાર ખેંચવામાં તે પોતે જ સહાય બને છે, કારણ કે તે આપણને નમ્રતાના પાઠ શીખવી આપણને સદાકાળનો આરામ આપવા માગે છે! તે કહે છે : 'મારું સામર્થ્ય પ્રાપ્ત કરો અને મારા પ્રત્યેના વિશ્વાસમાં સુદઢ બનો.'

✿✿✿

# પ્રકરણ ૩

# સામર્થ્ય આપનાર શક્તિ

**તેમનું સામર્થ્ય** - એફેસીઓને પત્ર, ૬ : ૧૦

જેને સંત પાઉલ દેવનું સામર્થ્ય કહે છે, તેને પ્રાપ્ત કરવાના ઉપાયો વિશે અત્યાર સુધી આપણે વિચાર કર્યો. આપણને એ પણ કહેવામાં આવ્યું છે કે, એ નિયમોનું પાલન આપણા દૈનિક જીવન-વ્યવહારમાં થવું જોઈએ. અને આપણે આગળ જોયું છે કે, દેવના સામર્થ્યમાં બળવાન થવાના વ્યાવહારિક રસ્તા કયા છે.

જ્યારે આપણે દેવનું સામર્થ્ય પ્રાપ્ત કરવા અંગેની વાત કરતા હતા, ત્યારે ત્રણ મુદ્દા આપણા ધ્યાન પર આવેલા. એક, પરમેશ્વરની આધીનતાનો સ્વીકાર. બે, આપણે પરમેશ્વરના છીએ તેવી ખાતરી હોવી. અને, ત્રણ પરમેશ્વરના સામર્થ્યની પ્રાપ્તિ માટેનો આપણો નિર્ધાર. પરન્તુ હવે કેટલાંકને પ્રશ્ન થશે કે છઠ્ઠા અધ્યાયની દશમી કલમના ઉત્તરાર્ધનું શું? આખી કલમ આ પ્રમાણે છે : છેવટે [હું કહું છું], પ્રભુમાં તથા તેમના સામર્થ્યના બળમાં શક્તિમાન થાઓ. આ કલમનો ઉત્તરાર્ધ છે : 'તેમનાં સામર્થ્યના બળમાં શક્તિમાન થાઓ.' અહીં આપણે દશમી કલમના ઉત્તરાર્ધ વિશે જ વિચાર કરવાનાં છીએ! પરમેશ્વરના સામર્થ્યનો વિચાર! એ સામર્થ્ય ક્યાંથી અને કેવી રીતે આવે છે? આ પ્રશ્ન ઘણો જ અગત્યનો પ્રશ્ન છે, કારણ કે એ પ્રશ્નનો જવાબ સંત પાઉલની જે માન્યતા હતી, તે માન્યતા પ્રગટ કરે છે.

પરન્તુ આજે ખ્રિસ્તી લોકો સંત પાઉલના અભિપ્રાયને બરાબર સમજી શક્યાં નથી એવી મને શંકા છે. આથી સંત પાઉલ 'દેવના

સામર્થ્ય' (Might Power of God) વિશે જે કાંઈ આપણને કહેવા માગે છે, તે સમજવાને આપણે યોગ્ય પ્રયત્ન કરીએ.

આમ, તો એ સમજવામાં ગૂંચવણ ઊભી થાય એવું કશું જ તેમાં નથી, કારણ કે સંત પાઉલે પોતાના એ પત્રમાં 'દેવનું સામર્થ્ય' એટલે શું, તેની પૂરી સમજ આપી છે અને તેમણે એ સમજવા માટે સાચો (અને યોગ્ય) માર્ગ એફેસીઓને લખેલા પત્રમાં બતાવ્યો છે.

પરન્તુ 'દેવનું સામર્થ્ય' એટલે શું? એવો જે પ્રશ્ન આપણને થાય છે, તેનું મૂળ આપણા હૃદયમાં છે. આજે આખાય વિશ્વમાં ખ્રિસ્તી મંડળીઓ વિશે જે વાત ગંભીરતાપૂર્વક ચર્ચાઈ રહી છે, તે એ છે કે વિવિધ કાર્યક્રમો દ્વારા આપણે લોકોના વ્યવહારને બદલવો જોઈએ. માતા-પિતા પોતાનાં બાળકોને સાબ્બાથશાળા (સન્ડેસ્કૂલ)માં મોકલવા માગે છે અથવા તેમને મંડળીના સભાસદ બનાવવા માગે છે, કારણ કે તે ઇચ્છે છે કે પોતાનાં બાળકોને સારાં બનવાનું શિક્ષણ પ્રાપ્ત થાય. લોકો એવી પણ ચર્ચા કરે છે કે સારાં, સંસ્કારી અને સારી મંડળીનાં સભાસદ બનેલા પરિવારોમાં બાળકોને ઉછેરવામાં આવે, તો આપણી સમસ્યાઓનો અંત આવી જશે. એ બાળકો જ્યારે મોટાં થશે, ત્યારે સારાં મનુષ્યો બનશે! અને આપણે બધાં સહમત થઈશું કે સારો ઉછેર એ સારા સમાજ-જીવન માટેનો એક પ્રશંસનીય પ્રયત્ન ગણાય.

પરન્તુ, મંડળીઓએ કરવાની સારી પ્રવૃત્તિઓના વિચારનું અમલીકરણ ઘણી વખત વ્યાવહારિક બનતું નથી. આપણે સમાચાર પત્રોમાં દરરોજ વાંચીએ છીએ કે ઘણાં સારાં ગણાતાં, ખાનદાન અને કુલીન ગણાતાં સંસ્કારી પરિવારોનાં અને સારામાં સારી ગણાતી શાળામાં ભણેલાં ઘણાં લોકો ગુનાહિત આચરણ કરતાં

હોય છે અને તેમને જેલમાં જવું પડે છે. સારામાં સારું શિક્ષણ તેમણે પોતાના ઘરમાં, શાળામાં અને મંડળીમાં પ્રાપ્ત કર્યું હોવા છતાંય, તેઓ જીવનમાં નિષ્ફળ નીવડે છે. હમણાં, થોડા સમય પહેલાં જ મારા વાંચવામાં આવ્યું કે એક સંસ્કારી પરિવારનો, ઉત્તમ ગણાતી શાળા-કોલેજમાં ભણીને ઉત્તમ પ્રકારનું (?) શિક્ષણ પામેલો એક યુવક એક ભયંકર ગુનાના આરોપસર કારાવાસ ભોગવી રહ્યો છે.

મંડળીઓના કાર્યક્રમો ગમે તેટલા સારા અને આકર્ષક હોય, છતાં આપણા ખ્રિસ્તી વિશ્વાસની તોલે એ આવી શકે તેમ નથી.

ખ્રિસ્તી વિશ્વાસ (Christan faith) અંગે બે પ્રકારની ગેરસમજ પ્રવર્તે છે. પ્રથમ ગેરસમજ છે : ખ્રિસ્તીતા (Christianity) એ માત્ર એક પ્રકારની આચારસંહિતા (નૈતિક આચરણનું ધોરણ - Moral Code) છે. આ જાતની માન્યતા એવી છે કે, ખ્રિસ્તી વિશ્વાસ એ એક નૈતિક આચારસંહિતા છે, જીવનની એક પદ્ધતિ છે અને ખ્રિસ્તી, એ એક એવો મનુષ્ય છે, જે એ નિયમોની આધીનતામાં, નિયમોનું પાલન કરીને પોતાનું જીવન જીવે છે. પરન્તુ,આ એક પહેલી ખોટી માન્યતા છે.

ઘણી ખોટી માન્યતાઓમાં હોય છે તેમ, અહીં આ ખોટી માન્યતામાં, સત્યનો થોડો અંશ રહ્યો છે. કારણ કે ખ્રિસ્તી-વિશ્વાસ પણ સદાચાર અને નૈતિકતાની વાત પર ભાર મૂકે છે. પરન્તુ, એ ખોટી માન્યતા જે કહે છે, તેમાં તો દોષ નથી. પણ ખરો અને ખતરનાક દોષ, તો એ માન્યતામાં જેનો ઉલ્લેખ થયો નથી, તેમાં રહેલો છે. એ માન્યતામાં શાનો ઉલ્લેખ કરવામાં આવ્યો નથી તે તમે જાણો છો? તેમાં દેવ સર્વશક્તિમાન છે; દેવને કશું અશક્ય

નથી - એ વાતનો છેદ ઉડાવી દેવાયો છે! ખ્રિસ્તી-વિશ્વાસમાં નૈતિક આચરણની વાત આવે છે, પરન્તુ તેમાં જીવન જીવવાના માત્ર નિયમો નથી; બીજું કાંઈક વિશેષ છે. એ નિયમોની વિરુદ્ધ આપણામાં જો પૂર્વગ્રહ ભરેલો હોય અને તેમનું પાલન થઈ શકતું ન હોય, તો એનો શો અર્થ? નિયમો ગમે તેટલા હોય, ગમે તેવા સારા હોય, પરન્તુ આપણી શક્તિ-મર્યાદાની બહારની દૈવી શક્તિની સહાય ન મળે તો બધું જ વ્યર્થ નીવડે છે.

ખ્રિસ્તીતા વિશે બીજી એક ભ્રામક માન્યતા છે કે, જો તમે સલામત જગાએ જઈને તમારી જાતને સંતાડી શકો, તો તમારામાં રહેલા અશુભ પૂર્વગ્રહોને લીધે દેવના નિયમો તોડવાના દોષથી બચી શકો છો.

કેટલાકના મનમાં, સાધુ થઈને ગુફામાં વસવાનો વિચાર આવે તે સ્વાભાવિક છે. એવા મઠો સ્થાપિત કરવાની પાછળ જગતની ભ્રષ્ટતા અને કલુષિત વાતાવરણથી છૂટવા માટેનો આશય હતો. પરન્તુ ત્યાં સાધુઓને દેખાયું કે પાપ તો પાણી ઉપર દેખાતી હિમશિલા (Iceberg)ની ટોચ જેવું છે. એ હિમશિલાના નવ ભાગ પાણીની નીચે છૂપાયેલા રહે છે અને એક જ, એટલે કે એક દશાંશ ભાગ જ પાણીની બહાર દેખાય છે! સાધુઓના મઠમાં પણ પાપના નવ ભાગ છૂપાયેલા રહે છે અને દુનિયાનાં પ્રલોભનોથી દૂર હોવા છતાંય એ પાપ ધીમે-ધીમે કાર્યશીલ બને છે.

પરન્તુ ઘણા ખ્રિસ્તીઓ પાપ અને તેના આકર્ષણ પ્રત્યે મઠો બાંધી એકાંતનું જીવન જીવવાનું વલણ અપનાવે છે. ઘણા ખ્રિસ્તીઓ માત્ર ખ્રિસ્તીઓ સાથે જ મિત્રતા રાખે છે (અને ખ્રિસ્તી મિત્રો હોય તે સારી વાત છે). ઘણા ખ્રિસ્તીઓ કેવળ ખ્રિસ્તી સ્થળોની

જ મુલાકાત લે છે (અને ખ્રિસ્તી સ્થળોની મુલાકાત લેવી તે ખરેખર સારું છે). ઘણા ખ્રિસ્તીઓ માત્ર ખ્રિસ્તી તહેવારોએ જ પોતાના કામધંધામાંથી રજા લેતા હોય છે (અને એ પણ સારું છે). પરન્તુ આપણા ખ્રિસ્તી મિત્રોની સંગતમાં અને ખ્રિસ્તી કાર્યક્રમોમાં વ્યસ્ત રહેવાથી આપણે પાપ અને પાપી પ્રવૃત્તિઓથી દૂર રહી શકીશું; બચી શકીશું; એવું વિચારવું ઘણું જ સહેલું છે અને અર્થહિન, નક્કામું છે. કારણ કે આપણે ગમે તેટલી કાળજી રાખીએ કે આપણી જાતનું રક્ષણ કરવાના ગમે તેટલા પ્રયત્ન કરીએ તોપણ આપણે યાદ રાખવાનું છે કે પાપનો થોડો જ ભાગ આપણે આપણી બહાર જોઈ શકીએ છીએ, જ્યારે નવ ભાગ આપણી ભીતર જ રહેલા છે; પેલી પાણીમાં છૂપાયેલી તોતીંગ 'હિમશીલા' ની પેઠે આપણે શીખવાની વાત એ છે કે આપણે ભાગેડુવૃત્તિ (પલાયનવાદ) (Escapism) દ્વારા પાપના પંજાથી બચી શકતા નથી.

જે પ્રશ્ન અહીં છે, તે હૃદયનો પ્રશ્ન છે. તમારાં હૃદયનો, મારાં હૃદયનો અને આપણા સહુના હૃદયનો. આથી જ સંત પાઉલ આપણને પ્રભુંમાં સમૃદ્ધ બનવાની અને તેમનું સામર્થ્ય પ્રાપ્ત કરવાની સલાહ આપે છે. આપણા જીવનમાં જે છે,તે ઉપરાંતની વધારાની શક્તિની આપણને જરૂર છે.

દેવની સમર્થતાની વાત સંત પાઉલ કરે છે, ત્યારે કઈ કઈ બાબતોની તેમાંથી બાદબાકી કરે છે! મને બરાબર યાદ છે કે મારો પ્રથમ પુત્ર જ્યારે ચાર વર્ષનો હતો, ત્યારે એક વખત અમારી પારિવારિક પ્રાર્થનાને અંતે પ્રભુએ શીખવેલી 'આકાશમાંના અમારા બાપ'ની પ્રાર્થનામાં આવતા શબ્દો, ''કેમ કે રાજ્ય તથા પરાક્રમ તથા મહિમા' - બોલી રહ્યાં, ત્યારે અચાનક તે બોલી ઊઠેલો, 'It

is a great big lorry, loaded up with fizzy lemonade, going slowly up a steep hill, with its engine roaring.' 'ગ્લોરી' (મહિમા) શબ્દ સાથે પ્રાસ બેસાડી તે બોલેલો - એ તો ખાટી-મીઠી ગોળીઓ (Lemonde)થી ભરેલો એક મોટો ખટારો (Lorry) છે, જે ઘોંઘાટ કરતો કરતો, ધીમે ધીમે પર્વતના ઢોળાવ પર ચઢી રહ્યો છે. ચાર વર્ષના છોકરાના એ શબ્દો સાંભળી હું અને મારી પત્ની તો અવાક્ બની ગયાં અને એકબીજાંની સામે જોવા લાગ્યાં! એક બાળકે કરેલી એ કલ્પના ભવ્ય તો હતી, પરન્તુ વાસ્તવિકતાથી ઘણી જ વેગળી હતી!

સંત પાઉલ જેને અપરિમિત શક્તિ (Mighty Power) કહે છે, તેનો અર્થ ઘણા લોકો પોતાની રીતે કરતા હશે. હું પણ એ 'પરિમિત શક્તિ' વિશે વિચારતો હતો કે એ શક્તિ વીજળીના પ્રવાહ (Electric Current) જેવી હશે, જે એક દિવસ મારામાં આવી જશે અને પાપ તથા અંધકારની શક્તિઓ સામે લડવાની એક પ્રબળ ઇચ્છા-શક્તિ પ્રગટ કરશે અને હું પાપની સામે લડતો રહીશ તથા પ્રત્યેક વખત મારો જ જય થશે. સાચે જ, હું આમ માનતો હતો અને મને યાદ છે, કે 'પુલ્પિટ' પરથી અપાતા કેટલાક 'સંદેશા' પણ મારી માન્યતા સાચી હોવાની ખાતરી આપતા હતા! પરન્તુ મારી એ માન્યતાને બાઇબલની કોઈ જ 'કલમ'નું સમર્થન મળ્યું નહીં!

કેટલાક માનતા હોય છે, કે એ અપરિમિત શક્તિ પવિત્રઆત્માના આગમનના અનુભવથી પ્રાપ્ત થાય છે, જે મનુષ્યને 'અન્ય ભાષાઓ' (Tongues) બોલવાની શક્તિ પ્રદાન કરે છે. તમે ગમે તે પ્રભુમંદિરની ભક્તિસભામાં જાઓ; ત્યાં જે 'સંદેશો' અપાશે તેનો એક જ સૂર નીકળશે, કે તમે 'દયાસન' પાસે આવો.

'સંદેશો' આપનાર વક્તાને તમારા માથા ઉપર હાથ મૂકવા દો કે તેમને તમારા શરીરનો સ્પર્શ કરવા દો. તમને તરત જ અપરિમિત શક્તિ પ્રાપ્ત થશે અને તમે બધા જ પ્રકારનાં પ્રલોભનો સામે ટકી શકશો તથા શેતાનના સઘળા હુમલાઓને ખાળી શકશો. ઘણા સુવાર્તિકોના 'સંદેશા'ઓનો સાર પણ આ જ પ્રકારનો હોય છે અને મેં જાતે પણ આવું ઘણી જગાઓએ સાંભળ્યું છે. પરન્તુ, હું તમને આવા પ્રકારના શિક્ષણથી ચેતવવા માગું છું. આવું શિક્ષણ ગેરમાર્ગે દોરનારું અને બાઇબલના શિક્ષણની વિરુદ્ધનું શિક્ષણ છે. ગંભીર પ્રકારની ગેરસમજ ઉત્પન્ન કરનારું ખોટું શિક્ષણ છે.

તો પછી પ્રશ્ન એ ઉત્પન્ન થાય છે કે દેવની 'અપરિમિત શક્તિ' (Mighty Power) એ શું છે અને તેને કેવી રીતે પ્રાપ્ત કરી શકાય?

તમે ચિત્રમાં રહેલા કોયડાવાળું ચિત્ર (Picture Puzzles) જોયું હશે, જેમાં છૂપાયેલા નાના નાના ચહેરાઓને શોધવાના હોય છે. આમ તો પહેલી દૃષ્ટિએ તમને કોઈ ચહેરો દેખાશે નહીં. પરન્તુ જ્યારે તમે ચિત્રમાં આવેલા વૃક્ષો, પુષ્પો, ઘાસ અને ઝાડીઓ ધ્યાનપૂર્વક નિહાળશો; ત્યારે ચિત્રમાં છૂપાયેલા બધા જ ચહેરા ધીમે-ધીમે દેખાવા લાગશે અને કોયડો ઉકલી જશે. એફેસીઓને લખેલો પાઉલ પ્રેરિતનો પત્ર પણ પેલા ચિત્ર-કોયડા જેવો છે. સંત પાઉલે એ પત્રમાં ઉલ્લેખ કરેલી દેવની અપરિમિત શક્તિ વિશે કલ્પના કે અટકળ કરવાની જરૂર નથી. જેમ જેમ એ પત્ર વાંચતા જશો, તેમ તેમ દેવની અપરિમિત શક્તિનાં દર્શન તમને થતાં જશો. અને એ પત્રના છઠ્ઠા અધ્યાયની દશમી કલમ સુધી સંત પાઉલ પહોંચે છે ત્યારે, તે આપણા માટે માની લે છે,

દેવની જે અપરિમિત શક્તિનો તેમણે ઉલ્લેખ કરેલો, તેને આપણે બરાબર ઓળખી ગયાં છીએ.

આપણે ત્રણ અલગ-અલગ વ્યક્તિઓ વિશે વિચાર કરીએ અને તેમની પાસેથી શીખીએ કે દેવની અપરિમિત શક્તિ એટલે શું?

પ્રથમ વ્યક્તિ છે, શ્રી ઉંદરભાઈ. તે સ્વભાવે ઉંદર જેવા છે, આથી જ તેમનું નામ ઉંદરભાઈ છે. જો તમે ઉંદરભાઈને મળશો તો તમને લાગશે કે તે ખૂબ જ શાંત પ્રકૃતિની વ્યક્તિ છે. તેમના મિત્રોમાં તેમનું માન છે. નોકરીમાં તેમને વખાણવામાં આવે છે અને ઘરમાં પણ એક પ્રતિષ્ઠિત ગૃહસ્થ તરીકેની તેમની વર્તણૂક છે. તેમને માટે 'ઉંદર'નું નામ જરા વિચિત્ર લાગે છે. પરન્તુ ખાનગીમાં કહું કે, તેમને આપવામાં આવેલું એ નામ તેમને પોતાને પણ લાગે છે કે તેમનું એ નામ સાર્થક નામ છે!

આપણા આ શ્રીમાન ઉંદરભાઈ ઘણા લોકોને ગમે છે. ઉંદરભાઈ ધર્મની વિરુદ્ધ કાંઈ જ ખોટું બોલતા નથી. જેમ સૂર્ય, ચંદ્ર અને મંગળના ગ્રહોના અસ્તિત્વનો તે સ્વીકાર કરે છે, એ જ રીતે તે પરમેશ્વરના અસ્તિત્વનો પણ સ્વીકાર કરે છે. તે નાસ્તિક નથી, પણ તે પરમેશ્વરને ઓળખતા પણ નથી છતાં, તેમની નજરમાં આ કાંઈ મોટો પ્રશ્ન નથી. તેમને ભગત બનવાની કે લોકો તેમને ભગત તરીકે ઓળખે એવી ખેવના નથી. અને આથી પરમેશ્વરને ઓળખવાની તેમને જરાય જરૂર લાગતી નથી. તેમને તો જેવી છે, એવી જ તેમની સ્થિતિથી પૂરો સંતોષ છે. છતાં કોઈ કોઈ વાર, હા, કોઈક જ વખત તેમના અંધકારપૂર્ણ હૃદયમાં પ્રકાશની એક ઝાંખી રેખા ચમકી જાય છે અને જાણે તેમને કહે છે કે ભાઈ ઉંદર, તમારો સ્વભાવ પણ તમારા નામના જેવો જ હલકો અને ગંદો છે!

તમે એવી કોઈ ફિલ્મ જોઈ હશે કે જેમાં કોઈ પોલીસ અથવા ડિટેક્ટિવ કોઈ વ્યક્તિની લાશને શોધી કાઢે છે. એ પોલીસ કે ડિટેક્ટિવ જેવો ઘરનું બારણું ખોલે કે તરત જ બારણા પાસે પડેલી લાશને જુએ છે અને તે એ લાશને ધ્યાનપૂર્વક નિહાળે છે. લાશની આંખનું પોપચું ખોલી જુએ છે, પણ આંખનો ડોળો સ્થિર છે. નાડીના ધબકારા જોવા લાશનું કાંડું પોતાના હાથમાં લે છે, પણ ધબકાર નથી. જ્યારે લાશનું કાંડું તે પોતાના હાથમાંથી મૂકી દે છે, ત્યારે તે હાથ ધબ દઈને નીચે પછડાય છે! પછી તે માણસ માથાની એક બાજુ થયેલ ગોળીનો ઘા જુએ છે અને બાજુમાં લોહીના થીજેલા પ્રવાહને જુએ છે.

સંત પાઉલ એફેસીઓને લખેલા પત્ર (૨ : ૧)માં કહેવા માગે છે કે પેલા શ્રીમાન ઉંદરભાઈ આત્મિક રીતે પેલી લાશના જેવા જ છે. તેમના આત્માની આંખનું પોપચું ઉઘાડીને જોઈએ છીએ, તો ડોળો સ્થિર છે. આત્માનો ધબકાર જોવા પ્રયત્ન કરીએ છીએ, તો જીવનનો અણસાર થતો નથી. પરમેશ્વરની સાથેના તેમના સંબંધ વિશે વિચારીએ છીએ, તો ઉંદરભાઈ મરેલા છે.

સંત પાઉલ પરમેશ્વરની અપરિમિત શક્તિની વાત કરે છે ત્યારે તે બે બાબત તરફ આપણું ધ્યાન ખેંચવા માગે છે. પ્રથમ બાબત એ છે કે દેવની અપરિમિત શક્તિ વડે જ મૃત્યુ પામેલા આપણા સ્વામી પ્રભુ ઈસુ સજીવન થયા (૧ : ૧૯-૨૦). અને બીજી બાબત છે : શ્રીમાન ઉંદરભાઈ જેવી વ્યક્તિને પણ દેવની અપરિમિત શક્તિ સજીવન કરી બદલી શકે છે. (૨ : ૪-૬).

પ્રભુ ઈસુના પુનરુત્થાન (Easter) અંગેના એક ગીતમાં એક કવિએ ગાયું છે : "ઊઠ્યો તે, ઊઠ્યો તે, દિન રવિને પ્રભાત...." (ભજનસંગ્રહ ગીત ૧૨૪). જ્યારે જ્યારે હું આ

ગીતને સાંભળું છું ત્યારે હું થોડી બેચેની અનુભવવા લાગું છું. કદાચ, એ મારી નબળાઈ કે ભૂલ પણ હોય! પરન્તુ બાઇબલમાં બધે જ એવો ઉલ્લેખ નથી કે 'તે ઊઠ્યો છે,' પણ 'તેને ઊઠાડવામાં આવ્યો છે' - એમ પણ લખેલું છે (રોમનોને પત્ર, ૪ : ૨૫, ૬ : ૪, ૯ અને કરિંથીઓને પહેલો પત્ર, ૧૫ : ૪). કબરમાં તો પ્રભુ ઈસુનું મૃત શરીર હતું, લાશ હતી. પ્રભુ ઈસુ તો સાચે જ મૃત્યુ પામ્યા હતા! અને આથી જ દેવની અપરિમિત શક્તિ (Mighty Power) ત્યાં આવી અને તેણે પ્રભુ ઈસુને મૃત્યુમાંથી 'ઊઠાડ્યા' (Raised)! આથી જ 'નવો કરાર' ભારપૂર્વક જણાવે છે કે પ્રભુ ઈસુને ઊઠાડવામાં આવ્યા.

ઉંદરભાઈને માટે હવે સજીવન થવાની એક જ આશા છે. દેવની અપરિમિત શક્તિ જો તેમને માટે કામ કરે અને તેમને ચમત્કારિક રીતે સજીવન કરે તો! હા, એ તો ચમત્કાર જ કહેવાય! ભલા, ભોળા, સારા, સદગૃહસ્થ ગણાતા ઉંદરભાઈએ પોતાના જીવનમાં પરમેશ્વરને ઓળખવાનો કયારેય પ્રયત્ન કર્યો નથી, પોતાના પાપની માફી મેળવવા તેમણે દેવને ક્યારેય વિનંતી નથી કરી! આવા ઉંદરભાઈ, જો આત્મિક રીતે સજીવન થાય, તો એને માટે ચમત્કાર સિવાય બીજો ક્યો શબ્દ વાપરી શકાય! આધ્યાત્મિકતાની દૃષ્ટિથી જો વાત કરીએ, તો તે ભાઈ મૃત્યુ પામેલા જ હતા. આંખનો ડોળો સ્થિર હતો અને નાડીનો ધબકાર બંધ પડી ગયો હતો! જ્યાં સુધી તેમના અંધકારપૂર્ણ હૃદયમાં તેજની પેલી ઝાંખી રેખા ઝબકી નહીં, ત્યાં સુધી તેમને ખબર પડી નહીં કે, તેમના નામ પ્રમાણે ઉંદરના જેવો જ તેમનો સ્વભાવ હતો - ફૂંકી - ફૂંકીને કરડવાનો. પડદા પાછળ રહીને લોકોનું અહિત કરવાનો અને ચાંચડોને પોષણ આપી મરકી (Plague) ફેલાવવાનો.

પરન્તુ તેમના અંધકારપૂર્ણ હૃદયમાં પાતળી પ્રકાશરેખાનો પ્રવેશ એ દેવની અપરિમિત શક્તિનો પ્રથમ અણસાર હતો. અને છેવટે, એ શક્તિ ઉંદરભાઈના હૃદયને વલોવી નાખે છે! ઉંદરભાઈ પરમેશ્વરના ચરણોમાં પડી જાય છે! દેવની અપરિમિત શક્તિ ઉંદરભાઈના હૃદયને તોડે છે, ભાંગે છે, પોચું બનાવે છે અને હૃદયને નવીન આકાર આપી જીવનનો પ્રવાહ વહાવે છે! અંધકારમાંથી પ્રકાશમાં, અજ્ઞાનમાંથી સાચા જ્ઞાનમાં અને મૃત્યુમાંથી અનંતજીવનમાં લઈ જાય છે! આ જ વસ્તુ આપણે 'એફેસીઓને પત્ર'ના પહેલા અધ્યાયની ૧૯મી કલમમાં અને બીજા અધ્યાયની ૧૦મી કલમમાં વાંચીએ છીએ :

"અને તેમની મહાન શક્તિના સામર્થ્ય પ્રમાણે આપણે વિશ્વાસ કરનારાઓમાં તેમની શક્તિનું મહત્ત્વ શું છે, તે તમે જાણો. તેમણે તે સામર્થ્ય ખ્રિસ્તમાં દેખાડીને તેમને મૂએલામાંથી ઊઠાડ્યા અને સર્વ રાજ્યસત્તા, અધિકાર, પરાક્રમ, ધણીપણું અને કેવળ આ કાળમાંનું નહીં, પણ ભવિષ્યકાળમાંનું દરેક નામ જે હોય, એ સર્વ કરતાં ઊંચા કરીને પોતાની જમણી ગમ, સ્વર્ગીય સ્થાનોમાં તેમને બેસાડ્યા... વળી તમે અપરાધોમાં તથા પાપોમાં મૂએલા હતા, ત્યારે [તેમણે તમને સજીવન કર્યા]; ..... પણ દેવ, જે કરુણાથી ભરપૂર છે, તેમણે આપણા પર પ્રેમ રાખ્યો, તેમના અત્યંત પ્રેમને લીધે, આપણે પાપમાં મૂએલા હતા ત્યારે તેમણે ખ્રિસ્તની સાથે આપણને સજીવન કર્યા (કૃપાથી તમે તારણ પામેલા છો), અને સાથે ઊઠાડ્યા, ને ખ્રિસ્ત ઈસુમાં સ્વર્ગીય સ્થાનોમાં તેમની સાથે બેસાડ્યા." (એફેસીઓને પત્ર, ૧ : ૧૯, ૨૦. ૨ : ૧, ૪-૬).

બીજી વ્યક્તિ એક યુવતી છે. નામ શ્રીમતી માયાળુ (Kindness) છે. તમે કલ્પના કરતા હશો કે તે યુવતી કદાચ ઘણી જ સુંદર હશે, પણ તે જરાય સુંદર નથી, છતાં તેના માથા પાછળ એક પ્રભાવલય (Halo - કેથલિકોનાં માતા મરિયમનાં ચિત્રમાં માથા પાછળ પ્રકાશનું એક ચક્ર દેખાય છે તેવું) છે.

પરન્તુ આ 'માયાળુ' નામ તેનું જૂનું નામ નથી. તેનું જૂનું, પહેલાંનું નામ તો શ્રીમાન ઉંદરભાઈનું નારી જાતિમાં નામ ફેરવીએ તો જે થાય, તેવું નામ હતું. પરન્તુ હમણાં તેનું નામ અને વ્યક્તિત્વ બદલાઈ ગયાં છે, કારણ કે પ્રભુ ઈસુ તેના જીવનમાં આવ્યા છે. અને લોકો તેને નવા નામથી બોલાવે છે. કારણ કે તેનું સમગ્ર વ્યક્તિત્વ બદલાઈ ગયું છે.

શ્રીમતી માયાળુના જીવનમાં ડોકિયું કરીને તેમના જીવનની એક ગુપ્ત બાબત તરફ તમારું ધ્યાન આકર્ષિત કરવા માગું છું. આ યુવતિના જીવનમાં એક ભયંકર મોટી સમસ્યા છે. દર અઠવાડિયે તે પોતાના કામ દરમિયાન ત્રણ માણસોને મળે છે. અને તેમનાથી છૂટી શકતી નથી. એ ત્રણ વ્યક્તિઓમાંની એક છે તેની જ ઉંમરની એક નારી. તે નારી એક વિચિત્ર પ્રકારનું વ્યક્તિત્વ ધરાવે છે. તેને લોકોની લાગણી દુભાવવામાં મઝા આવે છે. અને ખાસ કરીને તે શ્રીમતી માયાળુને તો ક્યારેય છોડતી જ નથી. બીજી વ્યક્તિ, એક આધેડ વયની નારી છે. તે નારી શ્રીમતી માયાળુની 'બોસ' છે અને તેનાથી શ્રીમતી માયાળુ ઘણી જ ડરતી રહે છે. તેને જોતાં જ શ્રીમતી માયાળુ ધ્રૂજવા લાગે છે અને પરસેવો છૂટી જાય છે. ત્રીજી વ્યક્તિનું નામ લંગડી બતકી છે. આ લંગડી બતકી સાથે શ્રીમતી માયાળુ મિત્રભાવ રાખે છે અને તેના ભલા માટે જે કાંઈ શક્ય હોય તે બધું કરે છે. પરન્તુ એનો કાંઈ અર્થ નથી, કારણ

કે આ લંગડી બતકી તો અનગઢ પથ્થરના જેવી છે, તેને માટે ગમે તે કરો, પણ કશું જ સારું પરિણામ આવવાનું નથી.

આપણી શ્રીમતી માયાળુનું ચરિત્ર બે પ્રકારનું છે. એક છે, તેના કામની જગાનું અને બીજું છે તેની મંડળીમાંનું. પોતાની મંડળીમાં શ્રીમતી માયાળુ ઘણી જ કાર્યશીલ (Active) રહે છે. મંડળીનાં લોકો તેને લાગણીશીલ, સહાય કરવામાં સદા તત્પર અને એક આદર્શ મિત્રનાં રૂપમાં જુએ છે, આથી મંડળીના લોકો તેને પોતાની મંડળીનું એક કીમતી આભૂષણ અને ગૌરવ સમજે છે.

તેના જીવનના બીજા પાસાનાં દર્શન આપણને તે પ્રાર્થના કરે છે ત્યારે થાય છે. તે સવાર-સાંજ પ્રાર્થના કરે છે. પ્રાર્થનામાં તે કહે છે : "મારા કૃપાળુ સ્વામી આજે જ્યારે મારે મારા કામ પરની પેલી વિચિત્ર સ્વભાવની નારીને મળવાનું થાય, ત્યારે મને મદદ કરજો. તે જ્યારે મને કરડવા ધાય ત્યારે, તેની પેઠે તેને હું બચકું ન ભરું, એવી કૃપા મને આપજો. અને તેની સાથે નમ્રતાથી વર્તન કરવાની શક્તિ આપજો." આ પ્રમાણેની પ્રાર્થના કરતાં કરતાં તેની આંખમાંથી આંસુની ધારા વહે છે. અને તે પોતાની પ્રાર્થના ચાલુ રાખે છે, તે પ્રભુને પ્રાર્થે છે : "પ્રભુ, ગયા અઠવાડિયે મને સોંપેલા પ્રોજેક્ટ અંગે મારી 'બોસ'ને મારે આજે મળવાનું છે કૃપાળુ સ્વામી, તેની વાતોમાં મને સમજણ પડતી નથી. હું તેને સમજવા માટે અનેક પ્રયત્ન કરું છું, છતાં ગમે ત્યાં મારો વાંક જ કાઢે છે! અને કોઈ પણ રીતે હું તેને પ્રસન્ન કરી શકતી નથી. પ્રભુ! હું જાણું છું કે મારે તેનો તિરસ્કાર ન કરવો જોઈએ, છતાં તેને જોતાં જ મારા મનમાં તિરસ્કાર ઉત્પન્ન થાય છે અને કાળા વાદળની પેઠે આખું અઠવાડિયું તે તિરસ્કારની ભાવના મારા હૃદયમાં ઘૂમ્યા કરે છે! દયાળુ પિતા, એવી ભાવનાથી મને મુક્ત

કરો અને મારી એ 'બોસ'ને હું પ્રેમ કરી શકું એવું રૂડું મન મને આપો...." અને તેની આંખનાં વહેતાં આંસુ વધારે વેગથી વહેવા લાગે છે!

પેલી લંગડી બતકી માટે પણ શ્રીમતી માયાળુની એવી જ પ્રાર્થના છે. કામ પરથી જ્યારે તે ઘેર આવે છે અને સૂતાં પહેલાં ફરીથી પ્રાર્થના દ્વારા પ્રભુ ઈસુના સાન્નિધ્યમાં જાય છે, ત્યારે તો તેની સ્થિતિ સવારની પ્રાર્થના કરતાં પણ વધારે કફોડી થઈ જાય છે! દિવસ દરમિયાન પોતાની 'બોસ' તથા સહકાર્યકર પેલી બે બહેનો સાથે તેનાથી થયેલા વ્યવહારનો તેને પશ્ચાત્તાપ થાય છે અને પરમેશ્વરની આગળ પોતાની નિર્બળતા તથા નિષ્ફળતાને લીધે દુઃખી દુઃખી થઈ જાય છે; આંસુ વહાવે છે. પરન્તુ તેની સાથે કામ કરનારા શ્રીમતી માયાળુની આંતરિક વેદનાને સમજી શકતાં નથી એ તેમને મિત્ર માનનાર મંડળીનાં લોકોને પણ તેની વેદનાનો અણસાર આવતો નથી! પ્રાર્થના વખતે તેની આંખમાંથી વહેતાં આંસુનો તેમને ખ્યાલ નથી! તેમને તો શ્રીમતી માયાળુમાં કેવળ માયાળુપણું, પ્રેમ, દયા, સદ્‌ભાવ અને સજ્જનતાનાં જ દર્શન થાય છે. આનું કારણ સંત પાઉલ એફેસીઓને પત્રના ત્રીજા અધ્યાયની ૧૪ થી ૨૧ કલમોમાં આપે છે. જ્યારે શ્રીમતી માયાળુ પોતાની આંતરિક લાગણીઓ સાથે સંઘર્ષ કરે છે અને પ્રાર્થના કરે છે, ત્યારે પવિત્ર આત્મા તેને શક્તિ પ્રદાન કરે છે તથા તેના વિશ્વાસને આધારે પ્રભુ ઈસુ તેના હૃદયમાં નિવાસ કરવા લાગે છે. જો કે ઘણી વખત આ બાબતની તેને ખબર પડતી નથી, છતાં ધીમે-ધીમે તે ખ્રિસ્તના પ્રેમના બંધનમાં બંધાતી જાય છે અને ખ્રિસ્તના પ્રેમની ઉષ્માનો ક્યારેક ક્યારેક તેને અનુભવ થાય છે, કારણ કે દેવનું સામર્થ્ય તેના આત્મામાં કામ કરતું જાય છે અને આથી જ

તેના અંગત જીવનમાં જો કે તેની 'બોસ' તેથા પેલી બે સહકર્મી બહેનો સાથે તે સંઘર્ષની લાગણી અનુભવે છે, છતાં તે તેમના પ્રત્યે માયાળુ-ભલી લાગણી ધરાવે છે! પરમેશ્વરનું સામર્થ્ય તેના જીવનનું બદલાણ કરીને, જૂના પાપી સ્વભાવને સ્થાને પરમેશ્વરપુત્ર પ્રભુ ઈસુના સ્વભાવ અને પ્રકૃતિનું તેનામાં આરોપણ કરી તેને નવીન બનાવે છે.

"... હું ઘૂંટણે પડીને વિનંતી કરું છું કે, તે પોતાના મહિમાની સંપત્તિ પ્રમાણે પોતાના આત્મા વડે તમને આન્તારિક મનુષ્યત્વમાં સામર્થ્યથી બળવાન કરે. અને વિશ્વાસથી તમારાં હૃદયોમાં ખ્રિસ્ત વસે, જેથી તમારાં મૂળ પ્રીતિમાં ઘાલીને અને તેમાં પાયો નાખીને તમે સર્વ સંતોની સાથે [ખ્રિસ્તની પ્રીતિની] પહોળાઈ, લંબાઈ, ઊંચાઈ તથા ઊંડાઈ કેટલી છે તે સમજી શકો. અને દેવની પ્રીતિ જે માણસની સમજશક્તિની બહાર છે, તે તમે સમજી શકો કે, તમે દેવની સર્વ સંપૂર્ણતા પ્રમાણે સંપૂર્ણ થાઓ" (એફેસીઓને પત્ર, ૩ : ૧૬-૧૯).

૩. જે છેલ્લી વ્યક્તિ વિશે તમને કહેવા માગું છું, તે એક મંડળીના આગેવાન ભાઈ છે. તે ભાઈ ઘણા જ શરમાળ પ્રકૃતિના છે, પણ તે પોતાની ઇચ્છા-શક્તિ પ્રમાણે ચાલનાર માણસ છે. આગેવાનોની મિટિંગમાં તે ક્યારેય કાંઈપણ બોલતા નથી. તેમાં બોલતાં તે ઘણી જ મૂંઝવણ અનુભવે છે. પરન્તુ મંડળીના બધા જ સભ્યોને તેમના માટે ઘણું માન છે. આનું કારણ એ નથી કે તેમને સોંપેલાં કુંટુબોની તે નિયમિત મુલાકાત લે છે અને તેમની મુશ્કેલીઓના પ્રસંગોએ તે તેમને મદદ કરે છે, પરન્તુ આપણા આ આગેવાનભાઈ તો બીજા આગેવાનો જ્યાં મદદ કરવાને અસમર્થ હોય છે, એવાં કામોમાં પણ લોકોને મદદ કરે છે તથા જે વાત

કોઈને પણ ન કહી શકાય એ વાત લોકો આપણા આ આગેવાનભાઈ સમક્ષ રજૂ કરીને હળવાશ અનુભવી શકે છે. આપણા આ આગેવાન ભાઈનું નામ 'સેવક' છે અને તે મોટા રૂમાલ અને પાણી રાખવાના - હાથ મોં ધોવાના તગારાવાળા એક 'સેવાભાવી સૈન્યના' સભ્ય છે (He belongs to the Towel & Basin Brigade). એ સેવાભાવી સૈન્યના સ્થાપકે એક વખત જાતે, પોતાની કમર પર રૂમાલ વિંટાળી, તગારામાં પાણી ભરી પોતાના શિષ્યોના પગ ધોયા હતા તથા રૂમાલથી લૂછ્યા હતા.

પરન્તુ આપણા આગેવાનભાઈ સેવકને કોઈ કોઈ વખત મુશ્કેલી ઊભી થાય છે. ઘણી વખત તેમના મનમાં ખરાબ વિચારોનો વંટોળ જાગે છે અને જ્યારે તે વંટોળ સમી જાય છે, ત્યારે તેમને એવા અયોગ્ય વિચારોને માટે મનમાં શરમ ઉપજે છે અને પોતાની જાતનો તિરસ્કાર કરવા લાગે છે.

આપણા આ ભાઈ 'સેવક' પોતાની આ વિકટ પરિસ્થિતિનો શો ઉપાય કરે છે તેના પર આપણે દૃષ્ટિપાત કરીએ. પ્રથમ તો 'સેવક'ભાઈ એવા અયોગ્ય વિચારોને પ્રોત્સાહન આપવાનું ટાળે છે અને એવા અયોગ્ય વિચારો ઉત્પન્ન ન થાય એ માટે શું ન જોવું અને શું ન વાંચવું તેનું ધ્યાન રાખે છે અને પોતાના આદર્શ પ્રભુ ઈસુને તેમના વિચારો, તેમની લાગણીઓ, તેમની ઇચ્છાઓ અને તેમના પ્રેમથી ભરવા માટે આગ્રહપૂર્વક વિનંતી કરે છે. આ જાતની વિનંતી કરવાનું કારણ એ છે કે, આ 'સેવક'ભાઈ પ્રભુ ઈસુએ શીખવેલી વાતોને હવે સમજવા લાગ્યા છે, જીવનમાં ઉતારવા લાગ્યા છે અને તે માનવા લાગ્યા છે કે તેમનું મન શુદ્ધ થાય અને જીવન પવિત્ર બને એવી પ્રભુ ઈસુની ઇચ્છા છે.

'એફેસીઓને પત્ર'ના પાંચમા અધ્યાયની ૧૫ થી ૨૦મી સુધીની કલમોમાં પવિત્ર આત્મા વિશે સંત પાઉલે એ જ વાતનો ઉલ્લેખ કર્યો છે. પ્રભુ ઈસુના બગીચામાં આવેલા વૃક્ષો અને છોડવાઓમાં દેવે મૂકેલા પોતાના સામર્થ્યનો સંત પાઉલ આ પત્રમાં બીજી વખત સંકેત કરે છે. દેવનું આ સામર્થ્ય પ્રથમ તો આપણે તેમની ઇચ્છા સમજવાનું જ્ઞાન આપે છે, પછી જે કાંઈ અશુદ્ધ છે તેનાથી દૂર રાખે છે અને છેવટે તે સામર્થ્ય આપણા સમગ્ર જીવનને પ્રભુ ઈસુની આધીનતામાં મૂકે છે. તે લખે છે : ".... અણસમજુ ન થાઓ, પણ પ્રભુની ઇચ્છા શી છે તે સમજો. મદ્યપાન કરીને મસ્ત ન થાઓ, એ દુર્વ્યસન છે, પણ [પવિત્ર] આત્માથી ભરપૂર થાઓ" (એફે. ૫ : ૧૭).

આમ પરમેશ્વરનું સામર્થ્ય આપણને મદદ કરે છે. દેવનું એ સામર્થ્ય આપણને અનંતકાલિક નરકાગ્નિથી છોડાવી અનંતકાલિક જીવનનું સુખ આપે છે. શ્રીમાન ઉંદરના જીવનમાં દેવનું સામર્થ્ય પરિવર્તન લાવે છે, શ્રીમતી માયાળુના જીવનમાં પ્રેમની શક્તિ ભરે છે અને આગેવાન ભાઈ 'સેવક'ના જીવનને અશુભ સાથે લડતાં શીખવે છે તથા જીવનની અશુદ્ધતા દૂર કરી જીવનમાં શુદ્ધતા ભરે છે!

તમારા જીવનની સ્થિતિ કેવી છે? હું તમારી આગળ કબૂલ કરું છું કે મારી સ્થિતિ એક વખત શ્રીમાન ઉંદર, શ્રીમતી માયાળુ અને આગેવાનભાઈ 'સેવક'ના જેવી જ હતી. પરન્તુ દેવનું સામર્થ્ય મને મળનાર અનંતકાલિક નરકાગ્નિની સજામાંથી છોડાવી લાવ્યું અને દેવના સામર્થ્ય વડે, જેને હું પ્રેમ કરી શકતો ન હતો તેને પ્રેમ કરી શક્યો! અને જ્યારે મારું મન દુષ્ટ વિચારોથી ભરાઈને ભટકી જવાની તૈયારીમાં હતું, ત્યારે પ્રભુના એ સામર્થ્ય મારા

મનનો કબજો લીધો અને મને બચાવી લીધો! પરમેશ્વરનું એ મહાન સામર્થ્ય તમારે માટે પણ મહાન કાર્યો કરી શકે છે, આથી પરમેશ્વરની અપરિમિત શક્તિ (Mighty Power) પ્રાપ્ત કરવા માટે દેવને યાચના કરો.

✿ ✿ ✿

# પ્રકરણ ૪

## આધ્યાત્મિક સામર્થ્ય અને આત્મિક શસ્ત્રો

છેવટે, [હું કહું છું] પ્રભુમાં તથા તેમના સામર્થ્યના બળમાં શક્તિમાન થાઓ. - એફેસીઓને પત્ર, ૬ : ૧૦

જ્યારે હું નાનો હતો ત્યારે મારા માટે રમકડાનાં ઘર કે વસ્તુ બનાવવાની રમતનાં બોક્સ (Model kits) લાવવામાં આવતાં, ત્યારે બોક્સ ખોલીને તરત જ આડેધડ આકૃતિઓ બનાવવા લાગી જતો. અને જ્યારે ચિત્ર પ્રમાણેની આકૃતિ બનતી નહીં, ત્યારે ઘણી વ્યર્થ માથાકુટ પછી તે બોક્સમાં યોગ્ય આકૃતિ બનાવવા માટે રમકડાંની તે કંપનીએ આપેલી સૂચનાઓના કાગળને વાંચી જતો. જ્યારે એ સૂચનાઓ વાંચતો, ત્યારે જ મને ખબર પડતી કે હું ક્યાં અને કેવી ભૂલો કરતો હતો. ત્યારબાદ હું શીખ્યો કે કોઈપણ વસ્તુ બનાવતાં પહેલાં, તેને યોગ્ય રીતે બનાવવા માટે આપેલી સૂચનાઓનો કાળજીપૂર્વક અભ્યાસ કરી લેવો જોઈએ અને ત્યારબાદ સૂચનાઓમાં બતાવેલી રીત પ્રમાણે એક પછી બીજું સોપાન (Step by Step) લેતાં લેતાં આગળ વધવું.

આપણે બધાં જ ખ્રિસ્તીઓ એક યુદ્ધમાં જોડાયેલાં છીએ અને આપણે યુદ્ધ કરવું પડે છે આથી પરમેશ્વર આપણને શસ્ત્રો પૂરાં પાડે છે. અને જ્યારે એ શસ્ત્રો આપણે યોગ્ય રીતે ધારણ કરવાનાં છે, ત્યારે એ ધારણ કરતાં પહેલાં દેવે આપેલી સૂચનાઓનો ધ્યાનપૂર્વક અભ્યાસ કરવાનું આવશ્યક બને છે. એ સૂચનાઓ આપણને જણાવે છે કે દેવની અપરિમિત શક્તિ પ્રાપ્ત કરીને આપણે દેવમાં સામર્થ્યવાન બનવાનું છે. એ સૂચનાઓ આપણને

જણાવે છે કે 'આત્મિક શસ્ત્રો' ધારણ કરતાં પહેલાં આપણે દેવનું સામર્થ્ય પ્રાપ્ત કરતાં શીખવાનું છે.

આપણે આગળ જોઈ ગયાં એ પ્રમાણે દેવનું સામર્થ્ય પ્રાપ્ત કરવું, એટલે પરમેશ્વરને આધીન રહેવું અને તે આધીનતા આપણી મંડળી સાથેના આપણા વ્યવહારમાં આપણા સમાજ સાથેના આપણા વર્તનમાં અને આપણા પોતાના ગૃહસંસારમાં પ્રગટ થવી જોઈએ; એમ સંત પાઉલ જણાવે છે. આપણે એ પણ જોયું કે દેવની અપરિમિત શક્તિમાં આપણું બદલાણ કરવાની તાકાત છે, જે આપણને પ્રભુ ઈસુમાં નવીન જીવન પ્રદાન કરે છે, એ અપરિમિત શક્તિ આપણને નવીન પ્રકારના સંબંધથી પરમેશ્વર સાથે જોડે છે તથા એ અપરિમિત શક્તિ આપણા જીવનના પ્રત્યેક અણુમાં વ્યાપ્ત થઈ જાય છે. પરન્તુ આપણે આત્મિક શસ્ત્રો ધારણ કરીએ તે પહેલાં (મારી ઇચ્છા છે કે બધાં જ શસ્ત્રો પહેરીએ, કદાચ તમે પણ એવું જ ઇચ્છતાં હશો. હું ઇચ્છું છું કે દેવની અપરિમિત શક્તિ પ્રાપ્ત કરવી એટલે શું, એ બાબતને બરાબર સમજી લઈએ! દેવની અપરિમિત શક્તિ પ્રાપ્ત કર્યા પછી જ આત્મિક શસ્ત્રો ધારણ કરવાં જોઈએ - એ સૂચના ઘણી જ અગત્ય છે અને આથી તેની અગત્યતા વિશે હું વધારે કાંઈ કહી શકું તેમ નથી.

પરન્તુ એ અંગે બે આત્યંતિક માન્યતાઓ જોવા મળે છે જે અંગે આપણે સાવધ રહેવાનું છે. એક તરફ લોકો માને છે કે ખ્રિસ્તનું સામર્થ્ય પ્રાપ્ત કરવું, દેવની અપરિમિત શક્તિ પ્રાપ્ત કરવી એટલે તમારા જીવનનું વલણ હકારાત્મક (Positive attitude) હોવું તે. એ લોકોનું માનવું હોય છે કે 'એ બધું તમારા પર અવલંબે છે! તમારે તો યોગ્ય પ્રકારના નિર્ણયો જ લેવાના છે અને દેવની અપરિમિત શક્તિ તમને પ્રાપ્ત થશે!' પણ આ

જાતની માન્યતાને લીધે મનુષ્ય જીવનમાંથી દેવની બાદબાકી થઈ જાય છે! અનેક લોકો એ પ્રકારની માન્યતાના શિકાર બને છે. આવી માન્યતાવાળા લોકોમાં કેટલાક તો એવા છે કે જેને સારું કહી શકાય એવું, સુંદર જીવન જીવનારા લોકો પણ છે. પરન્તુ એ સારું કહેવાતું જીવન જીવનારા લોકોમાં દેવની અપરિમિત શક્તિનાં દર્શન થતાં નથી. તે શક્તિસંપન્ન હશે, પરન્તુ દેવની અપરિમિત શક્તિનો અભાવ તેમના જીવનમાં દષ્ટિગોચર થશે, કારણ કે દેવનું સામર્થ્ય તેમને પ્રાપ્ત થતું નથી.

બીજી આત્યંતિક માન્યતા ધરાવતાં લોકોનું પ્રતિનિધિત્વ ત્રીજા પ્રકરણમાં આવેલાં કેટલાંક પાત્રોમાં આપણે જોયું. કેટલાંક લોકો કહે છે કે, ‘‘જો તમે ‘પવિત્ર આત્મા’થી પરિચિત હશો, તો તમે તમારા જીવનની સમસ્યાઓને હલ કરી શકશો. પરમેશ્વર જાતે જ તમારા બદલે યુદ્ધ કરશે. તમારે તો માત્ર તમારા જીવનની સોંપણી જ કરવાની છે, એ બધું જ સીધું કરી દેશે.!’’ પરન્તુ આ અંગે હું કહીશ, કે એ સાચું નથી. બાઈબલે ક્યારેય કહ્યું નથી કે જો તમે તમારા જીવનની સોંપણી પરમેશ્વરને કરશો તો જીવનમાં ક્યારેય દુઃખો આવશે નહીં. અથવા આપણે યુદ્ધમાં શામેલ થવું પડશે નહીં અને આપણે યુદ્ધમાં વિજયી બનીશું!

શું આ જાતના શિક્ષણ અંગે તમને અહીં કોઈ સમસ્યા દેખાય છે? સમસ્યા એ છે કે જ્યારે મારે અસત્ય કે અશુભ સાથે લડવાનું થાય છે, ત્યારે એ યુદ્ધને સમયે તેમાં મારી કેટલી ઇચ્છાશક્તિ, મારું પોતાનું કેટલું બળ અને મારા કેટલા પ્રયત્ન તથા દેવનું સામર્થ્ય, દેવનો આત્મા અને દેવની અપરિમિત શક્તિના સામર્થ્યનું બળ કેટલા પ્રમાણમાં કાર્ય કરે છે? જો આ પ્રશ્નનો ઉત્તર આપીએ કે બંને સાથે મળીને અસત્ય અને અશુભ સામે યુદ્ધે ચઢે છે અને

વિજય હાંસલ કરે છે, તો પ્રશ્ન એ ઉત્પન્ન થાય છે, કે એ યુદ્ધમાં આપણી તથા દેવની અપરિમિત શક્તિનું સરેરાશ પ્રમાણ કેટલું હોય છે? કહ્યું છે : સામર્થ્ય પ્રાપ્ત કરો.... અને મારે તે પ્રાપ્ત કરવાનું છે. ''દેવની અપરિમિત શક્તિ પ્રાપ્ત કરી સામર્થ્યવાન બનો...'' પરન્તુ શું આપણે તે સામર્થ્ય પ્રાપ્ત કરી શકીએ છીએ?

આ સમસ્યા અંગે લોકોના મનમાં ઘણી જ ગૂંચવણ છે. આપણે બે પ્રકારની આત્યંતિક માન્યતાઓ અંગે વિચાર કર્યો અને જોયું કે બંને માન્યતાઓને બાઇબલનું સમર્થન મળતું નથી. તો એ માન્યતાઓ વિશે બાઇબલનું શું કહેવું છે? અહીં હું તમારી આગળ એક ઉદાહરણ રજૂ કરવા માગું છું. જો કે ધર્મશાસ્ત્રવિદ્યા (Theology)ની દષ્ટિથી એ ઉદાહરણ કેટલું યોગ્ય ગણાશે તેની મને ખબર નથી, છતાં એક ઉદાહરણ પ્રસ્તુત કરું છું. આપણા સ્વામી પ્રભુ ઈસુ મનુષ્ય હતા અને દેવ હતા. તે સંપૂર્ણ માનવ હતા, છતાં સંપૂર્ણ દેવ પણ હતા. તેમના સ્વભાવમાં એ બંનેનું એવું તો સુંદર સંયોજન થયું હતું કે, જે માણસો તેમની સાથે વાત કરતા હતા તેમને તે મનુષ્ય સાથે જ બોલતા હોય એવું લાગતું. અને જે લોકોએ તેમની આગળ પોતાના ઘૂંટણ ટેકવ્યા, તેમને તે સ્વામી અને દેવ લાગ્યા!

આ બંને પ્રકારના સ્વભાવની સામ્યતા પર વિચાર કરતાં જણાય છે કે ખ્રિસ્તીઓએ પણ દેવની અપરિમિત શક્તિના સામર્થ્યને પ્રાપ્ત કરવા માટે પ્રભુ ઈસુના માનવીય તથા દૈવી સ્વભાવની વાસ્તવિકતાનો સ્વીકાર કરવો પડશે. એક બાજુથી આપણે આપણા માનવીય સામર્થ્યનો ઉપયોગ આસુરી (શૈતાની) શક્તિ સામે કરવાનો છે, જ્યારે બીજી બાજુ, એ વાતનો પણ સ્વીકાર કરવાનો છે, કે કેવળ દૈવીશક્તિ જ આપણને માનવીય સામર્થ્ય આપી શકે

છે. જ્યારે આપણે ખ્રિસ્તમાં હોઈએ ત્યારે માનવીય તથા દૈવી શક્તિનું સાયુજ્ય અલૌકિક રીતે આપણામાં કાર્યરત બને છે. આ વાતનું સમર્થન આપણને 'એફેસીઓને પત્ર'ના ત્રીજા અધ્યાયની વીસમી કલમમાં પ્રાપ્ત થાય છે :

હવે જે આપણામાં કાર્ય કરનાર સામર્થ્ય પ્રમાણે આપણે માગીએ કે કલ્પીએ તે કરતાં, આપણે સારુ પુષ્કળ કરી શકે છે.

પરમેશ્વરનાં મહાન કાર્યો, તેમનાં આશ્ચર્યકારક પરાક્રમો અને પરમેશ્વરની કાર્યપ્રણાલિને આપણે ખ્રિસ્તીઓ, આપણામાં કાર્યરત બનેલી તેમની અપરિમિત શક્તિના સામર્થ્ય દ્વારા જ સમજી શકીએ છીએ.

આપણી પરિસ્થિતિને બદલવા માટે દેવ ભાગ્યે જ ચમત્કારોનો આશ્રય લેતા હોય છે. તમે તમારા બાઇબલમાં દૃષ્ટિપાત કરશો તો તમને જણાશે કે ઘણા જ ઓછા ચમત્કાર બનેલા છે. પેઢીઓની પેઢીઓ પસાર થઈ ગઈ બાઇબલના સમયમાં, છતાં ચમત્કારો થયા નહીં! આનું કારણ શું? કારણ એટલું જ કે પરમેશ્વર સામાન્ય જણાતાં એવાં મનુષ્યો દ્વારા કાર્ય કરવાની ઇચ્છા રાખતા હતા. તેમની અપરિમિત શક્તિનું સામર્થ્ય તેમણે તે સામાન્ય લાગતાં મનુષ્યોમાં વહેવડાવ્યું!

બીજું એક ઉદાહરણ આપણને સંત પાઉલના ફિલિપ્પીઓને લખેલા પત્રના બીજા અધ્યાયની બાર-તેર કલમોમાં મળે છે. તેમણે લખ્યું છે : "કેમ કે જે પોતાની પ્રસન્નતા પ્રમાણે તમારામાં ઇચ્છવાની તથા કરવાની પ્રેરણા કરે છે તે તો દેવ છે." આ કથનને ઘણા સમય સુધી હું સમજી શકેલો નહીં. મને લાગતું હતું કે સંત પાઉલ જાતે જ પોતાની માન્યતાનું ખંડન કરે છે!

ભય તથા કંપારી સહિત તમારું તારણ સાધી લેવાને યત્ન કરો, કેમ કે જે પોતાની પ્રસન્નતા પ્રમાણે તમારામાં ઇચ્છવાની તથા કરવાની પ્રેરણા કરે છે, તે તો દેવ છે (ફિલિપ્પીઓને પત્ર, ૨ : ૧૨-૧૩).

પરન્તુ અહીં કશી જ વિસંગતિ (contradiction) નથી. આપણે આપણી સર્વશક્તિઓ અને ઇચ્છાશક્તિનો સંપૂર્ણ ઉપયોગ કરીને બળવાન બનવાનો દઢ નિર્ધાર કરવાનો છે. જ્યારે આપણે આવો નિર્ણય કરીએ છીએ, ત્યારે દેવ જાતે જ તેમનું સામર્થ્ય આપણામાં રેડે છે અને દેવને માટે જે કાંઈ આપણે કરીએ છીએ, તેમાં તે તેમની અપરિમિત શક્તિનું સામર્થ્ય ભરી દે છે.

'કલોસ્સીઓ'ને લખેલા પત્રમાં સંત પાઉલ મનુષ્ય તથા દેવની અપરિમિત શક્તિના સાયુજ્યથી મનુષ્ય તથા દૈવી શક્તિના મિલનથી ઉત્પન્ન થતી સુંદર પરિસ્થિતિનો ઉલ્લેખ કરે છે :

એને સારુ હું પણ તેમની પ્રેરણાશક્તિ જે બળથી મારામાં પ્રેરણા કરે છે, તે પ્રમાણે કષ્ટ કરીને મહેનત કરું છું (૧ : ૨૯).

સંત પાઉલ પરમેશ્વરને માટે કાર્ય કરે છે. તે 'કષ્ટ કરીને મહેનત' કરે છે, પોતાને નીચોવી નાખે છે! ('નવા કરાર'માં આવી મહેનતનો ઘણી જગાએ ઉલ્લેખ કરવામાં આવ્યો છે. જો તમે દેવના કામ માટે તમારી જાતને નીચોવી દેવાની તૈયારી રાખતાં ન હો, તો દેવની સેવામાં જોડાવાનો પ્રયત્ન કદી કરશો નહીં.) સંત પાઉલ અંત સુધી, પોતાની તમામ શક્તિથી દેવના રાજ્યની વૃદ્ધિ માટે ઝઝૂમતા રહે છે. તે કહે છે : તેમના સઘળા પ્રયત્નોમાં દેવની અપરિમિત શક્તિનું સામર્થ્ય તેમને પ્રેરણા પ્રદાન કરે છે.

આથી આપણે એમ ન કહી શકીએ કે, ''તમે તમારી સમસ્યાઓ અને પ્રશ્નો દેવના ચરણોમાં મૂકી દો અને તે તમારી બધી જ મુશ્કેલીઓનો અંત લાવી દેશે.'' અને ઘણા લોકો આવું જ કરે છે. પરન્તુ આપણે લોકોને એમ પણ ન કહી શકીએ કે 'તમે તમારી જાતે જ પ્રયત્ન કરતા રહો.' આપણા જીવનની સમસ્યાઓના હલ માટે તો દૈવી અને માનવીય, બંને શક્તિઓના મિશ્રણની આવશ્યકતા છે. આપણે પ્રયત્નો તો કરવાના જ છે, પરન્તુ તે દરમિયાન આપણે એનો પણ સ્વીકાર કરવાનો છે, કે પરમેશ્વર ખુદ તેમના પવિત્ર આત્મા દ્વારા આપણા કાર્યમાં આપણી સાથે કાર્ય કરી રહ્યા છે.

ચાર્લ્સ સ્પર્જન જ્યારે 'સંદેશો' આપવા માટે 'પુલ્પિટ' (બોધાનસ) પર જવા લાગતા ત્યારે મનમાં બોલતા, ''હું પ્રભુ પવિત્ર આત્મામાં મારી શ્રદ્ધા મૂકું છું, હું પ્રભુ પવિત્ર આત્મામાં મારી શ્રદ્ધા મૂકું છું, હું પ્રભુ પવિત્ર આત્મામાં મારી શ્રદ્ધા મૂકું છું.'' છતાં, આપણે જાણીએ છીએ કે તે પોતાના 'સંદેશા' તૈયાર કરવા માટે વાંચન, મનન અને લેખન કાર્યમાં પોતાની તમામ શક્તિઓને મહેનતપૂર્વક કામે લગાડતા. પરન્તુ તેમને ખબર હતી કે જો પરમેશ્વરનો આત્મા તેમના 'સંદેશા' સાથે કામ ન કરે અને આશીર્વાદિત ન કરે તો, લોકોનું તારણ કેવળ તેમના 'સંદેશા'થી થવાનું નથી.

આથી, દેવની અપરિમિત શક્તિના સામર્થ્યથી જ બળવાન બની શકાય છે. દેવની શક્તિ આપણી શક્તિની સાથે ભળે છે, ત્યારે આપણે ખ્રિસ્તીઓ દેવના મહિમાને માટે આપણા સર્વસ્વનો ભોગ આપવા માટે તત્પર બની શકીએ છીએ. અને ત્યારે આપણી સાથે જ દેવ પણ કાર્ય કરવા લાગી જાય છે. આ કેટલું ભવ્ય અને

અદ્ભુત કહેવાય, કે દેવની અપરિમિત શક્તિ આપણાં મન, આપણી ઊર્મિઓ અને આપણી અભ્યર્થનાઓને સ્પર્શ કરી સામર્થ્ય પ્રદાન કરે! જેમ વિદ્યુતશક્તિ તાંબાના તારોને માધ્યમ બનાવી વહે છે, તેમ પરમેશ્વર ખુદ આપણાં જીવનોમાં નિવાસ કરે છે. આપણા જેવા સામાન્ય મનુષ્યોનાં શરીરોમાં પવિત્ર આત્માના સ્વરૂપે દેવ સ્વયં વસવા લાગે છે!

પરમેશ્વરની અપરિમિત શક્તિ પ્રાપ્ત કરી સમર્થ બનવાની આપણા સ્વામી પ્રભુ ઈસુએ આપણને આજ્ઞા આપી છે. આપણે આત્માનાં શસ્ત્રોથી સજ્જ બનીએ, તે પહેલાં આપણે એક અન્ય વાતનું પણ ધ્યાન રાખવાનું છે. હમણાં થોડા સમય પહેલાં એક મંડળીની વાર્ષિક સામાન્ય સભામાં તેના એક આગેવાને (Leader) ઘણો જ સુંદર રિપોર્ટ રજૂ કર્યો. તે આગેવાન બહેને શરૂઆત આ જાતના શબ્દોથી કરી : "આ એક વૈજ્ઞાનિક સત્ય છે કે દરેક સજીવ વસ્તુ હંમેશાં બદલાતી રહે છે." બીજા શબ્દોમાં એ જ વાત કરવી હોય તો કહેવાય કે - જે સ્થિર છે તે વસ્તુ બદલાતી નથી, વૃદ્ધિ પામતી નથી, આગળ વધતી નથી, પ્રગતિ કરતી નથી - તેનામાં જીવન નથી, તે મરેલી છે! તમને ખબર છે કે જે વૃદ્ધિ પામે છે, હલનચલન કરે છે તે વસ્તુ જીવતી છે!

અને ત્યારે મારા મનમાં વિચાર સ્ફૂર્યો કે, જે ખ્રિસ્તીઓ ખ્રિસ્તી તરીકે જીવે છે, તે નિત્ય વૃદ્ધિ પામે છે અને બળવાન બને છે. પરન્તુ જો આત્મિક રીતે આપણે વૃદ્ધિ પામતા ન હોઈએ, તો આપણે આત્મિક રીતે મરેલા છીએ. અહીં એક પ્રશ્ન ઉત્પન્ન થાય છે કે, આપણે દેવમાં કેવી રીતે સમૃદ્ધ બની શકીએ? દેવની અપરિમિત શક્તિનું સામર્થ્ય આપણે કેવી રીતે પ્રાપ્ત કરી શકીએ? તમારામાંના કેટલાક તો હવે પોતાના મનમાં કહેવા લાગશે કે,

મારે પ્રભુમાં વધારે સમૃદ્ધ બનવું છે, મારે પ્રતિદિન બળવાન બનતા જવું છે અને દેવની અપરિમિત શક્તિનું સામર્થ્ય પ્રાપ્ત કરવું છે, શું તમને કદી આવો વિચાર આવ્યો છે? ઘરની બાબતમાં, મંડળીની બાબતમાં, તમારી શેરીમાં, તમારા સમાજમાં તથા તમારા કામની જગામાં એ સામર્થ્ય પ્રાપ્ત કરવા માટે ઉત્સુક બન્યા છો? જો આપણે મોટી સંખ્યામાં દેવની શક્તિનું સામર્થ્ય પ્રાપ્ત કરવા માટે તત્પર બનીને આપણા સામાજિક જીવનમાં તથા માંડલિક જીવનમાં વ્યવહાર કરવા લાગીશું તો દેવના રાજ્યની વૃદ્ધિ ઝડપી બનશે. અહીં હું ત્રણ મુદ્દાનો સંકેત કરવા માગું છું, જે દેવની અપરિમિત શક્તિનું સામર્થ્ય પ્રાપ્ત કરવા માટેનું માર્ગદર્શન આપશે.

જ્યારે આપણે પ્રભુ ઈસુ દ્વારા આપણો આત્મિક ખોરાક પ્રાપ્ત કરીએ છીએ, ત્યારે આપણે પ્રભુ ઈસુમાં વધારે સમૃદ્ધ બનીએ છીએ. બાઈબલમાં આ અંગે એક આખું પ્રકરણ આવેલું છે. યોહાનની લખેલી સુવાર્તાના છઠ્ઠા અધ્યાયમાં એ લખાણ છે. ઉદાહરણ સ્વરૂપે આપણે એક કલમ જોઈએ.

ઈસુએ તેઓને કહ્યું કે, જીવનની રોટલી હું છું, જે મારી પાસે આવે છે તેને ભૂખ નહિ જ લાગશે, અને જે મારા પર વિશ્વાસ કરે છે, તેને કદી તરસ નહિ જ લાગશે (૬ : ૩૫).

અર્થાત્ જે પ્રભુ ઈસુની સાથે રહેવાનો અને તેમના પર સતત વિશ્વાસ મૂકવાનો પ્રયત્ન કરે છે, તે જ દેવની અપરિમિત શક્તિનું સામર્થ્ય પ્રાપ્ત કરતો રહે છે. આપણે હંમેશાં તેમના જ સાન્નિધ્યમાં રહેવાને પ્રયત્નશીલ બનવું જોઈએ.

જો તમે યોહાનની સુવાર્તાના છઠ્ઠા અધ્યાયનો સઘન અભ્યાસ કરશો, તો તમને જણાશે કે આપણા સ્વામીએ તેમનામાંથી પોષણ પ્રાપ્ત કરવા વિશે આપણને વીગતે સમજણ આપી છે. પ્રભુ ઈસુ

કહે છે, મને આત્મસાત કરો (મને ખાઓ તથા મને પીઓ). છઠ્ઠા અધ્યાયના અંતે આપણે જોઈએ છીએ કે જ્યારે ઘણા પ્રભુ ઈસુને છોડીને જતા રહે છે, ત્યારે પિતર બોલી ઊઠે છે :

પ્રભુ અમે કોની પાસે જઈએ? અનંત જીવનની વાતો તો તમારી પાસે છે! (૬ : ૬૮).

પિતરે જોયું કે પ્રભુ ઈસુ પર વિશ્વાસ મૂકવો, તેમની સંગતમાં રહેવું અને તેમની વાત પર ધ્યાન આપવું એ સર્વ આધ્યાત્મિક પોષણ સ્વરૂપ હતું!

આપણે તેમનાં વચનોને, તેમની વાણીને સાંભળી તેનો અમલ આપણા જીવનમાં કરીએ છીએ, ત્યારે આપણે દેવની અપરિમિત શક્તિનું સામર્થ્ય પ્રાપ્ત કરવા લાગીએ છીએ. હિબ્રૂઓને લખેલા પત્રમાં એ પત્રના લેખક તેમના વાચકોને લખે છે કે, તે લોકો જોઈએ તેવી વૃદ્ધિ પામ્યા નથી. હજુ સુધી અપરિપક્વ જ રહ્યા છે. અત્યારે તો ઘન ખોરાક ખાવાને સમર્થ બનવા જોઈતા હતા, પરન્તુ હજુ સુધી નાના બાળકની પેઠે બાટલીથી જ દૂધ પી રહ્યા છે! અને પોતાની વાતને સ્પષ્ટ કરતાં લખે છે :

પણ જેઓ પુખ્ત ઉંમરના છે, એટલે જેઓની ઇંદ્રિયો ખરું ખોટું પારખવામાં કેળવાયેલી છે, તેઓને સારુ ભારે (Solid) ખોરાક છે (૫ : ૧૪).

પત્રના લેખક જ્યારે કહે છે કે, એ ખોરાકના અવિરત ઉપયોગનો તમને અભ્યાસ થયો; ત્યારે તે શું કહેવા માગે છે?

એ આખો ફકરો જ સ્વયં તેની સ્પષ્ટતા કરે છે. દેવનાં વચનો (વાણી)નો જીવનમાં ઉપયોગ કરવા અંગે તે કહે છે. બાઈબલનો ઉપયોગ કરવાની વાત કરે છે. તમે કોઈ બિલ્ડિંગ

કોન્ટ્રાક્ટરને બંધાતા મકાનના સ્થળે પોતાના હાથમાં સ્થપતિએ બનાવેલા નકશાને લઈને ફરતો જોયો હશે. તેના હાથમાં એ નકશો જ્યારે પ્રથમ આવ્યો હશે, ત્યારે એ નવો નકોર, કરચલી વિનાનો, ડાઘા વિનાનો હશે, પરન્તુ હવે તો એ નકશો વળી ગયેલો, સઢ પડેલો અને ડાઘાવાળો અને ગંદો પણ દેખાતો હશે. જેમ જેમ મકાન મોટું થતું જશે તેમ તેમ એ નકશાનો ઉપયોગ પણ વધતો જશે. સ્વાભાવિક છે કે બનતા મકાન અંગેની પ્રત્યેક, નાનામાં નાની વીગતના અભ્યાસ અને માર્ગદર્શન માટે પણ એ નકશાનો ઘણો ઉપયોગ કરવામાં આવે.

આપણા જીવન માટે બાઈબલ એ નકશો છે અને તેનો અભ્યાસ બે જગાએ : આપણા ઘરમાં અને પ્રભુમંદિરમાં કરીએ છીએ. ઘણાં વરસોથી હું યુનિવર્સિટીના ખ્રિસ્તીમંડળો (Christian Unions)ની મુલાકાત લઉં છું. એ યુનિયનની મિટિંગોમાં ઘણી વખત ૨૦૦ જેટલા વિદ્યાર્થીઓ ભાગ લેતા હોય છે, જેમાંના કેટલાક વિદ્યાર્થીઓ કાંઈ શીખવાની ઇચ્છાથી પોતાનાં બાઈબલ સાથે આવે છે, જ્યારે ઘણા તો ખાલી હાથે આવે છે. ખુરશીમાં બરાબર ટેકો દઈને આરામથી બેસે છે અને વાતચીતની શરૂઆત થાય કે તરત જ ઝોકાં ખાવા લાગે છે. સાઈઠ મિનિટ સુધી ગવાતાં ગીતોમાં તેમની સઘળી શક્તિનો વ્યય થઈ જાય છે અને હવે તેમને ઊંઘવાનો સમય થાય છે; તો પછી અભ્યાસ કોણ કરવાનું છે? જેને બાઈબલની સાથે સતત સંગતિ છે, તેમણે જાતે જ એ અભ્યાસ કરવાનો છે.

આ જાતનું ચિત્ર તમને મોટાભાગની મંડળીઓમાં જોવા મળશે. કેટલાંક લોકો પરમેશ્વરનાં વચનોનો અભ્યાસ કરવા તત્પર જણાશે, જ્યારે કેટલાંક લોકો 'સંદેશો' શરૂ થતાં જ ઝોકાં ખાવા

લાગશે! કેટલાંક લોકો પ્રભુમાં વૃદ્ધિ પામશે જ્યારે કેટલાંકને તો એવી વૃદ્ધિ પામવાની વાતમાં જરાય રસ જણાશે નહીં! પરન્તુ આપણે યાદ રાખીએ કે જો આપણે પરમેશ્વરના માર્ગમાં આગળ વધવાનો પ્રયત્ન કરીશું તો જ, આપણે દેવની અપરિમિત શક્તિનું સામર્થ્ય પ્રાપ્ત કરી શકીશું.

પ્રોત્સાહન દ્વારા પણ આપણે દેવનું સામર્થ્ય પ્રાપ્ત કરી શકીએ છીએ. પરન્તુ જે પ્રોત્સાહનની વાત હું કરું છું, તે તો ખુદ પ્રભુ ઈસુ તરફથી મળતા પ્રોત્સાહનની વાત છે. જો આપણે 'પ્રેરિતોના કૃત્યો'ના પુસ્તકનો અભ્યાસ કરીએ, તો આપણને જણાશે કે આત્મિક સામર્થ્યની આ ત્રીજી બાબત સંત પાઉલના જીવનમાં જોવા મળશે. પ્રભુ ઈસુ સ્વયં સંત પાઉલની સમીપ આવીને તેમને વિશેષ પ્રકારનું પ્રોત્સાહન આપતા જણાય છે. ક્રિસ્પસના ઘરનાંએ તથા કરિંથીઓએ પ્રભુની વાત પર વિશ્વાસ કર્યો, એ રાત્રે પ્રભુએ પાઉલને દર્શન દ્વારા કહ્યું કે, 'તું બીતો ના..... કેમ કે હું તારી સાથે છું.... અને કોઈ પણ માણસ.... તને ઈજા કરી શકશે નહીં.....' (પ્રેરિતોના કૃત્ય, ૧૮ : ૯, ૧૦). સંત પાઉલને ઈટાલી લઈ જવામાં આવે છે, ત્યારે જળમાર્ગે જતાં દરિયો તોફાની બને છે. બધાં લોકો ભયભીત બની જાય છે. મૃત્યુની સમીપતાનો અનુભવ થતો હોય છે, ત્યારે પ્રભુનો એક દૂત આવીને સંત પાઉલને હિમ્મત રાખવા માટે પ્રોત્સાહન આપે છે (પ્રેરિતોનાં કૃત્ય, ૨૭ : ૨૩).

જૂના કરારના એક મહાન મનુષ્ય નહેમ્યાનો વિચાર કરો. તે નગરની દીવાલ બાંધતા હતા અને લોકો એ કાર્યમાં વિઘ્ન ઊભાં કરતાં હતાં. પરન્તુ નહેમ્યા તેથી નિરાશ થયા નહીં અને પોતાના કાર્યમાં મચ્યા જ રહ્યા. પરમેશ્વરનાં મહાન કૃત્યો તથા

તેમણે આપેલાં વચન તરફ પોતાની દૃષ્ટિ રાખી તથા પરમેશ્વરના ગૌરવ તથા મહિમાનો જ તે વિચાર કરતા રહ્યા. અને આને લીધે નહેમ્યાને ઘણું જ પ્રોત્સાહન પ્રાપ્ત થયું (નહેમ્યા, ૪ : ૬).

દાનિયેલના પુસ્તકમાં આવેલા એક અદ્‌ભુત વચન તરફ તમારું ધ્યાન દોરવાની મને ઈચ્છા થાય છે. લખ્યું છે : '....પોતાના દેવને ઓળખનારા લોકો બળવાન થશે, ને [પરાક્રમી કામો] કરશે' (૧૧ : ૩૨).

જ્યારે આપણને દેવનો પરિચય થાય છે, ત્યારે આપણે 'એફેસીઓને પત્ર'ના પ્રથમ અધ્યાયમાં જોયું તે પ્રમાણે પરમેશ્વર, પિતા, પુત્ર અને પવિત્ર આત્માના રૂપમાં આપણે માટે પરાક્રમી કાર્યો કરે છે અને તેને લીધે પ્રેરણા અને પ્રોત્સાહન પ્રાપ્ત કરી આપણે દેવમાં સામર્થ્યવાન બનીએ છીએ.

પરમેશ્વર તરફથી આપણને પ્રાપ્ત થતું પ્રોત્સાહન, તો પરમેશ્વર તરફથી આપણને મળેલી એક મહાન ભેટ છે. બીજા વિશ્વયુદ્ધના સમયમાં નિરાશા અને હતાશાના અંધકારપૂર્ણ દિવસોમાં ચર્ચીલનાં ભાષણોએ ઇંગ્લેંડના લોકોના હૃદયોમાં ઉત્સાહ જગાવ્યો. બહારથી તો ત્યારે પણ હતાશા જ દેખાતી હતી, પરન્તુ ચર્ચીલના ભાષણોથી લોકોને પ્રોત્સાહન પ્રાપ્ત થતું હતું! વિચાર કરો, જ્યારે ખુદ પરમેશ્વર આપણને પ્રોત્સાહન આપે, ત્યારે કેટલાં મહાન કાર્યો થઈ શકે! જે લોકો દેવને ઓળખે છે, તે લોકો બળવાન બને છે અને મહાન કાર્યો કરે છે!

પ્રભુ ઈસુમાંથી પોષણ પ્રાપ્ત કરી આપણે સમર્થ બનવું જોઈએ. બાઈબલ વાંચન અને અભ્યાસ મનનથી આપણને આત્મિક પોષણ મળે છે અને જ્યારે આપણે આપણા સર્વસ્વનું પ્રભુને

બલિદાન ચઢાવીએ છીએ, ત્યારે આપણને મળતી અપરિમિત શક્તિના સામર્થ્યની આપણામાં વૃદ્ધિ થાય છે.

આપણને આત્મિક શસ્ત્રોથી સજ્જ થવાનો હુકમ આપવામાં આવ્યો છે. આ હુકમ અંગે કેટલાકને પ્રશ્ન થશે કે, 'જ્યારે હું નિત્ય બાઈબલ વાંચન અને મનન કરું છું, દેવને હું વિશ્વાસુપણે આધીન રહું છું, દેવની અપરિમિત શક્તિનું સામર્થ્ય મને મળતું રહે છે અને હું સાચું ખ્રિસ્તી જીવન જીવું છું, ત્યારે આત્માનાં શસ્ત્રોની મારે શી જરૂર છે?' પરન્તુ આ પ્રમાણે વિચારવું એ ભૂલ ભરેલું છે. શેતાનની શક્તિઓ પર વિજય પ્રાપ્ત કરવાના સામર્થ્યનું રહસ્ય સંત પાઉલ આપણને સમજાવવા માગે છે. આજે આપણી ઘણી મંડળીઓને એ વિજય હાંસલ કરવાની રીતનું રહસ્ય પ્રાપ્ત થયું નથી. ઘણી મંડળીઓ તો માને છે કે તેમનું અસ્તિત્વ ટકી રહ્યું છે, એ જ તેમનો વિજય છે. પરન્તુ વિજય તો એ છે, કે શેતાનની પ્રચંડ શક્તિઓનો સામનો કરતા રહેવું અને તેની આણ સ્વીકારવી નહીં. આમ કરવા માટે આપણે કેવળ દેવની અપરિમિત શક્તિના સામર્થ્યની જ નહીં, પરન્તુ બીજી વસ્તુની પણ જરૂર પડે છે. એ વસ્તુ છે રક્ષણ. જ્યારે આપણે આપણી જાતને બળવાન કે સમર્થ સમજીએ છીએ ત્યારે આપણે નિર્બળ છીએ. જ્યારે આપણે આપણી જાતને બળવાન માનવા લાગીએ છીએ ત્યારે, શેતાન આપણી નિર્બળતાઓને શોધી કાઢી આપણા ઉપર હુમલો કરે છે, આપણને ઘાયલ કરી દે છે અને આપણને હરાવી દે છે! તેને ખબર છે કે આપણી નિર્બળતાઓનો પોતાની તરફેણમાં ઉપયોગ કરી આપણને કેવી રીતે લૂંટી શકાય! આથી જ દેવની અપરિમિત શક્તિના સામર્થ્યથી ભરપૂર હોય, એવી નારી કે પુરુષે પણ આત્મિક શસ્ત્રોથી સજ્જ થવું પડે છે.

'જૂના કરાર'નાં મહાન મનુષ્યો : ઈબ્રાહિમ, યાકૂબ, મૂસા, સામસૂન, દાઉદ વગેરેના જીવનો પર વિચાર કરીએ છીએ, ત્યારે જણાય છે કે એ મહાન લોકો પણ પોતાના જીવનની નિર્બળ ક્ષણોમાં પરાજ્ય પામીને પડી ગયાં છે. તેઓ ખુદ દુઃખ અને યાતનાઓનો ભોગ બન્યાં છે અને બીજાંઓને પણ દુઃખી કર્યાં છે. એ બધાં મનુષ્યો પોતાની જાતને શક્તિશાળી સમજતાં હતાં. આથી જ આપણા દયાળુ પરમેશ્વરે શેતાન શત્રુનો પ્રતિકાર કરવા માટે અને આપણા રક્ષણને અર્થે આપણને આત્માનાં શસ્ત્રો પૂરાં પાડ્યાં છે.

## બાઇબલ કહે છે :

માટે જે કોઈ પોતાના સ્થિર ઊભેલો ધારે છે, તે પોતે ન પડે માટે સાવચેત રહે (કરિંથીઓને પહેલો પત્ર, ૧૦ : ૧૨).

અહીં એક એવા મનુષ્યને ચેતવણી આપવામાં આવી છે, જે પરમેશ્વરના અપરિમિત સામર્થ્યથી ભરેલો છે, આનંદી છે, અને સાચા અર્થમાં પોતાના ત્રાતા પ્રભુ ઈસુને વફાદાર છે. ગ્રીક દંતકથામાં આવે છે, કે ઍકિલીઝના પગની એડી માત્ર અરક્ષિત હતી અને પાછળથી આવેલું તીર તેમાં પેસી જાય છે અને ઍકિલીઝનો નાશ થાય છે; તેમ જો કોઈ મનુષ્ય ખ્રિસ્તમાં ઘણો જ બળવાન હોય, આનંદી હોય અને સંપૂર્ણ રીતે સુરક્ષિત ન હોય, તો તેનું પતન થાય છે. કોઈ ખ્રિસ્તી, દેવની અપરિમિત શક્તિનું સામર્થ્ય ધરાવતો હોય, છતાં આત્મિક શસ્ત્રોના અભાવમાં તેની હિમ્મત, શક્તિ અને આનંદ તેને મૃત્યુના ભયથી બચાવી શકશે નહીં.

બાઇબલ આપણને ચેતવણી આપે છે કે, ''સાવચેત થાઓ, જાગતા રહો; [કેમ કે] તમારો વૈરી શૈતાન ગાજનાર સિંહની પેઠે

કોઈ મળે તેને ફાડી ખાવાને શોધતો ફરે છે' (પિતરનો પહેલો પત્ર, ૫ : ૮). આવું મેં ઘણી જગાએ જોયું છે, ઘણાં ખ્રિસ્તી ભાઈ-બહેનો ઘણા જ પ્રેમ અને ઉત્સાહથી પ્રભુ તથા તેમનાં લોકની સેવા કરતાં હોય અને અચાનક શેતાનનો લોખંડી પંજો તેમના માથાના પાછલા ભાગ પર પડતાંની સાથે જ તેઓ જમીનદોસ્ત થઈ જાય છે! આથી સંત પાઉલ કહે છે : શેતાનની કુયુક્તિઓની સામે તમે દઢ રહી શકો માટે દેવનાં સર્વ હથિયારો સજો (એફેસીઓને પત્ર, ૬ : ૧૧). આ વાત એટલી બધી અગત્યની છે, કે જેથી સંત પાઉલ છઠ્ઠા અધ્યાયની ૧૩મી કલમમાં લખે છે : એ માટે તમે દેવનાં સર્વ હથિયારો સજી લો કે, તમે ભૂંડે દહાડે સામા થઈ શકો, અને બને તેટલું સર્વ કરીને તેની સામે ટકી શકો.

આપણા કૃપાળુ પિતા ચાહે છે કે, આપણે વિજયવંત વિશ્વાસી બનીએ, આત્મિક શસ્ત્રોથી સજ્જ થઈએ અને પરમેશ્વરની કૃપાને આશ્રયે લડતાં લડતાં દેવના રાજ્યની વૃદ્ધિ કરીએ!

✿ ✿ ✿

# પ્રકરણ ૫

## આત્મિક શસ્ત્રો અંગેના ચાર પ્રશ્નો

દેવનાં સર્વ હથિયારો સજો - એફ. ૬ : ૧૧

એફેસીઓને લખેલા પત્રમાં સંત પાઉલે દેવની અપરિમિત શક્તિના સામર્થ્યને પામવા અંગે આપેલી સલાહનો સવિસ્તર અભ્યાસ કર્યા પછી, હવે આપણે દેવનાં શસ્ત્રો ધારણ કરવા અંગે તેમણે કરેલી ભલામણનો વિચાર કરીશું. અહીં આપણી સમક્ષ ચાર પ્રશ્નો ઉપસ્થિત થાય છે :

એક પ્રશ્ન છે : દેવનાં બધાં જ શસ્ત્રો ધારણ કરવાની શી જરૂર છે?

ડૉ. જોન આર. ડબલ્યૂ. સ્ટૉટ, એ એક જાણીતા ખ્રિસ્તી ચિંતક અને લેખક છે. જ્યારે તે કિશોર અવસ્થામાં હતા ત્યારે બીજું વિશ્વયુદ્ધ ફાટી નીકળેલું. તેમના પિતા લંડન શહેરના એક ઘણા જ પ્રતિષ્ઠિત સર્જન હતા. જેવું યુદ્ધ શરૂ થયું કે તરત જ તે, સૈન્યની વૈદ્યકીય શાખામાં સેવાર્થે જોડાયા અને સરકારે તેમને જનરલની પદવી આપી. પરન્તુ તેમના પુત્ર (ડૉ. જોન આર. ડબલ્યૂ. સ્ટૉટ) યુદ્ધ વિરોધી વિચારસરણી ધરાવતા હતા, આથી તેમણે સૈન્યમાં ભરતી થવાનું ટાળ્યું. આને લીધે સાત વર્ષ સુધી તેમના જનરલ પિતા તેમની સાથે બોલ્યા નહીં. પરન્તુ મને આનંદ થાય છે એ કહેતાં કે, આખરે બાપ-દીકરા વચ્ચે સમાધાન થયું અને જનરલે 'ઑલસૉલ્સ ચર્ચ' સાથેનો સંબંધ તોડી નાખ્યો અને પોતાના દીકરાના 'સંદેશા' સાંભળવા જવા લાગ્યા.

જોન સ્ટૉટની 'શાંતિવાદી વિચારધારા'ની હું કદર કરું છું,

પરન્તુ હું એ પણ કહીશ, કે જ્યારે શેતાનની શક્તિ સાથે યુદ્ધ કરવાની વાત આવે છે, ત્યારે આપણે શેતાનને પરાસ્ત કરવા માટે યુદ્ધે ચડવું જ જોઈએ. મારે અને તમારે દેવનાં આત્મિક શસ્ત્રો સજીને શેતાન સાથેના યુદ્ધમાં જોડાવું જ જોઈએ, કારણ કે આપણી ખ્રિસ્તીઓની એ ફરજ બને છે. આના સિવાય બીજો કોઈ જ માર્ગ નથી!

ઘણા લોકોને યુદ્ધ કરવાના વિચારનીય સૂગ હોય છે! તે લોકો માને છે કે યુદ્ધ એ નક્કામી વસ્તુ છે અને યુદ્ધ કરવું એ પાપ છે. આપણે ખ્રિસ્તીઓ પણ ઈચ્છીએ કે, યુદ્ધ ન કરવું પડે તો સારું; પરન્તુ જ્યારે આપણે ખ્રિસ્તી જીવન જીવીએ છીએ ત્યારે, દૈવી અને આસુરી શક્તિઓ વચ્ચે નિરંતર ચાલતા યુદ્ધમાં દૈવીશક્તિના પક્ષે આપણે લડીએ, તે આવશ્યક બને છે.

આપણે બાઈબલમાં પણ જોઈએ છીએ કે, દૈવીશક્તિને શેતાનની સેના સાથે સતત લડતાં રહેવું પડ્યું છે. આપણે, જેઓ પ્રભુ ઈસુને આપણા સેનાપતિ અને સ્વામી માનીએ છીએ, તેમણે આપણા સેનાપતિની પાછળ જ ચાલવાનું છે. જો તમે પ્રભુ ઈસુને પક્ષે રહીને યુદ્ધમાં જોડાવા માગતા નથી, તો તમારી જાતને જ પ્રશ્ન પૂછજો કે તમને 'ખ્રિસ્તી' કહી શકાય? આપણને આત્મિક શસ્ત્રો ધારણ કરવાની ભલામણ કરવામાં આવી છે કે જેથી આપણે સુરક્ષિત રહીને યુદ્ધ કરી શકીએ.

એક વખત મેં મારી કારના રેડિયો પર એક કાર્યક્રમ સાંભળ્યો હતો, જેમાં જણાવવામાં આવેલું કે બ્રિટનનાં ઘણાં નગરોમાં નશીલી દવા (Drugs)નાં બંધાણીઓમાં વધારો થઈ રહ્યો છે. રેડિયો કાર્યક્રમમાં એક વ્યક્તિનું ઈન્ટરવ્યૂ લેવાઈ રહ્યું હતું ત્યારે તે વ્યક્તિએ જણાવ્યું કે પોતાની એ કુટેવ પાછળ તેણે દરરોજના

૪૦૦ પાઉંડ એટલે ૨૮,૨૯૬ રૂપિયાનો ખર્ચ કરવો પડે છે! અને તે રૂપિયા તે લૂંટફાટ કે ચોરી કરીને મેળવે છે!

અમેરિકામાં 'કાર-જેકિંગ' નામે ઓળખાતા એક ગુનાની તમને ખબર છે ? આ ગુનામાં ગુનેગાર કોઈની કીમતી કારની પાછળ પડે છે અને વેરાન જગામાં તેને પોતાની પિસ્તોલની અણીએ કાર ઊભી રખાવી કારની બહાર નીકળી જવાની ફરજ પાડે છે અને ગુનેગારો તેની કાર લઈને ભાગી જાય છે. પરન્તુ 'કાર-જેકિંગ' માત્ર સૂમસામ જગામાં જ નહીં, સ્ટોરના પાર્કિંગ-લોટમાં, શેરીમાં કે પોતાના ઘરના આંગણામાં પણ થાય છે આ ગુનાની પ્રવૃત્તિ એટલી બધી વધી છે કે જેથી લોકો પોતાની કારમાં એકલા જવાનું ટાળે છે!

આપણી આ દુનિયા હિંસા અને ગુનાખોરીના દુષણોથી ભરેલી છે. આથી જ સંત પાઉલ આપણને આત્મિક શસ્ત્રોથી હંમેશાં સજ્જ રહેવાની ભલામણ કરે છે.

જગતમાં પ્રવર્તતી દુષ્ટતાનાં બે સ્વરૂપ જોવા મળે છે. એક સ્વરૂપ પ્રગટ સ્વરૂપ છે, જ્યારે બીજું ગુપ્ત છે. આ ગુપ્ત સ્વરૂપ મોટે ભાગે બધી જ મનુષ્ય-પ્રજાઓમાં અને બધા જ પ્રદેશોમાં છવાયેલું છે. દુષ્ટતાનું આ ગુપ્ત સ્વરૂપ નિર્દોષતાના બુરખામાં રહેતું હોય છે અને તે પોતાની અસલીયતને ચાલાકીપૂર્વક છૂપાવી શકે છે. આથી ખ્રિસ્તી તરીકે આપણે બંને પ્રકારનાં સ્વરૂપોવાળી દુષ્ટતાની સામે યુદ્ધ કરવાનું છે. આપણે લડવું જ પડશે. આથી જ સંત પાઉલ આપણને આત્મિક શસ્ત્રોથી સજ્જ થવાનું આહ્‌વાન આપે છે.

સંત પાઉલ પ્રથમ આપણને દેવની અપરિમિત શક્તિના સામર્થ્યને પ્રાપ્ત કરવાનું કહે છે અને ત્યારબાદ દેવનાં (આત્મિક)

શસ્ત્રો ધારણ કરવાનું કહે છે. સંત પાઉલ શા માટે શસ્ત્રોને બીજા સ્થાને મૂકે છે? આ પ્રશ્નનો એક અંશ આપણે ૪થા પ્રકરણમાં જોયો છે; છતાં અહીં તેની જરા વધારે વિસ્તારથી છણાવટ કરવાનો મારો આશય છે. પ્રથમ કારણ એ છે કે, કેવળ ખ્રિસ્તીઓ જ દેવની અપરિમિત શક્તિનું સામર્થ્ય પ્રાપ્ત કરી શકે છે અને કેવળ ખ્રિસ્તીઓ જ દેવનાં (આત્મિક) શસ્ત્રો ધારણ કરી શકે છે. અને બીજું કારણ છે કે, એ આત્મિક શસ્ત્રો ધારણ કરવા માટે દેવની અપરિમિત શક્તિના સામર્થ્યની જરૂર પડે છે.

'નવા કરાર'ના 'પ્રેરિતોના કૃત્યો' નામના પુસ્તકમાં એક રસપ્રદ ઉલ્લેખ કરવામાં આવ્યો છે. એક યહૂદી મુખ્ય યાજકના સાત દીકરા સંત પાઉલને પ્રભુ ઈસુના નામે અશુદ્ધ આત્મા કાઢતાં જોઈને તે પણ સંત પાઉલની પેઠે એક માણસમાંથી અશુદ્ધ આત્મા કાઢવા ગયા, ત્યારે અશુદ્ધ આત્માએ તેમને કહ્યું કે, ઈસુ વિશે હું જાણું છું અને પાઉલને હું ઓળખું છું પણ તમે કોણ છો? આમ કહીને પેલા અશુદ્ધ આત્માએ તે યહૂદી ભાઈઓ પર હુમલો કર્યો અને સાતે જણા જીવ બચાવવા માટે ઉઘાડે શરીરે ત્યાંથી નાઠા (પ્રે. કૃ. ૧૯ : ૧૪-૧૬)! આમ શા માટે થયું? કારણ કે દેવનાં કેટલાંક શસ્ત્રોની મદદથી શેતાનની શક્તિ સામે તેમણે બાથ તો ભીડી, પરન્તુ તેમની પાસે દેવની અપરિમિત શક્તિનું સામર્થ્ય ન હતું!

આ વાતનો જરા લંબાણપૂર્વક વિચાર કરીએ. આજે દેવનાં (આત્મિક) શસ્ત્રો જેવાં દેખાય એવાં ઘણી જાતનાં શસ્ત્રો મળે છે. એ ઘણી જાતનાં શસ્ત્રોમાંથી હું માત્ર બે જ પ્રકારના શસ્ત્રોનું ઉદાહરણ આપીશ. પ્રથમ શસ્ત્ર છે : માત્ર નૈતિકતાનું શસ્ત્ર. આ શસ્ત્ર તમને ઘણી જ ઓછી કિંમતે પ્રાપ્ત થઈ શકે છે. એ શસ્ત્ર

સસ્તું એટલા માટે છે કે તેમાં પરમેશ્વર નામની ચીજ નથી. આ 'નૈતિકતા' નામના શસ્ત્રમાં ત્રણ વસ્તુઓ આવે છે : સભાનતાપૂર્વકની વિચાર સરણીનો ટોપ (Helmet), સભાનતાપૂર્વક કરાતા વ્યવહારનું વક્ષસ્ત્રાણ (Breast Plate) તથા વ્યાવહારિક જીવન મૂલ્યો (Reasonable Standards).

પરન્તુ માત્ર નૈતિકતાના આ શસ્ત્રને ધારણ કરનાર વ્યક્તિને શેતાન ઘણી જ સહેલાઈથી અને થોડા જ સમયમાં હરાવી દેતો હોય છે. ઉદાહરણ તરીકે ઉચ્ચ કેળવણી પ્રાપ્ત કરવાના ઘણા જ ઊંચા ધ્યેય અને આશા સાથે ઘણા વિદ્યાર્થીઓ યુનિવર્સિટીમાં જતા હોય છે. પરન્તુ શેતાનના થોડા જ હુમલાઓમાં તેમાંનો મોટો ભાગ ઘણા જ ટૂંકા સમયમાં પરાશ્ત થઈ જાય છે. તેમનાં મસ્તક શેતાનના ચરણોમાં ઝૂકી જતાં હોય છે અને શેતાનના ગુલામ બની જાય છે. અભ્યાસ અધૂરો મૂકીને તે પાછા ઘેર આવે છે અને જે કામ મળે તેમાં જોડાઈ જાય છે. કારણ કે તે માત્ર નૈતિકતાને જ પોતાનો આશ્રય અને બચાવ ગણતા હોય છે. આથી યાદ રાખીએ કે માત્ર નૈતિકતાના શસ્ત્ર વડે આપણે બચી શકતાં નથી. આ શસ્ત્રમાં શેતાન જેવા બળવાન શત્રુથી આપણું રક્ષણ કરવાની શક્તિ નથી!

એક બીજા પ્રકારનાં હથિયારો છે, જે દેવનાં (આત્મિક) શસ્ત્રો જેવાં જ દેખાતાં હોય છે અને આથી ઘણાં લોકો તેમને અસલી માની ધારણ કરતાં હોય છે. તેમનાં નામ પણ બરાબર આત્મિક શસ્ત્રોનાં નામ જેવાં જ હોય છે. પરન્તુ દેખાવમાં સરખાં લાગતાં અને સરખાં જ નામ ધરાવતાં એ નકલી શસ્ત્રોમાં, તેને ધારણ કરનાર વ્યક્તિનું રક્ષણ કરવાની શક્તિ હોતી નથી, કારણ કે એ શસ્ત્રો પવિત્ર આત્મા વડે બનાવાયેલાં હોતાં નથી. ઉદાહરણ

તરીકે આ જાતનાં શસ્ત્રોમાં વક્ષસ્ત્રાણ (Brest-plate) એ ન્યાયીપણાનું નહીં પણ સ્વનિર્મિત ન્યાયીપણા (Self-righteousness)નું બનાવેલું હોય છે અને 'તારણનો ટોપ' સત્કર્મોનો બનેલો હોય છે, નહીં કે પ્રભુ ઈસુના બલિદાન દ્વારા બનેલો 'તારણનો ટોપ' (Helmet of Salvation); જે વિના મૂલ્યે ભેટના રૂપમાં આપણને પ્રાપ્ત થાય છે.

હું જે કહેવા માગું છું, તે એ છે કે આવાં બિનઉપયોગી; કહેવાતાં 'શસ્ત્રો' ને એવાં લોકો ધારણ કરે છે, જે લોકો માત્ર 'સત્કર્મો'ને જ મહત્ત્વપૂર્ણ ગણે છે! કેટલાંક લોકો ચર્ચમાં જવાનું તથા ત્યાં વિશેષ પ્રકારની પ્રાર્થનાઓમાં ભાગ લેવાને અગત્યનું સ્થાન આપે છે. કેટલાંક લોકો દાનધર્મને મહત્ત્વ આપે છે, જ્યારે કેટલાંક લોકો પ્રભુમંદિરમાં શોભે એવા વ્યવહારને મહત્ત્વનું ગણે છે. પરન્તુ આ સાચું ખ્રિસ્તીપણું નથી. આ તો કેવળ બાહ્ય દેખાવ જ છે, આમાં ક્યાંય પવિત્રઆત્માની શક્તિનાં દર્શન થતાં નથી. આથી આવાં નકલી શસ્ત્રો ધારણ કરનાર લોકોને શેતાન ઘણી જ સહેલાઈથી પોતાનો ભક્ષ્ય બનાવી દે છે. આવાં નકલી અને તકલાદી શસ્ત્રો ધારણ કરનારાં લોકોની શેતાનને ખાસ ચિંતા કે ફિકર હોતી નથી, કારણ કે એવાં લોકોને તો આંખના એક જ પલકારામાં હરાવી દેવાની આવડત તેની પાસે છે. આવાં લોકોને એ પણ ખબર હોતી નથી કે તેઓ શેતાનના પંજામાં ખરેખર ફસાઈ ગયાં છે. અને આ કારણને લીધે એ લોકો ખ્રિસ્તનો સાચી રીતે અંગીકાર કરી શકતાં નથી તથા તેઓ પોતાની ખોટી માન્યતાને સાચી માની લઈ, પોતે ખ્રિસ્તનાં છે, એવા જૂઠા ભ્રમમાં રાચતાં રહે છે! આપણી આ દુનિયા એ ભ્રષ્ટતાથી ભરેલી દુનિયા છે. આ દુનિયાની ભ્રષ્ટતાનું મુખ્ય કારણ એ છે કે, લોકો શેતાનના

પ્રપંચ ભર્યા આક્રમણ સામે જરાય ટકી શકે નહીં એવાં, નકલી અને તકલાદી શસ્ત્રોને સાચાં શસ્ત્રો માની શેતાનની સામે યુદ્ધ લડવાની મૂર્ખતા કરે છે. સત્ય અને અસત્ય વચ્ચેના આ યુદ્ધમાં એ ખ્રિસ્તીઓ પીછેહઠ કરતા જાય છે અને ખ્રિસ્તને પક્ષે વીરતાથી ઝઝૂમનાર ખ્રિસ્તીઓની સંખ્યા ઓછી થતી જાય છે તથા આ જગત, શેતાનના આધિપત્ય નીચે આવતું જાય છે; કારણ કે હારી ગયેલા પાપીઓને શેતાનની યુક્તિ અને કુયુક્તિઓથી બચવાનો કોઈ જ માર્ગ રહેતો નથી.

ફરીથી આપણે આપણી મૂળ વાત પર આવીએ કે શા માટે 'આત્મિક શસ્ત્રો' ધારણ કરવાની વાત પ્રથમ સ્થાને નહીં, પણ બીજે સ્થાને આવે છે. આનું કારણ એ છે કે દેવની અપરિમિત શક્તિના સામર્થ્ય વિના શેતાનના આક્રમણ સામે રક્ષણ પ્રાપ્ત થઈ શકતું નથી. જો આપણાં 'શસ્ત્રો' પવિત્ર આત્મા દ્વારા બનાવાયેલાં હશે, આપણું બખતર ન્યાયીપણાનું, ટોપ તારણનો, કમરપટ્ટો સત્યનો, પગરખાં સત્યનાં અને ઢાલ વિશ્વાસની : બધું જ અસલી હશે, તો જ આપણું રક્ષણ થઈ શકશે. 'શક્તિ' અને 'શસ્ત્રો'ના સંયોજનથી શેતાન શત્રુની સાથેના યુદ્ધમાં વિજયી થવાય છે.

જ્યારે હું 'એફેસીઓને પત્ર'ના છઠ્ઠા અધ્યાયનો અભ્યાસ કરતો હતો, ત્યારે દેવનાં શસ્ત્રો અથવા આત્મિક શસ્ત્રો વિશે ત્રણ ભિન્ન બાબતો મારી સમક્ષ ઉપસ્થિત થઈ હતી, જે એક ચિત્ર સ્વરૂપ છે. પ્રભુ ઈસુએ દૈનિક જીવનમાંથી ઉદાહરણો લઈને આધ્યાત્મિક સત્યો સમજાવવાનો પ્રયત્ન કર્યો છે, તે રીતે સંત પાઉલ પણ પ્રયત્ન કરતા જણાય છે.

સંત પાઉલના સમયમાં બધે જ બખતર (Armour) જોવા મળતાં. જ્યારે આ પત્ર લખ્યો ત્યારે સંત પાઉલ બખતર પહેરેલા

રોમન સૈનિકની ચોકીમાં બંધ હતા અને તે જે ટેબલ-ખુરશી પર બેસીને લખવાનું કામ કરતા, ત્યાંથી તેમને સૈનિકોનાં ભારે બૂટ, જાડા-જાડા કમ્મર પટ્ટા, વક્ષસ્ત્રાણ, તલવાર અને હેલ્મેટથી સજ્જ એવા સૈનિકો જ જોવા મળતા! આજના આપણા સમયમાં એવા બખતર તો આપણને સંગ્રહસ્થાનમાં અને કેટલાક મહેલોમાં જોવા મળે છે; જેના વડે આપણે સમજી શકીએ છીએ કે સંત પાઉલ એ બખતરની ઉપયોગિતા વિશે શું કહેવા માગે છે.

બખતર (armour) એટલે શું, એ બાબત મને ડૉ. માર્ટિન લોઈડ - જોન્સના પુસ્તક 'ક્રિશ્ચિયન સૈનિક' (The Christian Soldier)માંથી જાણવા મળી (`The Christian Solider', P. 179, Banner of Truth, 1977). ડૉ. લોઈડ અહીં કહે છે કે, જ્યારે સંત પાઉલ બખતરની વાત કરે છે, ત્યારે તે 'સુવાર્તા'નાં મહાન સત્યો અને ખ્રિસ્તી-વિશ્વાસ વિશે સમજણ આપતા હોય છે.

ડૉ. લોઈડ લંડનમાંના પોતાના સેવાક્ષેત્રમાં તથા વિશ્વમાં સર્વત્ર પોતાના છપાયેલા 'સંદેશા' દ્વારા ખ્રિસ્તીઓને ખ્રિસ્તી વિશ્વાસ વિશે સમજણ આપવાનો પ્રયાસ કરતા હતા. કદાચ તે આપણા સૈકાના બાઇબલનું શિક્ષણ આપનાર મહાન શિક્ષક હતા. આથી જ તેમને પ્રભુ ઈસુની 'સુવાર્તા'ને સમજવા-સમજાવવા માટે દેવનાં શસ્ત્રો, બખ્તર (Armour of God)ની અગત્યતા જણાઈ હશે.

દેવનાં શસ્ત્રો (આત્મિક શસ્ત્રો) અંગેની બીજી બાબત મને ત્રણસો વર્ષ પહેલાં લખાયેલ શ્રી વિલિયમ ગર્નેલ (William Gurnel) નામના એક ધર્મચૂસ્ત (Puritan) વિદ્વાનના પુસ્તક દ્વારા જાણવા મળી (`The Christian in Complete Armour', P. 291, reprint Banner of Truth, 1964). આ એક ઘણું જ ઉત્તમ પુસ્તક છે, જેને વાંચવાની હું તમને ભલામણ કરું છું. આ

પુસ્તકમાં શ્રી ગર્નેલ જણાવે છે કે, સુવાર્તામાં જે આત્મિક શસ્ત્રોની વાત કરવામાં આવે છે, તે શસ્ત્રો પ્રભુ ઈસુ ખ્રિસ્ત પોતે જ છે. પોતાની એ વાતને સમર્થન આપવા માટે શ્રી ગર્નેલ 'રોમનોને પત્ર'ના અધ્યાય ૧૩ની ૧૪મી કલમ ટાંકે છે. એ કલમ આ પ્રમાણે કહે છે : ''પણ તમે પ્રભુ ઈસુ ખ્રિસ્તને પહેરી લો.'' આની સ્પષ્ટતા કરતાં શ્રી ગર્નેલ કહે છે : જ્યારે આપણે ખ્રિસ્તમાં હોઈએ છીએ, ત્યારે આપણે આત્મિક શસ્ત્રો ધારણ કરી શકીએ છીએ અને જ્યારે ખ્રિસ્ત આપણામાં હોય છે, ત્યારે જ આપણાથી આત્મિક શસ્ત્રો ધારણ કરી શકાય છે. શ્રી ગર્નેલનો આ વિચાર મને ઘણો જ યોગ્ય લાગે છે અને તેમના જેવા આધ્યાત્મિક પુરુષના મતનો હું કોઈ પણ રીતે વિરોધ કરવાને શક્તિમાન નથી. તેમણે આ વિષય પર ઘણું લખાણ કર્યું છે અને તેમનાં એ લખાણ સાચું ખ્રિસ્તી જીવન જીવવાને ઘણી મોટી સહાય કરે તેવાં છે. તેમનાં એ લખાણનો સાર એ છે કે, ખ્રિસ્ત વિહોણા જીવનથી આપણે શેતાનની કુયુક્તિઓ સામે સુરક્ષિત રહી શકતાં નથી, પરન્તુ ખ્રિસ્ત સહિતના જીવનથી જ આપણે શેતાનના હુમલાઓનો સફળતાપૂર્વક સામનો કરી શકીએ છીએ.

સંત પાઉલ, જે ત્રીજી બાબત 'આત્મિક શસ્ત્રો' વિશે કહેવા માગે છે તે અંગેનો ખુલાસો, આપણને રેવ. જેમ્સ ફિલિપના એક પુસ્તક 'ખ્રિસ્તી જીવનમાં યુદ્ધની પરિસ્થિતિ અને આત્મિક શસ્ત્રો' [Christian Warpfare and Armour, Page 8, Christian Focus Publications, 1989]માં પ્રાપ્ત થાય છે. રેવ. જેમ્સ ફિલિપ યશાયાના પુસ્તકના ૫૯મા અધ્યાયની કલમો ૧૫ થી ૨૦ પર દૃષ્ટિપાત કરતાં કહે છે : યશાયા અહીં દેવનાં લોકોને હારી ગયેલાં અને શરમજનક સ્થિતિમાં આવી પડેલાં જુએ છે.

તેઓ ભયંકર ગોટાળામાં ફસાયેલાં છે. તેઓ નિર્બળ અને લાચાર પરિસ્થિતિનાં ભોગ બની ગયાં છે, કારણ કે તેઓ પાપનાં ગુલામ બની ગયાં. પરન્તુ છેવટે તેમને પોતાની ભૂલ સમજાઈ અને પોતાના પાપનો પશ્ચાત્તાપ કરી પરમેશ્વરની કૃપાની યાચના કરવા લાગ્યાં. જ્યારે તે લોકો પોતાનાં ઉલ્લંઘનોનું સ્મરણ કરી રડવા લાગ્યાં, ત્યારે પરમેશ્વર તેમની વહારે આવ્યા. દુશ્મનોનાં દળોનો સંહાર કર્યો અને પોતાનાં લોકને બચાવી સ્થિરતા આપી.

તેમણે બખતર તરીકે ન્યાયીપણું સજ્યું એને ટોપ તરીકે માથા પર તારણ રાખ્યું, પોષાક તરીકે તેમણે પ્રતિકારરૂપી વસ્ત્ર પહેર્યાં, ને ઝભ્ભા તરીકે ઉત્કંઠા ઓઢી. જેવાં તેઓનાં કામ તેવાં જ ફળ તે તેઓને આપશે; તેમના વૈરીઓને કોપ, તેમના શત્રુઓને દંડ, ને સમુદ્રને કિનારે આવેલા દેશોને તે શિક્ષા કરશે. તેઓ પશ્ચિમથી યહોવાના નામનો, ને સૂર્યોદયના સ્થળથી તેમના પ્રતાપનું ભય રાખશે, કેમ કે તે બાંધી દીધેલી નદી, જેને યહોવાનો શ્વાસ હડસેલે છે, તેની પેઠે ધસી આવશે (યશાયા, ૫૯ : ૧૭-૧૯).

આ ગદ્યખંડમાં શું તમે નોંધ લીધી કે, દેવના લોકની મુક્તિ માટે દેવે કરેલી આત્માની વૃષ્ટિનું વર્ણન યશાયાએ કેવી ભવ્યતાથી કરેલું છે?!

રેવ. જેમ્સ ફિલિપ માને છે કે સંત પાઉલ યશાયાના ૫૯મા અધ્યાયમાં દેવનું જે ચિત્ર રજૂ કરવામાં આવ્યું છે, તે આત્માનાં શસ્ત્રો (દેવનાં શસ્ત્રો)નું ચિત્ર છે. પોતાની વાતનું સમર્થન કરતાં રેવ. જેમ્સ ફિલિપ આગળ લખે છે : સંત પાઉલ કહે છે, જે આત્મિક શસ્ત્રોનો ઉપયોગ સ્વયં પ્રભુ ઈસુએ પોતાના વિજય માટે કરેલો, તે જ 'શસ્ત્રો' પરમેશ્વર પિતા આપણને આપવા માગે છે. જૂના કરારનાં લોકોનાં રક્ષણ અને મુક્તિ માટે જે 'શસ્ત્રો'નો

ઉપયોગ દેવે કર્યો તથા પ્રભુ ઈસુએ રાનમાંના પરીક્ષણ વખતે શેતાન સામે કર્યો અને ગેથસેમાની તથા કાલવરી પરની કપરી પળોમાં પોતાના બચાવ માટે કર્યો, તે જ 'શસ્ત્રો' પરમેશ્વર પિતા આપણને પણ આપવા માટે આતુર છે!

જે શસ્ત્રોનો દેવે શેતાન પર તથા અંધકારની શક્તિઓ સામે ઉપયોગ કર્યો અને પ્રભુ ઈસુએ શેતાન સામે વિજય પ્રાપ્ત કર્યો, તે જ શસ્ત્રો શેતાનની સામે લડવા માટે પરમેશ્વર આપણને આપે છે. આથી, એ શસ્ત્રો ઘણાં જ અસરકારક છે, કામયાબ નીવડ્યાં છે, તેની ખાતરી આપણે રાખવાની છે.

સુવાર્તાના સત્યને આત્માનાં શસ્ત્રો માનવા વિશેના શ્રી માર્ટિન લોઈડ-જોન્સના વિચારો સાથે કદાપિ તમે સહમત થાવ અથવા શ્રી ગર્નેલના માનવા પ્રમાણે તમે ખુદ પ્રભુ ઈસુને શેતાન-શત્રુ સાથે લડવાનું અમોઘ શસ્ત્ર માનવા લાગો; પરન્તુ હું એ બંને મહાનુભાવોના વિચારો સાથે સહમત થઈ શ્રી જેમ્સ ફિલિપના માનવા પ્રમાણે જે શસ્ત્રો વડે પ્રભુ ઈસુ શેતાનનાં પરીક્ષણો સામે વિજયી થયા અને ગેથસેમાની તથા કાલવરી પરની કપરી કસોટીમાં પણ શેતાન સામે ઝઝૂમી શક્યા, તે જ શસ્ત્રો પરમેશ્વર આપણને પણ આપવા માગે છે : એ વિચારો સાથે હું સહજ રીતે જ સહમત થવાનું પસંદ કરું છું.

આમ, આપણે આશ્વાસન લઈ શકીએ છીએ કે જે શસ્ત્રોના ઉપયોગ વડે પ્રભુ ઈસુ વિજયી બન્યા, તે જ શસ્ત્રો પરમેશ્વર આપણને પણ આપવાને તૈયાર છે. આનો અર્થ એ કરી શકાય કે જે શસ્ત્ર વડે ભરવાડ પુત્ર દાઉદ, ગોલિયાથ સામે લડવાનો હતો તે ગોફણની પેઠે, તેની કાર્યક્ષમતાની ચકાસણી કર્યા વિનાનાં શસ્ત્રો આપણને આપવાનાં નથી. પરન્તુ જેની કાર્યક્ષમતા પૂરવાર

થઈ છે એવાં કામયાબ શસ્ત્રો આપણને પ્રાપ્ત થવાનાં છે! પ્રભુ ઈસુના મૃત્યુ, પુનરુત્થાન તથા સ્વર્ગારોહણથી ઉત્પન્ન થયેલ કૃપા આપણને આપવામાં આવનાર છે! આપણાં અસ્ત્ર-શસ્ત્ર શેતાનના દુર્ગમ લાગતા કિલ્લાઓને ક્ષણવારમાં જમીનદોસ્ત કરવાને સમર્થ છે!

સંત પાઉલ આપણને આત્માનાં શસ્ત્રો, અર્થાત્ દેવનાં શસ્ત્રો ધારણ કરવાની સલાહ આપે છે, કારણ કે શેતાનની પાસે દેવનાં લોકો સામે ફેંકવાનાં બાણોની સંખ્યા ઘણી છે. તેની પાસે એવાં ભયંકર સળગતાં તીર છે, જે દેવનાં લોકોનાં મનમાં પણ શંકા-કુશંકાનો અને અવિશ્વાસનો દાવાનલ પ્રગટાવી શકે છે તથા તેમની વિચારસરણીના શુદ્ધ પ્રવાહમાં દુષિત વિચારધારાને ભેળવી દઈ શકે છે. શેતાનની પાસે એવાં ભયંકર મિસાઈલ્સ છે, જેના ઉપયોગથી આપણને તે થરથરાવી દે છે અથવા આપણે જે કરવા જેવાં નથી એવાં કાર્યો તરફ અને પ્રાપ્ત કરવા જેવો સાચો આનંદ નથી, એવાં ઝાંઝવાનાં જળ તરફ આપણા માનસિક વલણને વાળી દે છે. શેતાનની પાસે એવા તો તીક્ષ્ણ ખીલાઓ તથા ભેંકાર ભાલાઓ છે, જેને તે આપણી તરફ ફેંકે છે અને આપણે અસ્થિર બનીને નાશભાગ કરવા લાગીએ છીએ! ઉપરાંત શેતાનની પાસે એવી તો યુક્તિઓ છે, જે ઘણી જ ચાલાકીથી, નહીં જવા જેવી જગાઓ તરફ-જવા માટેનું આપણામાં આકર્ષણ ઉત્પન્ન કરી શકે છે.

શેતાનની પાસે રહેલી યુક્તિઓમાં, તેનાં શસ્ત્રોની વિવિધતામાં તથા તેની ભયંકર વ્યૂહની રચનામાં ઘણી શક્તિ રહેલી છે. આથી આપણી રક્ષા માટે આપણને દેવનાં શસ્ત્રોની ઘણી જ આવશ્યકતા છે. જો આપણે દેવનાં બધાં જ શસ્ત્રો ધારણ નહીં કરીએ અને કોઈ જગાને અસુરક્ષિત રાખીશું, તો શેતાન આપણા જીવનના તે

ખુલ્લા ભાગ પર આબાદ રીતે નિશાની લઈ આપણને ભયંકર રીતે ઘાયલ કરશે અને આપણને ખતમ કરી નાખવાનો પ્રયાસ કરશે.

આપણને કેટલાક સુવાર્તિકોની ખબર છે કે જેઓનો દેવે ઘણો જ ઉપયોગ કર્યો. પણ તેમનાં જીવનોમાં એક સમય એવો આવ્યો કે જ્યારે તેમણે દેવનાં બધાં જ શસ્ત્રોનો પોતાની રક્ષા માટે ઉપયોગ કરવાનું છોડી દીધું. જો કે તેમના હાથમાં આત્માની તલવાર હતી અને માથા પર તારણનો ટોપ પહેરેલો હતો, પરન્તુ ન્યાયીપણાનું બખતર તેમણે પોતાની છાતી પર ધારણ કર્યું ન હતું અને લડવાનાં બીજાં સાધનોને લટકાવવા માટે તેમણે સત્યનો કમરપટ્ટો (કમરબંધ) પહેર્યો ન હતો.

મને પ્રભુના કેટલાક સેવકોની ખબર છે, જે ઘણા જ શક્તિશાળી અને પ્રામાણિક સુવાર્તિક હતા. ખ્રિસ્તી સમાજમાં અને બહાર તેમને ઘણી પ્રતિષ્ઠા મળી હતી. પરન્તુ તેમની એ પ્રતિષ્ઠા અને સન્માન હવે રહ્યાં નથી. પોતાના કાર્યક્ષેત્રમાં તે ભ્રષ્ટ બન્યા, અને હવે શરમની જિંદગી ગાળી રહ્યા છે. તેમણે શેતાનને હાથે ભયંકર હાર ખાધી. શેતાને તેમનો ફજેતો કરાવ્યો અને પરમેશ્વરની મંડળીની ઠેકડી ઉડાવવા માટે તેમનો ઉપયોગ કર્યો!

આમ શી રીતે બન્યું? આનો સરળ અને ટૂંકો ઉત્તર છે, કે પ્રભુના એ સેવકોએ દેવનાં બધાં શસ્ત્રો ધારણ કર્યાં નહીં. તેમણે તારણનો ટોપ ધારણ કર્યો અને હાથમાં પવિત્ર આત્માએ આપેલી ઈશ્વરનાં વચનરૂપી તલવાર ગ્રહણ કરી, પણ વધારે પડતી ઉતાવળને લીધે તેમણે કમરપટ્ટો અને અન્ય શસ્ત્રો ધારણ કરવાની કાળજી રાખી નહીં. આ જ એક માત્ર કારણ હતું કે તે સેવકો શેતાનની સામે ઝૂકી ગયા! શેતાનનો શિકાર બની ગયા!

હવે તેમને ખબર પડી હશે કે આ કાંઈ સામાન્ય લડાઈ નથી, પરન્તુ જીવન-મરણનો જંગ છે. આ જગતમાં પ્રજ્વલિત અશુભ અને દુષ્ટતાની આગ સર્વત્ર પ્રસરી રહી છે. એ આગ લંડનના વિન્ડસર મહેલમાં લાગેલી આગ જેવી છે, જેણે મહેલની મૂલ્યવાન અને સુંદર વસ્તુઓનો નાશ કર્યો. પરન્તુ આ આગ તો વધારે ભયંકર છે! શેતાનની દુષ્ટતા ગમે તે પ્રકારનો આકાર અને રૂપ ધારણ કરી શકે છે. તે હજારો પ્રકારના વેશપલટા કરી શકે છે અને હજારો જાતનાં માયાવીરૂપ ધારણ કરી શકે છે! એક દિવસ તે વિડિયોના રૂપમાં, બીજી દિવસે મિત્રની સલાહના રૂપમાં અને ત્રીજે દિવસે તે વિચારનું રૂપ ધારણ કરી આપણા દિલ અને દિમાગમાં પ્રવેશ કરે છે.

માર્કની લખેલી સુવાર્તાના સાતમા અધ્યાયની કલમો ૧૮ થી ૨૩માં લખવામાં આવ્યું છે તેમ, દુષ્ટતાનો જન્મ મનુષ્યના પોતાનામાં પણ થતો હોય છે. અને તે મનુષ્યમાં તેની આજુબાજુના વાતાવરણમાંથી પણ પ્રવેશ કરે છે. મનુષ્ય પર તે દિવસે કે રાત્રે, ગમે તે સમયે આક્રમણ કરી શકે છે અને તેના આક્રમણનો તે વખતે જરા સરખો પણ અણસાર આવતો નથી. આથી જ સંત પાઉલ કહે છે કે, આપણા સેનાપતિ પ્રભુ ઈસુએ ધારણ કર્યાં હતાં તે જ અસ્ત્ર-શસ્ત્ર (Armour) આપણને તે આપવા માગે છે. આપણે દેવનાં તે શસ્ત્ર પ્રાર્થનાસહિત રાત-દિવસ ધારણ કરી રાખવાં જોઈએ. જ્યારે આપણે આત્માનાં (દેવનાં) શસ્ત્રો ધારણ કરીએ છીએ, ત્યારે દેવની કૃપાથી સત્ય દ્વારા પૂર્ણ પ્રામાણિકતા; ન્યાયીપણા (Righteousness) દ્વારા પવિત્ર જીવન અને તારણ મારફતે આપણને દેવની કૃપા-કરુણા મળે છે તથા વિશ્વાસની ઢાલથી પરમેશ્વર ઉપર સંપૂર્ણ શ્રદ્ધા ઉત્પન્ન થાય છે. પરમેશ્વરના

ભૂજથી દઢતા, આપણી કાંપતી આંગળીઓમાં સ્થિરતા અને બળ પેદા કરે છે. અને જ્યારે આપણા ઉપર શેતાનના હુમલા થવા શરૂ થાય છે, ત્યારે એ હુમલાઓ સામે ટકી રહેવાની શક્તિ આપણને આપે છે. શેતાન સાથેના એ યુદ્ધમાં પરમેશ્વર હંમેશાં આપણી પડખે જ રહે છે અને આપણને એકલા છોડી દેતા નથી. આને લીધે આપણે શેતાનના આક્રમણ વખતે તેનો સામનો કરી શકીએ છીએ અને વિજયી બનીએ છીએ. શેતાનની સામેના યુદ્ધમાં કેવળ જીત મેળવીને નિશ્ચિંત બની બેસી રહેવાનું નથી, પરન્તુ આપણે મેળવેલા એ વિજયને ટકાવી રાખવા માટે હંમેશાં સાવધાની રાખવાની છે.

✿✿✿

# પ્રકરણ ૬

# દેવને પક્ષે રહી દૃઢતાપૂર્વક યુદ્ધ કરો

દેવનાં શસ્ત્રો સજી લો. - એફેસીઓને પત્ર ૬ : ૧૧

પરમેશ્વરની સેવા કરવાનો તમારે મન શો અર્થ છે? જો તમને પૂછ્વામાં આવે કે, 'ખ્રિસ્તી સેવા એટલે શું?' તો તેના જવાબમાં તમે શું લખશો? મને લાગે છે કે આપણામાંનાં ઘણાં તેનો જવાબ આપશે - આફ્રિકા, નેપાલ કે જાપાન જેવા દેશોમાં જઈને મિશનરી તરીકે કામ કરવું; પ્રભુના સેવક તરીકે પૂર્ણકાલીન સેવાનો સ્વીકાર કરવો અથવા મંડળીમાં ડિકન કે આગેવાન બની, સેવા આપવી, અથવા યુવકો મધ્યે કામ કરી સુવાર્તા પ્રગટ કરવી વગેરે: આપણને પૂછ્વામાં આવેલા પ્રશ્નના આ બધા સાચા ઉત્તરો છે. પરન્તુ થોડાંક વર્ષો પહેલાં મને સૂઝ્યું કે પ્રભુની સેવા કરવી એ તો આના કરતાં પણ કાંઈક વધારે વિશેષ છે. સાચી 'ખ્રિસ્તી સેવા' તો એક પ્રકારનું યુદ્ધ છે. અને કોઈ ખ્રિસ્તી નેપાલમાં મિશનેરી તરીકે કામ કરતો હોય, કોઈ ખ્રિસ્તી પોતાની મંડળીમાં બાઈબલ કલાસ ચલાવી શિક્ષણ આપતો હોય - એ બધા સરખું જ કામ કરે છે - શેતાન સામે યુદ્ધ જ કરે છે. પરન્તુ તેઓ કેવું લડ્યા તેનું સરવૈયું તો દિવસના અંતે જ નીકળે છે - જો તેઓ એ યુદ્ધમાં અંત સુધી ટકી રહે તો જ 'સારી લડાઈ લડ્યા છે,' - એમ કહી શકાય.

આ જ વાત સંત પાઉલ આ પ્રમાણે કરે છે : દેવની સેવા કરવી એટલે શેતાન સાથે સતત યુદ્ધ કરતા રહેવું. આપણે ખ્રિસ્તીઓ તરીકે બસ આટલું જ કરવાનું છે. માત્ર ટકી રહેવાનું.

ખ્રિસ્તી તરીકેની આપણી સેવા અને ખ્રિસ્તના સૈનિક તરીકેના આપણા કર્તવ્ય અંગે આ ફકરામાં સંત પાઉલ જે કહે છે, તેનો જો આપણે ઝીણવટથી અભ્યાસ કરીએ તો જણાશે કે તેમાં સુવાર્તા પ્રચાર કે ખ્રિસ્તના શિક્ષણના ઉપદેશ (Preaching) અંગે કોઈ જ ઉલ્લેખ કરવામાં આવ્યો નથી. સંત પાઉલ તેમાં પ્રાપ્તિ વિશે કશું જ લખતા નથી. પરન્તુ તે જે કહે છે, તે એટલું બધું અગત્યનું છે કે તેનો ત્રણ વખત તે પુનરુચ્ચાર કરે છે. તેમનું એ કથન છે : આપણે ટકી રહેવું જોઈએ. બસ ટકી જ રહેવાનું! પીછેહઠ નહીં! પડી જવાનું નહીં! જ્યારે શેતાન મરણિયો થઈને આપણા ઉપર હુમલા કરે, ત્યારે તેના હુમલા ખાળવા, ટક્કર લેવી - એ કાર્ય ઘણું જ કઠીન છે. આવે વખતે આપણે ટકી રહીએ, આપણી જાતને પડતાં અટકાવીએ, એ જ ખ્રિસ્તી તરીકેની આપણી સેવા છે.

પ્રભુ ઈસુ આપણને ટકી રહેવાનો આદેશ આપે છે. તેમના એ આદેશ પાછળ રહેલા ઉદ્દેશ્યને આપણે જરા વિશદતાથી સમજવાનો પ્રયત્ન કરીએ. દશ રોમન સૈનિકોની એક, એવી દશ ટુકડીઓ ખભેખભા મિલાવીને લડવા માટે તૈયાર ઊભી છે. એ ટુકડીના બધા સૈનિકોએ શરીરના રક્ષણ માટે એક હાથમાં ઢાલ રાખી છે અને બીજા હાથમાં ખુલ્લી તલવાર પકડી છે. એ ટુકડી ઊભી છે તેની સામે એક ટેકરી આવેલી છે અને એ ટેકરી પરથી ઝનૂની જંગલી આદિવાસીઓનું એક મોટું ટોળું ભયંકર કિકિયારીઓ પાડતું તેમની સામે ધસી રહ્યું છે. શરીર પર ચિતરામણ કરેલા, અર્ધનગ્ન એ લોકો હાથમાં તીરકામઠાં લઈને સૈનિકોની ટુકડી સામે વેગથી ધસી રહ્યા છે, જેમાંના કેટલાક લોકો પાસે તો કમાન પર સગળતાં તીર ચઢાવેલાં છે. તેમનો દેખાવ, તેમનું જંગલી

ઝનૂન અને હોંકારા-પડકારા ભલભલા શૂરવીરોના પણ હાંજા ગગડાવી નાખે એવા ભયંકર છે.

ઊભેલા રોમન સૈનિકોનો એક અધિકારી ત્યાં છે, જેના હુકમનો તેમણે અમલ કરવાનો છે. આદિવાસીઓના ધસમસતા પૂરને તે નિહાળી રહ્યો છે. તેણે પોતાના સૈનિકોને એક હુકમ આપ્યો, "જ્યાં છો ત્યાં જ ઊભા રહો." તેણે એ ટોળા પર હુમલો કરવાનો કે પીછેહઠ કરવાનો હુકમ આપ્યો નહીં. તેના એક માત્ર 'દાહિને મૂડ'ના હુકમથી બધા જ સૈનિકો જમણી તરફ ફરી શક્યા હોત અને 'બાયે મૂડ'ના હુકમથી ડાબી તરફ ફરી શક્યા હોત. જો તેણે 'પીછે મૂડ'નો હુકમ આપ્યો હોત તો તે બધા જ સૈનિકોને આંખના એક જ પલકારામાં પાછળ ફેરવી શક્યો હોત; પરન્તુ તેણે ટેકરીની સામે ઊભેલા પોતાના સૈનિકોને માત્ર પોતાની જગા નહીં છોડવાનો હુકમ આપ્યો અને પોતાને સ્થાને અડગ રહેલા સૈનિકોએ તેમના કરતાં અનેકગણી સંખ્યા ધરાવતા એ હુમલાખોર ટોળાને હરાવ્યું. રોમન સૈનિકોની એ ટુકડીનો એક પણ સૈનિક મૃત્યુ પામ્યો નહીં, કારણ કે એ પોતાની જગાએ જ ઊભા રહ્યા અને વીરતાપૂર્વક શત્રુના હુમલાને ખાળી વિજ્યી બન્યા.

આપણા પ્રભુ, આપણા સેનાપતિ અને સ્વામી આપણને તેમની સેવા માટે આમંત્રણ આપે છે. પરન્તુ તે, આપણે ઝનૂન કે ઉન્માદ અથવા ગાંડપણ ભરેલાં કાર્યોમાં પ્રવૃત્ત બનીએ એવું તે ઇચ્છતા નથી. આવું કાંઈ કરીએ તે કરતાં સંત પાઉલે આપણને અહીં કરવાની મૂળભૂત બાબત પ્રત્યે ઈશારો કર્યો છે. આપણા સ્વામી પ્રભુ ઈસુ કહે છે : 'ટકી રહો.' આપણી ચારે બાજુ દેવના શત્રુઓના અડ્ડા આવેલા છે. અને એ શત્રુઓ આપણા વિશ્વાસના

ચૂરેચૂરા કરી નાખવા માટે પૂરેપૂરી શક્તિથી આપણા ઉપર હુમલા કરે છે. તે આપણા મન ઉપર મિસાઈલ્સથી, આપણાં હૃદય પર તીક્ષ્ણ બાણથી અને આપણાં શરીરો પર અણિદાર ભાલાઓથી હુમલા કરી આપણને વીંધી નાખવાને તત્પર રહે છે. પરન્તુ આત્માનાં શસ્ત્રોથી સજ્જ અને ઢાલ તથા ટોપથી સુરક્ષિત કરેલાં આપણને આપણા સેનાપતિ માત્ર 'ટકી રહો' - એવો હુકમ આપે છે. શત્રુના આક્રમણ પછી પણ તે આપણને ટકી રહેવાનું જ કહે છે.

આપણા પ્રભુ ઈસુની સેવા કરવા અંગેના એક સર્વસામાન્ય (Common) વિચાર અંગે થોડુ ચિંતન કરીએ. સામાન્ય રીતે આપણને લાગશે કે પ્રભુ ઈસુની સેવા કરવા માટે આપણી પાસે વિશેષ પ્રકારની આવડત કે પરમેશ્વર તરફથી મળેલું વિશેષ દાન હોવું જરૂરી છે. આપણી માન્યતા એવી છે, કે સુવાર્તિક થવા માટે વકતૃત્ત્વકલા અથવા શિક્ષણ આપવાની આવડત અથવા નર્સ તરીકે કાર્ય કરવા માટે નર્સિંગની તાલીમ અને સેવાવૃત્તિની આવશ્યકતા છે. આપણામાંનાં ઘણાં લોકોનું માનવું છે કે પ્રભુ ઈસુની સેવા કરવા માટે પરમેશ્વર તરફથી આપણને મળેલા વિશેષ પ્રકારના દાનની ખાસ જરૂર પડે છે. આ તેમની માન્યતામાં કાંઈક સત્ય જરૂર છે, પરન્તુ 'એફેસીઓને પત્ર'ના છઠ્ઠા અધ્યાયની કલમો ૧૧, ૧૨ અને ૧૩ પર દૃષ્ટિપાત કરીએ તો જણાશે કે આ એક ખ્રિસ્તી યોદ્ધાનું આત્મિક યુદ્ધ છે અને તે માટે આપણને આપેલાં શસ્ત્રોમાં એક તલવાર (ઈશ્વરના વચનરૂપી તલવાર) સિવાયનાં બધાં આત્મિક શસ્ત્રો સ્વરક્ષણ માટેનાં છે. અને ધ્યાનમાં રાખીએ કે, એ ઈશ્વરની વચનરૂપી તલવારનો ઉલ્લેખ છેલ્લે

કરવામાં આવ્યો છે. કારણ એ છે કે, અંધકારની શક્તિઓ સામે યુદ્ધ કરવા માટે પરમેશ્વર આપણને પ્રથમ સ્વરક્ષણ માટેનાં શસ્ત્રોથી સજ્જ કરે છે અને ત્યારબાદ એ યુદ્ધમાં સામનો કરવા માટે આપણા હાથમાં તલવાર મૂકવામાં આવે છે.

કલ્પના કરો કે શેતાનના ભયંકર હુમલાથી બચવા માટે આપણા વક્ષસ્થલ પર ન્યાયીપણાનું બખતર પહેર્યું ન હોય તો આપણા હૃદયની શી સ્થિતિ થાય! જગતમાં અપ્રામાણિકપણા (unrighteousness - અન્યાયીપણા)નાં એવાં તો છેતરામણાં વિવિધ રૂપો જોવા મળે છે કે, જેમાંથી ન્યાયીપણું કે અપ્રામાણિકપણું કયું તે ઓળખવું કઠીન બની જાય છે તથા પવિત્ર અને અપવિત્ર વચ્ચેનો ભેદ જાણવાનું અઘરું બની જાય છે! આપણાં શહેરોના માર્ગ પર જો તમે સો પગલાં ચાલો, તો સામાન્ય રીતે પ્રત્યેક સોમાં પગલે તો પાપમાં પાડે એવાં કેટલાંય પ્રલોભનો તમારી સમક્ષ ઉપસ્થિત થશે. અને જો તમે પ્રભુ ઈસુએ તમને આપેલ વક્ષસ્ત્રાણ (Breast Plate) છાતી પર પહેર્યું નહીં હોય, તો તમે શેતાનની સામે ટકી જ શકવાના નથી!

ધારો કે સત્યના કમરબંધથી તમે તમારી કમર બાંધેલી નથી અને અચાનક શેતાન તમારા પર હુમલો કરે, તો તમારી શી દશા થશે! સત્યના કમરપટ્ટાની ગેરહાજરીમાં તમે એ હુમલા વખતે જૂઠું બોલવા લાગશો, અપ્રામાણિક વ્યવહાર કરવા મંડી જશો કે પ્રપંચ કરવા લાગી જશો! જો તમે જૂઠા હશો તો, શેતાનની ચાલાકી સામે કેવી રીતે બાથભીડી શકશો? જોતજોતાંમાં તો શેતાન તમને પછાડી નાખશે; ભોંયભેગા કરી દેશે! કારણ, તમે સત્યનો કમરબંધ બાંધ્યો નથી.

માનો કે તમે શાંતિનાં પગરખાં પહેર્યાં નથી અને તમારા

પર અચાનક શેતાનનો હુમલો થાય છે અને તમે સીધેસીધા શેતાનની સામે આવી જાવ છો! તેની સાથે હોંકારા-પડકારા કરવા લાગો છો, તેની સામે ફેંટ પણ ઉગામી છે અને આવેશમાં આવી ગયા છો. શેતાન લાગ જોઈને સીધું જ તમારા ખુલ્લા પગની એડી પર તીર છોડે છે.... અને તે તમારી એડીને વીંધી નાખે છે! અને તમે જમીન પર પટકાઈ પડો છો! શાંતિનાં પગરખાં વિના આપણે શેતાનની સામે ઊભા જ રહી શકતાં નથી!

કલ્પના કરો કે તમારી પાસે તારણનો ટોપ નથી! અને શેતાન તમારી પાસે 'ઉત્ક્રાંતિવાદ'ના વિચારો કે હિન્દુ ધર્મની વિચારસરણી લઈને આવે છે અને બાઇબલના શિક્ષણની વિરુદ્ધ દલીલો રજૂ કરે છે. પરમેશ્વરના અસ્તિત્વ વિશે શંકાઓ ઉત્પન્ન કરે છે અને બાઇબલની માન્યતાઓને અંધશ્રદ્ધા ગણાવવાનો પ્રયત્ન કરે છે. શેતાનને ખબર છે કે તમે પ્રભુ ઈસુના છો. તમે તેમને વફાદારીપૂર્વક વળગી રહેવા માગો છો, પરન્તુ શેતાનને એ પણ ખબર છે કે તમે માથા પર તારણનો ટોપ ધારણ કરેલો નથી! શેતાનનો કોઈ સાગરિત એ તકનો લાભ લઈ શંકાનો એક ગોળો ગોફણમાં મૂકી એવો તો વીંઝીને તમારા માથા પર ફટકારે છે, કે તમને ખબર પડે તે પહેલાં તો તમે ઘાયલ થઈને લોહીલુહાણ અવસ્થામાં જમીન પર તરફડિયાં મારવા લાગો છો! તારણના ટોપ સિવાય આપણે શેતાનના વૈચારિક પ્રહારોનો સામનો કરી શકતા નથી.

ધારો કે તમારી પાસે વિશ્વાસની ઢાલ નથી અને તમે સાચું ખ્રિસ્તીજીવન જીવવા માગો છો. શેતાન તમારા જીવનમાર્ગ પર મુશ્કેલીઓના પહાડ ઊભા કરી દે છે. તમારી નોકરી છૂટી જાય છે. તમે અથવા તમારું સ્વજન ગંભીર માંદગીનો ભોગ બને છે

અને તમારા જીવનમાં નિરાશા વ્યાપી જાય છે. તમે વિચારવા લાગો છો કે પ્રભુ ઈસુ તમને ભૂલી ગયા છે! તમારી મંડળીમાં તમે જે જગાએ સેવા આપતા હતા, તે વિશે તમારા પર જૂઠા આરોપ મૂકવામાં આવે છે અને તમને બદનામ કરવાના ભારે પ્રયત્ન કરવામાં આવે છે! તમારા જીવનમાં નિરાશા અને હતાશા છવાઈ ગઈ, તમે ભાંગી પડ્યા અને પરમેશ્વરના ન્યાયીપણામાં તથા તેમના સામર્થ્યમાંથી શ્રદ્ધા જતી રહી. અને છેવટે પ્રાર્થના કરવાનું પણ છોડી દીધું! શેતાને તમને બરાબરના પછાડ્યા, કારણ કે તમારી પાસે શેતાનના પ્રહારોને રોકવા માટે વિશ્વાસની ઢાલ હતી જ નહીં!

આપણે અહીં જોઈ શકીએ છીએ કે, પ્રભુ ઈસુના સૈનિકોને તે સ્વરક્ષા માટેનાં આત્મિક શસ્ત્રો આપે છે અને 'સારી લડાઈ' લડવા માટે તેની ઘણી જ જરૂર છે. ન્યાયીપણાથી, પ્રામાણિકપણાથી આપણા હૃદયની રક્ષા થાય છે. સત્ય આપણાં જીવનને એકબીજાની સંગતમાં રાખે છે. તારણ આપણા મસ્તિષ્કને સુરક્ષિત રાખે છે અને શ્રદ્ધા અર્થાત્ વિશ્વાસ આપણા આત્માને રક્ષણ પૂરું પાડે છે. આ બધાં શસ્ત્રો સ્વરક્ષા માટેનાં છે. શા માટે સ્વરક્ષા, તમને ખબર છે? કારણ કે આપણા સેનાપતિની ઇચ્છા છે કે આપણે શેતાન શત્રુના હુમલા વખતે પરાજિત ન થઈએ અને તેના આક્રમણનો વીરતાપૂર્વક સામનો કરી શકીએ! આપણે પીછેહઠ ન કરીએ માટે રક્ષાત્મક શસ્ત્રોની જરૂર છે.

ઘણાં વરસો પહેલાંની એક વાતનું મને સ્મરણ થાય છે, કે જ્યારે હું સૈનિકનો ગણવેશ પહેરતો હતો. એ વખતે રાતને સમયે મને સૈન્યના શસ્ત્રાગાર અને દારૂગોળાની ચોકી કરવાનું કાર્ય સોંપવામાં આવેલું. ત્યાં રાઈફલ, મોર્ટાર, સ્ટેનગન અને એન્ટીટેન્ક

રોકેટનો એક ઘણી જ મોટી માત્રામાં દારૂગોળા (Ammunition)નો જથ્થો હતો.

યોર્કશાયરના એક દૂરના એકાંત સ્થળે અમારો પડાવ હતો અને એ સમયગાળા દરમિયાન 'આયરિશ રિપબ્લીકન આર્મી (I.R.A.)ની પ્રવૃત્તિઓ પૂરજોશમાં ચાલતી હતી. રાત્રિના એ અંધકારમાં શસ્ત્રાગારના આગળના ભાગમાં હું એકલો જ આંટા મારી રહ્યો હતો, ત્યારે મારું મન જાતજાતના વિચારોને ચગડોળે ચઢ્યું હતું. હું વિચારતો હતો કે જો કોઈ દુશ્મનને આ શસ્ત્રાગાર લૂંટવો હોય તો તેણે મારી પાછળ ચૂપચાપ આવી મારા માથા પર માત્ર એક જ લોખંડની પાઈપનો પ્રહાર કરવો પડે. જો હું આ રીતે આંટા મારતો રહું તો, હું દુશ્મનના હાથમાં સહેલાઈથી ફસાઈ જાઉં, આથી મેં વિચાર્યું કે હું ઝાડીમાં સંતાઈ રહું કે જેથી દુશ્મનને હું દેખાઈ શકું નહીં અને હું કઈ જગાએ છું, તેનો પત્તો તેને લાગે નહીં. હું છૂપાઈને જાગૃત બેસી રહું કે જેથી દુશ્મન નજરે પડે કે તરત મારું વ્હીસલ વગાડી સહાય માટે મારા ઉપરી અમલદારને મદદે બોલાવી શકું.

બીજે દિવસે મારા આ ઉમદા વિચારો મેં મારા ઉપરી અમલદારને જણાવ્યા, તો તેમણે મને કહ્યું : "તમને શસ્ત્રાગારની રક્ષા કરવા માટે આંટા મારવાનો હુકમ આપેલો છે, સંતાઈને બેસવાનું તમને કહ્યું નથી. જો તમે સંતાઈને બેસી રહો તો સંભવ છે કે, તમે ઊંઘી જાવ! ભૂતકાળના અમારા અનુભવોએ અમને શિખવ્યું છે કે રાત્રે ચોકી કરવા માટે આંટા મારતા રહેવું, એ જ ઉત્તમ માર્ગ છે."

અને મને સમજાયું કે રાત્રે ચોકી કરતી વખતે ઊંઘી જવું એ સૈનિકનો મોટામાં મોટો ગુનો ગણાય છે. સૈનિકે તો આખો

વખત ચોકસાઈ અને સાવધાનીપૂર્વક પોતાની ફરજ અદા કરવાની હોય છે. આપણા સ્વામીએ આપણને દઢતાપૂર્વક આપણા સ્થાનને ચોકસાઈથી વળગી રહેવાનો હુકમ આપ્યો છે! સંત પીતર કહે છે "જાગૃત થાઓ, સાવધ રહો, તમારો દુશ્મન શેતાન, શિકારની શોધમાં ગર્જના કરતા સિંહની માફક જે કોઈ મળે તેને ફાડી ખાવાને શોધતો ફરે છે..." (પીતરનો પહેલો પત્ર ૫ : ૮). આપણે જાગૃત રહેવાનું છે, આ જ કારણ છે કે ખ્રિસ્તીઓએ મદ્યપાનથી દૂર રહેવું જોઈએ. જ્યારે માણસ મદ્યપાન કરે છે, ત્યારે તે સાવધ રહી શકતો નથી. તેનું મગજ નશાથી તર બની જાય છે અને એ માણસ સ્વસ્થતાપૂર્વક વિચાર કરી શકતો નથી અને આથી તે ઘણી જ સહેલાઈથી શેતાનનો શિકાર બની જાય છે.

અહીં સંત પીતર આપણને માત્ર શારીરિક રીતે 'જાગૃત અને સાવધ' રહેવાનું નથી કહેતા. તેમની સલાહ છે કે આપણે ખ્રિસ્ત અને તેમની આજ્ઞાઓ પર આપણું ધ્યાન કેન્દ્રિત કરવા માટે આધ્યાત્મિક રીતે 'જાગૃત અને સાવધ' રહીએ. સત્ય અને અસત્ય વચ્ચેના ભેદને સમજવા માટે આપણા મનમાં દ્વિધા ઉત્પન્ન થવી જોઈએ નહીં. પરમેશ્વરની ઇચ્છાને સારી રીતે સમજવા માટે આપણું મન સંપૂર્ણપણે સ્વચ્છ અને સ્વસ્થ હોવું જરૂરી છે.

પાપ શું છે એ વિશે, જો તમારા મનમાં વિચારોની સ્પષ્ટતા નહીં હોય; સત્ય અંગેના તમારા વિચારો ધૂંધળા હશે અને સત્ય તથા અસત્યના, ખરા-ખોટાના ભેદ વિશે તમારા મનમાં સ્પષ્ટ ચિત્ર હોય નહીં; તો તમે 'જાગૃત અને સાવધ' નથી! તમે ઊંઘો છો! આથી તમારી પાસે જે કાંઈ છે તે બધું શેતાન ચોરી જશે. માટે તમે સત્ય તથા અસત્ય, ખરા-ખોટાનો અને ભલા-બૂરાનો ભેદ સમજવા માટે સદા જાગૃત રહો. પ્રભુ ઈસુના મનને સમજવા

માટે હંમેશાં સાવધ રહો. તેમની ઇચ્છા છે કે આપણે જાગૃત અને સાવધ રહીએ તથા શેતાનના આક્રમણ વખતે દઢતાપૂર્વક તેનો સામનો કરીએ.

પેલી ટેકરીઓની તળેટીમાં ઊભેલા રોમન સૈનિકો, તેમનાં અધિકારી તથા ધસમસતા પૂરની પેઠે ઉપરથી ધસી આવતા' પેલા જંગલી, ભયંકર આદિવાસીઓના દશ્ય વિશે વિચાર કરીએ. સંખ્યાની દષ્ટિએ આદિવાસી શત્રુઓની સંખ્યા આશરે ૨૦ જેમ એકની હશે. જો રોમન સૈનિકો એ વખતે પીછેહઠ કરીને નાઠા હોત તો તેમાંનો એક પણ સૈનિક બચી શક્યો ન હોત! આને માટે બે કારણ આપી શકાય. એક તો એ ગણાવી શકાય કે, પીછેહઠ કરીને ભાગી શકાય એ જાતની તેમણે અગાઉથી વ્યવસ્થા કરેલી ન હતી અને બીજું, તેમણે સ્વરક્ષા માટેનાં જે શસ્ત્રો ધારણ કરેલાં હતાં, તે સામેથી આવતા શત્રુથી રક્ષણ મેળવી શકાય એ જાતનાં હતાં. પીછેહઠ કરી નાસતી વખતે પીઠની રક્ષા કરી શકાય એવી કોઈ શક્યતા હતી નહીં, આથી એ રોમન સૈનિકો બચી શક્યા ન હોત!

મને એવા કેટલાય જુવાન ખ્રિસ્તીઓની ખબર છે કે, જેઓ શેતાનની કુયુક્તિઓની વાત માત્રથી થરથર કાંપવા લાગે છે. સ્વર્ગીય દુનિયામાં જે દુષ્ટ આત્મિક સત્તાઓ છે તે, એટલે અધિકારીઓ, અધિપતિઓ અને અંધકારની શક્તિઓની સામેના યુદ્ધની વાત જ્યારે એ યુવાનો વાંચે છે, ત્યારે તે ભયથી ધ્રૂજી ઊઠે છે. આવા યુવાનો 'યાત્રાકારી'ના પુસ્તકમાં આવતાં બે પાત્રો : 'ભ્રાંતવાળો' (Mistrust) તથા 'બીકણ' (Tmourus)ની પેઠે માર્ગમાં સિંહને જોઈને અને તેને ગર્જના કરતો સાંભળીને બીકને લીધે પાછા જતા રહેવાનું વિચારે છે.

કેટલાંક વર્ષો પહેલાં મેં કરાવેલા લગ્નની ક્રિયાનો એક પ્રસંગ મારા સ્મરણપટ પર આવી રહ્યો છે. એ લગ્નક્રિયા વખતે મને લાગતું હતું કે આ તો કજોડું છે, પરન્તુ એ વખતે આ અંગે હું કાંઈ જ કરી શકું તેમ ન હતું, કારણ કે લગ્ન માટેનાં બંને ઉમેદવાર મારું સાંભળે તેમ ન હતાં. લગ્નના દિવસે જ વરની માસીએ મને ફોન પર કહ્યું કે, વરની માતા આ લગ્ન સાથે જરાય સંમત નથી. અને કેટલાંય અઠવાડિયાંથી આ લગ્ન ન થાય તે માટે પ્રભુને પ્રાર્થના કર્યા કરે છે. તે માસીએ મને એ પણ જણાવ્યું કે લગ્ન કરવા માટે તૈયાર થયેલા એ યુવકે પોતાના મિત્રોને ખુલ્લી રીતે જણાવ્યું છે કે, લગ્ન પછી તે એ છોકરી (પત્ની) સાથે માત્ર થોડાં જ વર્ષો રહેશે અને પછી તેને છોડી દેવાનો છે. લગ્નના દિવસે આ યુવકની ભાવના તો જુઓ!

ખ્રિસ્તી જીવનમાં આ જાતના વલણને કોઈ જ સ્થાન નથી. પ્રભુ ઈસુનો ત્યાગ કરી જ ન શકાય. શેતાન તો એમ કરવા આપણને સમજાવશે, પરન્તુ આપણે તેનું સાંભળવાનું નથી. આપણા વિશ્વાસને ડગાવવા માટે તે ગમે તેવી યુક્તિ કરે, ગમે તેટલો તે આક્રમક બને, ગમે તેટલી મુશ્કેલીઓ અને વિઘ્નો ઊભાં કરે, પરન્તુ આપણે પીછેહઠ કરવાની નથી. પ્રભુ ઈસુથી આપણે દૂર જવાનું નથી; તેમને છોડી દેવાના નથી!

પ્રભુ ઈસુએ આપણને તેમના સૈનિકો તરીકે પસંદ કર્યા છે. તેમના સૈનિકો તરીકે આપણી પસંદગી કરીને તેમણે આપણને ઘણું મોટું ગૌરવ આપ્યું છે. ખ્રિસ્તના સૈનિકો તરીકે આપણે મુશ્કેલીઓ સહન કરવી પડે, કે પ્રલોભનો સામે ભીષણ યુદ્ધ કરવું પડે, છતાં આપણે આપણું સ્થાન છોડીને ભાગવાનું નથી; કારણ કે આપણા સેનાપતિનો એ હુકમ છે! તેમને ખાતરી છે કે એ જ

રીતે આપણે વિજય મેળવી શકીએ છીએ. તેમની અપરિમિત શક્તિનું સામર્થ્ય આપણામાં ભરી, તેમનાં જ આત્માનાં શસ્ત્રોથી આપણને સજ્જ કરેલાં છે. આથી હિમ્મત રાખી શેતાન શત્રુ સાથે સતત યુદ્ધ કરતાં રહો અને જે મોરચા પર તમને મૂક્યાં છે, ત્યાંથી જરા પણ પાછાં હઠશો નહીં!

આ જગતમાં તમે ગમે ત્યાં જશો ત્યાં ભ્રમણામાં પડેલાં અસંખ્ય મનુષ્યો તમને મળશે, કારણ કે જગત આખું એવાં લોકોથી ભરેલું છે. લોકો એવાં તો ગૂંચવાઈ ગયાં છે કે, અહીં શું થઈ રહ્યું છે અને કેમ થઈ રહ્યું છે, તેની તેમને સમજ પડતી નથી. તેમને મૃત્યુનો ડર સતાવી રહ્યો છે. દિનપ્રતિદિન જે બનાવો બનતા તેઓ જુએ છે અને તેમના વિશે સાંભળે છે તેથી તેમની ચિંતા વધી રહી છે. પહેલાંના કરતાં આજની પરિસ્થિતિ વધારે ચિંતાજનક બની ગઈ છે!

આજના સમયની રાજકીય પરિસ્થિતિ કથળી ગઈ છે અને નેતાઓ તથા લોકોની સ્વાર્થલોલુપતા વધી ગઈ છે. ધર્મના નામે લોકોને છેતરવામાં આવી રહ્યાં છે અને તેમનું શોષણ કરાઈ રહ્યું છે. નદીઓનાં નીરમાં ફેક્ટરીઓ પોતાના કચરો અને રસાયણો નાખવા લાગી છે, આથી પાણી દુષિત બન્યાં છે. ન્યૂક્લિયરવેસ્ટ મનુષ્યના આરોગ્યને હાનિ પહોંચાડી રહ્યો છે અને કાર તથા કારખાનાંનો ધૂમાડો વાતાવરણને દુષિત બનાવી જીવસૃષ્ટિને માટે ખતરો ઊભો કરી રહ્યો છે. જ્ઞાન અને વિજ્ઞાન મનુષ્યના કલ્યાણને બદલે રાસાયણિકશસ્ત્રો (બાયોલોજીકલ વેપન્સ) બનાવી મનુષ્યજાતિને કરુણ મૃત્યુના મુખમાં ઘસડી રહ્યાં છે. ચારે તરફ અવિશ્વાસ, આંતક, ખૂનામરકી અને અશાંતિનાં વાદળો ઘેરાયાં છે. દુકાળ, ધરતીકંપ અને અકસ્માતોના ઓથાર નીચે મનુષ્યજીવન

ગૂંગળામણ અનુભવી રહ્યું છે, ત્યારે સ્વાભાવિક રીતે જ પ્રશ્ન થાય કે, આ જગતનું શું થવા બેઠું છે!

આવા જગતની આ પરિસ્થિતિમાં આપણા સેનાપતિ પ્રભુ ઈસુ આપણને આપણી જગાએ અડગ બનીને શત્રુના આક્રમણ સામે અડીખમ ઊભા રહેવાનું કહે છે, કે જેથી શેતાન તથા તેની આસુરી શક્તિઓની સામે ટક્કર લઈ શકીએ. આપણા આ જાતના વલણને લીધે શક્ય છે કે બીજા લોકો પણ આપણા તરફ આકર્ષિત થાય! જ્યારે લોકો ભયથી થરથર કાંપી રહ્યા હોય ત્યારે આપણને શાંત, નિર્ભય અને સ્થિર નિહાળી આપણા વિશ્વાસથી ઉત્પન્ન સ્વસ્થતા વિશે જાણવાનું કુતૂહલ તેમને ઉત્પન્ન થઈ શકે છે.

સુવાર્તાનો મુખ્ય આશય જ આ છે. સુવાર્તાના ફેલાવા માટે મંડળીમાં સારા 'સંદેશા' આપનાર વ્યક્તિનું મહત્ત્વ પ્રથમ નથી. આવા વક્તાનું સ્થાન તો બીજા, ત્રીજા કે ચોથા નંબરનું ગણાવી શકાય. પ્રથમ સ્થાન તો દેવનાં શસ્ત્રોથી સજ્જ બનેલાં મંડળીનાં લોકોનું આવે છે, જે ગમે તેવી પરિસ્થિતિમાં પણ શેતાનના આક્રમણ સામે અડગ બનીને ઊભાં રહે છે. આવાં લોકોને લીધે, અસ્થિર અને અશાંત જગતનાં બીજા લોકો તેમના તરફ આકર્ષિત થશે અને આપણી શાંતિનું રહસ્ય જાણવાનો પ્રયત્ન કરશે. આ જ આપણી સુવાર્તા છે!

આપણે તો જે સ્થાન પર આપણને પરમેશ્વરે મૂક્યાં છે, તે સ્થાનને જ દઢપણે વળગી રહેવાનું છે અને તે સ્થાન પર ઊભા રહીશું તો જ પ્રભુ ઈસુ આપણને ઉપયોગમાં લઈ શકશે. જે વ્યક્તિ પોતાને સોંપેલા સ્થાન પર અચળ બનીને ટકી રહે છે, તે જ સાચા અર્થમાં પ્રભુ ઈસુની સેવા કરે છે. જે મંડળીમાં આ જાતનું

વલણ ધરાવનાર સભાસદોની સંખ્યા વધારે હોય, તે જ મંડળીનો સાચો વિકાસ થાય છે અને ખ્રિસ્તની અસરકારક સેવા કરી શકે છે. લોકો આવી મંડળીનાં ખ્રિસ્તીઓથી આકર્ષિત થશે અને એ ખ્રિસ્તીઓની શાંતિ અને વિશ્વાસનું રહસ્ય જાણવા માટે તત્પર બનશે. આ રીતે પરમેશ્વર આપણા વિશ્વાસુપણાનો ઉપયોગ બીજાઓને માટે કરશે. આપણા સ્થાનને દઢતાથી વળગી રહેવાને લીધે જ આપણા પ્રભુ ઈસુને વિજય મળશે, તેમનું ગૌરવ અને માન-મહિમા વધશે.

આમ, પ્રભુ ઈસુને માટે આપણને સોંપવામાં આવેલી સેવામાં સતત લાગુ રહેવું, એ ઘણું જ અગત્યનું છે. આ જાતનું કાર્ય પ્રત્યેક ખ્રિસ્તીને સોંપવામાં આવ્યું છે, આથી પ્રત્યેક ખ્રિસ્તીએ આત્માનાં શસ્ત્રોથી સજ્જ બનીને તથા પરમેશ્વરની અપરિમિત શક્તિનું સામર્થ્ય પ્રાપ્ત કરીને તેને સોંપવામાં આવેલી ચોકી (સ્થાન)ની સતત રક્ષા કરતા રહેવાનું છે.

✿✿✿

# પ્રકરણ ૭

# શેતાનની યુદ્ધ-કલા અને તેની વ્યૂહરચના

- એફેસી ૬ : ૧૧

ઇંગ્લેંડનાં મહારાણી ઈલિઝાબેથે પોતાના એક વ્યાખ્યાનમાં ઉલ્લેખ કરેલો કે ૧૯૯૨નું વર્ષ તેમના પરિવાર માટે 'ઘણું જ ખરાબ' (amus horribilis) વર્ષ હતું! અને તેમની એ વાત સાથે 'રાજાશાહી'નો કટ્ટર વિરોધી માણસ પણ સહમત થશે! હું માનું છું કે રાણી ઈલિઝાબેથ એક સન્માનીત સન્નારી છે. હું નથી માનતો કે એ રાજપરિવાર વિશે આપણા મનમાં કોઈ ભ્રમણા હશે. એ પરિવારનાં લોકો પણ છેવટે તો આપણા જેવાં પાપી મનુષ્યો જ છે! પરન્તુ આપણી અને તેમની પરિસ્થિતિમાં જે ભેદ હતો, તે એ હતો કે પહેલાં અખબારી આલમ તેમના દોષને છાવરવાનો પ્રયત્ન કરતી હતી. પરન્તુ આજે એવો પ્રયત્ન થતો નથી, આથી તે પરિવારનાં લોકો દ્વારા થતી ભૂલો અને દોષો આજે આખી દુનિયા સમક્ષ જાહેર થાય છે.

પરન્તુ આ રાજપરિવારમાં જે કાંઈ થઈ રહ્યું છે, તે તો સમગ્ર વિશ્વમાં વ્યાપ્ત અશાંતિ અને નિષ્ફળતાને આરે ઊભેલી સભ્યતાની કરુણ કહાનીનો જ એક નાનો સરખો અંશ માત્ર છે! બધા દેશોની સરકારો સમક્ષ રોજેરોજ સમસ્યાઓના ખડકલા થતા જ જાય છે. માનવસમાજને વધતી હિંસા, અપ્રામાણિકતા તથા ગુનાખોરીએ બાનમાં પકડ્યો છે. પહેલાં ક્યારેય ન હતો એવો વેરાન બનેલો માનવ-સમાજ આજે હતાશાની દશામાં જીવી રહ્યો છે! દુઃખની વાત તો એ છે કે આવી દશામાં આવી પડેલો માનવસમાજ

તેમાંથી નીકળવાનો પ્રામાણિક પ્રયત્ન કરતો નથી અને પોતાની આ અવદશાનો સ્વીકાર કરવા પણ તૈયાર નથી.

આપણે ફરી પાછા બ્રિટનના રાજપરિવારની વાત પર આવીએ! 'ઘણા જ ખરાબ વર્ષ' અંગેનો દોષ જો આપણે અખબારી આલમ પર મૂકીએ તો આપણે રોગના માત્ર બાહ્ય દેખાવ પર ભાર મૂકી, તેની આંતરિક ગંભીરતાની અવગણના કરી સાચા ઈલાજની દિશામાં જવાને બદલે અવળી દિશામાં જઈ રહ્યાં છીએ. આ જ સ્થિતિ આજે વિશ્વના રોગના સાચા નિદાન અંગે પણ પ્રવર્તી રહી છે.

'ન્યૂમોનિયા' જેને થયો છે એવા દર્દી વિશે વિચાર કરીએ. તેને તાવ છે, માથાનો દુખાવો છે, શરીરે પરસેવો વળે છે અને કળતર થાય છે. આવો દર્દી શું કરશે? તે પોતાના શરીરનું અને માથાનું કળતર તથા તાવ દૂર કરવા માટે એસ્પીરીન અથવા પેરાસિટેમલ (Paracetamol)ની ગોળીઓ ગળશે. પરન્તુ આ તો તેને જે દર્દ છે તેની દવા નથી. આ દવા તેના ન્યૂમોનિયાને મટાડી શકશે નહીં, માત્ર માથા અને શરીરના દુઃખાવાને દૂર કરશે. દર્દીના ફેફસાંને ચેપ લાગ્યો છે, infection લાગ્યું છે, તેનો આ સાચો ઈલાજ નથી. જો સાચો ઈલાજ કરવાને બદલે બીમારીનાં બાહ્ય લક્ષણોને દબાવવાનો પ્રયત્ન કરવામાં આવશે, તો દર્દીની સ્થિતિ વધારે કથળતી જશે. આ જ રીતે આપણી સમક્ષ જે અંધકારની શક્તિઓ સામે લડવાની સમસ્યા છે, તેને હલ કરવા માટે બીજા જ પ્રકારના અયોગ્ય પ્રયત્ન કરીએ છે. દુઃખે છે માથું અને કુટીએ છીએ પેટ! પવિત્રશાસ્ત્ર બાઈબલ 'એફેસીઓને પત્ર'ના છઠ્ઠા અધ્યાયમાં મનુષ્યજાતની અશાંતિના રોગનું સાચું નિદાન કરી યોગ્ય ઔષધ બતાવવામાં આવ્યું છે. સંત પાઉલ જણાવે છે,

કે આ અશાંતિ અને લાચારીનું પ્રધાન કારણ શેતાનની ચાલાકીભરી વ્યૂહરચના છે.

જ્યારે હું સૈનિક હતો, ત્યારના દિવસોના એક પ્રસંગની મને યાદ આવે છે. તે દિવસે યુદ્ધકલાના પ્રશિક્ષણ માટે અમને વીસ સૈનિકોને ચેવિયટની ટેકરીઓ પર મોકલવામાં આવેલા. અમારે એક ટેકરી પર આવેલા એક એકલા-અટૂલા ખાલી મકાનની રક્ષા કરવાની હતી. અમને રાઈફલો, મોર્ટાર અને એન્ટીટેન્ક રોકેટ આપવામાં આવ્યાં હતાં. તે દિવસ ઘણો જ સુંદર હતો અને અમે કોફી પીતાં-પીતાં સૂર્યના તાપમાં બેઠા હતા. પરન્તુ મારા મનમાં દુશ્મનનો ડર હતો. અમારાથી થોડે દૂર આવેલાં ઝાંખરાંમાં મરઘીની જાતના એક પક્ષીએ અચાનક ફડફડાટ કર્યો અને ત્યાં જ વૃક્ષોની ઝાડીમાં બેઠેલા એક કાગડાએ કા.... કા.... કા... નો ભય સૂચક અવાજ કર્યો.

મને લાગ્યું કે જરૂર એટલામાં ક્યાંક દુશ્મનો છૂપાયા છે. મેં મારા સાર્જન્ટને વાત કરી અને તેણે પોતાના દૂરબીનથી ચારે બાજુના વિસ્તારને દૂર-દૂર સુધી નિહાળ્યો અને હસતાં હસતાં મને કહ્યું, 'દોસ્ત, મને તો ક્યાંય સસલું પણ દેખાતું નથી, ગભરાઈશ નહીં!'

પરન્તુ એક કલાકની અંદર જ અમારા શત્રુએ અમારા પર જોરદાર હુમલો કર્યો અને જોતજોતામાં તો અમને ઘેરી લીધા! અમે દુશ્મનના પંજામાં ફસાઈ ગયા કારણ કે અમારી નજીક આવી પહોંચેલા દુશ્મનની અમને ખબર પડી નહીં! શેતાન શત્રુ પણ આ જ જાતની યુક્તિ અજમાવે છે. તે એવી તો ચાલાકીથી આપણી નજીક આવી જાય છે અને અચાનક હુમલો કરે છે કે જેના જોરદાર હુમલા સામે આપણે ટકી શકતાં નથી.

આપણા આ જમાનામાં શેતાને આ જ યુક્તિનો આપણી સામે ઉપયોગ કર્યો છે. તેણે બુદ્ધિશાળી માણસો પાસે શેતાનના અસ્તિત્વનો નકાર કરતા અને અલૌકિશક્તિઓના અસ્તિત્વની માન્યતાને હાસ્યાસ્પદ ગણાવતા ઘણા ગ્રંથો લખાવ્યા છે. અને આથી કેટલાક ખ્રિસ્તી લોકો અને કેટલીક ખ્રિસ્તી મંડળીઓ પણ શેતાનના અસ્તિત્વને માત્ર કાલ્પનિક વાત જ માને છે. આમ, ઘણાં લોકોને ભ્રમણામાં નાખી શેતાન પોતાના ઘૂસણખોરોને છૂપી રીતે ઘૂસાડતો રહે છે.

હવે આપણને સમજાય છે કે સામાન્ય મનુષ્યો જે ખ્રિસ્તી નથી, તે શેતાનના અસ્તિત્વનો ઈનકાર કરે છે. આવાં લોકો એક રીતે જોઈએ તો તટસ્થ છે. તેઓ શેતાનના અસ્તિત્વનો અને દેવના અસ્તિત્વ - બંનેનો ઇનકાર કરતાં હોય છે. અને તાર્કિક રીતે આ સાચું છે, કે જો કોઈ શેતાનના અસ્તિત્વને માનવા તૈયાર ન હોય તો સ્વાભાવિક છે કે દેવના અસ્તિત્વને પણ તે માને નહીં.

અહીં ધ્યાન ખેંચે એવી બાબત તો એ છે કે, કેટલાંક લોકો દેવના અસ્તિત્વનો સ્વીકાર કરે છે, છતાં શેતાનના અસ્તિત્વને માનવા તૈયાર નથી. પણ આ તર્કસંગત નથી. શા માટે અહીં તર્કદોષ થાય છે? ઉત્તર ઘણો જ સ્પષ્ટ અને સરળ છે, કે આ જગત આખું દુષ્ટતાથી ભરેલું છે. શેતાનની દુષ્ટતાને નિહાળવા આપણે સોમાલિયા, બોઝનિયા કે રુવાન્ડા જેવા દેશોને જ ગણાવવા જરૂરી નથી. એ તો તમને બેલફાસ્ટ અને ઉત્તર આયરલેંડમાં થતી વિદ્રોહી પ્રવૃત્તિઓમાં પણ દેખાશે. અથવા એડિનબર્ગ, ગ્લાસગો અને બ્રિટનના કોઈ પણ શહેરમાં જોવા મળશે. હિંસા, માદકદ્રવ્ય, લૂંટફાટ અને જાતીય ગુનાઓ તો બધે જ વધી રહ્યા છે. આપણે ચારેબાજુથી એવા વાતાવરણમાં ઘેરાઈ ગયાં છીએ, જ્યાં સત્ય

અને અસત્ય, દેવ-દાનવનું યુદ્ધ સતત ચાલી જ રહ્યું છે! આવા સમયે કોણ કહી શકે એમ છે કે હું પરમેશ્વરના અસ્તિત્વને તો સ્વીકારું છું, પરન્તુ શેતાનના અસ્તિત્વમાં અને તેની ચાલાકીઓમાં વિશ્વાસ કરતો નથી. કોઈ શી રીતે કહી શકે કે હું દૈવી શક્તિમાં માનું છું, કિન્તુ આસુરી શક્તિમાં માનતો નથી?

પેલા ઉત્ક્રાન્તિવાદમાં માનનારા તો વિચારે છે કે, મનુષ્ય પ્રગતિ કરી રહ્યો છે, પરન્તુ આપણે જોઈએ છીએ કે મનુષ્ય અધોગતિના કાદવમાં વધુ ને વધુ ઊંડો ખૂંપી રહ્યો છે. જીવન જીવવાના ઊંચા આદર્શો અને ઉચ્ચ-શિક્ષણ માનવજીવનમાં વ્યાપ્ત બુરાઈને દૂર કરી શકશે એવી માન્યતા ભ્રામક સાબિત થઈ છે. તૂટતાં પરિવારોની સંખ્યા દિનપ્રતિદિન વધી રહી છે અને અનાથાશ્રમોનાં બાળકોની સંખ્યામાં પણ સતત વધારો થઈ રહ્યો છે. ગુનાખોરીના દરમાં જે ગતિથી વધારો થઈ રહ્યો છે, એ બધું જોતાં પ્રશ્ન થાય છે કે, પહેલાંના સમય કરતાં જીવનધોરણ જો ઊંચું ગયું હોય અને શિક્ષણ તથા જ્ઞાન-વિજ્ઞાનનાં ક્ષેત્રો સાચા અર્થમાં વિસ્તાર પામ્યાં હોય, તો પોતાના દાદા કે દાદી કરતાં આજનો મનુષ્ય શા માટે વધારે દુ:ખી છે ? શા માટે વધારે ભયભીત બન્યો છે ? શા માટે લાચારી અનુભવી રહ્યો છે ?

આપણું પવિત્રશાસ્ત્ર બાઈબલ, આપણો ખ્રિસ્તી વિશ્વાસ અને આપણા તારનાર પ્રભુ ઈસુનું સમગ્ર જીવન; તેમને થયેલ દગો અને કાલવરી ઉપરનું તેમનું કરુણ મૃત્યુ, પાપ અને પરીક્ષણ અંગેનું તેમનું શિક્ષણ - એ બધું જ આપણને શીખવે છે, કે આ જગતમાં દૈવી અને આસુરી - બંને પ્રકારની શક્તિઓ છે! અને આસુરી શક્તિનો અધિપતિ શેતાન છે.

પાઉલ પ્રેરિત આપણને દેવનાં બધાં જ શસ્ત્રોથી સજ્જ

થવાની સલાહ આપે છે, કે જેથી શેતાનના હુમલા વખતે આપણે તેની સાથે ટક્કર લઈ શકીએ. જ્યારે બોક્ષીંગની રમતનો કોઈ ખેલાડી કોઈ અજાણ્યા પ્રતિસ્પર્ધી સાથે બોક્ષીંગ ખેલવાનો હોય છે, ત્યારે એ ખેલાડી પેલા અજાણ્યા ખેલાડીની રમતની વિડિયોટેપ જોતો હોય છે, કે જેથી તેને સમજ પડે કે જ્યારે એ ખેલાડી સાથે સ્પર્ધા કરવાની થાય ત્યારે તેની કઈ નબળાઈઓનો લાભ લઈ શકાય અને તેની પ્રહાર કરવાની રીતથી વાકેફ થઈને પ્રહારોથી બચી શકાય! ફૂટબોલના ખેલાડીઓ પણ જેની સાથે મેચ લેવાની હોય છે એવી ટીમની રમાયેલી મેચોની વિડિયોટેપ વારંવાર જોતા હોય છે, કે જેથી સ્પર્ધાના દિવસે તે ટીમને હરાવવા પોતાનો વ્યૂહ રચી શકાય. આપણા પવિત્રશાસ્ત્ર બાઈબલમાં આપણા શત્રુ શેતાનની વ્યૂહરચના અને ચાલબાજીઓનું વર્ણન કરે એવાં ઘણાં ઉદાહરણ આપવામાં આવ્યાં છે. સંત પાઉલ આપણને શેતાનના દાવપેચ સામે સાવધ રહેવા ચેતવણી આપે છે. આ પ્રકરણમાં આપણે શેતાનના દાવપેચ અને પ્રપંચનાં થોડાં ઉદાહરણો પર દૃષ્ટિપાત કરીશું. તેની વ્યૂહરચનાની જે પદ્ધતિ છે તેનાં ત્રણ ઉદાહરણ આપની સામે હું રજૂ કરું છું.

પ્રથમ : સમયની પસંદગી. પોતાના શિકાર પર હુમલો કરવાના સમયની પસંદગી કરવામાં શેતાન ઘણો જ નિષ્ણાત છે.

જ્યારે કોઈ બાબતમાં આપણે સફળ થઈએ છીએ, ત્યારે એ સમયને શેતાન આપણા પર હુમલો કરવાનો સૌથી ઉચિત સમય ગણે છે. શમૂએલના બીજા પુસ્તકના પ્રથમ અધ્યાયની અગિયારમી કલમમાં આ વાતનું ઉદાહરણ મળે છે. રાજા દાઉદ પોતાના શત્રુઓને હરાવે છે, પોતાના લોકોને એક કરે છે અને નવી રાજધાનીનું નગર બંધાવે છે. આ તેની સફળતાનો સમય હતો

અને ત્યારે જ શેતાન તેના પર હુમલો કરે છે. રાજા દાઉદ પોતાના એક સૈનિકની પત્ની સાથે વ્યભિચારનું પાપ કરે છે, ત્યારબાદ એ સ્ત્રીના પતિને મારી નંખાવીને માનવ હત્યાનું બીજું પાપ કરે છે. આપણા માન્યામાં ન આવે એવાં પાપ, દેવનો આ પસંદ કરેલો મનુષ્ય કરે છે ! દાઉદ જ્યારે પોતાની કિર્તીના સર્વોચ્ચ શિખર પર નિશ્ચિંત થઈને બેઠો હોય છે, ત્યારે જ લાગ જોઈને શેતાન તેને ઉપરથી ગબડાવી પાડે છે !

જ્યારે દેવની સેવાનો આરંભ કરીએ કે સફળતાપૂર્વક સેવા પૂરી કરીએ, એવે વખતે પણ શેતાન આપણા પર હુમલો કરતો હોય છે. શેતાનની સમયનો ઉપયોગ કરી લેવાની ચાલનો બીજો દાખલો માથ્થીની સુવાર્તાના ૨૬મા અધ્યાયની ૩૬મી કલમમાં જોવા મળે છે. પોતાનાં લોકની સાથે સંગતમાં રહેવા માટે પ્રભુ ઈસુએ 'પ્રભુભોજન'ના સંસ્કારની સ્થાપના કરી અને થોડા જ સમય પછી 'ગેથ્સેમાની'માં તેમનું પરીક્ષણ થયું. જે પ્યાલો તેમણે પીવાનો જ હતો તે દૂર કરવામાં આવે એવી પ્રાર્થના તેમણે કરી! અને ત્યારબાદ આપણાં પાપનો ભાર લઈને તે વધસ્તંભનું દુઃખ સહી રહ્યા હતા, ત્યારે લોકોએ તેમની મશ્કરી કરી અને કહ્યું : "જો તું ઈશ્વરપુત્ર હોય તો ક્રૂસ પરથી નીચે ઊતરી આવ!" બરાબર એ જ વખતે શેતાન ત્રાટકે છે, જ્યારે આપણે ઈશ્વરની સેવાના કામનો આરંભ કે સેવાની પૂર્ણાહુતિ કરીએ છીએ!

અને શેતાન માટે હુમલાનો સારો સમય એ ગણાય છે કે, જ્યારે આપણે નિર્બળ હોઈએ, અને નિરાશાના વમળમાં સપડાયેલાં હોઈએ. રાજાઓના પ્રથમ પુસ્તકના ૧૯માં અધ્યાયમાં આનું પ્રમાણ મળે છે. એલિયા એટલો બધો હતાશ થઈ ગયો હતો કે રોતેમ વૃક્ષની છાયામાં બેઠો હતો, ત્યારે તેણે યહોવા પાસે મોત

માગ્યું! મરવાનું પસંદ કર્યું! જ્યારે તે હતાશાના વમળમાં સપડાયો હતો અને ભાંગી પડ્યો હતો, એ જ વખતે શેતાને તેને પકડ્યો; તેના પર હુમલો કર્યો. આપણા પવિત્રશાસ્ત્ર બાઈબલમાં આવેલાં આવાં ઉદાહરણોનો આપણે અભ્યાસ કરવો જોઈએ અને શેતાનની ચાલ વિશે જાણકાર બનવું જોઈએ. શેતાનની શિકાર કરવાની રીતથી માહિતગાર થવું ઘણું જ જરૂરી છે. જોન બનિયને પોતાના પુસ્તક 'યાત્રાકારી'માં સમય જોઈને હુમલો કરવાની શેતાનની પદ્ધતિનો પ્રમાણભૂત અભ્યાસ રજૂ કર્યો છે. આ પુસ્તકમાંથી શેતાનના હુમલા વિશે ઘણી જ રસપ્રદ અને લાભદાયક માહિતી પ્રાપ્ત થાય છે.

આપણે ધારતાય ન હોઈએ એવાં મનુષ્યોનો શેતાન આપણને પાડવા માટે ઉપયોગ કરે છે : એ તેની બીજા નંબરની વ્યૂહરચના છે. પણ કેટલીક વાર તે શેતાનનાં જ હોય એવાં, દુષ્ટ જણાઈ આવે તેવાં મનુષ્યોને પણ આપણને હરાવવા માટે ઉપયોગમાં લે છે. જો તમારો કોઈ મિત્ર બદચાલનો હોય અને તમે તેની સંગતમાં રહેવાનું ટાળો નહીં, તો એક દિવસ તે મિત્ર તમને પતનના માર્ગે લઈ જશે. કેટલીક જગાઓએ ખુલ્લંખુલ્લા અનીતિ ચાલતી હોય, શેતાનના રાજ્યની બદી દેખાતી હોય, પ્રભુ ઈસુનો તિરસ્કાર કરાતો હોય, એવી જગાએ જવાથી અથવા એવા લોકોની સંગતમાં રહેવાથી આપણે શેતાનના હુમલાનો ભોગ બની જઈએ છીએ. પરન્તુ મુખ્યત્વે તો શેતાન એવી જગા અને એવાં મનુષ્યોનો ઉપયોગ કરતો હોય છે, જેમના વિશે ખરાબ હોવાની આપણને જરા સરખીય શંકા હોતી નથી.

શેતાન તમારા ઘનિષ્ટ મિત્રનો ઉપયોગ કરી તમને પાપમાં નંખાવી શકે છે. શેતાને સીમોન પીતરનો એવો જ ઉપયોગ કરેલો

(માર્ક ૮ : ૩૧-૩૩). પ્રભુ ઈસુના ત્રણ અતિપ્રિય શિષ્યોમાંનો પીતર એક હતો. છતાં પીતર પ્રભુ ઈસુને 'એક બાજુએ લઈ જઈને ઠપકો આપવા લાગ્યો', ત્યારે પ્રભુ ઈસુએ તેને કહ્યું : "શેતાન, દૂર જા! તું માણસની રીતે વિચારે છે, ઈશ્વરની રીતે નહીં!" (માર્ક ૮ : ૩૨-૩૩). આથી તમારા મિત્રો, સારા લાગતા મિત્રો પણ તમને જે કાંઈ કહે તે સાચું માની તેમના કહેવા પ્રમાણે કરવા લાગશો નહીં. કદાચ તે મિત્રો તમને ફાંદારૂપ નીવડી શકે છે! હા, ખ્રિસ્તી મિત્ર પણ એવી ભૂલમાં તમને નાખી શકે છે!

દુનિયાના ગમે તેવા સમજદાર માણસને પણ શેતાન પોતાનો હાથો બનાવી શકે છે. જ્યારે વિલિયમ કેરીએ તથા ગ્લેડિસ આયલવર્ડે વિદેશમાં જઈને સુવાર્તા પ્રચારના તેમના કાર્યમાં સહાયક બનવાની વિનંતી કરી, ત્યારે તેને ઠુકરાવી દેનાર કમિટીના સભ્યો ઘણા જ સમજદાર કહી શકાય તેવા મનુષ્યો હતા. પરમેશ્વરે ભૂતકાળમાં મારા હૃદયમાં પણ એવો જ બોજ મૂક્યો હતો અને જેમને સમજાવવા માટે મારે ઘણો જ શ્રમ કરવો પડ્યો, એ કમિટીના સભ્યો પણ ઘણા જ સમજદાર અને શાણા માણસો હતા! તેમની દાનત ખરાબ ન હતી, પરન્તુ દેવની ઇચ્છાની આડે આવતા હતા અને શેતાનની દુષ્ટ યોજનાના ભાગીદાર બનતા હતા.

શેતાન તો 'પુલ્પિટ' પરથી 'સંદેશા'ની સેવા આપનાર પ્રભુના ગણાતા લોકોનો પણ, લોકને ભમાવવાના કામમાં ઉપયોગ કરી શકે છે. આ જાતનાં ઉદાહરણો આપણને બાઈબલ અને શરૂઆતની મંડળીઓના ઈતિહાસમાંથી મળી રહે છે. દેવના કહેવાતા લોકોએ સાચી વાતનો ઇનકાર કરી સાચી વાત કહેનાર લોકોને ઘણા જ સતાવ્યા છે, જેલમાં પૂર્યા છે અને મારી પણ નાખ્યા છે!

બેશક, એ દેવના કહેવાતા લોકોના હાથમાં બાઈબલ તો હતાં જ, પરન્તુ બાઈબલની અડધી જ વાત, પોતાના હિતની હોય એટલી જ વાત લોકોને જણાવતા હતા! બાઈબલ તો તેમના હાથમાં હતાં જ કિન્તુ દેવનાં વચનો, દેવના શબ્દો તેમનાં દિલમાં ન હતા! બાઈબલ તો તેમના હાથમાં હતાં જ, પરન્તુ દેવના કહેવાતા એ લોકોનાં હૃદયો પર સ્વાર્થ અને અભિમાનનું સામ્રાજ્ય હતું! આમ, કોઈને પણ શંકા જાય નહીં એવાં, શુદ્ધ દેખાતાં મનુષ્યોનો ઉપયોગ કરવામાં પણ શેતાન પાવરધો છે!

મનુષ્યની સામે જેનો ત્રીજો ઉપયોગ કરે છે, તે આપણી કલ્પનામાં પણ ન આવે એવી કરામતો છે. તે નવી-નવી યુક્તિઓ શોધી કાઢે છે અને લોકોને ફસાવે છે. તેની નવીન શોધેલી યુક્તિ છે : ધીમો પગ પેસારો (Gradual approach). આ યુક્તિ જ્યારે શેતાન વાપરે છે ત્યારે તેના શિકારને ફસાયા હોવાનો અણસાર પણ આવતો નથી અને ફસાઈ જાય છે. ઉદાહરણ તરીકે તમારે કોઈ નાના છોકરાને તરવાના ભયથી મુક્ત કરવો હોય તો તેને છિછરા પાણીમાં છબછબિયાં કરાવવાં પડે, પછી ધીમે-ધીમે ઊંડા પાણીમાં ઉતારી શકાય.

શેતાન આવું જ કરે છે. પ્રથમ તો તે આપણી ભલા-બૂરાની લાગણીઓને જડ કરી દે છે. આ ક્રિયા તે ઘણી જ ધીરજથી કરે છે, આથી આપણે પાપના ઊંડા પાણીમાં ઊતરતાં જઈએ છીએ, તોય આપણને ખબર પડતી નથી કે, આપણે ડૂબી રહ્યાં છીએ. જો તમે કોઈ દેડકાને ઉકળતા પાણીમાં નાખશો, તો તે પોતાનો જીવ બચાવવા છલાંગ મારીને બહાર નીકળી જશે, પરન્તુ શીતળ પાણીમાં દેડકાને મૂકી પાણીને ધીમે-ધીમે ગરમ કરશો, તો પાણીના વધી રહેલા ઉષ્ણતામાનનો ખ્યાલ પેલા દેડકાને આવશે નહીં અને

ધીમે-ધીમે ઉકળતા પાણીમાં બફાઈને મરી જશો! શેતાન કોઈનો નાશ કરવા આવી ખતરનાક યુક્તિનો પણ ઉપયોગ કરે છે!

બીજી એક યુક્તિ તે એ કરે છે કે, જાણે તે આપણી પાસેથી જતો રહ્યો છે. તેણે આપણને છોડી દીધા છે, એવો આભાસ ઊભો કરે છે. લૂકની સુવાર્તાના ૧૧મા અધ્યાયમાં આવે છે તે પ્રમાણે પેલો અશુદ્ધ આત્મા થોડી વાર માટે પેલા શરીરમાંથી બહાર નીકળી જાય છે અને વાળી-ઝૂડીને સ્વચ્છ કરાયેલા પોતાના પુરાણા નિવાસસ્થાનમાં પાછો આવી જાય છે. આપણો સામનો કરવામાં તે જ્યારે નિષ્ફળ જાય છે, ત્યારે શેતાન જતો રહે છે અને આપણે નિરાંત અનુભવીએ છીએ, પરન્તુ આપણે જરાસરખા પણ ઢીલા પડીએ કે તરત જ તે આપણો કબજો લઈ લેતો હોય છે અને આપણને ખબર પણ પડતી નથી!

શેતાનની સૌથી ખતરનાક અને અત્યંત સફળ બનેલી યુક્તિઓમાંની એક છે : કોઈ મનુષ્યમાં નીંદા કરવાનો આત્મા મૂકવો (To plant a critical spirit in some person). આનું ઉદાહરણ આપણને મૂસાના જીવનમાંથી પ્રાપ્ત થાય છે (જુઓ, 'ગણના', ૧૨, ૧૪, ૧૬ વગેરે અધ્યાય). આ નીંદાત્મક, છિદ્રાન્વેષી વલણને લીધે અસમાધાનવૃત્તિ ઉત્પન્ન થાય છે અને તેનાથી જીવનમાં કડવાશ તથા તિરસ્કાર જન્મ લે છે; જે મનુષ્યની શાંતિને નષ્ટ કરી જીવનમાં અસંતોષ જન્માવે છે. અને છેવટે પરિણામ એ આવે છે કે એ વ્યક્તિ દેવ અને તેમનાં બાળકોની સંગત ગુમાવી બેસે છે તથા તેમના પ્રત્યેના વિશ્વાસમાં ઓટ આવવા લાગે છે. આલોચના (criticism) એ સારી વસ્તુ હોઈ શકે છે, પરન્તુ શેતાન તેનો કેન્સરના રોગ જેવો જીવલેણ ઉપયોગ કરી, જેના આત્મામાં નીંદાત્મક વલણ દાખલ કરે છે, તેનો નાશ કરે છે.

આ તો શેતાનની વ્યૂહરચનાનાં માત્ર ત્રણ જ ઉદાહરણ છે. જો આ વિષય પર લખવા હોય તો અસંખ્ય ગ્રંથ લખી શકાય તેમ છે. પવિત્રશાસ્ત્ર બાઈબલમાં એવાં સંખ્યાબંધ ઉદાહરણો છે, કે જેમાં શેતાને સારાં મનુષ્યોને દેવની પાસેથી ખેંચી લીધાં અને તેમનાં જીવનોને ખંડિયેર બનાવી નષ્ટ કરી દીધાં! આથી જ એ જરૂરનું છે, કે આપણે દેવનાં બધાં જ શસ્ત્રોથી સજ્જ થઈએ. આપણે એ પણ ધ્યાનમાં રાખવું જોઈએ કે આપણો શત્રુ ઘણો જ બળવાન અને ચાલાક છે. આપણે જરાપણ ગફલતમાં રહેવાનું નથી. આપણી લડાઈ જીવનભરની લડાઈ છે. આ પૃથ્વી પરના જીવનમાં તો એ ક્યારેય અટકવાની નથી. આપણે કિશોર હોઈએ, યુવાન હોઈએ કે વૃદ્ધ હોઈએ, આપણી ઉંમર ગમે તેટલી હોય; શેતાન તો તેની બધી જ યુક્તિઓ આપણા પર અજમાવશે અને આપણને હરાવવાના પ્રયત્નો કરશે.

આપણને સ્વાભાવિક રીતે જ એક પ્રશ્ન થાય તેમ છે, કે એ શેતાન આપણી સામે યુક્તિ-કુયુક્તિઓનો શા માટે ઉપયોગ કરે છે? શા માટે આપણી સામે યુદ્ધે ચડ્યો છે? આ પ્રશ્નનો જો એક જ નાના વાક્યમાં જવાબ આપવો હોય તો કહી શકાય કે, "શેતાન એ શત્રુ છે, માટે." જો તમને 'ભૂંડાઈ'ના જન્મ વિશે જાણવાની કોઈ જિજ્ઞાસા હોય અને તે શા માટે શત્રુ બન્યો છે, તેની જાણકારી પ્રાપ્ત કરવી હોય, તો શ્રી સી. એસ. લૂઈસના હસ્તે લખાયેલ બાળકો માટેની એક સિરિઝ વાંચવાની ભલામણ કરીશ. 'નાર્નિયા સિરિઝ' (Narnia Series)ના નામથી પ્રસિદ્ધ એ પુસ્તકોની શ્રેણીનો પ્રારંભ 'સિંહ, ડાકણ અને કપડાં ભરવાનું મોટું કબાટ' (The Lion, the Witch and the Wardrobe)ના શીર્ષકથી થાય છે. આ પુસ્તકશ્રેણી ઘણી જ ઉત્તમ પ્રકારની છે,

જેમાં શ્રી સી. એસ. લૂઈસે શેતાન અને તેની ભૂંડાઈ વિશે સરળ ભાષામાં રસપ્રદ માહિતી આપી છે.

શેતાન એ દેવનો પ્રથમ નંબરનો શત્રુ છે. તેનું ધ્યેય છે : પરમેશ્વરની ભલાઈ અને પ્રેમની ભાવનાને લોકોની દૃષ્ટિથી અદશ્ય રાખવી. બીજા શબ્દોમાં કહીએ તો શેતાન દેવના સાચા સ્વભાવ વિશે લોકોમાં ભ્રમ ફેલાવે છે. તમે રેડિયો સાંભળો, ટી.વી. જુઓ કે સમાચાર પત્ર વાંચો, તો ખબર પડશે કે શેતાન તેના અસંખ્ય સૈનિકોની સહાયથી જગત આખાનાં લોકોને પોતાની માયાજાળમાં ફસાવી પરમેશ્વરની વિરુદ્ધ ઉશ્કેરી, યુદ્ધે ચડ્યો છે!

પરન્તુ બીજી બાજુ પરમેશ્વર પણ પોતાનું સૈન્ય વધારી રહ્યા છે. દેવનું સૈન્ય એ તો તેમની મંડળીઓ છે. અને એ અત્યંત સ્વાભાવિક છે કે શેતાન મંડળીઓને હેરાન કરે, તેમના પર હુમલા કરે! દેવ પોતાની મંડળીઓને પ્રેમ કરે તે શેતાનને ગમતું નથી; આથી તે મંડળીઓનો તિરસ્કાર કરે છે. આ મંડળીઓ એ દેવનું સૈન્ય છે, આથી તે શેતાનના હુમલાઓનો જડબાતોડ જવાબ આપે છે! આ જ પ્રમુખ કારણ છે કે શેતાન પ્રભુની આ મંડળીઓને નબળી પાડવાના, બદનામ કરવાના અને તેમને છિન્ન-ભિન્ન કરવાના પ્રયત્ન સતત કરતો રહે છે. જો કે આ આપણી ચર્ચા મંડળીઓની ભૌતિક બાબતો અંગેની છે, પરન્તુ આ જાતની ચર્ચા પણ અગત્યની છે. શેતાન દેવની મંડળીઓમાં જાતજાતના ગોટાળા કરાવે છે. ભાગલા પડાવે છે અને દેવ તરફથી મળતા 'સંદેશા'માં ભળતી જ વાતો ઉમેરી દે છે. એટલે સુધી કે મંડળીઓનાં લોકોના કેટલાક સમુદાયોને એવું સમજાવી દે છે કે શેતાન જેવી કોઈ શક્તિનું અસ્તિત્વ છે જ નહીં. આવું સમજાવી કેટલાંક લોકોને

બેદરકારીભર્યું જીવન જીવવા માટે તૈયાર કરે છે અને લાગ જોઈને તેમનું પતન કરે છે.

શેતાન કેવળ દેવનો કે તેમની મંડળીઓનો જ શત્રુ નથી, તે તો પ્રત્યેક ખ્રિસ્તીનો શત્રુ છે. તેનો મુખ્ય હેતુ, આપણો તારણનો ટોપ છિનવી લેવાનો છે. તે આપણને પાડવા માટે તેની બધા જ પ્રકારની યુક્તિઓનો આપણી વિરુદ્ધમાં ઉપયોગ કરે છે.

તે આપણા ભૂતકાળનાં પાપોને 'સમુદ્રના ઊંડાણ'માંથી શોધી લાવી, આપણી સમક્ષ રજૂ કરી, આપણને હતાશ કરીને દેવ પરના આપણા વિશ્વાસને ડગાવી દેવા માટે, કાનમાં કહે છે : 'આ તારું પાપ તો કદી જ માફ કરી ન શકાય!' આમ, આપણાં પાપ, જેની પરમેશ્વરે આપણને માફી આપી છે, તેની યાદ દેવડાવી આપણને રિબાવવાનો પ્રયાસ કરે છે તથા આપણા જૂના સ્વભાવને તાજો કરે છે અને આપણને ફરીથી પાપના માર્ગે લઈ જવાનો પ્રયત્ન કરે છે.

આપણો આ શત્રુ કેવળ ક્રૂર જ નથી; નફ્ફટ પણ છે! આપણા પ્રભુ ઈસુ આપણાં પાપનો ભાર લઈને વધસ્તંભનું આકરું મોત ભોગવી રહ્યા હતા, એવે વખતે પણ તે તેમનું પરીક્ષણ કરતાં કહે છે : 'જો તું દેવનો દીકરો હોય તો વધસ્તંભ ઉપરથી નીચે ઊતરી આવ અને લોકોને સાબિતી આપ!' ગમે તેમ કરીને શેતાન, માનવના તારણની ઈશ્વરે ઘડેલી યોજનાને નિષ્ફળ કરવા ચાહતો હતો!

શેતાન એ પરમેશ્વરનો દુશ્મન છે, મંડળીઓનો દુશ્મન છે અને પ્રત્યેક ખ્રિસ્તીનો દુશ્મન છે. આથી જ પ્રેરિત પાઉલ આપણને દેવનાં શસ્ત્રોથી હંમેશાં સજ્જ રહેવાની સલાહ આપે છે. આપણા પ્રભુ ઈસુએ જે શસ્ત્રો ધારણ કરેલાં, એ જ શસ્ત્રો તેમણે આપણને

પણ આપ્યાં છે. આપણે જાણીએ છીએ કે તેણે પ્રભુ ઈસુને હરાવવાના અનેક પ્રયત્નો કર્યા અને હવાતિયાંય માર્યાં, પરન્તુ તે આપણા પ્રભુને હરાવી શક્યો નહીં! મિત્રો, એ જ કામયાબ નીવડેલાં શસ્ત્રોથી સજ્જ થવાની સલાહ સંત પાઉલ આપણને આપે છે.

આપણે હંમેશાં યાદ રાખીએ કે આપણા પ્રભુ ઈસુ જ સર્વશક્તિમાન છે. તેમની સામે શેતાનને ક્યારેય વિજય મળવાનો નથી.

આથી, સત્યથી તમારી કમર બાંધો, ન્યાયીપણાનું બખતર પહેરી તમારાં હૃદયનું રક્ષણ કરો, માથા પર તારણનો ટોપ ધારણ કરો, પગમાં શાંતિના પગરખાં પહેરો, દેવનાં વચનોની તલવાર હાથમાં ગ્રહણ કરો અને વિશ્વાસના બળથી તમારા હાથ મજબૂત કરો તથા તમારા હોઠો પર પ્રાર્થનાને ફરકતી રાખો એટલે તમે સલામત બની જશો! ક્યારેય તમે શેતાનને કહેવાની તક આપશો નહીં, કે તે હાર્યો નથી, એવી જૂઠી વાત તમારી આગળ રજૂ કરે! કારણ કે આપણા પરમેશ્વર જ સર્વશક્તિમાન છે. આપણે તો માત્ર દેવનાં શસ્ત્રો જ ધારણ કરવાનાં છે અને જે સ્થાને આપણને મૂક્યાં છે, ત્યાં દૃઢતાથી ઊભાં રહીને શેતાન શત્રુનો મુકાબલો કરવાનો છે!

✿ ✿ ✿

# પ્રકરણ ૮

# આપણા યુદ્ધનું સાચું સ્વરૂપ

આપણે માનવીઓની વિરુદ્ધ લડાઈ કરતા નથી, પણ સ્વર્ગીય દુનિયામાં જે દુષ્ટ આત્મિક સત્તાઓ છે એટલે અધિકારીઓ, અધિપતિઓ અને અંધકારની શક્તિઓ, તેમની સામે લડીએ છીએ. - એફેસીઓને પત્ર ૬ : ૧૨

જ્યારે વિદ્યાર્થીઓ ભણી રહે છે, ત્યારે નોકરીની શોધમાં સમાચારપત્રોમાં આવતી જાહેરખબરોને વાંચવા લાગે છે અને તેમાંથી કોઈ તેમને પસંદ પડે, તો પોતાની યોગ્યતાને ધ્યાનમાં લઈ અરજીઓ કરે છે. પરન્તુ અરજી કરતાં પહેલાં તે વિચારતો હોય છે કે શું તે જાહેરખબરમાં માગ્યા પ્રમાણેની યોગ્યતા ધરાવે છે? શું તેમાં લખ્યા પ્રમાણેની જવાબદારી પોતે ઉપાડી શકશે?

આ પ્રશ્ન ઘણો જ વાજબી છે. શું આપણે માગ્યા પ્રમાણેનું કામ કરી શકીશું? કેટલાક ઉમેદવારોની અરજીઓ તો નોકરી આપનાર વ્યક્તિઓનો સમય બગાડે તેવી હોય છે! આવી જાતના અરજદારો પાસે જોઈએ તેટલો અનુભવ, શૈક્ષણિક યોગ્યતા અને કાર્યક્ષમતાનો અભાવ હોય છે!

ઈન્ટરવ્યૂ કમિટિના સભ્ય તરીકે મને અરજદારોનાં ઈન્ટરવ્યૂ લેવાના ઘણા પ્રસંગો પ્રાપ્ત થયા છે. અને મને કહેતાં દુઃખ થાય છે, કે જેમનાં અમે ઈન્ટરવ્યૂ લીધાં હતાં, તેમાંના કેટલાક અરજદાર તો તેમણે કરેલી નોકરી માટેની જગા માટે જરા પણ યોગ્ય હતા નહીં. મારા આ જાતના અનુભવ પરથી મને લાગે છે કે આપણે આપણા વિશે વાસ્તવિકતાવાદી વલણ અપનાવવાની ઘણી જ

જરૂર છે. આપણે આપણી નિર્બળતાઓ અને આપણી કાર્યક્ષમતા વિશે સભાનતા રાખવાની આવશ્યકતા છે.

સંત પાઉલ કહે છે : આપણી લડાઈ રક્ત અને માંસ સાથેની નથી. તે આપણને આગળની વાત કરે તે પહેલાં આપણા માનવસ્વભાવની નિર્બળતા વિશે સંકેત કરે છે. આપણી સબળતા-નિર્બળતા અને સામે આવનાર સંકટો વિશે જો આપણે અજાણ રહીશું તો આપણે ઘણાં યુદ્ધોમાં પરાજય ભોગવવો પડશે.

'રક્ત અને માંસ' એ આપણા પતિત, મનુષ્ય સ્વભાવનો સંકેત કરે છે. સંત પાઉલ આથી કહે છે કે, પ્રત્યેક ખ્રિસ્તી 'સ્વર્ગીય દુનિયામાં જે દુષ્ટ આત્મિક સત્તાઓ' છે, તેની વિરુદ્ધ લડે છે; મનુષ્યોની વિરુદ્ધ નહીં.

પરન્તુ એનો અર્થ એ નથી કે આપણે મનુષ્યના પતિત સ્વભાવની સામે નહીં, પરન્તુ શેતાન અને તેના સાગરિતો સામે જ લડવાનું છે. મનુષ્યનો પતિત સ્વભાવ શું આપણા શુભ કાર્યમાં રુકાવટ ઊભી કરતો નથી? સંત પાઉલ જ્યારે 'રક્ત અને માંસ'ની સામે આપણી લડાઈ નથી, તેમ કહે છે, ત્યારે તેમને અભિપ્રેત છે, કે 'માત્ર લોહી અને માંસ નહીં, પણ ......' (Not mainly against flesh and blood).

એફેસીઓને પત્રના બીજા અધ્યાયમાં સંત પાઉલ જણાવે છે કે તેમને મનુષ્યના પતિત સ્વભાવનો અને 'રક્ત અને માંસ' સામેના યુદ્ધનો અનુભવ થયો છે. તે લખે છે :

ભૂતકાળમાં તમે આજ્ઞાભંગ તથા પાપને લીધે આત્મિક રીતે મરેલા હતા. તે સમયે તમે દુનિયાના દુષ્ટ માર્ગ પ્રમાણે ચાલતા હતા; તમે અવકાશમાંની આત્મિક સત્તાઓના અધિકારીને, એટલે

ઈશ્વરને આધીન નહીં રહેનારા લોકો પર કાબૂ ધરાવનાર આત્માને આધીન રહેતા હતા. હકીકતમાં તો આપણે સૌ તેમના જેવા જ હતા અને આપણી દુર્વાસનાઓ પ્રમાણે જીવતા હતા અને આપણી શારીરિક અને માનસિક ઇચ્છા પ્રમાણે વર્તતા હતા. બીજા સર્વની માફક આપણે પણ સ્વાભાવિક રીતે જ ઈશ્વરના કોપને માટે લાયક હતા....

બીજા શબ્દોમાં કહીએ તો 'રક્ત અને માંસ', અર્થાત્ આપણા પતિત સ્વભાવને લીધે માનવજાતની સઘળી સમસ્યાઓનો ઉદ્ભવ થયો છે. સંત પાઉલના આ વાક્યને ફરીથી ધ્યાનપૂર્વક વાંચો : "..... અને આપણી દુર્વાસનાઓ પ્રમાણે જીવતા હતા અને આપણી શારીરિક અને માનસિક ઇચ્છા પ્રમાણે વર્તતા હતા. બીજા સર્વની માફક આપણે પણ સ્વાભાવિક રીતે જ ઈશ્વરના કોપને માટે લાયક હતા..." અર્થાત્ આપણે પણ શેતાનની આંગળીના ઈશારે નાચતા હતા!

જ્યારે સંત પાઉલ 'રક્ત અને માંસ' સાથે આપણી લડાઈ નથી એમ કહે છે, ત્યારે તે કહેવા માગે છે કે, એ વિષય પર તો આપણે વિષદતાથી ચર્ચા કરી છે અને તે તમને યાદ હશે. આપણે આપણા માનવીય સ્વભાવની અવગણના ન કરી શકીએ. પરન્તુ આપણે માનવીય સ્વભાવ તથા શેતાનની દાનવતા વચ્ચે રહેલા ભેદને બરાબર સમજી લેવો જોઈએ. માનવતા અને દાનવતા વચ્ચે ઘણો જ ફરક છે; બંને એક નથી. આ ભેદ વિશે સ્પષ્ટતા કરવાનો આશય પણ અહીં જણાય છે. આથી એફેસીઓને પત્રના છઠ્ઠા અધ્યાયની બારમી કલમના મુખ્ય ભાગ પર આવીએ તે પહેલાં આપણે મનુષ્યના પતિત થયેલા સ્વભાવ વિશે સંત પાઉલ શું કહે છે, તે પર દૃષ્ટિપાત કરી લેવો આવશ્યક છે. જો આમ નહીં

કરીએ તો, આપણે શેતાનની કુયુક્તિઓને સમજી શકીશું નહીં. આપણે સૌપ્રથમ આપણી જાતને ઓળખવી પડશે.

આપણો નવો જન્મ થાય, પરમેશ્વર પિતાનો પ્રેમ આપણને પ્રાપ્ત થાય, પ્રભુ ઈસુના રક્તદ્વારા આપણને પાપોની ક્ષમા મળે અને પ્રભુ પવિત્ર આત્માની મહોર આપણા હૃદય પર મારવામાં આવે; તોપણ આપણે 'રક્ત' - 'માંસ'નાં મનુષ્યો જ રહીએ છીએ. અને એ વાત આપણે જાણીએ છીએ. આપણને એ પણ ખબર છે, કે આપણે નિર્બળ છીએ તથા ઘણી જ સહેલાઈથી હચમચી જઈએ છીએ. આપણે જાણીએ છીએ કે, નાની સરખી વાતથી પણ આપણો વિશ્વાસ ડગી જાય છે અને નિરાશાનાં વાદળો આપણને ઘેરી લે છે. આપણને એની પણ ખબર છે કે, આપણી સામે આવતાં પ્રલોભનોનો સામનો કરી શકતાં નથી અને પ્રભુ ઈસુથી દૂર ચાલ્યાં જઈએ છીએ. મને ખાતરી છે કે આપણે બધાં જ આપણી આ નબળાઈઓથી વાકેફ છીએ.

આસવ (Wine) બનાવતી વખતે એક એવો સમયગાળો આવે છે, જ્યારે આથો ચડે છે અને ફળો સાથેના ખમીર (yeast)ને કારણે એક પ્રકારની રાસાયણિક પ્રક્રિયા થાય છે અને કચરો વાસણને તળીએ બેસે છે. આ કચરાથી આસવને મુક્ત કરવા માટે એક વાસણમાંથી બીજામાં એમ કેટલીયવાર સુધી આસવ (Wine)ને સાવધાનીપૂર્વક ગાળવો પડે છે. જ્યારે આથો ચડતો હોય ત્યારે તમને પારદર્શક અને શુદ્ધ જ જણાશે, પરન્તુ વાસણને હલાવશો તો પેલો નીચે બેઠેલો કચરો (Lees) આસવની સાથે ભળી જશે અને આસવનો રંગ ઝાંખો-દુધિયો દેખાવા લાગશે.

ખ્રિસ્તીઓનો સ્વભાવ પણ આના જેવો છે. તેમને જરા હલાવો, જરા હાનિ પહોંચાડો; એટલે તેમનો પેલો નીચે બેઠેલો

કચરો તેમના સ્વભાવની ઉપર તરી આવશે અને તેમનાં આશા અને અરમાન - બધું જ ઝાંખા-દુધિયા રંગના દેખાવા લાગશે! એ જ આપણો પતિત થયેલો માનવ સ્વભાવ છે. આથી જ આપણે બરાબર સમજી લેવાનું છે કે, સંત પાઉલ આપણા પતિત થયેલા સ્વભાવ (પ્રકૃતિ)ની અવગણના કરતા નથી. તેમનું કહેવું છે કે આપણું યુદ્ધ મુખ્યત્ત્વે 'રક્ત અને માંસ' સામે નથી. આપણે સ્મરણમાં રાખીએ કે આપણામાં પેલું 'જૂનું માણસપણું' હજુ પણ મોજુદ છે !

ભૂતકાળના અવશેષોને શોધી કાઢવાના અને તે અવશેષોની જાળવણીના કાર્યમાં ગૂંથાયેલા ભૂસ્તરશાસ્ત્રીઓ પ્રત્યે મને ઘણું માન છે. ક્યારેક તેઓ પુરાણાં શહેરોનાં ખંડિયેરોમાં ખોદકામ કરી જૂના અવશેષો શોધી કાઢે છે, તો ક્યારેક પુરાણી દીવાલોનો અભ્યાસ કરી ઉપયોગી માહિતી એકઠી કરે છે. આજે ગ્રેટબ્રિટનનાં કેટલાંક પુરાણાં શહેરોમાં જૂના જમાનાની દીવાલોના અવશેષ જોવા મળે છે. યોર્ક, ચેસ્ટર, કૉન્વે અને કેરિક ફર્ગ્યુસ તેનાં ઉદાહરણ છે. મને એવી દીવાલો અને ખંડિયેરો જોવાનો અને ભૂસ્તર શાસ્ત્રીઓએ તૈયાર કરેલા નકશાઓનો અભ્યાસ કરી ભૂતકાળમાં એ વસ્તુઓ કેવી દેખાતી હશે, તેનું કાલ્પનિક ચિત્ર જોવાનો અને વર્તમાન સમયમાં દેખાતી એ વસ્તુઓનાં ચિત્ર (Photograph) પાડવાનો શોખ છે.

બધાં મનુષ્યો, એ મધ્યકાલીન સમયની દીવાલોથી સુરક્ષિત નગરોનાં જેવાં છે. આપણા જીવનની દીવાલોની વચ્ચે એક સમ્રાટે પોતાના નિવાસ માટે એક મહેલ બનાવ્યો છે, જેનું નામ આત્મા છે. પરન્તુ શેતાને યુક્તિપૂર્વક એ નગરની દીવાલમાં ગાબડું પાડ્યું છે અને પેલા સમ્રાટને દુઃખી થઈને પોતાનો મહેલ છોડવો પડ્યો

તથા એક કાજળકોટડીમાં નજરકેદી તરીકે પોતાના દિવસો ગુજારવા પડે છે. એ નગરની તોતીંગ દીવાલો તથા લોખંડી દરવાજા હજુય ઊભાં છે અને દુશ્મનની સામે આપણને થોડું ઘણું રક્ષણ આપે છે.

અહીં મારો કહેવાનો આશય છે કે, હજુય આપણે પરમેશ્વરની પ્રતિમા પ્રમાણે સર્જાયેલાં મનુષ્યો છીએ. જો કે આપણા સમ્રાટ (સ્વામી) કાજળકોટડીમાં બંધ છે, છતાંય આપણા ખરા સ્વામી તો એ જ છે. શેતાનશત્રુ આપણા નગરમાં આવજા કરતો રહે છે અને નગરની દીવાલોને જમીનદોસ્ત કરવાનો સતત પ્રયત્ન કરતો રહે છે, કે જેથી તેના સૈન્યના લૂટારા, ચોર, બદમાશ - બધા જ અંદર આવી જાય અને શહેરને બરબાદ કરી નાખે. પરન્તુ શેતાનની સામે આપણને કુદરતી રક્ષણ મળતું રહે છે. શહેરની પેલી દીવાલો અને દરવાજા તો હજુય ઊભાં છે! શેતાન ત્યારે જ પોતાના સૈન્ય વડે આક્રમણ કરી શકે છે, જ્યારે તે દીવાલોને પૂરેપૂરી તોડી શકે ! આ કથનને સમજવા માટે એક ઉદાહરણ લઈએ. ધારો કે એક અવિશ્વાસી ભાઈ છે. તે પોતાનાં બીલ નિયમિત ભરે છે અને દુનિયાની ભાષામાં કહેવાય એવું સારું જીવન જીવે છે. આવો માણસ શેતાનનો ગુલામ ભાગ્યે જ બને છે. પરન્તુ બીજો એક માણસ છે, જે દારુ, જુગાર ઈત્યાદિ દુષણોનો ભોગ બનેલો છે અને શેતાનના સંકજામાં પડ્યો છે. પહેલા મનુષ્યના સંદર્ભમાં વિચાર કરતાં જણાશે કે તે માણસ શેતાનના હાથમાં પડ્યો નથી, કારણ કે તેને કુદરતી રક્ષણ મળે છે અને તેનો આત્મા હજુ થોડે ઘણે અંશે સલામત રહ્યો છે, જ્યારે બીજા માણસના કેસમાં તો શેતાને તેને પૂરેપૂરો ગુલામ બનાવ્યો છે; આથી તેની પાસે તો શેતાન ચાહે ત્યારે આવી શકે છે અને ચાહે તેવાં દુષ્કૃત્યો કરાવી શકે છે.

પરમેશ્વરે મનુષ્યને પૂરું પાડેલું કુદરતી રક્ષણ પૂરેપૂરું ત્યારે

જ નાશ પામે છે, જ્યારે મનુષ્ય ખુલ્લંખુલ્લી રીતે દુષ્કૃત્ય કરવા લાગે છે. આવો મનુષ્ય પોતાના આત્માના શહેરની દીવાલોના દરવાજા - આંખ, કાન, મુખ અથવા જીભને ખુલ્લાં મૂકી દે છે, ત્યારે શેતાન તેની મરજી થાય ત્યારે આત્માના શહેરમાં પ્રવેશ કરી શકે છે અને તેની કુદરતી રક્ષણ શક્તિમાં બાકોરાં પાડી સુરંગો ગોઠવી દે છે! જ્યારે કોઈ સ્ત્રી અથવા પુરુષ દારૂના દૈત્યનો શિકાર બને છે ત્યારે આવું બને છે. અહીં હું દારૂડિયાપણાને એક પ્રકારની માંદગી છે એમ કહી, તેની સારવાર લઈ શકાય છે, એ જણાવવા માગું છું; છતાં તેની સાથે એ પણ કહીશ કે દારૂડિયાપણું એ માત્ર એક પ્રકારની બીમારી જ નથી, પરન્તુ શેતાનનું તે મનુષ્ય પર થયેલું આક્રમણ છે; એ તે મનુષ્યની ગુલામગીરી છે! જ્યારે શેતાન મનુષ્ય પર આક્રમણ કરે છે અને મનુષ્ય તેનો ગુલામ બની જાય છે, ત્યારે એ મનુષ્યના વ્યક્તિત્વના ફુરચેફુરચા ઊડી જાય છે.

આપણી વ્યક્તિગત શક્તિના બળ પર મદાર રાખીને જો આપણે શેતાનની સામે યુદ્ધ કરવાનો વિચાર કે પ્રયત્ન કરીશું, તો જરૂર આપણે પરાજિત થવાના છીએ. હારેલા પાપીઓને માટે શેતાનના પાશમાંથી છૂટવાની કોઈ જ તક રહેતી નથી, કારણ કે તેના આત્માના નગરના બધા જ દરવાજા પર શેતાને પોતાની ચોકી બેસાડી દીધી હોય છે. અને જો આપણે શેતાનની યોજના પ્રમાણેનો વ્યવહાર કરવા લાગીએ તો, ક્ષણવારમાં જ આપણો તે નાશ કરી દેશે.

આજથી એક સૈકા પહેલાં જ્યારે ચાર્લ્સ ડાર્વિનના ઉત્ક્રાન્તિવાદના પુસ્તક 'ધી ઓરિજીન ઑફ સ્પીસિઝ'ના સંપર્કમાં લોક આવ્યાં, ત્યારે ઘણાં લોકો માનવા અને વિચારવા લાગ્યાં કે,

'જો મનુષ્યની ઉત્પત્તિ કાળક્રમે વાનરમાંથી થઈ હોય, તો આપણે કોઈ દેવતાની જરૂર નથી.' 'ધર્મશાસ્ત્ર વિદ્યા' (Theology)ની કોલેજોમાં આ વિચારને 'આધુનિક વિચારધારા' (Modernism)ના નામે શિખવવા માંડ્યો, જ્યાં ભવિષ્યમાં થનાર પાદરીઓને શિક્ષણ આપવામાં આવતું હતું. આ 'આધુનિક વિચારધારા' શિખવતી હતી કે, 'ઈસુ ખ્રિસ્ત, એ એક સામાન્ય મનુષ્ય જ હતા, જેમણે આપણને ઉત્તમ પ્રકારનું શિક્ષણ આપ્યું. હવે આપણે તેમના શિક્ષણને જીવન વ્યવહારમાં આચરણમાં મૂકવાનું છે અને તેમનું અનુકરણ કરવાનું છે. ખ્રિસ્તી દેવળોમાં આ જાતનો ઉપદેશ કરવાનો છે.'

આ વાતને બીજા શબ્દોમાં રજૂ કરવી હોય તો કહેવાય કે, 'મનુષ્ય પ્રગતિ કરી રહ્યો છે! ધીમે ધીમે સુધરી રહ્યો છે! આ દુનિયા એક સલામત નિવાસસ્થાન બની રહી છે, શાંતિ અને આનંદથી ભરેલું નિવાસસ્થાન! ખ્રિસ્તીપણું (Christianity) એ તો એ માણસ, ઈસુએ શિખવેલી નિસ્પૃહી (unselfish) જીવન પ્રણાલિકા છે!

અને પછી તો સેંકડોની સંખ્યામાં આ જ વાતનું પુનરાવર્તન કરતાં પુસ્તકો લખાયાં. કેટલાક પાદરીઓએ તો પ્રભુ ઈસુનો જન્મ કુંવારી માતાથી થયો, એ હકીકતનો તથા તેમના મૃત્યુમાંથી પાછા ઊઠવાના સત્યનો પણ છેદ ઉડાવી દે એ જાતનું શિક્ષણ આપ્યું! ડરહામ (Darham)ના માજી બિશપ તો આજથી સો વર્ષ પાછળ પડી ગયા છે. આજે તે જે કાંઈ કહે છે, એ તો પહેલાં લખાઈ ચૂકેલું કહી રહ્યા છે! થોડા વર્ષ પહેલાં હું જે મંડળી ઉપર પાળક હતો ત્યાં મારી પહેલાંના એક પાળકે એ મંડળીનાં લોકોને એ જાતનું શિક્ષણ આપેલું અને જાણી જોઈને કુશળતાપૂર્વક એ મંડળીનાં

લોકોના 'ત્રિએકતા'માં રહેલા વિશ્વાસના ભૂક્કા બોલાવી દીધા હતા અને ખ્રિસ્તના નામનું મીંડું કરી દીધું હતું!

પરન્તુ શેતાનની સાથેના યુદ્ધમાં એ મંડળીઓનું શું થયું? એ મંડળીઓનાં લોકોનાં, શેતાન સામે યુદ્ધ કરવાનાં હથિયાર છિનવાઈ ગયાં તથા લોકો હાથેપગે થઈ ગયાં! અને એ જ કારણ છે કે આજે ઇંગ્લેંડ, સ્કોટલેંડ અને વેલ્સનાં પ્રભુમંદિરો ખાલી પડ્યાં છે! આયર્લેંડની ખ્રિસ્તી મંડળીઓ પર, 'આધુનિક વિચારધારા'નું જેટલું આક્રમણ થયું તેટલું બ્રિટનની મંડળીઓ પર થયું નહીં, છતાં આયર્લેંડમાં પણ દેવળો ખાલી પડ્યાં છે. આનું કારણ એ છે કે, અહીં લોકોને ખાતરી થઈ ગઈ કે પ્રભુ ઈસુની પાછળ ચાલી ન શકાય! તેમનું અનુકરણ થઈ શકે નહીં! શું તમે કદી તમારા પોતાના સામર્થ્ય પર પ્રભુ ઈસુની પાછળ ચાલવાનો પ્રયાસ કર્યો છે? હા, મેં પ્રયત્ન કરી જોયો છે અને મને લાગ્યું છે કે હું મારી જાતે તેમનું અનુકરણ કે અનુસરણ કરી શકતો નથી. જો તમે એ જાતનો પ્રયત્ન કરશો, તો જરૂર નિષ્ફળ જવાના! પેલા ભજનમાં સાચું જ ગવાયું છે કે, 'મનુષ્યની શક્તિનો ઝાઝો વિશ્વાસ રાખશો મા, જો રાખશો તો ખચીત, નિષ્ફળ જવાના.'

આ જાતના વિચારોથી ઘેરાએલા મારા મન સાથે હું છ વાગ્યાના સમાચાર ટી.વી. પર જોવા માટે મારા અભ્યાસખંડમાંથી બહાર નીકળ્યો. સમાચાર બુલેટિનના સમાચારોમાં સૌપ્રથમ સમાચાર હતા મ્યુનિસિપાલિટી અંગેના, જેમાં તેના કેટલાક સભ્યોએ છેલ્લાં કેટલાંક વર્ષોમાં દશલાખ પાઉન્ડની કરેલી ઉચાપતની વાત હતી. એ સમાચાર બુલેટિનની બીજી બાબત હતી કે, અમેરિકાના પ્રમુખે એક એવી વ્યક્તિની એટર્ની જનરલ તરીકે નિમણૂક કરી હતી,

જેણે દેશના કાયદાનું ખુલ્લંખુલા ઉલ્લંઘન કરીને આવકવેરાની તેણે ભરવાની રકમની ચોરી કરી હતી. આમ, એક પછી એક કૌભાંડો, ચોરી, લૂંટફાટ, જાતીયગુનાઓ અને મારા-મારીથી ભરપૂર એ સમાચાર બુલેટિન છેવટે પૂરું થયું! અને હું ફરી પાછો મારા અભ્યાસખંડમાં ગયો. એફેસીઓને લખેલા સંત પાઉલના પત્રના છઠ્ઠા અધ્યાયની બારમી કલમ પર વિચાર કરવા લાગ્યો. મને લાગ્યું કે આજે સમગ્ર મનુષ્યજાતિ પોતાની નિર્બળતાનાં દુઃખોથી કણસી રહી હતી! પેલો શેતાન, લોકોના આત્માના ખુલ્લા દરવાજાઓમાંથી નિર્ભિકપણે આવજા કરી રહ્યો હતો. અને 'રક્ત-માંસ'નાં મનુષ્યોની સાથે શેતાન ભીષણ યુદ્ધ ખેલી રહ્યો હતો. જાણે આખીય માનવતા નિરાધાર લાચાર બની પોતાનો સર્વનાશ નોંતરી રહી હતી!

પરન્તુ શેતાન સામેના એ યુદ્ધમાં તારણપ્રાપ્તિ પછી ખ્રિસ્તી મનુષ્યને તારનાર પ્રભુ ઈસુ દ્વારા શું સહાય મળે છે? ખ્રિસ્તી છોકરીઓને સ્કૂલમાં, ખ્રિસ્તી યુવક-યુવતિઓને કોલેજમાં અને ખ્રિસ્તી પત્નીઓને તેમનાં ઘરોમાં તથા ખ્રિસ્તી કર્મચારીઓને તેમના કામની જગાએ અન્ય ધર્મનાં મનુષ્યોની તુલનામાં શેતાન સામેના યુદ્ધમાં શું રક્ષણ મળે છે? સંત પાઉલ 'એફેસીઓને પત્ર'ના બીજા અધ્યાયમાં કહે છે કે, દીવાલોવાળા પેલા શહેરની વચ્ચે રાજાએ પોતાના નિવાસસ્થાન માટે બનાવેલા મહેલમાંથી દુઃખી હૃદયે નિર્વાસન કરવું પડેલું જેમાં તે પુનઃ પ્રવેશ કરે છે. એ મહેલ પર ફરીથી દેવનો ઝંડો ફરકવા લાગે છે અને ચારે દિશાઓમાં વાત ફેલાઈ જાય છે કે, રાજાએ પોતાના નગરનો અધિકાર પાછો મેળવી લીધો છે! (ગીતોનું ગીત, ૨ : ૪)! પરમેશ્વરે તે નગરના

નગરપતિ, રાજાને કાજળકોટડીમાંથી બહાર કાઢી સિંહાસન પર બેસાડ્યા છે. અને દેવે એ શહેરના પ્રત્યેક દરવાજા (આંખ, કાન, મુખ) પર પોતાનો કડક ચોકી-પહેરો ગોઠવી દીધો છે. આપણા હૃદયની ગાદી પર બેઠેલા એ સ્વામીને ખબર છે કે આપણે માટીનાં બનેલાં કાચાં પાત્રો છીએ. તેમને એ પણ ખબર છે કે, આપણે શરદી, તાવ અને ફ્લુનાં શિકાર સહેલાઈથી બની જઈએ છીએ, કારણ કે આપણાં શરીર તકલાદી છે અને આપણી રોગપ્રતિકારક શક્તિ ઘટી ગઈ છે! તેમને એની પણ જાણકારી છે કે આપણે થોડા જ શ્રમથી થાકીને લોથ થઈ જઈએ છીએ અને દુ:ખોના સમયે આપણે નિરાશાના વમળોમાં ગોથાં ખાવા લાગીએ છીએ! તેમને ખબર છે કે આપણો નૈતિક જુસ્સો (morale) ઝાઝું ટકી શકતો નથી. આપણી સર્વ પ્રકારની નિર્બળતાઓથી તે વાકેફ છે, ''કેમ કે તે આપણું બંધારણ જાણે છે; આપણે ધૂળનાં છીએ એવું તે સંભારે છે'' (ગીતશાસ્ત્ર, ૧૦૩ : ૧૪).

દેવના નગરનાં નાગરિકો જ્યારે તેમને સોંપેલી જવાબદારીઓ બરાબર અદા કરી શકતાં નથી અને બધું જ બગાડી નાખે છે, ત્યારે પણ તે આપણી ભૂલો પ્રત્યે સહિષ્ણુતા બતાવે છે, કારણ કે આપણી શક્તિ અને નિર્બળતાઓને તે નગરપતિ જાણતા હોય છે તેમને ખબર છે કે 'આત્મા (પોતાનાં કાર્યો કરવા સદા) તત્પર છે, પરન્તુ દેહ નિર્બળ છે.

એ નગરનાં લોકોનાં હૃદયસિંહાસન પર પ્રભુ ઈસુ તખ્તનશીન થયા હોય છે ખરા, પણ ઘણાં નગરજનો તેમની આમન્યા જાળવતાં નથી અને તેમના હુકમોની છડેચોક અવગણના કરતાં હોય છે. મારું જીવન પણ એવાં ઉપદ્રવી અને બંડખોર નાગરિકોના જેવું જ

છે. પરન્તુ એ રાજા અને માલિક મને સંદેશો મોકલે છે કે "(ડરીશ નહીં, કારણ કે) મારી આધીનતામાં રહેવા માટે તારો આત્મા (તો) તત્પર છે, પણ તારું શરીર નિર્બળ છે (એની મને ખબર છે)." અને ત્યારે મને મારી નિર્બળતા પર શરમ ઉપજે છે!

જ્યારે શરીરરૂપી શહેરના દરવાજાઓ પર શેતાનના આક્રમણની ધોંસ વધે છે અને મારા 'કાન દરવાજા' આગળ જાતજાતના લોભામણા અવાજોનું આયોજન થાય છે, મારા 'આંખ દરવાજા' સામે વિકારવૃત્તિ જગાવે એવાં દૃશ્યોનું પ્રદર્શન ભરાય છે અને મારા 'મુખ દરવાજા'ની ક્રૂર તથા અશ્લિલ શબ્દો બોલવા માટે ઉશ્કેરણી કરવામાં આવે છે અને 'સ્પર્શેન્દ્રિયના દરવાજા'ને પંપાળવામાં આવે છે, ત્યારે મારા હૃદયની ગાદી પર બેઠેલા મારા રાજા અને માલિક, મારાથી સહન ન થાય એવાં શેતાનનાં બધાં આક્રમણોને પાછાં વાળે છે; કારણ કે તે મારી નિર્બળતા અને મારી સહનશક્તિથી માહિતગાર છે (૧ કોરિંથી ૧૦ : ૧૩).

ટૂંકમાં, જો પ્રભુ ઈસુનો વાસ આપણા હૃદયમાં હોય તો તેમને લીધે શેતાન સાથેના યુદ્ધમાં આપણને ઘણી જ સહાય મળે છે. આથી સંત પાઉલ કહે છે કે આપણું યુદ્ધ મુખ્યત્ત્વે રક્ત અને માંસ સામે નથી, આપણા મનુષ્ય સ્વભાવ સામે પણ નહીં, પરન્તુ શેતાન અને તેના સૈન્યની સામે છે!

જ્યારે આપણે પતિત માનવતા (માનવસ્વભાવ) અને શેતાનની તથા તેની શૈતાનીયત વચ્ચેના અંતરને સ્પષ્ટ કરવા પ્રયત્ન કરીએ છીએ, ત્યારે જાણવું અગત્યનું બને છે કે, એ બંને ક્યારેક ક્યારેક એકબીજામાં ભળી જતાં હોય છે. જ્યારે કોઈ દેશ બીજા દેશ પર આક્રમણ કરે છે, ત્યારે તે દેશનાં શહેરો પર

તોપમારો ચલાવે છે અથવા રોકેટથી પ્રહારો કરે છે અને તે નગરોનાં મહત્ત્વનાં સ્થાનો તથા મકાનોનો નાશ કરે છે. આમ જોઈએ તો આક્રમણ કરનાર શત્રુને લોકોનાં મકાનો સાથે કોઈ પણ જાતનું વેર હોતું નથી. ખરું પૂછો તો આક્રમક શત્રુને પણ પોતાના નિવાસ માટે મકાનો જરૂર પડે છે, છતાં તેમની લડાઈમાં મકાનોનો નાશ એટલા માટે કરાય છે કે, એ મકાનો તેમાં નિવાસ કરનારાંને સંતાવાની જગા પૂરી પાડી તેમનું રક્ષણ બને છે.

આવું જ આપણા માનવ સ્વભાવનું બને છે. આપણામાંનાં ઘણાં લોકોની પ્રકૃતિ (સ્વભાવ) વિશેષ પ્રકારની હોય છે. આવા વિશિષ્ટ પ્રકારના સ્વભાવનો પરમેશ્વર ઉપયોગ કરી શકે છે, પરન્તુ હંમેશાં એવું નથી બનતું. શેતાન પણ એ વિશિષ્ટ પ્રકારના સ્વભાવનો પોતાના હિત માટે ઉપયોગ કરી શકે છે. આપણામાંનાં ઘણાં લોકોની પાસે વિશેષ પ્રકારની આવડત હોય છે, જેનો ઉપયોગ દેવના રાજ્યની વૃદ્ધિ માટે કરી શકાય, પરન્તુ એવાં વિશિષ્ટ લોકોને શેતાન પકડી લઈ પોતાના હેતુઓ માટે પણ વાપરવા લાગે છે અને આમ, માનવ સ્વભાવ દૈવી અને દાનવી આક્રમણોનો ભોગ બને છે. આથી જ આપણે આપણી જાતને ઓળખવાની ઘણી જ આવશ્યકતા છે. આપણને ખાતરી થવી જોઈએ કે પ્રભુ ઈસુ આપણા જીવનમાં આવ્યા છે અને તેમના આવ્યા પહેલાંના સમયમાં, જ્યારે શેતાન આપણા પર રાજ કરતો હતો, ત્યારે આપણા જીવનમાં તેણે કરેલા નુકસાનનું સમારકામ થઈ રહ્યું છે કે નહીં! આપણે એનું પણ ધ્યાન રાખવાનું છે કે શેતાન આપણા સ્વભાવની કોઈ નબળી બાબતને પકડી લઈને પોતાના હિત ખાતર આપણો ઉપયોગ ન કરે! આવું ત્યારે બને

છે, જ્યારે ખ્રિસ્તીઓ અંદર અંદર ઝગડા કરે છે. ત્રીજા વિશ્વના દેશની એક મંડળીમાં મારો એક મિત્ર કામ કરે છે. તેણે ખ્રિસ્તીઓ વચ્ચેના એક ઉગ્ર ઝગડાની મને વાત કરી હતી. એક જ મંડળીનાં બે ખ્રિસ્તી પરિવાર સામસામે આવી ગયાં અને બેમાંથી એક પરિવારને મંડળીની બહાર કાઢી મૂકવામાં આવ્યું! અહીં માત્ર 'રક્ત-માંસ' (માનવસ્વભાવ)ની જ લડાઈ ન હતી, પરન્તુ શેતાને પણ પોતાની મેલી મુરાદને કામયાબ કરવા માટે તેમાં ઝંપલાવ્યું હતું!

મને એક મિત્રે પૂછેલું : ''જ્યારે અખ્રિસ્તી લોકો દ્વારા ખ્રિસ્તીઓની સતાવણી થાય ત્યારે શું એ સંઘર્ષ 'રક્તમાંસ' સાથેનો નથી?'' એક રીતે કહીએ, તો તેનો જવાબ હકારમાં મળે છે. મનુષ્યોએ દેવપુત્ર પ્રભુ ઈસુનો તિરસ્કાર કર્યો અને તેમને વધસ્તંભે જડી દીધા. પરન્તુ દુઃખની એ ક્ષણોમાં તેમણે પરમેશ્વરની કેવી પ્રાર્થના કરી? તેમણે પ્રાર્થના કરી કે, ''પિતાજી, અમને ક્ષમા કરો, કારણ કે તેઓ જે કરી રહ્યા છે તેનું તેમને ભાન નથી'' (લૂક ૨૩ : ૨૪). પ્રભુ ઈસુને ખબર હતી કે લોકોના આ કૃત્યમાં કોનો હાથ છે. આથી જ્યારે તમારા ખ્રિસ્તીપણાને લીધે કોઈ તમને સતાવે કે તમારી મજાક કરે ત્યારે, તમારે એ વ્યક્તિ કે વ્યક્તિઓને દુશ્મન ગણવાની જરૂર નથી. તેમને માટે પ્રાર્થના કરો અને જુઓ કે તે કોના હાથમાં રમી રહ્યાં છે. તેમને માટે પરમેશ્વરને પ્રાર્થના કરો કે તેમને એ ભયંકર શત્રુના હાથમાંથી છોડાવે અને ઘણી વખત બન્યું છે તેમ, તે શત્રુના હાથમાંથી છૂટીને પ્રભુ ઈસુના શરણમાં આવી જાય! આધ્યાત્મિક ક્ષેત્રમાં જે ખેંચતાણ ચાલી રહી છે તેની સમતુલા જળવાઈ રહે તે માટે શેતાનનાં પ્યાદાં બનેલાં

મનુષ્યો, આવી રીતે પ્રભુ ઈસુના પક્ષે આવીને ઊભાં રહે છે. આથી જ પાઉલપ્રેરિત કહે છે કે, "આપણી લડાઈ 'રક્ત અને માંસ'ની સામેની લડાઈ નથી."

તેમ, તે શત્રુના હાથમાંથી છૂટીને પ્રભુ ઈસુના શરણમાં આવી જાય! આધ્યાત્મિક ક્ષેત્રમાં જે ખેંચતાણ ચાલી રહી છે તેની સમતુલા જળવાઈ રહે તે માટે શેતાનનાં પ્યાદાં બનેલાં મનુષ્યો, આવી રીતે પ્રભુ ઈસુના પક્ષે આવીને ઊભાં રહે છે. આથી જ પાઉલપ્રેરિત કહે છે કે, "આપણી લડાઈ 'રક્ત અને માંસ'ની સામેની લડાઈ નથી."

✿ ✿ ✿

# પ્રકરણ ૯

# શેતાનના રાજ્યની વિશેષ માહિતી

આગળના પ્રકરણમાં આપણે જોયું કે આપણી લડાઈ 'રક્ત-માંસ', એટલે મનુષ્યોની સામે નથી. આ પ્રકરણમાં આપણે જોઈશું કે હકીકતમાં આપણું યુદ્ધ 'સ્વર્ગીય દુનિયામાં જે દુષ્ટ આત્મિક સત્તાઓ છે, એટલે અધિકારીઓ, અધિપતિઓ અને અંધકારની શક્તિઓ' સામે છે (એફેસીઓને પત્ર ૬ : ૧૨). આમ તો આ વાક્યાંશનો ઘણી રીતે અભ્યાસ કરી શકાય તેમ છે, છતાં સંત પાઉલને આ લખતી વખતે જે અર્થ અભિપ્રેત હશે તેના અધિક નજીકના સંદર્ભમાં આપણે વિચાર કરવા ઇચ્છા રાખીએ છીએ. સંત પાઉલ અહીં કહેવા માગે છે કે જ્યાં (જે મંડળીઓમાં) દેવની વાણીને પ્રામાણિકપણે પ્રગટ કરવામાં આવે, ત્યાં શેતાન સાથેનો સંઘર્ષ તો ચાલુ જ હોય છે, પરન્તુ દેવની કૃપાનો પ્રવાહ પણ સતત વહેતો જ રહે છે. મંડળી સાથે શેતાનનો જે સંઘર્ષ ચાલે છે તે અંગેની ચિંતાનો ભાર મંડળીનાં સભાસદોમાં વહેંચાવાને બદલે કેવળ મંડળીના પાળકના માથા પર જ રહેતો હોય છે. અહીં આપણે વિચાર કરીશું કે જેમને પરમેશ્વરે પસંદ કર્યાં છે તે મંડળીના ભાઈ-બહેનો (વિશ્વાસીઓ) શેતાન સામેના એ દૈનિક વિગ્રહમાં કેવી રીતે ભાગીદાર થઈ શકે છે!

આઠમા પ્રકરણમાં છઠ્ઠા અધ્યાયની બારમી કલમના પૂર્વાર્ધ વિશે અભ્યાસ કર્યો અને આ નવમા પ્રકરણમાં તેના ઉત્તરાર્ધ વિશે અભ્યાસ કરવાનાં છીએ, તે 'સંઘર્ષ'ની મૂળ વાતને બે ભાગમાં વહેંચી શકાય તેમ છે.

સંત પાઉલ જેનું વર્ણન કરે છે તે, દેવના શત્રુ સામેના યુદ્ધનો અનુભવ તો સામાન્યપણે બધા જ ખ્રિસ્તીઓને થતો હોય છે. કારણ કે મંડળી (Church) એ દેવનાં પસંદ કરેલા લોકોનું, દેવના શત્રુ શેતાન સામે લડવા માટેનું એક સૈન્ય છે. અને પ્રત્યેક સૈનિકને તે મંડળી (સૈન્ય)માં ભિન્ન-ભિન્ન પ્રકારની ફરજ સોંપવામાં આવેલી છે.

પરન્તુ ખ્રિસ્તી સૈનિકની સેવા અંગે અને આપણે જે યુદ્ધ વિશે વિચાર કરીએ છીએ, તેનો સંદર્ભ એકબીજા અર્થમાં પણ જોઈ શકાય છે. સંત પાઉલે તીમોથીને લખેલા પ્રથમ પત્રના ત્રીજા અધ્યાયની છઠ્ઠી કલમમાં સંત પાઉલ જેને મંડળીમાં આગેવાન બનવાની ઇચ્છા છે તેમને યોગ્યતા (લાયકાત) અંગેનું એક લીસ્ટ આપે છે. અને સ્પષ્ટ શબ્દોમાં જણાવે છે કે, નવા નવા ખ્રિસ્તી બનેલા ભાઈને આગેવાની સોંપવી નહીં, ''રખેને તે અભિમાની બની જાય અને શેતાનના જેવી સજા વહોરી લે.'' આનો શું અર્થ થયો? આ કથનમાં ગૂઢ અર્થ સમાયો છે. અહીં આપણને સમજાવવામાં આવે છે કે શેતાનના પતનનું મૂળ કારણ તેનું અભિમાન હતું. 'ઉત્પત્તિ'ના પુસ્તકના પ્રથમ અધ્યાયની પ્રથમ કલમ અને બીજી કલમમાં જણાવવામાં આવ્યું છે કે, દેવે આકાશ અને પૃથ્વીનું સૃજન કર્યું, ત્યારે અનેક ચીજોની સાથે દેવદૂતોનું પણ સર્જન કર્યું અને તેમાંનો એક અભિમાની બન્યો તથા દેવનો શાપ વહોરી લીધો. અને એ જ કારણ છે કે કરોડો વર્ષોથી આ ધરતીની પાયમાલી થઈ રહી છે. પ્રાગૈતિહાસિક કાળનાં અશ્મિલ (અવશેષ-Fossils) અને કડીઓ (hints)ની સહાયથી 'ઉત્પત્તિ'ના પુસ્તકની ઉપર્યુક્ત 'કલમો' વિશે વધારે માહિતી પ્રાપ્ત થઈ શકે છે, એવું કેટલાક લોકો માનતા હશે. પરમેશ્વરે મનુષ્યનું સર્જન કર્યું તે

પહેલાં એ પ્રથમ અને બીજી 'કલમ'ના સમયગાળા વચ્ચે 'લ્યૂસીફર'નું અભિમાનને કારણે પતન થયું. સંત પાઉલ તીમોથીને લખેલા પ્રથમ પત્રના ત્રીજા અધ્યાયની છઠ્ઠી કલમમાં જણાવે છે તેમ 'લ્યૂસીફર'નું અધઃપતન તેનાં મિથ્યાભિમાનને લીધે થયું. આથી દેવની મંડળીમાં જે લોકો આગેવાની લે છે, તેમણે અભિમાનના દુષણથી દૂર રહેવાની ઘણી જ જરૂર છે, કારણ કે અભિમાન એ પાપનું મૂળ છે. જ્યારે આપણે મંડળીની વિવિધ સેવા અને સેવકો વિશે વિચારીએ છીએ, ત્યારે દેવની મંડળીમાં થતા સંઘર્ષ અને અભિમાન, એ બંને વચ્ચે રહેલા સંબંધને કારણે ઉત્પન્ન થનાર ભય વિશે પણ વિચાર કરવો આવશ્યક છે.

અંગ્રેજીમાં વપરાયેલ શબ્દ 'પ્રિન્સિપેલિટી' (Principality)નો અર્થ થાય છે, રાજાની હકૂમત નીચેનું રાજ્ય. આમ, શેતાને દેવની સત્તાની સામે પોતાના અભિમાનને લીધે બળવો કર્યો અને પોતાના રાજ્યની સ્થાપના કરી. એટલે શેતાનના રાજ્યની લાક્ષણિકતા ગણાવવી હોય તો કહેવાય કે અભિમાન તેના રાજ્યની લાક્ષણિકતા છે, કે જેમાંથી બીજી બધી ગંદી પ્રવૃત્તિઓનો જન્મ થાય છે.

'થુઆતૈરા' (Thyatira)ની મંડળીના સભ્યોને ઠપકો આપવામાં આવ્યો છે, કે તમે શેતાનના ગૂઢ રહસ્યને શીખી ગયા છો (પ્રકટીકરણ ૨ : ૨૪)! આથી આપણે જાણી શકીએ છીએ કે શેતાને પોતાના રાજ્યની સરહદો છેક ખ્રિસ્તની મંડળી સુધી વધારી દીધી છે. ખ્રિસ્તની મંડળીનાં જેમને સ્તંભ કહી શકાય એવાં લોકોને શેતાને પોતાનાં કરી લીધાં છે, આથી એવાં લોકો માટે મારે કાંઈ જ કરવાનું રહેતું નથી.

આપણે જાણીએ છીએ કે દુનિયાનાં લોકોનો મોટો ભાગ શેતાનને પૂજે છે (પ્રકટીકરણ ૧૩ : ૪). પરન્તુ આનો અર્થ એ

નથી કે લોકોનો મોટો સમુદાય શેતાનના જેવાં વિનાશક કાર્યોમાં સભાનતાપૂર્વક સહાયક બન્યો છે. શેતાનની પૂજા કરવી એટલે જે રીતે આપણે ખ્રિસ્તને ભજીએ છીએ, તેમ શેતાનને ભજવો. પરન્તુ પવિત્રશાસ્ત્ર બાઈબલને આ અર્થ મંજૂર નથી. બાઈબલને જે અર્થ અભિપ્રેત છે, તે એ છે કે : જેમનાં (લોકોના મોટા સમુદાયનાં) જીવનો પર અભિમાનનું સામ્રાજ્ય છવાયેલું છે, જેમની સઘળી ઇચ્છાઓ અને અભિલાષાઓ અભિમાનની આંગળીના ઇશારે નાચે છે; એવાં લોકો પરમેશ્વરની આણ સ્વીકારતાં નથી અને પરમેશ્વરની પરવા પણ કરતાં નથી. અને આવાં લોકો પરમેશ્વર સાથે પણ નમ્ર થવાને બદલે અક્કડ વલણ દાખવે છે.

આપણે સમજી શકતાં નથી કે શા માટે દેવ શેતાનના રાજ્યનો નાશ કરતા નથી અને ઉપરથી દેવ શેતાનની શક્તિને વધવા દે છે અને એ શેતાન શક્તિશાળી રાજાના રૂપમાં દુનિયાનાં લોકો પર રાજ કરે છે અને લોકોને દેવની સામે ઉશ્કેરતો રહે છે!

શેતાનના ગર્વિષ્ઠ રાજ્યની સામે લડવા માટે દેવે મંડળીરૂપી સૈન્યને તૈયાર કર્યું છે. પ્રત્યેક ખ્રિસ્તી, એ લડાઈની પ્રથમ હરોળમાં યોદ્ધાના રૂપમાં ગોઠવાયેલો છે. જેને મંડળીમાં વિશેષ પ્રકારનું સ્થાન આપવામાં આવેલું છે એ જવાબદાર, વિશેષ પ્રકારના હોદ્દા ધારણ કરનાર ખ્રિસ્તીઓએ મંડળીનાં અન્ય લોકોને (સૈનિકોને) માર્ગદર્શન અને નેતૃત્વ પૂરું પાડવાનું છે તથા આદર્શ પૂરો પાડી સૈનિકો (લોકો)ને શેતાનના મજબૂત રાજ્ય સામે દૃઢતાપૂર્વક લડવા માટે સહાય કરવાની છે.

આપણું મૂળભૂત કાર્ય આ જ છે. આપણા કાર્યની શરૂઆત અહીંથી જ થાય છે. મને એની ખબર છે કે આના કરતાં બીજાં વિશેષ પ્રકારનાં કાર્યો પણ આપણે કરવાનાં છે. પરન્તુ એ સઘળાં,

આપણા મૂળભૂત કાર્યની પરિધિમાં સમાઈ જાય છે. શેતાનના બળવાખોર, શક્તિશાળી સૈન્ય સામે આપણને લડવા માટે, ઝઝૂમવા માટે બોલાવવામાં આવ્યાં છે. અને ખ્રિસ્તીઓ તરીકે આપણે એ લડાઈમાં શામેલ થવાનું છે, કારણ કે બધાં લોકોને ખબર હોય કે ન પણ હોય, છતાં જાણતાં કે અજાણતાં તેઓ શેતાનના પક્ષે દેવની વિરુદ્ધમાં લડતાં હોય છે અને આપણે ખ્રિસ્તીઓએ શેતાનના એ સૈન્ય સામે લડવાનું છે.

શું તમે શેતાનના અભિમાની સૈન્યની પકડમાંથી મુક્ત થયા છો કે નહીં? શેતાનના રાજ્યના સૈનિક બનવા માટે તમારે શેતાનનાં ક્રિયાકાંડ કરવાં જ પડે એવું નથી. પ્રભુ ઈસુ અને શેતાનના રાજ્યોના સીમાડા સ્પષ્ટરૂપે નક્કી કરેલા છે. પ્રભુ ઈસુએ તો શિક્ષણ આપ્યું છે, કે મંડળીનાં ખ્રિસ્તી તથા સાચા અર્થમાં ખ્રિસ્તી નથી, એવાં બધાં લોકો સાથે સંગતમાં રહેવાનું છે. બકરાંની સાથે ઘેટાંએ રહેવાનું છે અને ઘઉંની સાથે ઘઉંના જેવા લાગતા કડવા દાણા ઊગે, તોપણ તેમની સાથે જ ઊગતા રહેવાનું છે (માથ્થી ૧૩ : ૨૪-૩૦, ૩૭-૩૮, ૨૫ : ૩૧).

શક્ય છે, કે આપણે પ્રભુ ઈસુની આરાધનાનાં ગીત કેવળ ગાવા ખાતર હોઠથી ગાતાં હોઈએ! જ્યારે આપણે પ્રાર્થનામાં ઘૂંટણે પડીએ, ત્યારે ખ્રિસ્તી જેવાં દેખાતાં હોઈએ! પરન્તુ આપણાં ગીતો અને પ્રાર્થનાના શબ્દો એ આપણા ખ્રિસ્તીપણાની કસોટી નથી. આપણા ખ્રિસ્તીપણાની ખરી કસોટી તો એ છે કે, આપણે સાચા અર્થમાં નમ્ર બનીને પ્રભુ ઈસુના શરણમાં ગયાં છીએ કે નહીં, તેમાં છે. આપણે કોના રાજ્યનાં નાગરિક છીએ? કોની આધિનતામાં આપણે જીવીએ છીએ? તમે નિયમિત રીતે ખ્રિસ્તી સંગતમાં ભાગ લેતાં હો, પરન્તુ હકીકતમાં તો તમારો નિવાસ

શેતાનના રાજ્યની સીમાઓમાં જ હોય! તમે બીજાં લોકોની દૃષ્ટિમાં તો સાચાં ખ્રિસ્તી જેવાં દેખાતાં હો, પરન્તુ તમને પોતાને ખબર છે કે થોડા દિવસો પહેલાં જ તમે શેતાનની સાથે ખાનગીમાં છબછબિયાં (debbling) કરતાં હતાં!

ખ્રિસ્તનું સામ્રાજ્ય તો છે, કિન્તુ શેતાનનું પણ પોતાનું એક અલગ સામ્રાજ્ય છે. તમે કોના રાજ્યનાં નાગરિક છો?

'ઑથોરિટી' (authority - સત્તા) શબ્દનો ગ્રીક ભાષા પ્રમાણે 'પાવર' (Power - સામર્થ્ય, પ્રભાવ, વર્ચસ્વ) થાય છે. પરન્તુ અંગ્રેજી બાઈબલની 'ન્યૂ ઈન્ટરનેશનલ વર્ઝન' (New International Version) આવૃત્તિમાંથી આ 'પાવર' શબ્દને દૂર કરી 'ઑથોરિટી' શબ્દ રાખવામાં આવ્યો છે. મારી દૃષ્ટિએ 'પાવર' શબ્દ પણ સારો જ હતો, છતાં એ 'ન્યૂ ઈન્ટરનેશનલ વર્ઝન'નો અંગ્રેજી અનુવાદ પણ એક સારો અનુવાદ છે.

તમે જાણતા હશો કે કોઈ પણ મોટી કંપનીના મેનેજિંગ ડાયરેક્ટરની પાસે વિશાળ સત્તાઓ હોય છે. હજારો કર્મચારીઓને નોકરી પૂરી પાડનાર એ વ્યક્તિ બધા જ કર્મચારીઓનો 'બોસ' છે. સંત પાઉલ સ્પષ્ટ કરવા માગે છે કે 'રાજકુમાર' પાસે જો રાજ્ય હોય તો નિઃશંકપણે તેની પાસે સત્તાઓ પણ હોય જ. બીજા શબ્દોમાં જો કહેવું હોય તો કહી શકાય કે શેતાન એ માત્ર નામનો જ રાજકુમાર નથી, પરન્તુ સાચા અર્થમાં રાજકુમાર છે અને તેની પાસે વિશાળ સત્તાઓ છે.

બાઈબલમાં તેને માટે જે નામો પ્રયોજાય છે તે સર્વ નામો દ્વારા પણ જણાય છે કે તે ઘણો જ શક્તિશાળી છે. લૂકની સુવાર્તાના ૧૧મા અધ્યાયની એકવીસમી કલમમાં તેને માટે 'બળવાન માણસ' શબ્દ પ્રયોગ કર્યો છે. આ 'બળવાન માણસ' લોકોની

મિલકત લૂંટી લે છે, બળજબરીથી પડાવી લે છે અને લોકોને જબરદસ્તીથી પકડી રાખે છે. આથી, આપણે જ્યારે દેવને માટે કાંઈક કરવા પ્રયત્નશીલ બનીએ છીએ, ત્યારે સૌ પ્રથમ આપણે દેવને પ્રાર્થના કરી તેમની અપરિમિત શક્તિનું સામર્થ્ય માગીએ છીએ. આપણે જાણીએ છીએ કે પેલા 'બળવાન મનુષ્ય' સાથે આપણી શક્તિથી આપણે લડી શકતાં નથી. આ શેતાનને માટે જે બીજું નામ વાપરવામાં આવે છે તે : 'ગર્જના કરનાર સિંહ' છે (૧ પીતર, ૫ : ૮). જ્યારે સિંહ જંગલમાં ગર્જના કરે છે ત્યારે સઘળાં પશુપક્ષી ભયથી ધ્રૂજી ઊઠે છે. આસપાસનાં ગામોનાં લોકો પણ તેની ત્રાડથી ડરી જાય છે. લંડનના એક પ્રાણી સંગ્રહાલયમાં એક માણસ તેની ફેન્સીંગ ઉપરથી સિંહના વાડામાં ઉતર્યો અને જોતજોતામાં તો સિંહે તેને રહેંસી નાખ્યો; તેનું દશ્ય થોડા સમય પહેલાં ટી.વી. પર બતાવવામાં આવ્યું હતું. બાઈબલ જેને ગર્જના કરનાર સિંહની ઉપમા આપે છે તે શેતાન ઘણો શક્તિશાળી અને હિંસક છે. જે મળે તેને ફાડી ખાવા માટે તૈયાર જ બેઠો હોય છે.

'પ્રકટીકરણ'ના બારમાં અધ્યાયની ત્રીજી કલમમાં શેતાનને 'લાલ રંગનો પ્રચંડ રાક્ષસી અજગર' (an enormous red dragon) કહ્યો છે. શેતાન અજગરની પેઠે પોતાના શિકારને ભરડામાં લે છે. અને એ શિકારને આખોને આખો ગળી જાય છે! શેતાન ધારે ત્યારે અજગરનું રૂપ પણ ધારણ કરી શકે છે. 'ધ સ્કૉટમેન ન્યૂઝપેપર' (The scotsman newspaper)માં જાન્યુઆરી ૨૯, ૧૯૯૩ના દિવસે નીચેનો એક પ્રસંગ છપાયો હતો :

"ગઈકાલે પોલીસનાં સૂત્રોએ જણાવ્યું હતું કે ફિલિપીનાં બાળકો તેમની સ્કૂલના પ્લેગ્રાઉન્ડમાં રમતાં હતાં, ત્યારે શેતાન

જેવા દેખાતા એક માણસને એક વૃક્ષ નીચે ઊભેલો કેટલાંક બાળકોએ જોયો. બાર વર્ષની મેરલીન અમ્પેટ નામની બાળાએ એ શેતાન જેવા લાગતા માણસનું વર્ણન પોલિસ સમક્ષ કરતાં જણાવ્યું કે 'એ માણસ ભયંકર રાક્ષસ જેવો હતો, જેને માથે બે શિંગડાં હતાં અને પાછળ પૂંછડું હતું.' આ બનાવની જાણ શાળાના પ્રિન્સિપાલને થઈ કે તરત જ મનીલા સ્કૂલનું કામકાજ થંભાવી દેવાયું અને બધાં જ બાળકોને નજીકના રોમન કેથલિક ચર્ચમાં લઈ જવામાં આવ્યાં અને એક ફાધરે બધાં જ બાળકો પર 'પવિત્ર જળ'નો છંટકાવ કર્યો. પણ જૉય બૉલાન્ટે નામની બીજી ૧૨ વર્ષની બાળા તોફાને ચડી તથા જોરજોરથી બૂમો પાડવા લાગી કે 'પરમેશ્વર છે જ નહીં.' અને બેભાન બની જમીન પર ઢળી પડી. તેની સાથે બીજી પાંચ છોકરીઓ પણ બેહોશ બની ગઈ હતી.''

મનીલા સ્કૂલનાં બાળકોએ શેતાનને તેના અસલી રૂપમાં જોયો! (જેમણે ફિલિપિન્સમાં ધર્મસેવા કરી છે એવાં અનેક મિશનરી ભાઈબહેનોએ મને જણાવ્યું છે, કે એ પ્રદેશમાં શેતાની પૂજા ખુલ્લંખુલ્લા કરાય છે. સમાચાર પત્રની વાત પ્રત્યે કદાચ શંકા લાવીએ, પરન્તુ મિશનેરીઓએ કહેલી, શેતાનની ભક્તિ કરવાની વાત તો તદ્દન સાચી જ છે.) છતાં શેતાનનું નામ, 'લાલ અજગર' એ શેતાનનો ભયંકરતા અને ક્રૂરતા બંનેનો ઉલ્લેખ કરે છે.

શેતાનનાં નામોમાં એક અન્ય નામ છે : 'જગતનો દેવ' (કરિંથીઓને બીજો પત્ર, ૪ : ૪). શેતાન એ એક 'દેવ' છે. અહીં એક બાબત પ્રત્યે આપણું ધ્યાન જાય છે તે એ છે કે, આખાય પવિત્રશાસ્ત્ર બાઇબલમાં ત્રણ જ વખત શેતાન વ્યક્તિના રૂપમાં પ્રગટ થયો છે. એક, સંસારની ઉત્પત્તિ પછી મનુષ્યનું પતન થયું તે વખતે. બીજું, અયૂબનું પરીક્ષણ કરવામાં આવ્યું તે પહેલાં

પરમેશ્વરની સમક્ષ ઉપસ્થિત થયો અને ત્રીજું, 'નવા કરાર'માં જ્યારે પ્રભુ ઈસુનું રાનમાં પરીક્ષણ થાય છે ત્યારે. આમ, સમગ્ર બાઈબલ પર દૃષ્ટિપાત કરીએ તો જણાશે કે ઉપર્યુક્ત ત્રણ ઘટનાઓ સિવાય શેતાન ક્યારેય પ્રગટરૂપે મનુષ્ય સાથે યુદ્ધ કરતો જોવામાં આવ્યો નથી. પરન્તુ પરમેશ્વરની ભક્તિ નહીં કરનાર તથા તેમની આધિનતા નહીં સ્વીકારનાર આ જગતના લોકો ધનદોલત અને સત્તાની પૂજા કરે છે. 'નવો કરાર' જ્યારે શેતાનને 'જગતનો દેવ' કહે છે, ત્યારે તેનો અર્થ એ છે કે જગતનાં લોકોનાં હૃદયોમાં લોભ, લાલસા, અભિમાન આદિ મૂકીને તેમના પર પોતાનો અધિકાર ચલાવે છે. આવી રીતે તે 'જગતનો દેવ' કહેવાય છે.

આમાંથી આપણે શું શીખવાનું છે? આપણે બાઈબલના અભ્યાસથી શેતાનના રાજ્ય વિશે, તેની શક્તિ વિશે તથા તેની સત્તા વિશે ત્રણ પાઠ શીખવાના છે.

પ્રથમ, જ્યારે શેતાન જેવો શક્તિશાળી શત્રુ આપણી સામે મેદાને પડ્યો હોય, ત્યારે આપણે કોઈ પણ બાબત અંગે અભિમાન કરી શકીએ ખરા? આપણું શારીરિક સૌંદર્ય, આપણી હેર સ્ટાઈલ, આપણી મોંઘી કાર, સુંદર અને ભવ્ય નિવાસસ્થાન તથા સમાજમાં મોભાનું સ્થાન આદિ; તો પાંચમે કે છઠ્ઠે નંબરે આવી શકે. કારણ કે જ્યારે આપણે શેતાન જેવા સમર્થ અને કપટી શત્રુ સાથે લડવાનું હોય, ત્યારે તો પ્રથમ સ્થાને તો એ લડાઈ જ આવી શકે!

જો હું ખ્રિસ્તી હોઉં તો બેંક બેલેન્સ, ભવ્ય નિવાસસ્થાન કે અન્ય સુખસુવિધાઓની ચિંતા ન કરું, પરન્તુ જગતના લોકોનાં હૃદયોને જીતી લેનાર અંધકારની શક્તિના સ્વામી શેતાન સાથે સતત વિગ્રહની સ્થિતિમાં રહું. સાચા ખ્રિસ્તીએ એવા કોન્ટેક્ટલેન્સ પહેરવાના નથી; જે માત્ર મર્યાદિત સમય માટે વાપરી શકાતા

હોય, જે દ્વારા માત્ર ફેશનેબલ વસ્તુ જ જોઈ શકાતી હોય અથવા માત્ર ચાંદીની ચમકને જ નિહાળી શકતી હોય! ખ્રિસ્તીએ તો ખ્રિસ્તે દીધેલી દૃષ્ટિથી પવિત્રતા, સત્યતા, શાંતિ, પ્રેમ અને ન્યાયીપણાથી ભરપૂર ખ્રિસ્તના રાજ્યને જ નિહાળવાનું છે. જો આપણને એ જોવાની દૃષ્ટિ મળી ના હોય તો આપણે નિર્ધન અને આંધળાં છીએ.

પ્રભુ ઈસુના સામ્રાજ્યમાં અભિમાન, આંખોની લાલસા અને શારીરિક વિલાસને કોઈ સ્થાન નથી. આ બધી તો શેતાનના સામ્રાજ્યની વસ્તુ છે. જો આપણા હૃદયમાં એ વસ્તુઓને સ્થાન હોય, તો એનો અર્થ એ થયો કે આપણે શેતાનની સત્તાની વિરુદ્ધમાં લડવાનું બંધ કર્યું છે અને ધીમે ધીમે શેતાનની છાવણીમાં પગપેસારો કરી, તેને શરણે જવાનું સ્વીકારી લીધું છે! કદાચ ગયા અઠવાડિયે, શેતાને મારા હૃદયદ્વારને ખોલ્યું છે અને એ દ્વારની સાંકળ પર શેતાનની ફિંગરપ્રિન્ટ પણ છપાઈ ગઈ છે!

અભિમાન વિરુદ્ધનું શિક્ષણ જે નમ્રતા છે, તે આપણને પ્રભુ ઈસુ ખ્રિસ્ત દ્વારા પ્રાપ્ત થાય છે. સ્વર્ગીયધામ છોડીને તથા સઘળા વૈભવનો ત્યાગ કરીને તે ધરતી પર આવ્યા અને તેમણે સેવકનું રૂપ ધારણ કર્યું. તેમણે પોતાની કમરે ટુવાલ વિંટાળ્યો અને પોતે ગુરુ અને સૃષ્ટિના સ્વામી હોવા છતાંય, પોતાના શિષ્યોના પગ જાતે ધોયા અને લૂછ્યાં! જ્યારે તેમણે આપણાં પાપોનો ભાર પોતાના શિરે લીધો, ત્યારે ક્રોસ પર અર્ધનગ્ન અવસ્થામાં વેદના સહન કરતાં કરતાં; પોતાના બાપની 'બાર ફોજો' હોવા છતાંય સંયમ ધારણ કર્યો અને પોતાના શત્રુઓ પ્રત્યે હમદર્દી બતાવી તથા શેતાન કરે તેનાથી વિપરિત આચરણ કરી છેક સુધી નમ્રતા દર્શાવતા રહ્યા! આ સઘળામાં શેતાનના અભિમાની સ્વભાવથી

વિરુદ્ધનું આચરણ જોવા મળે છે. આપણા હૃદયને થતા શેતાનના સ્પર્શથી, આપણા હૃદયમાં તેના આવાગમનથી પડેલા લીસોટા નિહાળીને તથા આપણા હૃદયમાં રહી ગયેલી તેની કાર્ય-પ્રણાલીની અસર જોઈને શું આપણું હૃદય શરમ તથા પશ્ચાત્તાપની વેદનાના ભારથી ઝૂકી જાય છે?

બીજો પાઠ. સ્વર્ગના રાજ્યમાં પ્રવેશ મેળવવો એ કાંઈ રમતવાત નથી. તમે એમ માની લેતા નહીં કે સ્વર્ગના રાજ્યમાં જવાની તમને ટિકિટ મળી ગઈ છે, એટલે તમે સહેલાઈથી ત્યાં પહોંચીને પ્રભુ ઈસુએ તેમનાં લોકો માટે તૈયાર કરેલાં નિવાસ સ્થાનોના વાડામાં બેઠાં બેઠાં તડકાની મઝા માણી શકશો! સ્વર્ગમાં લઈ જતો માર્ગ ઘણો જ કઠીન છે. અને ઠેકાણે ઠેકાણે શેતાનના સિંહો ગર્જના કરે છે, તમને ફાડી ખાવા માટે લાગ જોઈને તૈયાર બેઠા છે. નવા યરુશાલેમના બુરજ ઉપર આપણે ખ્રિસ્તનો ઝંડો ચઢાવી શકીએ, તે પહેલાં તો આપણે શેતાન શત્રુ સાથે ભીષણ યુદ્ધ કરવું પડશે અને ભયંકર રીતે જખમી થવું પડશે; એ હકીકતને તમે હંમેશાં ધ્યાનમાં રાખજો.

આપણે અંધકારની સત્તાઓ સામે સંઘર્ષ કરી રહ્યાં છીએ. આપણે એવા ખૂંખાર શત્રુનો સામનો કરી રહ્યાં છીએ, જે આપણને નેસ્તનાબૂદ કરવાની મેલી મુરાદ રાખે છે! યાદ રાખજો, જો આપણે શેતાનની છાવણીમાંથી તેના કેદીને મુક્ત કરવાનો પ્રયત્ન કરીશું, તો આપણું આવી જ બન્યું સમજજો! શેતાન પોતાની તમામ શક્તિથી તમારા ચૂરેચૂરા કરી તમારા ફૂર્ચા ઉડાવી દેવાને ઝનૂને ચડશે અને તમારી ઊંઘ હરામ કરી દેશે!

કદાચ આવું જ કોઈ કારણ હશે કે જેને લીધે પુરાણપંથીઓ (Puritans) સાદા અને સરળ જીવનવ્યવહારને મહત્ત્વ આપતા

હતા, તથા જીવનની તમામ લાલસાઓથી દૂર રહેવાનો સભાનતાપૂર્વક પ્રયાસ કરી પવિત્રજીવન જીવવાની હિમાયત કરતા હતા. તેમને શેતાનશત્રુની શક્તિનો પરિચય હતો અને ખ્રિસ્તીઓ પ્રત્યે તેને કેટલું વેર છે, તેની એ કટ્ટર ધાર્મિકતાવાદીઓ (Puritans)ને બરાબર ખબર હતી. પરન્તુ એ સઘળું આપણે માટે જૂનું થઈ ગયું છે, એ બધું આપણે ભૂલી ગયા છીએ કે સભાનતાપૂર્વક તેને ભૂલી જવાનો પ્રયાસ કરીએ છીએ! મને લાગે છે કે આપણે ફરીથી એ બધું શીખવાની જરૂર છે. જ્યાં સુધી આપણે શિસ્તબદ્ધ તાલીમ મેળવીશું નહીં, ત્યાં સુધી ખ્રિસ્તના સૈનિકો તરીકે જયવાન વિશ્વાસી બની શકીશું નહીં.

ત્રીજો પાઠ. આપણે સદા સ્મરણમાં રાખવાનું છે કે પ્રભુ ઈસુએ શેતાનને ભયંકર હાર આપી છે. આપણે આપણા રાજા પ્રભુ ઈસુના ક્રોસને ઊંચે રાખીને આગળને આગળ જ વધવાનું છે. કારણ કે આપણે હારેલા યુદ્ધ કેદીઓ નથી, પરન્તુ વિજેતા સેનાના સૈનિકો છીએ! આપણે તો હર્ષનાદ કરતાં કરતાં આગેકૂચ કરવાની છે. એ આગેકૂચ વખતે માર્ગમાં શત્રુના છૂપાયેલા સૈનિકોનો કદાચ સામનો કરવો પડે! શત્રુએ જમીનમાં દાટેલી સુરંગો પર થઈને ચાલવું પડે અને ઘાયલ પણ થઈ જવાય! છતાં સ્મરણમાં રાખીએ કે, આપણે વિજેતા રાજાના સૈન્યના વિજેતા સૈનિકો છીએ. શેતાન શત્રુથી આપણે ડરવાની જરૂર નથી. તે આપણો માલિક નથી, રાજા નથી. આપણે તો પ્રભુ ઈસુના રાજ્યનાં તેમને વફાદાર નાગરિકો છીએ. તે જ આપણા માલિક છે અને આપણે તેમની જ પ્રજા છીએ. છતાં, આપણે શેતાનની કુયુક્તિઓથી હંમેશાં સાવધ રહીને આગેકૂચ કરવાની છે. આપણે વિજેતાના મદમાં આવીને બેપરવાહ બનવાનું નથી. આંખકાન ખુલ્લાં રાખીને આગળ

વધવાનું છે. આપણે વધસ્તંભને જ મધ્યનજર રાખી ચાલ્યા જ કરવાનું છે; જ્યાં સુધી આપણા રાજા અને સેનાપતિ પ્રભુ ઈસુનો 'રુકજાવ'નો હુકમ ન મળે ત્યાં સુધી!

યાદ કરો, જ્યારે ચાલીસ દિવસના ઉપવાસ પછી, પરિણામ જાણતો હોવા છતાંય, શેતાને પ્રભુ ઈસુને ફસાવવા કેવો મિથ્યા પ્રયાસ કર્યો હતો! - "હું તને આ બધી સત્તા અને એનો વૈભવ આપીશ. એ મને સોંપી દેવામાં આવ્યો છે, અને હું જેને ચાહું તેને આપી શકું છું. એટલે જો તું પગે પડીને મારી ભક્તિ કરે, તો આ બધું તારું થશે" (લૂક ૪ : ૫).

દેવની પરવાનગી સિવાય શેતાન આપણને કાંઈ જ કરી શકતો નથી. તે જૂઠ્ઠાનો સરદાર છે. તેના મનમાં આવે તેને તે કાંઈ આપી શકતો નથી કે કાંઈ લઈ પણ શકતો નથી. તેની પાસે સત્તા તો છે, પરન્તુ એ સત્તા મર્યાદિત છે. સર્વસત્તાધિશ તો માત્ર પરમેશ્વર એકલા જ છે, અને આ વાત આપણે ખ્રિસ્તીઓએ તો હંમેશાં ધ્યાનમાં રાખવાની છે.

એક વખત એક કમિટીની મિટિંગમાં હું બેઠો હતો ત્યારે, હું કાંઈક છું એમ સમજનાર એક માણસે મારી વાતનો સખત શબ્દોમાં વિરોધ કર્યો ત્યારે, કમિટીના કેટલાક સભ્યો મારી સામે જોવા લાગ્યા કે હું કેવો પ્રતિભાવ બતાવું છું. પરન્તુ હું તો કાંઈ બોલ્યા સિવાય સ્મિત કરવા લાગ્યો. તે વખતે મારા મનમાં શું હતું તેની તમે કલ્પના કરી શકો છો? તે વખતે હું માર્ટિન લૂથરના શબ્દો મારા મનમાં વાગોળી રહ્યો હતો. તેમના શબ્દો હતા : "આ તો મંડળીનો આદેશ છે, સ્વર્ગનો નથી." અને આથી હું મનમાં હસી રહ્યો હતો! હું મારા મનમાં કહેતો હતો કે, "આ તો તમે કહો છો પણ દેવનો આદેશ શો છે? તમે વિચારો છો તેના

કરતાં મારું વિચારવું ભિન્ન પ્રકારનું છે!" થોડા સમય પછી કમિટીના પેલા તીસ મારખાં મેમ્બરના શબ્દો ખોટા પડ્યા! તે ધારતા હતા તેના કરતાં કાંઈક ઊંધું જ થયું! જુઓ, બધે જ પરમેશ્વરની સત્તા ચાલે છે.

મને ખાતરી થયેલી છે કે શેતાનની શક્તિમત્તા વિશે અને તેની કુટિલતા વિશે જેટલું વધારે જાણીએ, જેટલું વહેલું જાણીએ, તેટલા વહેલા અને ઝડપથી આપણે પ્રભુ ઈસુનું શરણ શોધવા તેમના તરફ દોડવા લાગીશું અને તેમની નજીક રહેવાના વધારે પ્રયત્નો કરીશું. અને આમ કરતાં પ્રભુ ઈસુને, આપણા તારનાર, આપણા રાજા અને માલિકને દિનપ્રતિદિન વધારે ને વધારે પ્રેમ કરતાં રહીશું. તેમના સમર્થ ભૂજોમાં આપણું પૃથ્વી પરનું જીવન જ નહી, પરન્તુ અનન્તકાળનું જીવન પણ સલામત છે. આથી, તેમના ધ્વજને આગળ રાખી, તેમની છત્રછાયામાં નિર્ભિક બનીને સાવધાનીપૂર્વક આગળને આગળ વધતાં જ રહીએ... વધતાં જ રહીએ અને ધ્યાન રાખીએ કે આપણા કોઈ કાર્ય કે વર્તન દ્વારા આપણા વિજેતા રાજા, પ્રભુ ઈસુના નામને લાંછનરૂપ ન બનીએ.

# પ્રકરણ ૧૦

## અંધકારના સ્વામીની શેતાનની સત્તા

થોડા સમય પહેલાં ટી.વી. પર મેં એક ડોક્યુમેન્ટરી ફિલ્મ જોઈ, જેમાં રશિયન બાળકોના વધી રહેલા મૃત્યુદર વિશે ચિંતા વ્યક્ત કરવામાં આવી હતી. ત્રીજા વિશ્વના દેશોમાં બાળમરણનો જેવો ઊંચો દર હોય છે, તેના જેટલો ઊંચો નવાં જન્મેલાં બાળકોમાંથી જે બચી જાય છે તેમાંનાં પચાસ ટકા બાળકો એક અથવા બીજા પ્રકારની ગંભીર માંદગીનાં ભોગ બને છે. જેમનાં ઈન્ટરવ્યૂ લેવામાં આવ્યાં તે રશિયન ચિકિત્સકોએ રશિયામાં બાળમરણના ઊંચા આંક માટે ત્રણ કારણોને જવાબદાર ગણાવ્યાં છે. પ્રથમ, રશિયન માતાઓને પૌષ્ટિક ખોરાક મળતો નથી તથા તેમને આવશ્યક એવાં વિટામીન મળતાં નથી. બીજું, રશિયન હોસ્પિટલોમાં જરૂરી સારવાર આપી શકાય તેવી આધુનિક સાધન-સામગ્રીની અછત તથા ત્રીજું, ઔદ્યોગિક કચરા (Toxins)ના વધારાથી હવામાન દુષિત બન્યું છે, જેને લીધે કેટલાક રોગો ઉત્પન્ન થયા છે, જે માતા બનનાર નારી માટે અને જન્મનાર બાળક, બંને માટે હાનિકર્તા છે.

આ બધું જોતાં આપણને તરત જ વિચાર આવે કે જે સરકારે પરમેશ્વરને રશિયાની હદમાંથી બહાર કાઢ્યા છે, તેનું જ કદાચ આ પરિણામ હશે. સોવિયેટ યુનિયનના પતન પછી આપણને માહિતી પ્રાપ્ત થાય છે કે ત્યાં તો 'અંધેરી નગરી અને ગંડુરાજા'ના રાજ જેવી સ્થિતિ પ્રવર્તતી હતી. જ્યારે એ પરિસ્થિતિનો વિચાર કરીએ છીએ અને લોકોની યાતનાની વાતો સાંભળીએ છીએ,

ત્યારે સંત પાઉલ જેને 'અંધકારની સત્તા' કહે છે, તે કેવી હોઈ શકે, તેનો ચિતાર આપણી આંખો સમક્ષ ઉપસ્થિત થાય છે.

પરન્તુ પશ્ચિમની દુનિયાનો પણ થોડો વિચાર કરીએ. એક દેશની પાર્લામેન્ટના વિરોધપક્ષના નેતાએ દેશમાં વધતા જતા ગુનાઓ અને તેનાં કારણો વિશે પ્રધાનમંત્રીને પ્રશ્ન પૂછ્યો, ત્યારે જે જવાબ મળ્યો તે હતો કે, 'છેક બીજા વિશ્વયુદ્ધથી ગુનાહિત પ્રવૃત્તિઓ આપણા દેશમાં વધતી જ રહી છે, ચાહે ગમે તે પક્ષની સરકાર વહીવટ કરતી કેમ ન હોય!' અંધકારની શક્તિ, પશ્ચિમના સમૃદ્ધ અને સુસંસ્કૃત ગણાતા દેશોમાં પણ કેવું રાજ કરે છે તેનો એકરાર પ્રધાનમંત્રીના જવાબમાં દેખાય છે!

હિંસાનું જે પૂર પશ્ચિમના દેશોમાં પણ ફરી વળ્યું છે, તેનાં કારણોને સમાજશાસ્ત્ર, નૃવંશશાસ્ત્ર (anthropolgy) અને માનસશાસ્ત્રના અભ્યાસથી શોધી શકાય તેમ છે. પરન્તુ એ દેશોની વણસેલી આધ્યાત્મિક સ્થિતિને પણ અનેક કારણોની સાથે કારણરૂપ ગણી શકાય. સંત પાઉલના શબ્દોનું સ્મરણ કરો : આપણું યુદ્ધ તો અંધકારની સત્તાના અધિકારીઓ અને અધિપતિઓ સામે છે.

એક સાત વર્ષની દીકરી પોતાના પિતા સાથે દરરોજ પર્વતની તળેટીમાં ફરવા જતી તે પોતાના પિતાને કહેતી કે, મને આ પર્વતની ટોચ પર લઈ જાવને! અને પિતા કહેતા દીકરી કોઈ દિવસ તને લઈ જઈશ. છેવટે એક દિવસ એ 'કોઈ દિવસ' આવ્યો. બંને જણાં સવારે વહેલાં ઊઠી તૈયાર થયાં. દીકરીએ નવાં પગરખાં પહેર્યાં, અને બપોરે ખાવાનું ભાથું સાથે લઈને ચાલી નીકળ્યાં. દીકરીના હરખનો પાર ન હતો, કારણ કે ઘણા વખતથી જેની ઝંખના કરતી હતી, તે સમય આવી ગયો હતો. પરન્તુ એકાદ માઈલનું ચઢાણ ચઢ્યા પછી દીકરી થાકી ગઈ. પિતાએ

તે દીકરી થાકી જાય એ માટે કોઈ લાંબો રસ્તો લીધો ન હતો, છતાંય તે થાકી ગઈ. દીકરીને આશ્વાસન આપતાં પિતાએ સમજાવ્યું કે હવે પર્વતની ટોચ વધારે દૂર નથી. તું થોડો નાસ્તો કર, થોડો આરામ કર અને ધીમેધીમે, રસ્તામાં બેસતાં બેસતાં, આપણે ઉપર ચઢીશું, આથી તને થાક નહીં લાગે. અને છેવટે તે દીકરી પર્વતની ટોચ પર ચઢી ગઈ.

આપણી જીવનયાત્રા પણ એના જેવી છે. દુનિયા આજે જેવી દુષ્ટ છે તેવી જ, સંત પાઉલના સમયમાં પણ દુષ્ટ હતી. ત્યારે પણ સંસારમાં અંધકારની સત્તાના અધિકારીઓ અને અધિપતિઓનું રાજ ચાલતું હતું. તે જ્યારે અંધકારની સત્તાની વાત કરે છે, ત્યારે આપણને યાદ દેવડાવવા માગે છે કે અંધકારની સત્તા કાયમી કે સર્વકાલિક નથી. એ સત્તા મર્યાદિત સમય માટેની છે, કારણ કે આ દુનિયાનું અસ્તિત્વ પણ મર્યાદિત સમય માટેનું જ છે. આ દુનિયાનો આરંભ છે, આથી તેનો અંત પણ નિશ્ચિત છે! પરન્તુ પરમેશ્વર અને તેમની કૃપા-કરુણાનો કોઈ જ અંત નથી. પૃથ્વી પરની આપણી જીવનયાત્રા દુષ્કર છે, યાતના અને સંકટોથી ભરપૂર છે, ચઢાણ કપરાં છે, પરન્તુ એક દિવસ એ પર્વતીય માર્ગનો અંત આવવાનો છે. પર્વતના એ ઊંચા શિખર પર આપણે પહોંચી જવાનાં છીએ, અને એક વખત એ સર્વોચ્ચ શિખર પર પહોંચી ગયા પછી, બીજાં ચઢાણ બાકી રહેવાનાં નથી.

તમારામાંનાં ઘણાંને ઈદી અમીન વિશે માહિતી હશે. કેટલાંક વર્ષો સુધી મિલિટરીના જનરલના ખોટા ખોટા ચાંદ અને યુનિફૉર્મ પહેરી તેણે વટ મારી ખાધો અને યુગાન્ડા દેશનાં લોકો પર કાળો કેર વર્તાવ્યો. દુનિયા આખી તેના જંગલી વર્તનથી ત્રાસી ગઈ હતી, પરન્તુ તેનાં ગાંડપણને કોઈ રોકી શક્યું નહીં. કિન્તુ એક

દિવસ તેની સત્તાનો પણ અંત આવ્યો! સદ્દામ હુસેનની સ્થિતિ પણ એક દિવસ એવી જ થવાની છે! નેપોલિયન અને હિટલર જેવા જુલમગારોની સત્તાઓનો પણ એક દિવસ અંત આવી જ ગયો ને! સંત પાઉલ આપણને સ્મરણ કરાવે છે કે જુલમગારોની, અંધકારની શક્તિ અને તેના અધિકારી તથા અધિપતિઓની સત્તા મર્યાદિત સમયની હોય છે; આથી તેમનાથી ડરી જઈને તેમને શરણે જવાનું નથી.

આપણા જેવા ખ્રિસ્તીઓ માટે તો અહીં એક મોટી હૈયાધારણ છે. પરન્તુ જે લોકો પ્રભુ ઈસુને ઓળખતા નથી, તેમને માટે અહીં ચેતવણીનો સૂર નીકળે છે. અહીં ચેતવણી અપાઈ છે કે પાપનું પરિણામ શૂન્યમાં આવશે અને પાપમાંથી મળતો ક્ષણિક આનંદ પણ જોતજોતામાં નષ્ટ થઈ જશે.

જો તમે દરિયા કિનારાનાં ગામોમાંથી દરિયા કિનારે ચાલ્યા હશો, તો તમને ખબર હશે કે ત્યાંનાં લોકો ફરવા જશે ત્યારે પોતાના કૂતરાને પણ સાથે લઈ જશે. અને ચાલતાં ચાલતાં પાણીમાં લાકડાનો કોઈ ટૂકડો કે પથ્થર પાણીમાં ફેંકશે અને પેલો કૂતરો તેને પોતાના માલિક પાસે પાછો લઈ આવશે. પણ, કેટલીક વખત પથ્થરને દૂર ઊંડા પાણીમાં ફેંકવામાં આવે, તો પથ્થરને બદલે કૂતરાનું મુખ પાણીથી ભરાશે અને તેને માલિક પાસે ખાલી હાથે પાછા આવવું પડશે. તેને ફેંકેલો પથ્થર મળશે નહીં.

સંસારમાં માણસોની સ્થિતિ પણ આના જેવી થાય છે. સુખ-સાહેબી પ્રાપ્ત કરવા માટે ઊંડા પાણીમાં ગોથાં મારે છે, તરફડિયાં ખાય છે અને ખાલી હાથે પાછું આવવું પડે છે, ત્યારે માથું કૂટે છે. સિલ્કનાં કપડાં પહેરેલાં, દિવસના બસો પાઉંડનો ખર્ચ કરનાર, પ્રાઈવેટ નર્સિંગહોમમાં પ્રભુ ઈસુને ઓળખ્યા વિના મરવા પડેલા

કોઈ ધનાઢ્ય વ્યકિત કરતાં, ફાટયાંતૂટયાં કપડાં પહેરેલો, સરકારી દવાખાનાના વોર્ડમાં સૂતેલો, પરન્તુ પ્રભુ ઈસુને ઓળખતો કોઈ ભિખારી માણસ સારો છે. પ્રભુ પવિત્ર આત્માની સહાયથી પ્રભુ ઈસુને ઓળખનાર મનુષ્ય જીવનભર પોતાના વિશ્વાસને આધારે જીવતાં જીવતાં, અનંતતામાં પરમેશ્વરની સમીપતાવાળું સમૃદ્ધ જીવન જીવવાની ક્ષમતા પ્રાપ્ત કરી શકે છે. આથી, આ 'દુનિયા' શબ્દ આપણને ખ્રિસ્તીઓને બીજી દુનિયા, જે અનન્ત છે, તેની આશા આપે છે. પવિત્રશાસ્ત્ર બાઈબલ કહે છે :

ત્યાર પછી અંત આવશે, અને ખ્રિસ્ત સર્વ આધિપત્ય, અધિકાર અને સત્તા પર વિજય મેળવશે અને ઈશ્વરપિતાને રાજ સોંપી દેશે. કારણ, ઈશ્વર તેમના સર્વ શત્રુઓને હરાવીને ખ્રિસ્તના પગ નીચે લાવે, ત્યાં સુધી ખ્રિસ્તે રાજ કરવું જોઈએ (૧ કોરિંથી ૧૫ : ૨૪-૨૫).

અને આપણી આશા છે કે ખ્રિસ્તનું સાર્વકાલિક રાજ્ય આવશે.

તમને ક્યારેય વિચાર આવે છે, કે આ જગતમાં આટલાં બધાં દુઃખ, આધિ, વ્યાધિ, ઉપાધિ અને સંકટ શા માટે આવે છે? કેટલાંક લોકો તો જાતે જ દુનિયાની દુષ્ટતામાં વધારો કરતાં રહે છે અને કહે છે, જો ઈશ્વરનું અસ્તિત્વ હોય તો આવાં દુઃખ શા માટે છે? આ પ્રશ્ન વિચિત્ર છે. આ તો એના જેવી વાત થઈ, કે કોઈ કહેવા લાગે કે 'ઘણાં જ વરસાદ અને પવનને લીધે હું સૂર્યપ્રકાશના અસ્તિત્વને માનતો નથી.'

આજે આપણે જે પરિસ્થિતિનો સામનો કરી રહ્યાં છીએ, તે વાસ્તવમાં જેના લીધે ઉત્પન્ન થઈ છે. તેનું એક ચિત્ર પ્રસ્તુત કરે છે અને જગતમાં વ્યાપ્ત અંધકારની શક્તિનું રહસ્ય ખોલે છે.

ભૂંડાઈની સમસ્યા અંગે બાઈબલ જે શબ્દનો વારંવાર ઉપયોગ કરે છે તે શબ્દ છે : 'અંધકાર.' દેવ વિશેની અજ્ઞાનતાના પર્યાયમાં પણ એ શબ્દનો ઉપયોગ કરી શકાય. હવે આપણને ભૂંડાઈની સમસ્યા અંગે સંત પાઉલે જે સમજાવ્યું છે, તે પર એક દષ્ટિપાત કરીએ.

અંધકાર મનુષ્યને અંધ બનાવે છે અને તેને લીધે અંધકારમાં રહેલો મનુષ્ય સાચો નિર્ણય લઈ શકતો નથી. સામાન્ય રીતે આજે આપણે નગરની એવી સ્ટ્રીટમાં રહેતાં હોઈએ છીએ, જ્યાં થાંભલા ઉપરની લાઈટને લીધે સ્ટ્રીટમાં જ નહીં પણ આપણાં ઘરોમાં પણ બારીઓના કાચ દ્વારા થોડો ઘણો પ્રકાશ આવતો હોય છે. પરન્તુ જો આપણે શહેરોથી દૂરના નાનાં ગામડાંમાં રહેતાં હોઈએ અને શહેરના જેવા લાઈટના થાંભલા ન હોય, તો આપણે આપણા ખાટલા નીચેથી ચંપલ કે સ્લીપર શોધવા માટે એ ગાઢ અંધકારમાં ફાંફાં મારવા પડે. મેં દૂરના આવા એક ગામમાં દશ વર્ષ ગાળ્યાં છે અને મને અનુભવ છે કે ખાસ કરીને શિયાળાની અંધારી રાતે તો એ અંધકાર ઘણો જ ઘેરો લાગે છે.

આત્મિક જગતમાં વ્યાપ્ત અંધકાર પણ આના જ જેવો છે. પ્રભુ ઈસુ જ્યારે વધસ્તંભ ઉપર હતા, ત્યારે તેમણે ઉચ્ચારેલા શબ્દોનું સ્મરણ કરો. તે બોલ્યા હતા : 'હે પિતા, આ લોકોને ક્ષમા કરો! પોતે શું કરી રહ્યા છે તે તેઓ જાણતા નથી' (લૂક ૨૩:૨૪). કારણ કે અંધકારે તેમને આંધળા બનાવી દીધા છે. અને તેને લીધે તેઓ શું કરી રહ્યાં છે, તેની સમજણ તેમને પડતી નથી. અજ્ઞાનના અંધકારને લીધે તેઓ જે કાંઈ કરી રહ્યાં છે તેમાં ખોટું છે તથા તેનું બૂરું પરિણામ આવવાનું છે એનું ભાન પણ તેમને થતું નથી.

આંધળાં મનુષ્યોને, જેમાં કૌશલ્યની જરૂર પડે એવી કળાકારીગરીવાળી નોકરીઓ (skilled jobs) માટે તૈયાર કરવામાં આવે છે. પરન્તુ આપણા જેવાં દેખતાં મનુષ્યોને એ જાતની તાલીમ વિના અંધારા ઓરડામાં મૂકવામાં આવે તો આપણાથી કશું જ કામ કરી શકાય નહીં. મારી માતાએ ચૌદ વર્ષની ઉંમરે અભ્યાસ છોડી દીધો, પરન્તુ બે વર્ષ પછી ફરીથી કોલેજમાં ભણવા ગયાં અને મિશનેરી કાર્યની તાલીમ લીધી. તેમની પાસે અભ્યાસ કરવા માટે માત્ર રાતનો જ સમય હતો, કારણ કે દિવસે તો તે વહેલી સવારે ૪ વાગ્યાથી રાતના ૯ વાગ્યા સુધી એક ફાર્મ (ખેતર)માં કામ કરતાં હતાં. આથી રાત્રે તેમની નાની બેબી ઊંઘી જાય ત્યારે, મીણબત્તીના ઝાંખા પ્રકાશમાં આખી રાત વાંચતાં. રાત્રે પણ તેમની બહેન જો જરા સરવળે કે પાસું બદલે તો તરત જ મીણબત્તી હોલવી નાખતાં અને અંધારામાં બેઠાં બેઠાં બહેન બરાબર ઊંઘી જાય ત્યાં સુધી રાહ જોઈને ફરીથી મીણબત્તી સળગાવતાં. અઠવાડિયામાં ત્રણ આખી રાતનું જાગરણ કરીને બે વર્ષ સુધી એવી રીતે અભ્યાસ કર્યો! ઝાંખો-ઝાંખોય મીણબત્તીનો પ્રકાશ હતો, તો તે અભ્યાસ કરી શક્યાં. પરન્તુ અંધકારમાં તો હું અને તમે કશું જ ન કરી શકીએ!

પરમેશ્વરે તેમના મહિમા માટે વાપરવા જ આપણને જીવન આપ્યું છે. પરન્તુ આપણે જો અંધકારમાં હોઈએ તો, પરમેશ્વર અને તેમના રાજ્ય માટે આપણે શું કરી શકીશું? આ પ્રશ્નનો ઉત્તર આપણને મળશે કે અંધકારમાં આપણે જે કાંઈ કરવાનો પ્રયત્ન કરીશું. તેમાં કાંઈ સારું પરિણામ આવશે નહીં! આપણે જો અંધકારમાં કામ કરવું હોય, તો પ્રકાશની જરૂર પડશે. જેને આત્મિક અંધાપો છે, તે પરમેશ્વરને માટે કાંઈ જ કરી શકતાં નથી.

તેમની કબર પરના પથ્થર પર અદશ્ય એવું લખાણ હશે કે, 'આ ભાઈ અથવા બહેને આખી જિંદગીમાં પરમેશ્વર માટે એક કલાક પણ કામ કર્યું નથી, કારણ કે તે અંધકારમાં જીવ્યાં અને અંધકારમાં જ મૃત્યુ પામ્યાં.' અંધકાર આપણી કાર્યક્ષમતાને અવરોધરૂપ છે.

જ્યારે પાવરકટ હોય, ત્યારે રાત્રિના અંધકારમાં શું તમે મ્યુઝિયમ જોવા જાવ ખરા? અથવા ફરવા માટે અને પ્રકૃતિનાં સુંદર દશ્યો જોવા માટે ઓસ્ટ્રેલિયા ગયાં હોય, ત્યારે દિવસે ઊંઘ્યા કરો અને આખી રાત અંધકારમાં ડ્રાઈવિંગ કર્યા કરો તો તમે જોવાની શી મઝા માણશો?

મને એક એવા પ્રકાશની ખબર છે, જે અંધકારમાં પ્રકાશે છે અને અંધકાર તેને હોલવી શકતો નથી (યોહાન ૧:૪). અને એ પ્રકાશ આપણાં ગમે તેવાં જીવનોને પ્રકાશિત કરી શકે છે, કારણ કે આપણને પરમેશ્વરે તેમની પ્રતિમા પ્રમાણે બનાવ્યાં છે તથા આપણાં બધાં પર તેમની કૃપાદૃષ્ટિ છે. સંગીત અને કાવ્ય-જગતમાં ફેલાએલા પ્રકાશને તો લોકો જોઈ શકે છે, પરન્તુ જગત આખામાં પ્રકાશતા પ્રભુ ઈસુના પ્રકાશને જે લોકો અંધારામાં છે, તે નિહાળી શકતાં નથી. જ્યારે આપણે અંધકારના જગતમાંથી આપણો પગ બહાર મૂકીએ છીએ ત્યારે, પ્રભુ ઈસુ ખ્રિસ્તને તથા તેમના પ્રકાશથી ઝળહળી રહેલી સૃષ્ટિને સંપૂર્ણ નવા સંદર્ભમાં જોઈ શકીએ છીએ.

અંધકાર ભય ઉત્પન્ન કરે છે. અંધકારથી ઉત્પન્ન થતા ભયનું એક રોમાંચક દશ્ય આલ્ફ્રેડ હિચકોકની એક ફિલ્મમાં સુંદર રીતે બતાવવામાં આવ્યું છે. એક સ્ત્રી પોતાના ઘરમાં એકલી બેઠી છે અને અચાનક લાઈટ જતી રહે છે. થોડી વારમાં જાણે કોઈ, ઘરનું બારણું તોડતું હોય તેવો તીવ્ર અને તીણો અવાજ આવે છે.

સાથે સાથે કોઈનાં પગલાં પણ સંભળાય છે! ગભરાટની મારી તે સ્ત્રી બોલી ઊઠે છે : 'કોણ છે?' પરન્તુ જવાબ મળતો નથી અને થોડી સેંકડ માટે બારણાનો અને ચાલવાનો અવાજ અટકી જાય છે. ફરી પાછો એ અંધકારને ભયથી ભરી દેતો, પેલો અવાજ સંભળાય છે! અને પેલી સ્ત્રી ચીસ પાડી ઊઠે છે : ''ત્યાં કોણ છે?!'' આ વખતે પેલાં પગલાંનો અવાજ જાણે નજીકથી આવતો હોય તેમ વધે છે. પેલી સ્ત્રીના મુખ પર ભયનો ઓથાર છવાઈ જાય છે અને પ્રેક્ષકોના શ્વાસ પણ ઘડીભર માટે થંભી જાય છે!

અનંતકાલિક જીવન અંગેની અનિશ્ચિતતા જ્યારે ઘેરી થાય છે ત્યારે, મૃત્યુશય્યા પર પોઢેલા માણસનો ભય વધારે ઘેરો બને છે. આ ભયભીત મનુષ્યને કોઈએ પ્રભુ ઈસુ વિશે વાત કરી નથી અથવા કોઈએ કરેલી એ વાત પર તેણે ગંભીરતાપૂર્વક વિચાર કર્યો નથી. અને મૃત્યુના ભયંકર ઓળા ઉતરતા નિહાળીને તે ગભરાઈ જાય છે!

ચોર રાતના અંધકારમાં એટલા માટે ચોરી કરે છે કે રાત્રિનો એ અંધકાર તેના કુકર્મને ઢાંકે. સામાન્ય રીતે મનુષ્યો અંધકારને વધારે પસંદ કરતાં હોય છે, કારણ કે તેમનાં કાર્યો કાળાં છે (યોહાન ૩:૧૯). મકાનો અને દુકાનોને રાત્રે પ્રકાશિત રાખવામાં આવે છે કારણ કે ચોરો કે બદમાશો પકડાઈ જવાના ડરથી સામાન્ય રીતે જ્યાં લાઈટ ચાલુ હોય, એવાં મકાનો અને દુકાનોથી દૂર રહેવાનો પ્રયાસ કરતા હોય છે.

આવી જ રીતે, આત્મિક અંધકારથી છવાયેલા માનવજીવન પર શેતાન ઘણી જ સહેલાઈથી હુમલા કરી શકે છે. સંત પાઉલ આપણું ધ્યાન ખેંચતાં કહે છે : પાપ શું એનું ભાન મને નિયમથી થયું (રોમનોને પત્ર ૭:૭). જો રસ્તા પર કલાકના ૩૦ માઈલની

ઝડપે જ વાહન હંકારો એવી સૂચના મૂકેલી હોય અને કોઈ વ્યક્તિ ૫૦ની ઝડપે પોતાનું વાહન હંકારે તો એ ગુનો કરે છે. સૂચનાને લીધે જ તેને ગુનેગાર ઠરાવી શકાય! તે વ્યક્તિએ એ સૂચના વાંચી હોય કે ન વાંચી હોય, પરન્તુ તેને ગુનો તો લાગુ પડે જ છે. પરમેશ્વરે આપેલા નિયમોના ઉલ્લંઘનોનું પણ આવું જ છે. પરન્તુ જો લોકો નિયમોથી અજ્ઞાત હોય તો નિયમોનો ભંગ થવાની શક્યતા વધી જાય છે. આવી જ રીતે આધ્યાત્મિક અંધાપો પણ મનુષ્યને પાપવૃત્તિમાં પાડવા માટે સહાયક બને છે.

અંધકારનો બીજો અર્થ અજ્ઞાન કરીએ તો, તેને લીધે પણ પરમેશ્વર પાસે લઈ જતા માર્ગનો દરવાજો બંધ થઈ જતો હોય છે. આ એક વિચિત્ર બાબત છે. જે લોકો અજ્ઞાનના અંધકારમાં છે તેમને દેવનો માર્ગ દેખાતો નથી અને દેવનો માર્ગ દેખાતો ન હોવાથી તે લોકો એ માર્ગ વિશે જાણવાની પરવા કરતાં નથી. આધ્યાત્મિક અંધકાર, એ ગાઢા ધુમ્મસના જેવો છે જે લોકોનાં મનને ઢાંકી દે છે અને પરમેશ્વરનો પ્રકાશ ત્યાં પહોંચતો નથી. આવાં લોકો દેવળોમાં જાય, 'સંદેશા' સાંભળે પરન્તુ તેમાંનું કાંઈ જ તેમને સમજાતું નથી; કારણ કે તેમનાં મન અજ્ઞાનરૂપી અંધકારના ઘેરા ધુમ્મસથી ભરેલાં હોય છે.

જ્યારે આપણે આધ્યાત્મિક અંધકારના આવરણમાં હોઈએ છીએ, ત્યારે 'પાપ' બાબતે આપણે ગંભીર હોતાં નથી. અને આપણા આત્માના અવાજને (Consciences) સહેલાઈથી શાંત કરી શકીએ છીએ, કારણ કે આપણી ઈચ્છાશક્તિમાં કોઈ તાકાત હોતી નથી! જે વ્યક્તિ દેવ વિશે અજાણ હોય છે, તે રાત્રે ઊંઘમાં ચાલનાર (sleepwalker) જેવી હોય છે, જેની આંખ તો ખુલ્લી હોય છે, પણ કાંઈ દેખતી નથી, અને ચાલે છે ખરી પણ ક્યાં જાય

છે તેનું તેને ભાન હોતું નથી. આથી, આ કાલવરીનો માર્ગ એ ઊંઘતાં લોકોને સૂઝતો નથી! અને કદાચ એ માર્ગે થઈને તે ચાલવા લાગે, તોપણ વધસ્તંભનો મહિમા તેમને દેખાતો નથી, કારણ કે તેમને તો અંધકારમાં કશું જ દેખાતું નથી. હકીકતમાં, દેવે કરેલી તારણની યોજનાને તે સમજી શકતાં નથી!

અંધકાર! જગતના અંધકાર પર શેતાનનો અધિકાર છે. સંત પાઉલ અહીં ખ્રિસ્તીઓએ જેનો સતત સામનો કરવાનો છે, તે અંધકારની સમસ્યા વિશે સમજણ આપવાનો પ્રયાસ કરે છે.

પ્રશ્ન અહીં એ ઉપસ્થિત થાય છે કે અંધકારમાં પડેલા મનુષ્યની સ્થિતિ આવી ગંભીર છે, તો તેમાંથી બહાર નીકળવાનો કોઈ માર્ગ છે ખરો? ગંભીર સ્થિતિના સંકજામાં પડેલાં મનુષ્ય જો પોતાના અંતર આત્માના અવાજને શાંત કરી દેતાં હોય, તેમની દયનીય સ્થિતિની તેમને ખબર પડતી ન હોય તથા દેવનીય તેમને પડી ન હોય, તો એવાં મનુષ્યો વિશે શું કરી શકાય! કદાચ તેમની એ સમસ્યાનું હલ મળે તેમ હોય, છતાંય તેમની સ્થિતિ, ઘણી જ ગંભીર તો છે જ!

'એફેસીઓને' લખેલા પત્રના છઠ્ઠા અધ્યાયની બારમી કલમમાં આપણને એ સમસ્યાનો ઉત્તર પ્રાપ્ત થાય છે : "સ્વર્ગીય દુનિયામાં જે દુષ્ટ આત્મિક સત્તાઓ છે... અને અંધકારની શક્તિઓ, તેમની સામે લડીએ છીએ." આ વાક્ય ઘણું જ મહત્ત્વપૂર્ણ છે. સંત પાઉલે પોતાના આ પત્રમાં તેનો પાંચ વખત ઉપયોગ કર્યો છે. તેમણે શા માટે પાંચ-પાંચ વખત ઉપયોગ કર્યો હશે?

અહીં સંત પાઉલ 'આત્મિક ક્ષેત્ર', જે સ્વર્ગીય દુનિયા અને જગતથી ભિન્ન છે, તેનો ઉલ્લેખ કરે છે. આ 'આત્મિક ક્ષેત્ર' સ્વર્ગીય દુનિયા અને જગતની વચ્ચે આવેલું છે. અને એ ક્ષેત્ર

આખું, શેતાનની ફોજોથી ભરેલું છે, જે દેવનાં મનુષ્યોને ફસાવવા માટે પોતાની વ્યૂહરચના ગોઠવતી રહે છે.

જો તમારી ઇચ્છા હોય તો એ 'આત્મિક ક્ષેત્ર'ને 'આધ્યાત્મિક જગત'નું નામ આપી શકો છો. સંત પાઉલ એ 'ક્ષેત્ર'ને 'આત્મિક જગત' કહે છે. જે ખ્રિસ્તીઓ પ્રભુ ઈસુના પ્રકાશમાં આવે છે, તેમને 'આત્મિક જગત'માં ઊંચકી લેવામાં આવે છે. આપણને જગતના અંધકાર, અજ્ઞાનમાંથી ઊંચકી લઈને દેવના દિવ્યપ્રકાશમાં, દિવ્યજ્ઞાનના પ્રકાશમાં મૂકવામાં આવ્યાં છે. આ 'આધ્યાત્મિક જગત'માં પ્રભુ ઈસુ રાજા છે અને ત્યાં માત્ર તેમની જ સત્તા ચાલે છે. પરન્તુ એ 'આધ્યાત્મિક ક્ષેત્રમાં,' 'આત્મિક જગત'માં શેતાન પોતાના ઘૂસણખોરોને મોકલીને અંધાધૂંધી ફેલાવવાનો પ્રયત્ન કરે છે અને પ્રભુ ઈસુના પ્રેમ અને કૃપા વિશે ખ્રિસ્તીઓના મનમાં શંકાકુશંકા ઉત્પન્ન કરી, પ્રેમ સંબંધ તોડાવવા પ્રવૃત્ત બને છે. આ આપણી 'આત્મિક જગત'ની લડાઈ છે, 'રક્ત અને માંસ' સામેની નહીં.

આથી આપણે જો એ લડાઈમાં જય મેળવવો હોય તો માત્ર 'આત્મિક' ઉપાય એકલો જ કામ આવે તેમ છે. ગમે તેવા પાણીનો ઉપયોગ કરીને આપણે આપણાં પાપના ડાઘ ધોઈ શકતા નથી. લોકોના ભૂખ્યા આત્માને દાળ-રોટલીથી તૃપ્ત ન કરી શકાય. આધ્યાત્મિક રીતે જે બેભાન બની ગયાં છે, તેમને દ્રાક્ષરસ પીવડાવીને ભાનમાં ન લાવી શકાય! આત્મિક માંદગી તો આત્મિક ઔષધથી જ મટાડી શકાય! આથી જગતને રોગમુક્ત કરવા માટે પ્રભુ ઈસુએ પોતાનું રક્ત અને માંસ આપવાં પડ્યાં!

આપણે આત્મિક ક્ષેત્રમાં જીવીએ છીએ, આથી આપણે પવિત્ર આત્માના દિવ્ય પ્રકાશની આવશ્યકતા વિશે વિચાર કરતા

હતાં. આપણે ખ્રિસ્તીઓને આધ્યાત્મિક જગત સાથે સંબંધ રહેતો હોય છે અને આથી ગાઢ અંધકારમાં પણ, એ જગતમાં રહેલા દિવ્ય પ્રકાશ (દૈવી જ્ઞાન)ની પ્રાપ્તિ થતી હોય છે. જે ખ્રિસ્તીઓને 'મરણની છાયાની ખીણ'માં થઈને પસાર થવું પડે છે, એવાં ખ્રિસ્તીઓના જીવનને પેલો દિવ્યપ્રકાશ પ્રકાશિત કરે છે. એ દિવ્યપ્રકાશ જ બેભાન બનેલાંને ભાનમાં લાવી શકે છે, દેવ વિહોણા જીવનની ભૂંડી બાબતો પર તે દિવ્યપ્રકાશ અજવાળું પાથરે છે અને પવિત્ર આત્મા જ, આપણને આપણા તારનાર સુધી પહોંચાડતા વધસ્તંભના માર્ગને અજવાળે છે! પવિત્ર આત્મા આપણા આત્માનાં અંધારાં ઉલેચીને દેવના પ્રેમરૂપી પ્રકાશથી જીવનની રાતને પ્રકાશિત દિવસમાં ફેરવી નાખે છે, અને આથી જ આપણે અંધકારની શક્તિઓ સાથે સતત સંઘર્ષ કરી શકીએ છીએ! આ સંઘર્ષ કેવળ આપણા એકલા માટે નથી હોતો, પરન્તુ અંધારામાં ચાલતાં અને શેતાનની ચાલમાં ફસાયેલાં આપણાં માનવબાંધવોને છોડાવવા માટેનો પણ હોય છે. આપણા આ સંઘર્ષમાં આપણને આપણો વિશ્વાસ અને આપણી પ્રાર્થનાઓ સહાય કરે છે. પરન્તુ આપણને આપણી મંડળીમાં અને બીજે; પરમેશ્વરની સેવા કરવા માટે જરૂરી સહાય અને જ્ઞાન, પ્રભુ પવિત્ર આત્મા દ્વારા પ્રાપ્ત થાય છે; એ વિશે આપણે ઘણું જ ઓછું જાણીએ છીએ!

આપણે દેવને પ્રેમ કરીએ છીએ, આથી આપણે જગતની રીતરસમો સાથે તથા છેતરામણાં સુખોની લાલચ સામે સતત લડતાં રહેવું પડશે. પ્રભુ ઈસુના સાચા પ્રેમની વિરુદ્ધમાં લડતા જગતના બનાવટી અને તકલાદી પ્રેમની સાથે આપણે યુદ્ધ કરવાનું છે. આપણે આપણી જાત સાથે પણ લડવાનું છે. આપણી સ્વાર્થવૃત્તિ અને અભિમાની સ્વભાવની વિરુદ્ધ યુદ્ધ કરવાનું છે, કારણ કે

આપણી એ બે નબળાઈઓ પ્રભુ ઈસુના વધસ્તંભના માર્ગમાં મોટાં વિઘ્નો છે, જે પ્રભુ ઈસુની પાછળ ચાલતાં આપણને રોકી રાખે છે. ઘણાં ખ્રિસ્તીઓને પ્રભુ ઈસુનો વધસ્તંભ ઘણો જ ભારે લાગે છે, આથી તેને નીચે મૂકી દઈને પોતાના માર્ગે, જગતમાં પાછાં જતાં રહે છે!

તમને તથા મારી જાતને એક પ્રશ્ન પૂછીને આ પ્રકરણને હું થોડી જ વારમાં સમાપ્ત કરવાનો છું. મારો એ પ્રશ્ન છે : શું હું અને તમે; જેને આપણે અંધકારની શક્તિ કહીએ છીએ, તેની સામે યુદ્ધ કરીએ છીએ?

જ્યારે બીજાં ખ્રિસ્તીઓ રક્ત ટપકતી હાલતમાં લોહીનો સાગર તરીને જીવનનો મુગટ જીતવા માટે ભયંકર સંઘર્ષનો સામનો કરતાં હોય, ત્યારે હું (ખ્રિસ્તી) ગુલાબોની પથારીનાં સ્વપ્ન સેવતો હોઉં, તો એ કેટલું ઉચિત ગણાય!

પરમેશ્વર આપણી પેઢીની મંડળીઓને 'આધ્યાત્મિક જગત'નું સ્વર્ગીય દશ્ય દેખાડી લોકોનો આત્મિક અંધાપો દૂર કરે એવી પ્રાર્થના કરીએ! મનુષ્યજીવનમાં આધ્યાત્મિક જીવનનું ઘણું જ મહત્ત્વ છે; જ્યાં શેતાન શત્રુ સાથે યુદ્ધ કરાય છે, જ્યાં પ્રભુ ઈસુ વિજયી બને છે, જ્યાં પવિત્ર આત્માની શક્તિ રહેલી છે! અને ત્યાં પ્રવેશ કરવાથી આપણે પવિત્ર આત્માથી ભરપૂર થઈને પરમેશ્વર પિતાની સંગતનો અનુભવ કરી શકીએ છીએ.

જે ખ્રિસ્તીઓ પ્રમાદી બનીને ઊંઘમાં ઝોકાં ખાય છે, જે ખ્રિસ્તીઓ શેતાને ઊભા કરેલા ધુમ્મસના આવરણમાં ફસાઈ ગયાં છે અને શેતાનનો કોળિયો બની જવાની તૈયારીમાં છે; એ સર્વ પર પ્રભુ ઈસુ ખ્રિસ્તની કૃપા થાય એવી પ્રાર્થના કરીએ. જો આપણે

ખ્રિસ્તથી દૂર જઈશું અને સંસારના પ્રેમમાં પડીશું, તો આપણો નાશ નિશ્ચિત બનશે! સંસારના મોહમાં પડેલા ખ્રિસ્તીઓને લીધે જ ખ્રિસ્તની મંડળીઓને શેતાન સાથે વિગ્રહની અવસ્થામાં રહેવું પડે છે.

પ્રભુ ઈસુ આપણાં બધાની સાથે વાત કરે, ઠપકો આપે અને આપણને જાગૃત કરે એવી તેમને વિનંતી કરીએ. ઘણાં લોકો અજ્ઞાનના અંધકારમાં ગોથાં ખાઈ-ખાઈને મૃત્યુના મુખમાં ધકેલાઈ રહ્યાં છે. જે લોકો 'આધ્યાત્મિક જાગ્રત'માં છે તેમને પવિત્ર આત્માના પ્રકાશની અધિક આવશ્યકતા છે, કે જેથી તેઓ સ્વર્ગ તરફ જતા માર્ગને વધારે સારી રીતે જોઈ શકે અને તે પર આગળ પ્રયાણ કરી શકે.

✿✿✿

# પ્રકરણ ૧૧

## સત્યનો કમરબંધ

તમારી કમર પર સત્યને પટ્ટા તરીકે સજ્જડ બાંધી દો.

– એફેસીઓને પત્ર ૬ : ૧૪

હવે આપણે દેવનાં શસ્ત્રોમાંના પ્રથમ શસ્ત્ર 'સત્યના કમરબંધ' વિશે વિચાર કરવાનાં છીએ. સંત પાઉલ દેવનાં શસ્ત્રો (આત્મિક હથિયારો)થી સજ્જ બનવા માટે આપણને ચાર વખત અપીલ કરે છે. તે જણાવે છે કે જીવનમાં દુઃખના ભૂંડા દિવસો આવનાર છે. સંત પાઉલ આપણને પૂછે છે કે, શું આપણે તેને માટે તૈયાર છીએ? ખ્રિસ્તીઓના જીવનમાં એવા સમયો આવે છે, કે જ્યારે શત્રુ શેતાન તેના સાગરિતોને કડક સૂચના આપે છે કે એ લોકો આપણને શક્ય તેટલી બધી જ રીતે પરેશાન કરે! આથી આપણે દેવનાં શસ્ત્રોથી સજ્જ થવાનું છે કે, જેથી એવા (ભૂંડા) દિવસો આવે ત્યારે આપણે શેતાનનો સામનો મક્કમતાપૂર્વક કરી શકીએ.

આપણા માટે આનંદની અને સંતોષની બાબત એ છે કે આપણા બધા જ દિવસો એવા ભૂંડા નથી આવતા, કારણ કે યહોવા આપણા પાળક આપણને લીલાંબીડમાં ચરાવે છે અને શાંત નદીની પાસે આપણને લઈ જાય છે. જ્યાં વૃક્ષોનાં ઝૂંડોમાં પક્ષીઓ કલરવ કરે છે, શીતળ પવનની લહરિયો સૂર્યના સોનેરી પ્રકાશમાં નૃત્ય કરે છે અને ચારેબાજુ પ્રેમનું મધુર સંગીત સંભળાય છે! શું આવી જિંદગી જીવવા જેવી નથી?!

પરન્તુ જીવનમાં સૂકવણાના માઠા દિવસો આવે છે, ત્યારે બધું જ સૂકાયેલું નજરે ચડે છે. પ્રલોભનો પાગલ બનાવે છે અને

આપણા પગ નીચેથી ધરતી સરકતી લાગે છે. આવે વખતે આપણે દઢતાપૂર્વક આપણા સ્થાનને વળગી રહેવાની જરૂર પડે છે. હતાશાના ગાંડપણમાં આપણે નાશભાગ કરવાની નથી કિન્તુ આત્માનાં (દેવનાં) શસ્ત્રો ધારણ કરવાનાં છે.

અહીં આપણને એક સુંદર શબ્દ-ચિત્ર આપવામાં આવ્યું છે, - સત્યના કમરબંધ વડે કમર બાંધવાનું. આપણે જાણીએ છીએ કે કમર એ મનુષ્યના શરીરના મધ્યમાં આવેલી છે અને શરીરને ટટ્ટાર રાખવા માટે મજબૂત કમર હોવી જરૂરી છે. કમરબંધ વડે શરીરની કાર્યક્ષમતામાં વધારો કરી શકાય છે. આથી જ વધારે પ્રયત્ન કરવો કે વધારે શક્તિશાળી બનવાની ક્રિયાને માટે 'કમર કસવી' - જેવા રૂઢિપ્રયોગનો ઉપયોગ કરવામાં આવે છે. બીજો શબ્દ પ્રયોગ 'કમર તોડી નાખવી', એવો કરવામાં આવે છે. 'કમર તોડી નાખવી' એટલે શક્તિ નષ્ટ કરવી, પાંગળો બનાવી દેવો, શિકસ્ત આપવી. આથી સંત પાઉલ ખ્રિસ્તીઓની આધ્યાત્મિક શક્તિ વિશે વિચાર કરતાં શેતાન શત્રુથી રક્ષણ પામવા માટે સત્યના કમરબંધની આવશ્યકતા પર ભાર મૂકે છે. તે કહે છે : સત્ય વડે મન મજબૂત બને છે અને ઇચ્છા શક્તિ બળવાન થાય છે. બીજા શબ્દોમાં કહીએ તો, સત્યના આશ્રય વિના આધ્યાત્મિક શક્તિ પ્રાપ્ત કરી શકાતી નથી.

મારા એક મિત્રએ મને એક વખત જણાવ્યું કે તેમના એક બોસ નિવૃત્ત થવાના છે. અને તેમની જગાએ જે ભાઈ આવવાના હતા તેમનું નામ મને જણાવ્યું. મેં મારા મિત્રને પૂછ્યું, જો તે ભાઈ તમારા બોસ થશે તો તમને સારું લાગશે? તેમણે કહ્યું, 'સારું તો શું, ધૂળ? એ ભાઈમાં નિર્ણય લેવાની કોઈ શક્તિ જ નથી!'

કેટલાક લોકો આવા હોય છે. તે ઘણા સારા હોય. ઘણા મળતાવડા સ્વભાવના હોય. પરન્તુ તેમના વિશે તમે કોઈ જાતની આગાહી કરી શકો નહીં. કોઈ બાબતનો નિર્ણય કરવાનો આવે ત્યારે બેબાકળા બની જાય અને ગમે તેવો નિર્ણય લઈ લે! તેમના નિર્ણય વિશે તમે ભવિષ્યકથન ન કરી શકો, કારણ કે એવા લોકો પોતાના મનને પણ જાણી શકતા નથી હોતા!

સંત પાઉલ આપણને જણાવવા માગે છે કે જેની કમર સત્યના કમરબંધથી બાંધેલી છે, તે મજબૂત છે; તેના તનમાં અને મનમાં શક્તિ સમાયેલી છે. તેના શક્તિશાળી દેહમાં શક્તિશાળી મન છે અને તે મન પાસે નિર્ણયો લેવાની મક્કમતા છે. સંત પાઉલ આપણી સમક્ષ એવા પુરુષ અથવા નારીનું ચિત્ર રજૂ કરે છે, કે જેનામાં આંતરિક શક્તિનો વિપૂલ ખજાનો છે. આ શક્તિનું રહસ્ય છે, તેમનો સત્યમાં રહેલો વિશ્વાસ!

આપણા આત્માના શત્રુ વિશે આપણે ઘણાં પ્રકરણોમાં ચર્ચા-વિચારણા કરી છે. આપણે ઘણી મંડળીઓની તથા ખ્રિસ્તીઓની નિર્બળતા વિશે પણ ચર્ચા કરી છે. આપણે એ પણ જોયું કે પરમેશ્વરમાં સમૃદ્ધ બનવાની જરૂર શી છે. હવે ખ્રિસ્તીઓએ પ્રાપ્ત કરવાની શક્તિ અંગે વિચાર કરવાની પાયાની બાબત વિશે વિચાર કરવાના છીએ. (પરમેશ્વરમાં સમૃદ્ધ બનવામાં તથા તારણ પામવામાં સહાયક બનનાર પિતા, પુત્ર તથા પવિત્ર આત્માની ત્રિપુટી વિશે પ્રથમ પ્રકરણમાં શીખ્યા છીએ તે ધ્યાનમાં રાખજો.)

આવનાર વર્ષોમાં તમારે અથવા તમારી મંડળીએ કયા કયા પ્રકારની સમસ્યાઓનો સામનો કરવો પડશે, તે અંગે કોઈ વ્યક્તિ ચોક્કસપણે આગાહી કરી શકે નહીં. તમને એ પણ કોઈ કહી શકશે નહીં કે, થોડાં વર્ષો પછી તમારી સ્થિતિ કેવી હશે. પરન્તુ

મારે તમને એક શક્તિના રહસ્યની જાણ કરવી છે, કે જેથી તમારી ગમે તે પ્રકારની સમસ્યા હોય; તમે ગમે ત્યાં હો અને ગમે તેવી પરિસ્થિતિમાં મૂકાયેલા હો, તોપણ તમારા વિશ્વાસને તમે દઢતાપૂર્વક વળગી રહો. દિનપ્રતિદિન પરમેશ્વરમાં સમૃદ્ધ બનતા જાઓ. પરમેશ્વરમાં જો તમે સમૃદ્ધ બનશો, તો જીવનમાં ગમે તેવાં સંકટ આવશે, સમુદ્ર વલોવાશે કે ધરતી ઉથલપાથલ થશે, તોપણ તમારી શાંતિ કાયમ રહેશે! તમે તમારી 'કમર' સત્યના કમરબંધથી સુરક્ષિત કરી છે; એ જ તમને મળતી શક્તિનું રહસ્ય છે! અહીં 'સત્ય' શબ્દનો અર્થ દેવના સત્યને, 'સુવાર્તા'ના સત્યને પ્રતિબિંબિત કરે છે. આ સત્ય આપણને પ્રભુ ઈસુ વિશે તેમના જન્મના તથા મૃત્યુના કારણ વિશે તથા પવિત્ર શાસ્ત્ર બાઈબલના સત્ય વિશે શિક્ષણ અને સમજ આપે છે.

પરન્તુ બાઈબલના આ સત્ય વિશે કેટલાંક લોકો સંમત થતાં નથી, કારણ કે બાઈબલમાં અપાયેલાં દેવનાં શસ્ત્રોની સૂચિમાં 'આત્માની તલવાર'નું સ્થાન છેલ્લું ગણવામાં આવ્યું છે. સત્યના 'કમરબંધ' અને 'આત્માની તલવાર' વચ્ચે જે ભિન્નતા છે, તે એ છે કે 'કમરબંધ' - તે સત્યનો સામાન્ય (General) અર્થ વ્યક્ત કરે છે, જેમાં 'સુવાર્તા'ના સત્યનો પણ સમાવેશ થઈ જાય છે; જ્યારે 'તલવાર' એ 'વિશેષ પ્રકારના શબ્દો છે', બાઈબલનાં વચનો છે; જેનો ઉપયોગ યુદ્ધની પરિસ્થિતિમાં 'શત્રુ' (શેતાન) પર પ્રહાર કરવા માટે છે. બીજી રીતે કહીએ તો - 'કમરબંધ' શબ્દ દેવનાં વચનોની સમજ તથા 'તલવાર' શબ્દ દેવનાં વચનોના ઉપયોગ વિશે ઉલ્લેખ કરે છે.

સત્યનો સંબંધ આપણા મસ્તિષ્ક સાથે જોડવાનો છે. એ અત્યંત સ્વાભાવિક છે કે જો આપણે કોઈ વિષય વિશે શીખવા

માગતા હોય તો તેને આપણા મસ્તિષ્કના સંપર્કમાં લાવવો પડે અને તેને આપણી બુદ્ધિમાં ઉતારવો પડે. આથી જે 'સંદેશા'નો સીધો સંબંધ આપણી ઊર્મિઓ અને લાગણીઓની સાથે થતો હોય છે, તેનાથી આપણે સાવચેત રહી શકીએ. આપણે જાણી શકીએ કે આપણી ઊર્મિઓને તથા લાગણીઓને પંપાળે એવા કેટલાક સુવાર્તિકો (!) હોય છે. કેટલાંક દેવળોમાં તો જાણે બુદ્ધિને નેવે મૂકીને માત્ર ઊર્મિઓના પ્રવાહમાં તણાતા ભારોટિયા જેવાં ભક્તો ભેગાં થતાં હોય છે. એ સાચું છે કે પરમેશ્વર આપણાં હૃદય સાથે વાત કરે છે અને આપણા તરફથી પ્રેમની અપેક્ષા રાખે છે, પરન્તુ 'સુવાર્તા'ના શસ્ત્રનો આરંભ સત્યના કમરબંધથી થાય છે. તમને પણ આ બાબત મહત્ત્વપૂર્ણ લાગતી હશે. એ હકીકત છે કે સત્યને મસ્તિષ્ક સાથે સીધો સંબંધ રહેલો છે.

એક ઘણી જ પુરાણી વાર્તા છે; જેમાં એક કંજૂસ માણસને પોતાના ઘરની ચિમની (Chimney)માં એક અભરાઈ ઉપર પોતાનું સોનું ભરેલી કોથળીઓ સંતાડી મૂકતો બતાવવામાં આવ્યો છે. દરરોજ રાત્રે તે આળસુ ઘરડો માણસ પેલી સોનાની કોથળીઓને અભરાઈ ઉપરથી ઉતારતો, તેમના ઉપરની ધૂળ ખંખેરી નાખતો અને કોથળીઓને ગણીને પાછી અભરાઈ ઉપર મૂકી દેતો, પરન્તુ કોથળીઓને ક્યારેય ખોલતો નહીં. એક ચોર આ આળસુ વૃદ્ધની દરરોજની પ્રવૃત્તિને છૂપી રીતે નિહાળતો હતો, આથી કોથળીઓને મૂકવાની જગા તે જોઈ ગયો અને એક દિવસ તેણે કોથળીઓમાંનું સોનું ચોરી લીધું અને તેની જગાએ નાના પથરા ભરીને હતી તે જ જગાએ મૂકી દીધી. પરન્તુ પેલા આળસુ વૃદ્ધને ક્યારેય ખબર પડી નહીં કે તેનું સોનું ચોરાઈ ગયું છે! અને આમ તે વૃદ્ધ જીવ્યો

ત્યાં સુધી પથરા ભરેલી કોથળીઓને ગણતો જ રહ્યો, ગણતો જ રહ્યો!

'સંદેશા' વિશે પણ કેટલાંક ખ્રિસ્તીઓની આવી જ સ્થિતિ હોય છે. 'સુવાર્તા'ના હાર્દને તે જોઈ શકતાં જ નથી. તેમનું ધ્યાન તો 'સંદેશા'ના હાર્દ પર નહીં, કિન્તુ સુવાર્તિકનાં વસ્ત્રો, તેની હેરસ્ટાઈલ, તેના હાવભાવ, તેની ભાષા, તેની રમૂજવૃત્તિ અને તેના વ્યક્તિત્ત્વ પર જ હોય છે. એ સુવાર્તિક (Preacher) દેવના સત્યનું સોનું આપી રહ્યો છે કે આકર્ષક રંગીન પેકિંગમાં પથરા ભરીને લોકોની સાથે છેતરપિંડી કરી રહ્યો છે, તેની લોકોને ખબર જ પડતી નથી અને ભ્રમણામાં જ આનંદ માનતા રહે છે!

'સત્યના કમરબંધ'નું મહત્ત્વ તો ત્યારે જ જણાય, જ્યારે તેને આપણે ધારણ કરીએ. સત્યને શા માટે મહત્ત્વનું ગણવામાં આવે છે કારણ એ છે, કે સત્ય પોતે એકલું આપણને મુક્ત કરી શકે છે. યોહાનની સુવાર્તાના આઠમાં અધ્યાયની એકત્રીસમી કલમમાં આપણા સ્વામી પ્રભુ ઈસુએ જ આપણને તે કહ્યું છે. જો એ સત્ય આપણી પાસે હશે તો તે આપણા જીવનનું પરિવર્તન કરી દેશે. એ સત્ય આપણા વિચારો, આપણી ભાવનાઓ, આપણી ટેવો, આપણી જીવન પદ્ધતિ, આપણા કામની રીત અને આપણું સમગ્ર વ્યક્તિત્વ બદલી નાખશે. સત્યમાં અવર્ણનીય શક્તિ રહેલી છે. પ્રભુ ઈસુ પાસેથી આપણને તે પ્રાપ્ત થાય છે. અંધકાર અને અસત્યથી ભરેલા આ સંસારમાં જો કોઈ પણ ચીજ અત્યંત મહત્ત્વપૂર્ણ હોય, તો તે સત્ય છે.

આજે આપણે એક એવા સમયમાં જીવી રહ્યાં છીએ કે, જ્યારે લોકો કહે છે કે તમારી માન્યતા ગમે તે હોય, બધા જ (ધાર્મિક) માર્ગો એક જ સ્થાને પહોંચાડે છે. પરન્તુ જો એવું જ

હોત તો પરમેશ્વરપુત્ર પ્રભુ ઈસુને આ સંસારમાં આવવું જ પડ્યું ના હોત! તેમણે પોતાની જાતને નમ્ર બનાવી જાનવરોને રહેવાની ગંદી ગભાણમાં, જન્મ લેવો પડ્યો ન હોત અને 'બારાબાસ'ની અવેજીમાં એક ગુનેગારની રીતે મરવું પડ્યું ન હોત! તેમણે પ્રભુ પવિત્ર આત્માને મોકલીને બાઈબલની રચના કરાવી ન હોત અને બીજાં ધર્મશાસ્ત્રોથી ચલાવી લીધું હોત. લોકો સત્યનું મહત્ત્વ સમજ્યા વિના જ તેના પ્રત્યે ભયંકર બેદરકાર બન્યાં છે.

નાખી દીધેલી વસ્તુઓને લઈ જવા માટે એક ટ્રક આવી અને મારા ઘરના બારણા પાસે ઊભી રહી. તેમાંથી ડ્રાઈવર નીચે ઊતર્યો. તેના હાથમાં એક વસ્તુ હતી જેના ઉપર હું જે મંડળીનો પાળક હતો તેના દેવળનું નામ લખેલું હતું. પેલા ડ્રાઈવરે મને તે વસ્તુ આપતાં કહ્યું, 'આ વસ્તુ મને એક કચરાપેટીમાંથી મળી હતી.' એ વસ્તુ શું હશે તેની હું કલ્પના કરવા લાગ્યો, પણ તેને જ્યારે મેં થોડી ચોકખી કરી, ત્યારે મને ખબર પડી કે એ તો ૧૮૩૦ની સાલમાં પ્રભુ ભોજન માટે દ્રાક્ષરસને ગાળવા માટે વપરાતી ચોકખી ચાંદીની નક્કર ગરણી હતી, જેની કિંમત આજની તારીખે સેંકડો પાઉંડની થાય. પરન્તુ કોઈએ તેને કચરાપેટીમાં ફેંકેલી!

દેવનાં કીમતી વચનોની સાથે આજે ઘણાં લોકો આવું જ કરતાં હોય છે. એ વચનો પ્રત્યે ધ્યાન આપતાં નથી, તેમને મન તેનું કાંઈ જ મૂલ્ય હોતું નથી અને આથી તેમને કચરાપેટીમાં ફેંકીને અન્ય ધર્મો અને સંપ્રદાયો તરફ વળી જાય છે. આ ધર્મ પરિવર્તનની પ્રવૃત્તિ ઇંગ્લેંડની મંડળીઓમાં વિશેષ પ્રમાણમાં જોવા મળે છે. અને જુદા જુદા ધર્મોના લોકોની માન્યતાઓના પ્રવાહમાં ખ્રિસ્તી વિશ્વાસ પણ ભળી જાય છે. સત્યના કમરબંધને ઘરની

અભરાઈ પર મૂકીને તેની અવગણના કરવામાં આવે છે. આપણે ખ્રિસ્તીઓ 'સત્યના કમરબંધ'ની મહત્તાને સમજીએ તે ઘણું જ આવશ્યક છે.

કોઈ પણ વસ્તુને બે રીતે ઉપયોગમાં લઈ શકાય. એક તો યોગ્ય ઉપયોગ અને બીજો ગેરઉપયોગ. જ્યારે આપણે બાળક હતાં ત્યારે ઘણી વખત આપણા શર્ટ કે કોટનાં બટન ઊંધાં નાખતાં હતાં. એવાં તો ઉપર-નીચે નાખતાં કે છેલ્લે એક બટન એકલું રહી જતું કે ગાજ એકલો જ રહેતો! ઘણી વખત સત્યના કમરબંધ વિશે પણ આપણે આવું જ કરતાં હોઈએ છીએ.

જ્યારે આપણે પહેલાં પહેલાં ખ્રિસ્તી બનીએ છીએ કે તારણ પામીએ છીએ, ત્યારે શરૂઆતમાં તો બાઇબલ આપણને ઘણું જ ગમવા લાગે છે. પરમેશ્વર આપણી સાથે વાત કરે છે, શીખવે છે, સમજાવે છે અને કેટલીક બાબતોની આપણને સમજણ ન પડે તોપણ આપણે બાઈબલ વાંચીએ છીએ અને પરમેશ્વરની વાણી આપણે સાંભળીને સત્યનું રસપાન કરતાં હોઈએ છીએ. અને ત્યારબાદ આપણે બાઈબલ વિશે વિચિત્ર પ્રકારની વિચારસરણી ધરાવતાં અન્ય ખ્રિસ્તીઓના સંપર્કમાં આવીએ છીએ. પોતાની જાતને ખ્રિસ્તી ગણાવતાં આ લોકોની બાઈબલ વિશેની માન્યતા વિચિત્ર હોય છે. આપણે ક્યારેય જોઈ નથી એવી બાબતો બાઈબલમાંથી શોધી-શોધીને તે આપણને બતાવે છે અને તેની વિકૃત રજૂઆત કરે છે અને જો એવાં ખ્રિસ્તીઓને સાંભળીએ અને તેમની વાત સાચી માનીએ, તો આપણો 'સત્યનો કમરબંધ ઢીલો પડી જાય છે અને દ્વિધામાં મૂકાઈ જઈએ છીએ. આપણે આપણા ધાર્મિક વિચારો અને શ્રદ્ધામાં દઢ રહેવાનું છે. સત્યના કમરબંધને આપણી કમર પર ઢીલો પડવા દેવાનો નથી. આપણો જૂનો શત્રુ

(શેતાન) આપણને આળસમાં નાખી અરક્ષિત કરવા અને સત્યથી વેગળા કરવા માગે છે; આથી લોકોના ભિન્ન-ભિન્ન પ્રકારના વિચારોથી આપણે દોરવાઈને માર્ગભ્રષ્ટ થવાનું નથી.

કોઈ આપણને પૂછી શકે છે કે, તમે શાની વાત કરો છો? 'સત્યનો કમરબંધ' કેવી રીતે બાંધી શકાય? અને શા માટે એ 'કમરબંધ' પહેરવો જોઈએ?

એટલા માટે આપણને સત્યનો કમરબંધ પહેરવો જોઈએ, કે જેથી દેવનાં વચનોનું આપણે શિક્ષણ પ્રાપ્ત કરી શકીએ. આનો અર્થ એ થયો કે આપણે બાઇબલ વાચનને વધારે મહત્ત્વ આપીશું. આનો અર્થ એ થયો કે દેવનાં વચનોને ધ્યાનપૂર્વક સાંભળીએ. એનો અર્થ એ થયો કે આપણાં મનોને આપણે પવિત્રશાસ્ત્ર બાઇબલ તરફથી મળતા શિક્ષણ વડે ભરી દઈએ! ગીતશાસ્ત્રના ૧૧૯મા અધ્યાયની ૧૧મી કલમમાં ભક્ત લખે છે : "તમારી વિરુદ્ધ હું પાપ ન કરું માટે મેં તમારું વચન મારા હૃદયમાં રાખી મૂક્યું છે."

'પ્રેરિતોનાં કૃત્યો'ના ૧૭મા અધ્યાયની ૧૩મી કલમમાં સંત પાઉલ બરૈયા (Berea)ના લોકો વિશે ઉલ્લેખ કરે છે. ત્યાંના લોકો દરરોજ સંત પાઉલના ઉપદેશને સાંભળતાં અને 'જૂના કરાર'નો અભ્યાસ કરતાં કે સંત પાઉલ જે વાતો તેમને કહેતા તે સાચી છે કે નહીં, તેની ચકાસણી કરતાં! બાઇબલ આપણને જણાવે છે કે એ લોકો પ્રામાણિકપૂર્વક સત્યને સમજવા માટે પ્રયત્ન કરતાં હતાં. તેઓ 'સત્યના કમરબંધ'ને પોતાની કમર પર બાંધતાં હતાં.

એ સાચું છે કે, એક માણસ પાસેથી કે એક ઉપદેશક પાસેથી આખું સત્ય આપણને પ્રાપ્ત ન થઈ શકે, આથી એક જ ઉપદેશકને

તમારો આદર્શ માનીને તેની પાછળ ચાલશો નહીં, પછી ભલે તે ગમે તેટલો પ્રામાણિક હોય, કે દેવ તરફથી ઉપદેશ આપવાનું દાન તેને મળ્યું હોય. મને એવાં ઘણાં લોકોની ખબર છે, કે જેઓ તેમને ગમતો ઉપદેશ આપનાર ઉપદેશકનાં ગુલામ બની જતાં હોય છે, પરન્તુ તમે આવું ન કરશો. ગમે તે વાતમાં તે ઉપદેશકનો કે તેણે કરેલી વાતનો ઉલ્લેખ કરતા રહેશો નહીં. તેને બદલે બાઈબલની વાતને રજૂ કરો, બાઈબલનાં અવતરણોનો ઉલ્લેખ કરો. બાઈબલ જ આપણા માટે સત્યને શિખવનાર 'કમરબંધ' છે. બાઈબલનાં વચનો જ (મનુષ્યનાં નહીં) 'જીવંત વચનો' છે, દેવનાં વચનો છે, જેને આપણા જીવનમાં ધારણ કરવાનાં છે. એ જ એક માત્ર અગત્યની બાબત છે.

તમને ખબર હશે કે થોડા સમય પહેલાં મેં 'સત્યના કમરબંધ' તથા 'આત્માની તલવાર' વચ્ચે રહેલી ભિન્નતાનો ઉલ્લેખ કર્યો હતો. 'કમરબંધ' એ બાઈબલના સાર્વત્રિક સત્યનું પ્રતિનિધિત્વ કરે છે, જ્યારે 'તલવાર', એ બાઈબલનાં વચન વિશેષ (Particular)માં રહેલા સત્યનો સંકેત કરે છે. પરન્તુ મેં એક બીજા તફાવત વિશે પણ વાત કરેલી. મેં કહેલું, કે 'સત્યનો કમરબંધ' એ હૃદય તથા જીવનનું સત્ય છે અને સાથે સાથે દેવનાં વચનોનું સત્ય પણ છે. આનો અર્થ એ કે આપણે જ્યારે સત્યને કમરબંધના રૂપમાં ધારણ કરીએ છીએ, ત્યારે તે 'કમરબંધ' આપણને વાસ્તવમાં સીધી મદદ કરતો નથી, પરન્તુ તેની અસર આપણા ઉપર થાય છે. તેના વડે આપણે શક્તિ પ્રાપ્ત કરીએ છીએ. તે આપણને વધુ દૃઢ બનવામાં સહાયક બને છે અને આપણને ઉદાર, પ્રામાણિક તથા વિશ્વાસુ બનવામાં મદદગાર બને છે. આ સત્યના કમરબંધને જે લોકો ધારણ કરે છે તેઓ અસત્યનો,

ખોટાનો, તિરસ્કાર કરે છે. તેઓ અપ્રામાણિકપણાને સહન કરતાં નથી. અને આ બંને બાબતો તેમના જીવનને શક્તિસંપન્ન બનાવે છે. તેઓ પોતાની જાતને વફાદાર રહે છે, કારણ કે દેવના સત્ય પ્રતિ તેમનામાં પ્રેમ જાગૃત થયો હોય છે, કેવળ સત્યને જ તેઓ જીવનમાં પ્રાધાન્ય આપી તેને પ્રેમ કરે છે.

જેનો સ્વભાવ કુદરતી રીતે જ આનંદી છે અને દયાવૃત્તિથી ભરેલો છે, એવા મનુષ્ય વિશે અહીં આપણે વાત કરતાં નથી. મારા એક મિત્ર છે, જે ખ્રિસ્તી નથી, છતાં જ્યારે તમે તેમને જુઓ ત્યારે તેમના મુખ પર પ્રસન્નતા દેખાતી હોય અને સ્મિત ફરકતું હોય! એ મિત્રની સંગતમાં ઘણો આનંદ આવે છે અને તેમને મળવાનું વારંવાર મન થાય તેવા છે. તે પ્રામાણિક છે, નીતિમાન તથા દયાળુ છે, છતાં તે પ્રભુ ઈસુ પર વિશ્વાસ કરતા નથી, કારણ કે તે નાસ્તિક છે.

તમને ખબર છે કે મારા મિત્ર કોના જેવા છે? બાઈબલમાં આ મારા મિત્રના જેવું એક પાત્ર આવે છે, જેનું નામ નામાન છે. (બીજો રાજા પાંચમો અધ્યાય). નામાન ઘણો જ સારો માણસ હતો. તેણે ઘણાં સારાં કામ કરેલાં અને તે ઘણો જ ધનવાન હતો. રાજાથી માંડીને પ્રજા સુધીનાં બધાં લોકો તેના પર વિશ્વાસ કરતાં. તે સેનાપતિ તરીકે શૂરવીર યોદ્ધો હતો અને ઘણાં લોક તેને ચાહતાં. સામાન્ય રીતે કહેવું હોય તો કહી શકાય કે માણસ તરીકે તે ઘણો જ સારો માણસ હતો. આમ, તેના વિશે બાઈબલમાં ઘણું જ સારું લખ્યું છે, પરન્તુ તેના વિશે એક વાક્ય આવે છે : "પણ નામાનને કોઢનો રોગ હતો." તેનાં વસ્ત્રોમાં તે પોંતાનો રોગ છૂપાવતો હતો, પરન્તુ એ રોગને તે જમાનાનાં લોકો કોઈ ભયંકર

પાપની સજાના રૂપમાં જોતાં હતાં ('Funk and wangalls new encyclopedia', Vol. 15, P. 154, 1972 - અનુવાદક).

મારા પેલા મિત્ર પણ નામાન જેવા જ આબરૂદાર અને લોકપ્રિય મનુષ્ય છે, પરન્તુ નામાનના જેવા જ પાપી છે અને પાપનો ભયંકર રોગ તેમને પણ લાગેલો છે. આથી સ્વભાવના એવા સ્વરૂપથી છેતરાવાની જરૂર નથી. આપણે તો મનુષ્યનું મૂલ્યાંકન એક વિશિષ્ટ સ્વરૂપે કરવા માગીએ છીએ. આપણે તો એવા મનુષ્ય વિશે વાત કરવા માગીએ છીએ કે, જેના હૃદયમાં પરમેશ્વરનાં વચનો ઊંડાં ઉતર્યાં છે અને તેના પરિણામરૂપે એ મનુષ્યનું વ્યક્તિત્વ વધુ ને વધુ પારદર્શક, પ્રામાણિક અને સત્યનિષ્ઠ બન્યું છે.

આવાં મનુષ્યો દેવની નજરમાં પ્રામાણિક ઠરે છે. આપણી સ્થિતિ કેવી છે? આપણા જીવનની સમસ્યાઓ વિશે શું આપણે દેવની સામે આપણું હૃદય પ્રામાણિકતાપૂર્વક ખોલીએ છીએ કે, કાંઈક છુપાવવા માગીએ છીએ? શું આપણે આપણી નિર્બળતાઓ અને નિષ્ફળતાઓનો દેવની સમક્ષ એકરાર કરીએ છીએ? શું આપણે આપણા હૃદયનાં દ્વાર ખુલ્લાં રાખીને દેવની વાણી તથા સત્યના પ્રકાશને તેમાં પ્રવેશ આપવા માગીએ છીએ? જો આપણા જીવનમાં સત્યના કમરબંધનો પ્રભાવ જણાતો ન હોય, તો એનો અર્થ એ થયો કે આપણે જે રીતે પહેરવો જોઈએ તે રીતે સત્યનો કમરબંધ પહેર્યો નથી.

પોતાની જાતને ખ્રિસ્તી ગણાવતાં હોવા છતાં, ખ્રિસ્તથી દૂર એવાં લોકોએ દેવના સત્યને પોતાના જીવનમાં ઊતરવા દીધું નથી અને ખ્રિસ્તી હોવાના ડોળમાં જ જિંદગી જીવ્યાં છે. થોડા સમય પહેલાં અમેરિકાના કેટલાક ટી.વી. સુવાર્તિકો (?) વિશે આવી જ

હકીકત બહાર આવી હતી. આવું ત્યારે જ બને છે કે જ્યારે ખ્રિસ્તી પોતાની કમર પર સત્યનો કમરબંધ યોગ્ય રીતે બાંધતા નથી, અને પરિણામ સ્વરૂપ દેવના સત્યથી જે શક્તિ તથા આનંદ મળવાં જોઈએ, તે મળતાં નથી. આજના ભૂંડા દિવસોમાં જો આપણે 'સત્યના કમરબંધથી' યોગ્ય રીતે સજ્જ નહીં થઈએ તો, શેતાનની સામે બૂરી રીતે હારી તો જઈશું જ પરન્તુ આપણા દેવના નામને બટ્ટો લગાડનાર અધમ મનુષ્યોમાં ગણાવા લાગીશું.

પરમેશ્વર ચાહે છે કે સત્ય આપણા સમગ્ર જીવનમાં વણાઈ જાય. ઘણી વખત આપણે આપણી જાત સાથે છેત્તરપીંડી કરીને દેવના સત્યને આપણી રીતે સમજવા અને સમજાવવા લાગીએ છીએ તથા પાપના અપરાધમાંથી છૂટવાની છટકબારી શોધીએ છીએ. અને એટલું જ નહીં, પણ દેવના માપદંડથી આપણી જાતને સાચી ઠેરવવા માટે અંચઈ કરીને આપણને ગમતાં પાપને પંપાળતા રહીએ છીએ.

થોડા સમય પહેલાં જુવાનોની મધ્યે મને જાતીયતા (Sex)ના વિષય પર વાત કરવાની તક પ્રાપ્ત થઈ હતી. એક સપ્તાહ પછી મને જાણવા મળ્યું કે કેટલાંક જુવાનોએ મારાં કેટલાંક વિધાનોનો ઊંધો અર્થ કર્યો હતો, ત્યારે મને આશ્ચર્ય સાથે પ્રશ્ન થયેલો કે જે વિશે મેં ઘણી જ સાવચેતીપૂર્વક તથા સ્પષ્ટતાપૂર્વક વિધાન કરેલાં તેને કોણે અને શા માટે ઉલટાવી નાખ્યાં હશે!

પરન્તુ આપણે પણ એવું કરી શકીએ છીએ. કિન્તુ જ્યારે આપણે એવું કરીએ છીએ, ત્યારે આપણી શક્તિનો ક્ષય થાય છે. આમ થવાનું કારણ એ છે કે આપણને જે શક્તિ મળે છે, તે દેવ તરફથી મળે છે અને તે શક્તિનો સંપૂર્ણ આધાર દેવના સત્ય પર છે. દેવના સત્યને ગ્રહણ કરીને જીવનમાં તેનો પ્રામાણિકતાપૂર્વકનો

ઉપયોગ, જીવનને સમૃદ્ધ બનાવે છે. જ્યારે આપણે બનાવટી ખ્રિસ્તી જીવન જીવીએ છીએ, ત્યારે દેવના સત્યનો સ્વીકાર કરી શકતાં નથી અને જીવનમાં અંધકાર વ્યાપેલો રહે છે.

તમે દેવના સત્યનો કમરબંધ બાંધ્યો તો હતો, પરન્તુ જીવનના કોઈ એક ખૂણામાં ગુપ્ત પાપનો અંધકાર ભરાઈ રહેલો અને તેને તમે ખાનગીમાં પંપાળી રહ્યાં છો, આથી તમારી કમર પરનો 'સત્યનો કમરબંધ' ધીમે ધીમે ઢીલો પડીને કમરેથી ઉતરી પડ્યો છે, હવે શું કરશો?

એક માર્ગ છે. દેવની સાથે સમાધાન કરો. તમારી પાપ કરવાની વૃત્તિ છોડી દો. તમારી જિંદગીના પ્રત્યેક ક્ષેત્રમાં દેવનું સત્ય છવાઈ જાય એવી દેવની મરજી છે. આપણે બધાં દેવનાં વચનો પર પ્રેમ કરીએ. આપણાં હૃદયોને એ વચનોથી ભરેલાં રાખીએ. દેવની આજ્ઞાઓને આપણાં જીવનોનું નિયંત્રણ કરવા દઈએ. સત્યના કમરબંધને કસેલો રાખીએ. આપણે દેવમાં જરૂર સમૃદ્ધ બનીશું, કારણ કે દેવ પોતે જ સત્ય છે. આપણા તારનાર પ્રભુ ઈસુ સ્વયં 'માર્ગ, સત્ય તથા જીવન' છે (યોહાન ૧૪:૭).

✿ ✿ ✿

# પ્રકરણ ૧૨

# ન્યાયીપણાનું બખતર

'બખતર તરીકે ન્યાયીપણું પહેરો' - એફેસીઓને પત્ર ૬ : ૧૪

રિપબ્લીક ઓફ આયરલેંડની શૅનન નદીમાં હું અને મારી પત્ની બે વખત જલ-પર્યટને (Cruise) ગયાં છીએ. આવું પર્યટન ઘણું જ આરામદાયક અને આકર્ષક હોય છે. ટ્રાફિકની તકલીફ નહીં અને પ્રાકૃતિક સૌંદર્ય. માણવાની મઝા!

આ જલ-પર્યટન માટે જ્યારે તમે બોટ ભાડે લો ત્યારે બોટનો માલિક તેનો કેવી રીતે ઉપયોગ કરવો, તેનું પ્રથમ શિક્ષણ આપે છે. આ શિક્ષણ વિડિયોટેપ બતાવીને અપાય છે. તેમાં એક-બીજી બોટ સાથે સંભવિત અકસ્માતથી કેવી રીતે બચવું તથા પાણીમાં રાત્રિરોકાણ દરમિયાન બોટને કેવી રીતે મજબૂત લાંગરવી કે જેથી સવારે ઊઠીએ ત્યારે આપણી બોટ તે સ્થળે હોય! જો કે વિડિયો દ્વારા અપાતું આ શિક્ષણ આપણને બોરિંગ લાગે તેવું હોય છે, છતાં એ શીખવું ઘણું જ મહત્ત્વનું છે. જો તમારે જલ-પર્યટન કરવું હોય અને તેનો આનંદ માણવો હોય, તો એ શિક્ષણની અગત્યતા છે.

પ્રભુ ઈસુની સેવા કરવામાં શાની જરૂર પડે છે, તે અંગે આપણે વીગતવાર અભ્યાસ કર્યો અને હવે દેવનાં શસ્ત્રો ધારણ કરીને દેવના સૈન્યના સૈનિક બનવાની તૈયારી કરી રહ્યાં છીએ. ગયા પ્રકરણમાં આપણે સત્યનો કમરબંધ કેવી રીતે ધારણ કરી શકાય તે વિશે શીખ્યાં અને હવે આ પ્રકરણમાં ન્યાયીપણા

(Righteousness - સત્યપરાયણતા)નું બખ્તર કેવી રીતે ધારણ કરી શકાય તે વિશે શીખી, તેની મહત્તા વિશે વિચાર કરીશું.

સંત પાઉલના જમાનામાં રોમન સૈનિકો જે જાતના બખતરનો ઉપયોગ કરતા હતા, તે બખતર, મધ્યયુગના સૈનિકોના બખતર કરતાં ભિન્ન પ્રકારનું હતું. રોમન સૈનિકો લોખંડની મજબૂત પણ ઝીણી સાંકળીનું બનાવેલું બખતર છાતી અને પેટને ઢાંકે એ રીતે રાત-દિવસ પહેરી રાખતા. એ બખતરથી તેમની ગરદન, હૃદય, ફેફસા તથા પેટને રક્ષણ મળતું. બીજા શબ્દોમાં કહીએ તો એ બખતર સૈનિકના આખા ધડનું રક્ષણ કરતું.

એ દિવસોમાં છાતી અને પેટનું મનોવૈજ્ઞાનિક મહત્ત્વ હતું. આથી જ્યારે કોઈને માનસિક ભારે વેદના થતી ત્યારે કહેવાતું 'મારી છાતી ફાટી જાય છે.' જ્યારે કોઈ ભયંકર રીતે ડરી જતું ત્યારે કહેવાતું 'તેની છાતીનાં પાટિયાં બેસી ગયાં.' અથવા જ્યારે કોઈ આકસ્મિક દુર્ઘટનાના સમાચાર મળે ત્યારે એ સમાચાર સાંભળનાર બોલી ઊઠતું 'મારા તો પેટમાં ફાળ પડી ગઈ!' જ્યારે કોઈને માનસિક વેદના આપતું ત્યારે વેદના પામનાર કહેતું, 'મારી આંતરડી કકળાવીને તને શું મળવાનું છે?' વગેરે. અને એજ રીતે હૃદયને મનુષ્યના વ્યક્તિત્વનું કેન્દ્રસ્થાન માનવામાં આવતું. આથી પ્રબોધક યર્મિયા કહે છે, 'હૃદય સહુથી કપટી છે, તે અતિશય ભૂંડું છે, તેને કોણ જાણી શકે?' (૧૭ : ૯). બાઇબલના 'નીતિવચન' પુસ્તકમાં 'હૃદય' શબ્દનો ઉપયોગ 'વ્યક્તિત્વના' અર્થમાં અનેક વખત થયો છે. કોઈ ઉદાર વ્યક્તિને માટે આપણે 'વિશાળ હૃદયના ભાઈ છે' કે 'દિલાવર માણસ છે' - એવો શબ્દપ્રયોગ કરીએ છીએ. કોઈ નિરાશ કે હતાશ મનુષ્યને જોઈને કહીએ છીએ. 'તેમનું હૃદય તૂટી ગયું છે.' અથવા કહીએ છીએ, 'તેણે તો

એ વ્યક્તિના હૃદયના ટુકડે-ટુકડા કરી નાખ્યા!' કોઈ વ્યક્તિ વિશે આપણે કહીએ છીએ, 'કરુણ રસની કવિતા સાંભળતાં જ તેમનું હૃદય દ્રવી ઊઠે છે.' આમ, બાઈબલના સમયમાં માનવામાં આવતું કે હૃદયમાં જ વિચારોનો જન્મ થાય છે, આથી બૌદ્ધિકતાનો સંબંધ પણ મસ્તિષ્ક સાથે નહીં, પરંતુ હૃદય સાથે છે એમ સમજવામાં આવતું. આથી માર્કની સુવાર્તાના સાતમા અધ્યાયની એકવીસમી કલમમાં લોકોને સમજ પડે તે માટે લોકોની માન્યતા અને ભાષામાં વાત કરતાં પ્રભુ ઈસુ કહે છે, ''માણસના હૃદયમાંથી જે બહાર આવે છે તે જ માણસને અશુદ્ધ કરે છે, કારણ કે, અંદરથી એટલે માણસના હૃદયમાંથી આવતા દુષ્ટ વિચારો તેને છિનાળાં, લૂંટ, ખૂન, વ્યભિચાર, લોભ અને સર્વ પ્રકારનાં ભૂંડાં કામ કરવા પ્રેરે છે, કપટ, કામાતુરપણું, ઈર્ષા, નિંદા, અભિમાન અને મૂર્ખાઈ - આ બધી ભૂંડી બાબતો માણસના હૃદયમાંથી આવે છે, અને તેને અશુદ્ધ બનાવે છે.''

આમ, વિચારશક્તિ અને ઈચ્છાશક્તિનું ઉદ્ભવસ્થાન હૃદય તથા ઊર્મિ અને લાગણીઓનું નિવાસસ્થાન પેટ છે, આથી ઈચ્છા, ઊર્મિ અને લાગણીઓ, એ ત્રણેયની રક્ષા માટે છાતી અને પેટનું રક્ષણ કરી શકે એવા કવચ (બખતર, Breast-plate)ની આવશ્યક્તા પર સંત પાઉલ ભાર મૂકે છે. પરંતુ ન્યાયીપણાનું બખતર શા માટે? ધર્મ અને નીતિની બાબતમાં કટ્ટરતાવાદીઓ (Puritan) લેખકો 'ન્યાયીપણા'નાં બે સ્વરૂપ બતાવે છે. એકને તે કોઈને લીધે મળેલું (Imputed) ન્યાયીપણું અને બીજાને અપાયેલું (Imparted), કોઈની અંદર મૂકવામાં આવેલ ન્યાયીપણું. મૂકવામાં આવેલ ન્યાયીપણા (Imparted Righteousness)નો વિચાર બાઈબલના કાળની શરૂઆતના સમયનો વિચાર છે. તેનો સંબંધ

છેક ઈબ્રાહિમના (ઉત્પત્તિ ૧૫ : ૧-૬) સમય સુધી લંબાવાય છે. લખ્યું છે, ''અને તેણે વિશ્વાસ કર્યો અને તે તેણે ન્યાયીપણાને અર્થે તેના લાભમાં ગણ્યું'' (ઉત્પત્તિ ૧૫ : ૬). વાત એમ છે, કે યહોવાનું વચન દર્શનમાં ઈબ્રાહિમ પાસે આવ્યું અને તેને કહ્યું કે, ઈબ્રાહિમ તું બી મા, હું તારી ઢાલ તથા તારું મહામોટું પ્રતિદાન છું. ત્યારે ઈબ્રાહિમે પોતાના વાંઝિયાપણાની વાત કહી પોતાનું દુઃખ વ્યક્ત કર્યું, ત્યારે દેવે તેને કહ્યું કે તારાં સંતાનોની સંખ્યા આકાશના તારા જેટલી ગણાય નહીં તેટલી થશે અને ઈબ્રાહિમે તે વચન પર વિશ્વાસ કર્યો. 'અને તે તેમણે (દેવે) ન્યાયીપણાને અર્થે તેના લાભમાં ગણ્યું.'

પ્રથમ, આપણે ન્યાયીપણાનો અર્થ શોધવાનો પ્રયાસ કરીશું. ન્યાયીપણાનો અર્થ જે બાઈબલમાંથી મળે છે તે છે : યોગ્યપ્રકારના સંબંધમાં હોવું (અથવા રહેવું). પરંતુ 'સંબંધ' શબ્દ અનેક અર્થોમાં વાપરવામાં આવે છે. સરળ (Horizontle) સંબંધ, આડો સંબંધ, ઘનિષ્ઠ સંબંધ, ઉપર છલ્લો સંબંધ, કામચલાઉ સંબંધ, દેખાવનો સંબંધ, મીઠો સંબંધ વગેરે. આ બધા પ્રકારના સંબંધોમાં બાઈબલ જે 'સંબંધ'ની વાત કરે છે તેમાં ત્યાગ આત્મસમર્પણ, ક્ષમા અને પ્રધાનસ્વરૂપે પ્રેમ હોય છે. તમારા પરિવારનાં બધાં સભ્યો એકબીજા સાથે બાઈબલમાં કહ્યો છે તેવો, ન્યાયી (Righteous) સંબંધ રાખતાં હોય એટલે તમારા કુટુંબનાં બધાં લોકો 'ન્યાયી' છે એમ માનવાની જરૂર નથી. કદાચ તમારા કુટુંબમાં કોઈ એક વ્યક્તિ છે જે પોતાના વ્યાપારમાં અનીતિ કરે છે, સરકારને અથવા લોકોને છેતરે છે. તમારા પરિવારની કોઈ છોકરી પડોશીના છોકરાની સાથે અનૈતિક સંબંધ ધરાવતી હોય. તમારા કોઈ પડોશી સાથે તમારે કોઈ બાબતે ઝઘડો થયો હોય અને તેની સાથે તમારે બોલવાનોય

સંબંધ રહ્યો ના હોય. જો આ જાતની સ્થિતિ તમારા કુટુંબમાં હોય, તો તમારા પરિવારને યોગ્ય પરિવાર (Righteous Family) કહી શકાય નહીં. જોકે તમારા પરિવારનાં સભ્યોનો એકબીજા સાથેનો સંબંધ યોગ્યપ્રકારનો છે, પરંતુ એ જ સભ્યોનો પરિવારની બહારનાં લોકો સાથેનો સંબંધ યોગ્ય પ્રકારનો નથી, ખોટો છે.

તમને ખબર પડી કે અહીં કયા પ્રકારની સમસ્યા છે? જિંદગી, તો વિવિધ પ્રકારે જોડેલા 'ટેલિફોન જંક્શન બોક્ષ'ના રંગબેરંગી ટેલિફોનના તારોનાં ગૂંચળા સમાન છે. જો ખોટું કનેક્શન થઈ જાય, તો જેની સાથે વાત કરવી હોય તેની સાથે વાત ના થાય અને બીજે જ ક્યાંક જોડાણ થઈ જાય! ઘણા બધા 'રોંગનંબર' આવતા હોય છે!

પરમેશ્વર સાથેના સંબંધનું પણ આવું જ છે, જો યોગ્ય સંબંધ સ્થાપિત થાય નહીં તો સારું પરિણામ આવતું નથી. પરમેશ્વર સાથેનો સંબંધ પણ ૧૦૦ ટકાનો હોવો જોઈએ. તેનાથી ઊતરતો, ૯૯.૯૯ ટકાનો સબંધ પણ તેમને મંજૂર નથી. સોએ સો ટકાનો સંબંધ હોય તો જ કોઈ વ્યક્તિ પરમેશ્વરની નજરમાં 'ન્યાયી' ઠરી શકે છે. આથી જ ગીતશાસ્ત્રકાર લખે છે, "અને કોઈ દેવને શોધનાર છે કે નહીં, તે જોવાને યહોવાએ આકાશમાંથી દૃષ્ટિ કરી. તેઓ (લોકો) પૂરેપૂરા મલિન થઈ ગયા છે, સત્કાર્ય કરનાર કોઈ નથી, ના, એક પણ નથી' (ગીતશાસ્ત્ર ૧૪ : ૨-૩).

સંબંધની ત્રીજી બાબત છે - આપણો આપણી જ જાત સાથેનો સંબંધ. આ સંબંધ તો ઘણો જ ખાનગી અને વ્યક્તિગત સંબંધ છે. આપણા આ અંગત અને ખાનગી સંબંધના ક્ષેત્રમાં આપણે કોઈને પણ પ્રવેશ આપવા માગતાં નથી. આપણા અંગત

મિત્ર કે આપણી પત્ની કે પતિથી પણ એ ખાનગી સંબંધના ક્ષેત્રમાં પ્રવેશ કરી શકાતો નથી.

આમ, આપણે જોઈ શકીએ છીએ કે 'યોગ્ય પ્રકારનો સંબંધ' (Righteousness - સત્કર્મ ન્યાયીપણું) શબ્દનો અર્થ ઘણો જ જટિલ છે અને તેમાં આપણા સમગ્ર વ્યક્તિત્વનો સમાવેશ થાય છે, દેવ સાથેના, મનુષ્યો સાથેના અને આપણી પોતાની જાત સાથેના સંબંધના સીમાડા પણ તેમાં આવી જાય છે.

પરમેશ્વર સાથેના સંબંધમાં કોઈ વ્યક્તિ સંપૂર્ણ બની શકતી ન હોય અને દેવને ૧૦૦ ટકાથી ઓછો ન્યાયી સંબંધ ખપતો ન હોય, ત્યારે આપણા મનમાં પ્રશ્ન ઉત્પન્ન થાય છે કે શું 'ન્યાયીપણાના બખતર'થી આપણને લાભ થઈ શકે ખરો? શું એ 'બખતર'થી આપણે આપણા પરિવારનાં લોકો સાથે આપણા પડોશીઓ સાથે આપણાં સહકાર્યકરો સાથે, આપણા બોસ સાથે અને આપણી પોતાની જાત સાથે યોગ્ય સંબંધ રાખવામાં સહાય પ્રાપ્ત કરી શકીશું?

દેવે એક માર્ગ આપણે માટે તૈયાર કર્યો છે. જૂના જમાનાના વ્યાપારમાં વપરાતી ખાતાવહીઓનો વિચાર કરો. તેમાં જમા-ઉધારની નોંધ કરવામાં આવતી. પરંતુ હવે તેની જગા કમ્પ્યુટરે લીધી છે. દેવની ખાતાવહીઓમાં આપણાં પાપની નોંધ રાખવામાં આવે છે. અને એ નોંધમાં પ્રતિદિન વધારો થતો રહે છે. એમાંનાં ઘણાં પાપ અને અપરાધોને તો આપણે હમણાં ભૂલી ગયાં છીએ, કે જાણી જોઈને ભૂલવાનો પ્રયત્ન કરીએ છીએ. પરંતુ ત્યાં, દેવના દરબારમાં તો કાળજીપૂર્વક નોંધ રાખવામાં આવે છે, જ્યાં કદી જ ભૂલ થતી નથી. એ ખાતાવહીમાં તો આપણા જૂઠાણાની, અદેખાઈની,

આપણે કરેલી નીંદાની, આપણા બૂરા વિચારોની, બૂરા ઈરાદાઓની, આપણા લોભની, આપણા અભિમાનની, આપણા સ્વાર્થની તથા આપણી વાસનાવૃત્તિ - બધાની તારીખવાર અને સમય સાથે નોંધ રાખવામાં આવે છે. પરમેશ્વરની એ ખાતાવહીમાં મારા નામનું પણ એક ખાતું છે, જેનાં પાનાં રાત-દિવસ ભરાતાં જ રહે છે. પરંતુ દેવબાપે એક વ્યવસ્થા કરી છે. જે કોઈ વ્યક્તિ પ્રભુ ઈસુનો તારણહાર અને પ્રભુ તરીકે જો સ્વીકાર કરે, તો દેવબાપ એ ખાતાવહીના મારા ખાતાના પાના ઉપરથી મારું નામ ભૂંસી નાખી, તેની જગાએ નાઝરેથના નાઝારી ઈસુ ખ્રિસ્ત, એવું લખશે, એટલે ત્યાં નોંધાયેલાં બધાં દુષ્કર્મોનું ઋણ ચૂકવવાની જવાબદારી મારી, એટલે રવિકાન્ત જેકબ પરમારની નહીં, પરંતુ નાઝરેથના નાઝારી ઈસુ ખ્રિસ્તની રહે છે. આથી સંત પાઉલ કરિંથની મંડળીને પત્રમાં લખે છે, 'ખ્રિસ્ત પોતે નિષ્પાપ હતા, છતાં આપણા માટે ઈશ્વરે તેમને પાપરૂપ કર્યા, જેથી ખ્રિસ્તની સાથેના સંબંધથી આપણે ઈશ્વરના ન્યાયીપણાના ભાગીદાર બનીએ" (૨ કોરિંથી ૫ : ૨૧).

આથી ખ્રિસ્તી, એ એવી વ્યક્તિ છે કે જેની ખાતાવહીના ખાતામાંથી તેનું નામ દૂર કરી, તેનું દેવું ભરવાની જવાબદારી પ્રભુ ઈસુએ પોતાને માથે લીધી અને ખ્રિસ્તીને ઋણમુક્ત જાહેર કર્યો. કેવી અજાયબ જેવી વાત! કેવી ભવ્ય યોજના! રવિકાન્ત જેકબ પરમારને જે કોરડા ખાવાના હતા, કાંટાનો તાજ પહેરવાનો હતો, હાથ-પગમાં ખીલા ઠોકાવીને નામોશી ભરી સજા ભોગવતાં મરીને, અનંતકાળ જલતી આગની ભઠ્ઠીમાં સદાકાળ બળવાનું હતું, તેની જગા સૃષ્ટિના સ્વામી, પ્રભુએ જાતે લીધી! આપણે

ખ્રિસ્તીઓએ તો આપણી મુક્તિનો આનંદ માણતાં માણતાં, પરમેશ્વરપુત્ર પ્રભુ ઈસુનાં ગુણગાન કરતાં કરતાં, હર્ષસહિત 'નવા યરુશાલેમ'ના માર્ગે વિચરવાનું જ બાકી રહે છે!

'કોઈને લીધે આપાયેલું' (Imputed) ન્યાયીપણું તે આ છે. આ 'ને નામે લખવું' (Imputed) શબ્દ હિસાબનીશના વ્યવસાય (Accountancy)નો છે, જેનો અર્થ થાય છે - બીજાને નામે એન્ટ્રી (નોંધ) લખવી. આમ, કોઈને લીધે અપાયેલું ન્યાયીપણું (Imputed Righteousness) એટલે આપણું ઋણ બીજાને નામે ચઢાવીને આપણને ઋણ મુક્ત કરવા.

ઘણી વખત કેટલાક સુવાર્તિકો જેનો ઉપયોગ કરે છે એવું એક ઉદાહરણ આપવા માગું છું. એક દિવસ એક યુવાન છોકરાને ગંભીર ગુનાઓ માટે કોર્ટમાં રજૂ કરવામાં આવે છે. સાક્ષીઓને તપાસવામાં આવ્યા અને પુરાવા રજૂ કરાયા અને ફરિયાદ પક્ષના વકીલે તેને ગુનેગાર સાબિત કર્યો. બચાવપક્ષના વકીલે પણ પોતાનો અસીલ ગુનેગાર છે એવું કબૂલ કર્યું, પરંતુ આ કેસમાં ન્યાયાલય થોડી દયા બતાવે એવી વિનંતી તેણે કરી. જ્યુરીએ પોતાનો અભિપ્રાય આપ્યો કે તહોમતદાર ગુનેગાર છે. અને હવે ન્યાયાધીશ ગુનેગારની સજા જાહેર કરે એટલી જ વાર છે. છેવટે ન્યાયાધીશ ગુનેગારની સામેના આક્ષેપો વાંચી સંભળાવે છે અને શક્ય તેટલી કડક સજા ફરમાવે છે. રૂા. ૧૦,૦૦૦નો દંડ અને જો દંડ ન ભરે તો આઠ વર્ષની કેદ. કોર્ટમાં સન્નાટો પ્રસરી ગયો છે. ગુનેગાર જુવાનનાં ગાત્રો કાંપવા લાગે છે, કારણ કે જેલની સજામાંથી બચવા માટે તેની પાસે તો એક પૈસોય નથી. કોર્ટના કર્મચારીઓ યુવાન ગુનેગારની સામે જોઈ રહ્યા છે અને ન્યાયાધીશ પોતાની ખુરશી ઉપરથી ઊભા થાય છે. પોતાનો ન્યાયાધીશ

તરીકેનો ઝભ્ભો ઉતારીને ખુરશી ઉપર મૂકે છે. પોતાના ખિસ્સામાંથી ચેકબુક કાઢી રૂા. ૧૦,૦૦૦નો ચેક લખી કોર્ટના કલાર્કની પાસે જઈ તેને આપે છે અને પોતાના હાથ પ્રસારી પેલા જુવાનને કહે છે, 'દીકરા, હવે ઘરે ચાલ!' આ જુવાન તો જેણે સજા ફટકારી હતી એ જ ન્યાયાધીશનો દીકરો હતો. ન્યાયાધીશે પ્રથમ સજા જાહેર કરી, જાતે જ દંડ ભરી દીધો અને દીકરાને સજા મુક્ત કરી પોતાના ઘેર પાછા આવવાનું આમંત્રણ આપ્યું. મિત્રો, પરમેશ્વર પિતાએ પણ આવું જ કર્યું છે. પરમેશ્વરે આપણે બદલે તેમના પુત્રને દોષિત જાહેર કર્યા, આપણે ભોગવવાની સજા તેમના પર નાખી અને આપણને ગુનાઓની સજામાંથી મુક્ત કર્યાં! આ જ કોઈને લીધે મળેલું ન્યાયીપણું (Imputed Righteousness - ખાતેદારનું નામ બદલીને આપવામાં આવેલું ન્યાયીપણું છે. પરમેશ્વર તરફથી મળેલી આ અમૂલ્ય ભેટ છે!

અહીં એક પ્રશ્ન ઉપસ્થિત થાય છે કે શું કોઈ ગંદી, ખુલ્લી ગટર પર સુંદર પુષ્પછોડ ઉગાડીને આપણે તેની ગંદકી દૂર કરી શકીએ ખરા? અથવા કેન્સર થયેલા શરીરના ભાગ પર પ્લાસ્ટર લગાડીને કે સુંદર વસ્ત્રોથી ઢાંકીને કેન્સર મટાડી શકાય? શું એ રીતે વ્યક્તિના વધતા રોગના ભયથી મુક્ત બની શકાય ખરું? દીવાલમાં પડેલી ફાટ પર કાગળની પટ્ટીઓ લગાડીને, તેને ઢાંકીને પડતી બચાવી શકીએ છીએ? ખાતાવહીમાંના આપણા ખાતામાનું નામ બદલવાથી શું આપણે સારા બની જવાના છીએ? શું ફરીથી આપણે ગુના કરવાનું ચાલુ રાખીશું, તો નાઝરેથના નાઝારી ઈસુ ખ્રિસ્તના ખાતામાં આપણા પાપ નોંધાશે નહીં? શું તેમના ઋણનો ભાર વધતો જશે નહીં?

એક વખત સજામાંથી મુક્તિ મળવા છતાં આપણે એકદમ

બદલાઈ જતાં નથી. આપણે પાપી તો છીએ જ. હજુ પણ આપણો ગુસ્સો પહેલાં હતો એવો જ છે. હજુ પણ આપણા મનમાં ગંદા વિચારો ઉત્પન્ન થાય છે અને ગંદા કામ કરીએ છીએ. આથી પરમેશ્વરને ખબર છે કે આપણાં પાપ, ઋણનો ભાર તેમના પુત્ર પ્રભુ ઈસુ પર નાખવા માત્રથી આપણે સારા બની જતા નથી, આથી પમરેશ્વરપિતા આપણા જીવનને નવો વળાંક આપે છે અને આપણા વિચાર, વાણી તથા વ્યવહારમાં પરિવર્તન આવે છે. આ પરિવર્તનના પરિણામસ્વરૂપ જે ન્યાયીપણું (યોગ્યતા - Righteousness) પ્રાપ્ત થાય છે તે 'આપેલું ન્યાયીપણું' (Imparted Rightousness - આપવામાં આવેલ યોગ્યતા) છે.

દેવ આપણને તેમના પોતાના સ્વભાવ પ્રમાણે કેળવે છે. (To Impart = કેળવણી આપવી, શીખવવું - અનુવાદક). આ કાર્ય કંદમૂળની કોઈ ગાંઠને જમીનમાં રોપવા જેવું કાર્ય છે. એ ગાંઠ યોગ્ય પ્રકારના ભેજવાળી જમીનમાં, ગરમી અને પ્રકાશમાં ફૂટવા લાગે છે. આ ફૂટવાનું કાર્ય ધીરે-ધીરે થતું હોય છે. તેમ આપણા હૃદયની ભૂમિમાં દેવે વાવેલો તેમનો નવો સ્વભાવ આપણામાં ઊગીને પાંગરવા લાગે છે. દેવના સ્વભાવનું આપણામાં થયેલ આરોપણ, આરોપિત યોગ્યતા (ન્યાયીપણું) છે.

ઓરોપિત યોગ્યતા (Imparted Righteousness) પ્રાપ્ત થયાની પ્રથમ નિશાની એ છે કે, પ્રભુ ઈસુનો આપણે આપણા તારનાર તરીકે સ્વીકાર કરીએ છીએ. પ્રભુ પવિત્ર આત્મા આપણને દ ષ્ટિ આપે છે, જેથી સુવાર્તાના સત્યને આપણે સમજવા લાગીએ છીએ અને આપણને ન્યાયીપણું (યોગ્યતા) પ્રાપ્ત થઈ છે, એવો વિશ્વાસ કરવા લાગીએ છીએ. આપણા અંતરમાં દિવ્યપ્રકાશ રેલાવા લાગે છે અને આપણને શ્રદ્ધા ઉત્પન્ન થાય છે, કે પ્રભુ

ઈસુના વધસ્તંભને લીધે આપણને આપણાં સર્વ પાપની ક્ષમા મળી ગઈ છે!

બીજી નિશાની એ છે કે, આપણે પ્રભુ ઈસુને પ્રેમ કરવા લાગીએ છીએ. આપણે તેમને આપણા તારનાર તરીકે અને મિત્ર તરીકે પ્રેમ કરીએ છીએ. આપણામાં તેમની સાથે બોલવાની, વાત કરવાની તથા તેમની વાણી સાંભળવાની વૃત્તિ અને આતુરતા ઉત્પન્ન થાય છે. તેમની સંગતમાં રહેવાની તમન્ના ઉત્પન્ન થયાથી પ્રાર્થના પ્રવૃત્તિમાં આનંદ આવવા લાગે છે.

આપણામાં સત્ય પ્રત્યે પ્રીતિ ઉત્પન્ન થાય છે, સાચાને સાથ આપીએ છીએ તથા પ્રામાણિક્તા આપણને પ્રિય લાગે છે. પરમેશ્વરને જે પ્રિય છે તે બધું જ જાણવાની જિજ્ઞાસા ઉત્પન્ન થાય છે અને તેમને ગમે છે તેવું જ આચરણ કરવાની આપણને આદત પડે છે. આપણી લાગણીઓ, ઊર્મિઓ, અભિલાષાઓ અને વિચારોનું રક્ષણ ન્યાયીપણાનું બખતર કરે છે, આથી ન્યાયીપણું આપણને વધારે ગમવા લાગે છે.

અને ત્રીજી નિશાની છે - આપણને બૂરાઈ પ્રત્યે ધૃણા ઉત્પન્ન થાય છે અને ખોટા પ્રત્યે નફરત જાગે છે. જ્યારે આપણાથી કાંઈ ખોટું થઈ જાય છે, ત્યારે આપણા અંતરમાં વેદના થાય છે, પશ્ચાત્તાપ થાય છે અને આપણે બેચેન બની જઈએ છીએ, કારણ કે આપણા પ્રિય પ્રભુને ન ગમે એવું કાંઈ બોલ્યાં છીએ કે એવું કાંઈક કરી બેઠાં છીએ! પહેલાં તો આવું કશું જ થતું નહીં, પણ હમણાં હમણાં તો એવું થાય છે! મારા 'આત્માના પ્રિતમ'ને જરા પણ ઓછું આવે એવું કાંઈ પણ કરતાં કાળજુ કપાઈ જાય છે! આ આપણામાં મૂકવામાં આવેલી યોગ્યતા (ન્યાયીપણું) આપણા જીવનમાં કાર્ય કરી રહી છે, તેની નિશાની છે!

ન્યાયીપણાનું બખતર આપણે પહેર્યું એટલે આપણે ફરીથી ભૂલો કરવાનાં નથી, કે શેતાનનાં પ્રલોભનો તથા યુક્તિઓનો ભોગ બનવાનાં નથી એમ માનવું ભૂલભરેલું છે. આપણાથી પાપ તો થવાનાં જ છે અને, તે બધાં 'નાઝરેથના નાઝારી ઈસુ ખ્રિસ્ત'ના ખાતામાં જ નોંધાવાનાં છે - એ વાત આપણે હંમેશાં ધ્યાનમાં રાખવાની છે. આથી દરરોજ આપણે આપણાં થયેલાં પાપની ક્ષમા માગતાં રહેવાનું છે. અને જ્યારે આપણે દેવની ક્ષમા માગીએ છીએ, ત્યારે દેવ હસીને કાંઈ એમ નથી કહેતા કે "કાંઈ નહીં, એ તો થાય", પરંતુ આપણાં પાપની સજા તેમના પ્રિય પુત્રએ ભોગવીને આપણને મુક્ત કર્યાં હતાં તે વાતનું સ્મરણ કરાવે છે. આથી જ આપણે ગાતાં હોઈએ છીએઃ

"જોઈ અનુપમ પ્રેમને કરું છું તને પ્રીત,
ચહુ ન પાપો હું કદા હવે, પ્રભુ ફરી."

(ભજનસંગ્રહ, ગીત ૧૧૨)

આપણે જ્યારે જ્યારે પાપ કરીએ, ત્યારે ત્યારે પ્રાયશ્ચિત કરવું જોઈએ. આપણી અને રોમન કેથલીક વચ્ચે પ્રાયશ્ચિત્ત કરવાની બાબતે એક મોટી ભિન્નતા છે. એ લોકો માને છે કે પ્રાયશ્ચિત્ત માટે વ્યક્તિ અને પરમેશ્વરની વચ્ચે એક કડી તરીકે પુરોહિત (પાદરી)ની જરૂર છે, જ્યારે આપણે માનીએ છીએ કે પ્રભુ ઈસુ જાતે જ આપણા 'વડા પુરોહિત' છે (હિબ્રૂઓને પત્ર, ૪ : ૧૪). આપણે પરમેશ્વરની સમીપ પહોંચવા માટે અન્ય કોઈ માધ્યમની આવશ્યક્તા નથી કારણ કે આપણને પણ પ્રભુ ઈસુની કૃપાથી 'રાજમાન્ય યાજક પદ' પ્રાપ્ત થયેલું છે (૧ પિતર ૨ : ૯). અને આથી આપણે સ્વયં પ્રભુ ઈસુની સમીપ જઈને કહી શકીએ છીએ : 'સ્વામી, મારાથી ભૂલ થઈ ગઈ છે! તમને દુઃખી કરવા બદલ મને

ક્ષમા કરો!' અને પ્રભુ ઈસુ આપણું દેવું ફરી પાછા તેમના ખાતામાં લખી દે છે. આપણા જીવનમાં જ્યારે વારંવાર આવું બને છે, ત્યારે બૂરાઈ તરફની આપણી નફરત વધતી જાય છે અને પ્રભુ ઈસુની ક્ષમા વૃત્તિ તથા પ્રેમને લીધે આપણામાં પણ તેમને વધારે પ્રેમ કરવાની ક્ષમતા ઉત્પન્ન થાય છે.

આપણામાં રોપવામાં આવેલી યોગ્યતા (Imparted Righteousness)નું ચોથું પરિણામ છે : 'દિવ્ય આનંદની પ્રાપ્તિ'. ન્યાયીપણાનું બખતર ધારણ કરવું એ ઘણા મોટા ગૌરવની વાત છે. બાઈબલ આપણને જણાવે છે કે યહોવાનો આનંદ તે જ આપણું સામર્થ્ય છે (નહેમ્યા, ૮ : ૧૦). પરંતુ દેવનો આનંદ (દિવ્ય આનંદ) આપણું સામર્થ્ય કેવી રીતે બની શકે?

શેતાન પોતાનાં સળગતાં બાણો આપણા ઉપર ફેંકીને આપણને પરેશાન કરે છે. ઘણી વખત તો તે હતાશા અને નિરાશાનાં બાણથી આપણને ઘાયલ કરે છે. તેનાં અનેક તીરોમાં હતાશાનું તીર સૌથી વધારે અણિદાર છે. શેતાન આપણને હતાશાના સાગરમાં ડૂબકીઓ ખવડાવી ખવડાવી આપણને લાચાર અને નિર્બળ બનાવી દેવાની યુક્તિ આપણા ઉપર અજમાવે છે! તે આપણું ધ્યાન આપણી નિષ્ફળતાઓ, નિર્બળતાઓ અને ભૂલોની તરફ સતત દોરતો રહે છે, કે જેથી આપણા આત્મવિશ્વાસ, આપણા સ્વાભિમાન અને વ્યક્તિત્ત્વનો ભાંગીને ભૂક્કો થઈ જાય! પરંતુ જો આપણે ન્યાયીપણાનું બખતર ધારણ કરેલું હશે, તો આપણી આપત્તિની એ ક્ષણોમાં ભક્ત રાજા દાઉદની પેઠે આપણે પણ બોલી શકીશું.

'જે યહોવાએ આકાશ તથા પૃથ્વી ઉત્પન્ન કર્યાં છે, તેમના

ઈસુ તમારા હૃદયની આરપાર નજર નાખે છે? અને શું તે તમારા ભયંકર અપરાધોનું લીસ્ટ તમારી આગળ રજૂ કરે છે? તમને કોઈ વખત લાગ્યું છે કે પ્રભુ ઈસુ એકલા જ પૂર્ણ મનુષ્ય અને પૂર્ણ દેવ છે? તેમની હાજરીનો તમને ક્યારેય અણસાર થયો છે? તેમનો મધુર, કોમળ અને સ્નેહભર્યો સ્વર ક્યારેય સંભળાયો છે? આ બધા પ્રશ્નોના ઉત્તર જો હકારમાં હોય, તો તમે તમારો પ્રતિભાવ પ્રભુ ઈસુની સામે પ્રગટ કરો. કબૂલ કરો કે તમે અંધકારની સત્તામાં જીવ્યા છો અને પ્રકાશમાં ન કરાય તેવાં કાળાં કામ કર્યાં છે. એ પણ કહો કે દેવની ખાતાવહીમાં આવેલું તમારું ખાતું અપરાધોના આંકડાથી ભરાઈ ગયું છે અને તમે દેવના અનંત દાવાનળમાં અત્યારે જલી રહ્યા છો અને અનંતકાળ સુધી જલતા રહેશો, જો એ દેવું ભરવાની જવાબદારી સ્વયં પ્રભુ ઈસુ ન લે તો! આથી, તમારા નામના ખાતામાંથી તમારું નામ કાઢી નાખી 'નાઝરેથના નાઝારી' ઈસુ ખ્રિસ્તનું નામ ત્યાં લખવામાં આવે એવી વિનંતી કરો. કારણ કે 'જો ઈશ્વર સમક્ષ આપણે આપણાં પાપ કબૂલ કરીએ તો તેઓ પોતાનું વચન પાળશે અને યથાયોગ્ય કરશે, તે આપણાં પાપની ક્ષમા આપશે અને બધાં દુષ્કર્મોથી આપણને શુદ્ધ કરશે' (૧ યોહાન ૧ : ૯). આ પ્રભુ ઈસુનું વચન છે, જે બધા જ અપરાધીઓ, પાપીઓને માટે છે. તમે જ્યાં હો ત્યાંથી તેમની કૃપાની અને ન્યાયીપણાના બખતરની માગણી કરો. તે દયાળુ છે, પાપીઓના મિત્ર છે, આથી તે જરૂર તમને સહાય કરશે. માગો, તે વિશ્વસનીય છે.

જ્યારે તેમ દેવના ન્યાયીપણાની માગણી કરો છો, ત્યારે તેનો અર્થ એ થાય છે કે તમે તમારી ઇચ્છા, આકાંક્ષા અને અરમાનોને પ્રભુ ઈસુના સંપૂર્ણ નિયંત્રણ નીચે મૂકો છો. યાદ

તરફથી મને સહાય મળે છે. તે મારા પગને ડગવા દેશે નહીં. મારો રક્ષક ઊંઘી જનાર નથી. તે સર્વ દુઃખોથી મારું રક્ષણ કરશે' (ગીતશાસ્ત્ર ૧૨૧ : ૨, ૭).

અને શેતાનને કહીશું : તું યાદ કરાવે છે તે, મારાં બધાં જ પાપની પ્રભુ ઈસુએ મને ક્ષમા આપી છે. તેમણે મારું દેવું ભરી દીધું છે અને દરરોજ થતી મારી ભૂલો અને અપરાધોને તે 'નાઝરેથના નાઝારી' ઈસુ ખ્રિસ્તના ખાતામાં લખી દઈ મને દરરોજ ક્ષમા આપે છે. તેમણે મને 'રહેમનો મુગટ' પહેરાવ્યો છે અને ન્યાયીપણાથી (મને) વેષ્ઠિત કર્યો છે.

આ રીતે દિવ્ય આનંદ, એ આપણો આનંદ અને શાંતિ બને છે. આથી જ આપણને આપણા હ્રદય અને મનની સંભાળ રાખવા માટે ન્યાયીપણા (યોગ્યતા)ના બખતરની જરૂર છે. પ્રભુ ઈસુનું ક્રોસ પરનું બલિદાન જ આપણું બખ્તર છે, જેની સામે અંધકારની શક્તિઓનું કાંઈ જ ઉપજતું નથી. આથી જ સંત પાઉલ કહે છે : 'તમે સર્વદા પ્રભુમાં તમારું જે જીવન છે તેમાં આનંદી રહો. હું ફરીથી કહું છું કે આનંદ કરો' (ફિલિપી ૪ : ૪).

કોઈ મનુષ્ય આવા ભવ્ય અને ભારેખમ બખ્તરને કેવી રીતે પહેરી શકે? આપણાં પાપનું દેવું આપણે કેવી રીતે નાઝરેથના નાઝારી ઈસુ ખ્રિસ્તના ખાતામાં લખાવીને આપણે ઋણમુક્ત થઈ શકીએ? દેવનું ન્યાયીપણું (દેવની યોગ્યતા) આપણે શી રીતે પામી શકીએ?

ન્યાયીપણાનું બખતર કેવી રીતે ધારણ કરી શકાય એ વિશે થોડી વાત કરીએ. શું કોઈ દિવસ આપણા સ્વામી પ્રભુ ઈસુએ તમારી સાથે વાત કરી છે? શું કદી તમને એમ લાગ્યું છે કે પ્રભુ

રાખીએ કે, જ્યારે આપણે આપણું દેવું ભરવાની જવાબદારી લેવા પ્રભુ ઈસુને વિનંતી કરીએ છીએ, ત્યારે આપણું સમગ્ર અસ્તિત્વ તેમની આધીનતામાં મૂકીએ છીએ. આપણે કહીએ છીએ : મારી જીવનકારને મેં ઘણી જ રફ ચલાવી છે. ઘણા અકસ્માતો કર્યા છે અને મારી તથા બીજાઓની કારને ઘણા ગોબા પાડ્યા છે. મને હવે લાગે છે, કે આ કાર મારાથી ચલાવાશે નહીં. તમે જ ડ્રાઈવરની સીટ પર બેસો અને ડ્રાઈવિંગ કરો. તમને મને જ્યાં લઈ જવો હોય ત્યાં લઈ જજો. કારણ કે હવે તો મને માત્ર તમારામાં જ મારી સલામતી દેખાય છે!

પરંતુ યાદ રાખો કે, તેમને એક વખત ડ્રાઈવરની સીટ પર બેસાડ્યા પછી તમે ક્યારેય એ સીટ પર બેસવાની ઇચ્છા કે પ્રયત્ન કરશો નહીં. તેમને ડ્રાઈવિંગ કરવા દેશો તો જ તમારી જીવનયાત્રા સરળ અને સુખકાર બનશે. આ જ એક રીત છે, ન્યાયીપણાનું બખતર પ્રાપ્ત કરી તેને ધારણ કરવાની અને હા, એક બીજી વાત! આ બખતર તમારે રાત-દિવસ, ચોવીસે કલાક પહેરી રાખવાનું છે, કારણ કે શેતાન શત્રુ ગમે ત્યારે તમને અરક્ષિત જોઈને તમારા પર હુમલો કરી શકે છે.

✿✿✿

# પ્રકરણ ૧૩

# શાંતિનાં પગરખાં

તમારા પગના જોડા તરીકે શાંતિનો શુભસંદેશ જાહેર કરવાની તત્પરતા પહેરો. - એફેસીઓને પત્ર ૬ : ૧૫

જ્યારે ઉત્તર આયર્લેંડની બેંગોર શહેરની મંડળીનો હું પાળક હતો, ત્યારે વ્યાપારથી ધમધમતા એક સ્થળે થોડા થોડા મહિનાના આંતરે આઈ.આર.એ. (Irish Republican Army)ના લોકોએ બે બોંબ ધડાકા કર્યાં, જેને લીધે લાખો પાઉંડનું નુકશાન થયું.

શહેરમાં જ્યારે પ્રથમ બોંબનો ધડાકો થયો ત્યારે અમારી મંડળીમાં એક અતિથિ સુવાર્તિક 'સંદેશો' આપવાની સેવા કરતા હતા. તે સુવાર્તિક પોતાના 'સંદેશા'નો આરંભ તિરસ્કારમાંથી ઉદ્દ્ભવેલ બોંબ ધડાકાની માઠી અસરોની વાતથી કરતા અને પછી કહેતા : 'પરંતુ આપણા ખ્રિસ્તીઓને તો 'સુસમાચાર' (શુભ સંદેશ) આપવામાં આવેલો છે.' અને તેમની એ રીત મને ગમતી મેઘધનુષ્યના રંગોનો ઊઠાવ તો ત્યારે જ આવે છે, જ્યારે કાળાં વાદળોની પાર્શ્વભૂમિકા બનેલી હોય. અને 'સુસમાચાર'ની શાંતિદાયક પ્રવૃત્તિ ત્યારે જ આકર્ષક બને છે, જ્યારે ચારે તરફ અશાંતિ અને અસલામતીનાં વાદળો ઘૂમરાતાં હોય!

પ્રત્યેક મંડળીનાં ખ્રિસ્તીઓએ પોતાના વિસ્તારમાં 'સુસમાચાર'ના પ્રચારનું કાર્ય કરવું જોઈએ. લોકોને આપણે કયો 'શુભસંદેશ' આપવાનો છે? આપણા મહાન તારનાર પ્રભુ ઈસુના બલિદાન અને તે દ્વારા પ્રાપ્ત થતા તારણનો શુભસંદેશ લોકોને આપવાનો છે. એક પ્રસિદ્ધ પ્યુરિટન સુવાર્તિકનું કથન છે, 'આ એક

એવો શુભસંદેશ છે, જે આ જગતમાં પ્રથમવાર જ પ્રગટ થયો છે. અને તેના પ્રગટ થયા પછી અશુભ સમાચારનો કોઈ જ ડર રહેતો નથી' (The Christian in Complete Armour, by William Gurnall P. 480, Banner of Truth, Republished 1974) મને ખાતરી છે કે તમે એક વખત આ શુભસંદેશ સાંભળીને તેના પર વિશ્વાસ કર્યો છે એટલે બૂરા સમાચારનો તમારો ડર નીકળી ગયો હશે. 'તમારા પગના જોડા તરીકે શાંતિનો શુભ સંદેશ જાહેર કરવાની તત્પરતા પહેરો' - એ સંત પાઉલનું કથન ઘણું જ અર્થસભર છે. હવ આપણે એ વિધાનની સત્યતાને તપાસવાનો પ્રયાસ કરીશું.

જો તમે ઈઝરાયેલમાં જાવ, તો તમને ખબર પડશે કે ત્યાં અભિવાદન કરવા માટે 'ગુડમોર્નિંગ' જેવો શબ્દ પ્રયોગ કરવાને બદલે 'શલોમ' (Shalom) શબ્દનો ઉપયોગ થાય છે. 'શલોમ'નો અર્થ છે, શાંતિ. પરંતુ તેનો વિશધ અર્થ કરાય છે, મંગલ-કુશલની શુભેચ્છા.

આમ, તમે કલ્પના કરી શકો છો કે બાઈબલમાં 'શલોમ' અર્થાત્ શાંતિનો વિશદ અર્થ ગ્રહણ કરવામાં આવ્યો છે અને તેમાં ત્રણ ચાર જાતના અર્થનો સમાવેશ કરવામાં આવ્યો છે.

જ્યારે આપણે પરમેશ્વરના માર્ગમાં ચાલીએ છીએ અને આપણાં એ કૃત્ય તેમની દૃષ્ટિમાં માન્ય થાય છે ત્યારે કહેવાય છે કે દેવ સાથે આપણું સમાધાન થયું છે. આપણાં પાપની આપણને ક્ષમા મળી છે અને પરમેશ્વરે આપણને તેમનાં સંતાન બનાવી તેમના પવિત્ર પરિવારમાં આપણને સ્થાન આપ્યું છે. આપણને એ સ્થાન પ્રભુ ઈસુ ખ્રિસ્તની મારફતે મળ્યું છે (રોમનોને પત્ર ૫ : ૧).

'શાંતિ'ના અર્થમાં અંતરના અવાજ સાથે થયેલા સમાધાન (Peace with Conscienal)નો ભાવ સમાવિષ્ટ છે. અર્થાત્ આપણને આપણી ખુદની વિરુદ્ધ કોઈ ફરિયાદ નથી. આપણા અંતરના અવાજ અને આપણાં કાર્યોમાં વિસંગતતા કે સંઘર્ષ નથી. કિંતુ આનો અર્થ એવો નથી કે આપણા જીવનમાં કોઈ સમસ્યા આવવાની નથી. કદાચ સમસ્યાઓમાં વધારો પણ થાય, કારણ કે પ્રભુ ઈસુની પાછળ ચાલતાં આપણને મુશ્કેલી નહીં પડે એવું તે ક્યારેય કહેતા નથી. કિન્તુ, આપણા અંતરના અવાજ અને આપણા દૈનિક વ્યવહાર વચ્ચે સુમેળ હોવાથી આંતરિક સંઘર્ષ ઉત્પન્ન થતો નથી અને તેથી આપણું મન શાંતિનો અનુભવ કરે છે. પ્રભુ ઈસુએ આપણાં પાપનો ભાર તેમના ઉપર લીધો હોવાથી આપણો અંતરઆત્મા હળવાશ અનુભવે છે અને દેવના કોપથી બચી ગયાં છીએ એવી લાગણીને લીધે આપણા અંતરમાં કોઈ ઉચાટ રહેતો નથી. આપણે જાણીએ છીએ કે સ્વતંત્ર માણસો તરીકે જીવન જીવવા માટે ખ્રિસ્તે આપણને મુક્ત કર્યાં છે (ગલાતી ૫ : ૧).

પરંતુ, જેમ આપણને આપણા અપરાધોની ક્ષમા દેવ તરફથી પ્રાપ્ત થઈ છે, તેમ આપણે પણ આપણા અપરાધીઓને ક્ષમા આપી શાંતિમાં રહેવાનું છે. કોઈની સાથે અણબનાવ કે કજિયાકંકાસમાં જીવવાનું નથી. કોઈને આપણો શત્રુ ગણવાનો નથી અને શત્રુને ક્ષમા આપી મિત્ર બનાવવાનો છે. માનસિક શાંતિ માટે આ જાતના વલણની ઘણી જ જરૂર છે.

શાંતિ પ્રાપ્ત કરવાનો જથો માર્ગ છે : પ્રકૃતિનાં તત્ત્વોમાં દેવની મહાનતા જોવા માટે નવા પ્રકારની દષ્ટિ કેળવવી. પશુ-પક્ષી, વૃક્ષ-વેલી, નદી-ઝરણાં, ઘૂઘવતા સાગર તથા હિમાચ્છાદિન

પર્વતનાં શિખરો, સંધ્યાના રંગો અને તારામઢ્યું આકાશ, ધરતીને ધ્રૂજાવતા ભૂકંપ તથા ઝંઝાવાતની રાક્ષસી તાકાત - એ સઘળાંમાં પરમેશ્વરની મહાનતાનાં દર્શન થાય છે ત્યારે મનુષ્યનું મન તેમની ગરિમા સામે ઝૂકી ઝૂકીને પ્રણામ કરવા લાગે છે. મનુષ્યનું મન જ્યારે પરમેશ્વરના ગૌરવથી છવાઈ જાય છે, ત્યારે ભક્તિરસ ઉત્પન્ન થાય છે અને મનુષ્ય શાંતિનો અનુભવ કરવા લાગે છે!

પરમેશ્વરની સાથે, આપણા સ્વયંની સાથે, અન્ય લોકો સાથે અને પ્રકૃતિનાં તત્ત્વો સાથેની શાંતિ! કિન્તુ, આ પ્રકારની શાંતિ સત્ય અને ન્યાયીપણા (પ્રામાણિક્તા, દેવ સાથેની યોગ્યતા)ના અભાવમાં શક્ય નથી. બાઈબલમાં અને વિશેષતઃ 'ગીતશાસ્ત્ર'ના ગીતોમાં 'શાંતિ' શબ્દનો થયેલો પ્રયોગ સત્ય અને ન્યાયીપણાના અર્થથી ભિન્ન કરી શકાય તેમ નથી. ઉદાહરણ તરીકે :

કૃપા તથા સત્યતા એકબીજાની સાથે મળેલી છે, ન્યાયીપણાએ તથા શાંતિએ એકબીજાને ચુંબન કર્યું છે (ગીતશાસ્ત્ર ૮૫ : ૧૦).

તથા

જો તેં મારી આજ્ઞાઓ ધ્યાનમાં લીધી હોત તો કેવું સારું! ત્યારે તો તારી શાંતિ નદીના જેવી, ને તારું ન્યાયીપણું સમુદ્રનાં મોજાં જેવું થાત (યશાયા ૪૮ : ૧૮).

બીજા શબ્દોમાં કહેવું હોય તો કહેવાય કે જ્યારે સંત પાઉલ દેવનાં શસ્ત્રોનું વર્ણન કરે છે, ત્યારે તે એક સાચા ખ્રિસ્તીનું સંપૂર્ણ ચિત્ર રજૂ કરવા માગે છે. એ ચિત્રના વર્ણનનો આરંભ તે દેવનું સત્ય જે મનુષ્યમાં પ્રેમ અને પ્રામાણિક્તાના રૂપમાં પ્રગટ થાય છે, તેનાથી કરે છે. સંત પાઉલ તે પછી ન્યાયીપણાને 'કોઈને લીધે મળેલ ન્યાયીપણું' અર્થાત્ એક વ્યક્તિનું દેવું બીજાને નામે લખવામાં

આવે (Imputed Righteousness) તથા 'કોઈના ચરિત્રમાં મૂકવામાં આવેલ ન્યાયીપણા (Imparted Righteousness) દ્વારા જીવન જીવવાની નવીન પ્રકારની પ્રણાલીની વાત કરે છે અને છેલ્લે, જે સત્ય અને પ્રામાણિકપણા (પ્રાપ્ત કરેલ દેવની યોગ્યતા) પર આધારિત છે, એ શાંતિ વિશે વર્ણન કરે છે.

આમ, સત્ય અને પ્રાપ્ત કરેલ દેવની યોગ્યતા (ન્યાયીપણા)ના અભાવમાં શાંતિ પ્રાપ્ત થતી નથી. શાંતિ, સત્યતા અને ન્યાયીપણુંએ ત્રણની એક ત્રિપુટી છે અને એ ત્રિપુટી જ્યાં જાય છે ત્યાં એક સાથે જ જાય છે. જો આ ત્રણમાંથી એક અલગ થઈ જાય, તો આખી ત્રિપુટી વિખેરાઈ જાય છે. જો સત્ય અલગ થઈ જાય તો આપણે શાંતિને પણ ગુમાવીએ છીએ અને જો ન્યાયીપણું અલગ થઈ જાય, તોપણ આપણી શાંતિ જતી રહે છે. પરંતુ જો તમારી પાસે સત્ય અને ન્યાયીપણું હોય તો શાંતિ એકલી તમારાથી અલગ રહી શકતી નથી. આ ત્રણે તાંતણા એવા છે કે જે વડે એક મજબૂત દોરડું બને છે, જે તમને સદાને માટે દેવની સાથે પ્રેમના સંબંધમાં બાંધી રાખે છે.

હવે આપણે વિચાર કરીએ કે સંત પાઉલ આપણને શાંતિના જોડા પહેરી 'શુંભસંદેશ' જાહેર કરવાને માટે તત્પર રહેવાનું શા માટે કહે છે? તેમનો આશય શો છે? જો એ આશય આપણે સમજવો હોય, તો તે જે ચિત્ર આપણી સમક્ષ મૂકી રહ્યાં છે, તેને જોવાની જરૂર છે. બાઇબલના અભ્યાસી વિદ્વાનો સર્વસમંતિથી માને છે કે રોમન સૈનિકો મજબૂત અને ટકાઉ સેંડલ (જોડા) પહેરતા હતા. એ જમાનામાં ઘણાં લોકો પાસે પહેરવાના જોડા હતા નહીં. આથી ઘણાં લોકો ખુલ્લા પગે ચાલતા પરંતુ રોમન સૈનિકોની બાબતમાં આમ ન હતું. તે તો મજબૂત ચામડાના જોડા

પહેરતા અને તે પગમાંથી નીકળી ના જાય માટે ઘૂંટીથી ઉપરના ભાગ સુધી મજબૂત વાઘરીથી બાંધવામાં આવતા. અને જોડાના તળિયે ખીલા (studs or hobnails) મારવામાં આવતા કે જેથી તળિયું જલદી ઘસાઈ ના જાય. સંત પાઉલે જે શબ્દ 'તત્પરતા' (Readiness, Equipment, Preparation)નો અર્થ એવા જોડા પહેરવાથી થતો લાભ, એવો કર્યો લાગે છે. બીજી રીતે કહેવું હોય તો કહેવાય કે એ જોડા અથવા સુવાર્તાની શાંતિથી ખ્રિસ્તીને કઈ જાતનો લાભ થાય છે, તેની વાત કરવાનો સંત પાઉલનો આશય જણાય છે.

ઘણી વખત રોમન સૈનિકોની ટુકડીઓને શહેરની સડકોને બદલે કાચા અને વરસાદને લીધે ધોવાયેલા, ખાડા ટેકરાવાળા રસ્તાઓ પર ચાલવું પડતું. આથી તેમના જોડાના તળિયે મારેલા ખીલા તેમને લપસવાથી બચાવતા. ઇંગ્લેંડના રાજાની ઝૂંસરીમાંથી છૂટવા માટે સ્કોટલેંડના સ્વાતંત્ર્યસેનાની રોબર્ટ બ્રૂસની આગેવાની નીચે ૪૦,૦૦૦ સૈનિકોની મદદથી 'બૅનોક બર્નર' (Bannockburn)નું યુદ્ધ ૧૩૧૪ની સાલમાં બીજા એડવર્ડ સાથે લડવામાં આવેલું. રાજા એડવર્ડ બીજાના ૬૦,૦૦૦ના સૈન્યને રોબર્ટ બ્રૂસ પરાજિત કરી શકેલો, કારણ કે તેણે સારી યુદ્ધભૂમિની પસંદગી કરેલી, જેમાં ઇંગ્લેંડના સૈન્યના ૧૦,૦૦૦ સૈનિકો અને શસ્ત્રસામગ્રીનો મોટા પ્રમાણમાં નાશ થયો અને સ્કોટલેંડને સ્વતંત્રતા મળી. એ પસંદગીની સારી યુદ્ધભૂમિમાં જનરલ બ્રૂસના સૈનિકો દઢતાપૂર્વક પોતાના શત્રુનો સામનો કરી શક્યા, કારણ કે તેમણે સંતાડીને રાખેલી ખાઈઓમાં ઇંગ્લેંડના સૈનિકો ફસાઈ ગયા અને સ્કોટલેંડના સૈન્યનો શિકાર બની ગયા!

શેતાનના સૈનિકો ખ્રિસ્તીઓને ફસાવવા માટે જ્યારે ચારે તરફથી હુમલા કરતા હોય, ત્યારે ખ્રિસ્તના યોદ્ધાઓ પોતાની ભૂમિને બચાવવા દઢ રહી શકે ખરા? એવો સ્વાભાવિક પ્રશ્ન આપણા મનમાં ઉત્પન્ન થાય. પરંતુ આપણે જે ભૂમિ પર ઊભા છીએ, તે ભૂમિ તો પ્રભુ ઈસુ ખ્રિસ્તના બલિદાનથી બનેલી શાંતિની ભૂમિ છે, એ વાતનું સ્મરણ આપણે રાખવાનું છે. અને આપણે જે 'સંદેશ' જગતને આપવાનો છે, તે તો આપણને પરમેશ્વર તરફથી આપવામાં આવેલો છે. આમ, આપણો સંબંધ પરમેશ્વરની સાથે છે. તે આપણા પિતા બન્યા છે અને આપણને તેમનાં દીકરા-દીકરી બનાવવામાં આવ્યાં છે, આથી જગતની કોઈ પણ શક્તિમાં આપણી શાંતિ સામે જોખમ ઊભું કરવાની તાકાત નથી. પરમેશ્વરે આપણી સાથે સગાઈ બાંધી, એ તેમની કૃપા છે! એ સગાઈ લોહીની સગાઈ છે, કારણ કે પરમેશ્વરપુત્ર પ્રભુ ઈસુએ તેમનું લોહી આપીને આપણને જીવતાં રાખ્યાં છે, નવું જીવન આપ્યું છે.

જગતનાં ઘણાં લોકો આઈસ થઈ ગયેલાં ફૂટપાથ ઉપર સારી પકડ રાખે એવાં પગરખાં પહેર્યાં વિના જ ચાલવાની મિથ્યા મથામણ કરતાં હોય છે. આવાં લોકો ચાલવાનો પ્રયત્ન કરતાં કરતાં લપસતાં જ રહે છે અને છેવટે લપસી પડી ભોંય પર પછડાય છે, અને આખરે લપસણા આઈસને લીધે ફરીથી ઊભું થવાનું અઘરું બને છે! અહીં હું જે સમજાવવા માગું છું તેની તમને સમજણ પડી? મારું કહેવું છે કે, આઈસ પર ચાલવાનો મિથ્યા પ્રયાસ કરનાર લોકો દહીં-દૂધમાં પગ રાખનાર લોકો છે. એ લોકો પ્રભુ ઈસુ પ્રત્યેના વિશ્વાસમાં સુદઢ નથી. તેમને બરાબર ખાતરી નથી કે પ્રભુ ઈસુ એ કોણ છે. તેમને મન પ્રભુ ઈસુ એ એક શિક્ષક

કે ઉપદેશક માત્ર છે. પ્રભુ એ જીવતા દેવના પુત્ર છે. એ વિશે તેમને શંકા છે. તેમને એ પણ શંકા છે કે પ્રભુ ઈસુનું બલિદાન તેમનાં પાપોની તેમને ક્ષમા અપાવી શકે છે. તે લોકોને એ વાતનો પણ વિશ્વાસ પડતો નથી કે પ્રભુ ઈસુ સ્વયં દેવ છે અને દેવાધિદેવ છે. 'સુવાર્તા'ના શાંતિદાયક શુભસંદેશ વિશે તેમનામાં ગેરસમજ પ્રવર્તે છે. એ લોકો જગતમાં પ્રચલિત વિવિધ ધર્મોની તથા વિવિધ માન્યતાઓની ભૂલભૂલામણીમાં ચક્કર લગાવ્યા જ રાખે છે અને ભાગ્યે જ બહાર નીકળી શકે છે.

બીજા કેટલાક લોકો એવા છે કે જે તેમણે કરેલી પ્રાર્થના પ્રમાણે પ્રાપ્ત કરી શક્તા નથી, ત્યારે દેવની કૃપા અને કરુણાવૃત્તિ પર તેમને શંકા જાગે છે, જાણે કે પ્રભું ઈસુએ એવું કહ્યું હોય કે ખ્રિસ્તીના જીવનમાં ક્યારેય દુ:ખ આવશે નહીં અથવા ખ્રિસ્તીએ પોતાનો વધસ્તંભ ઊંચકી મારી પાછળ ચાલવાનું નથી! તમને ખબર હશે, કે પ્રભુ ઈસુએ એવું ક્યારેય કહ્યું નથી. પરંતુ એવા લોકો તરત જ નારાજ થઈ જાય છે, કારણ કે તેમણે શાંતિનાં પગરખાં પહેર્યાં હોતા નથી અને એને કારણે લપસણા જગતની લપસણી ભૂમિ પર તેમનાં પગલાં સ્થિર થતાં નથી. આ જાતનાં અસ્થિર પગલાંનાં લોકોએ પ્રભુ ઈસુની સાર્વકાલિક કૃપા અંગેનું શિક્ષણ જીવનમાં ઊતાર્યું હોતું નથી. અનંત શાંતિનાં પગરખાં તેમણે પહેર્યાં નથી, આથી તેમનાં પગલાં લથડિયાં ખાય છે અને સત્યની સીધી રેખા પર બરાબર ચાલી શકતાં નથી.

શાંતિના પગરખાં આપણાં પગલાંને માત્ર દઢતા જ નહીં, પરંતુ આપણા પગને રક્ષણ પણ પૂરું પાડે છે. સંત પાઉલના સમયના સૈનિકોને સુરંગો (Minefields) પર ચાલવાનું ન હતું,

કિન્તુ તેમના સમયના સૈનિકો પ્રાથમિક અવસ્થાની સુરંગનો ઉપયોગ કરતા. દુશ્મન સૈનિકોને પોતાની ભૂમિ પર આવતાં રોકવા માટે જમીનથી માત્ર અડધો-પોણો ઇંચ ઊંચી રહે એવી કઠણ લાકડાની ફાચરો જમીનમાં દાટવામાં આવતી જે દુશ્મન સૈનિકોના પગરખાં વિનાના પગને ચીરી નાખતી અને તેમની આગેકૂચ અટકાવી લડવા માટે નકામા બનાવી દેતી. આથી જ રોમન સૈનિકો પગના રક્ષણ માટે મજબૂત પગરખાં પહેરતા હતા.

તમને કદી પગમાં ખણ પડ્યા છે? પગરખાં નડ્યાં છે? જોડા ડંખવાની વેદનાનો અનુભવ ક્યારેય થયો છે? એની વેદના ભારે હોય છે! મને એનો અનુભવ થયો છે. મારા કૉલેજના અભ્યાસકાળ દરમિયાન હું યુનિવર્સિટીનાં 'આર્મી ટ્રેનિંગ કોર'નો કેડેટ હતો. (આપણે ત્યાં કોલેજોમાં એન.સી.સી. 'નેશનલ કેડેટ કોર' દ્વારા સૈન્યશિક્ષણ અપાય છે એ જાતનું શિક્ષણ લેનાર વિદ્યાર્થી. - અનુવાદક) એ અભ્યાસકાળ દરમિયાન અમારે સૈન્યના પ્રશિક્ષણ માટે 'ચેવિયેટ હિલ' (Chaviot hills) પર ત્રણ દિવસ ચાલવાનું થયું હતું અને મારા પગમાં છાલા (ખણ) પડી ગયેલા, આથી મારાથી ચલાતું નહીં. વેદના ભારે થતી, આથી કેમ્પના મેડિકલ ઓફિસરે મને પી.ટી. (ફિઝિકલ ટ્રેનિંગ) અને પરેડની બે અઠવાડિયાં માટે માફી આપેલી. સૈનિક ગમે તેટલો શક્તિશાળી હોય, ગમે તેટલો કુશળ લડવૈયો હોય પરંતુ તેના પગની અને હાથની રક્ષા થાય એ ઘણું જ અગત્યનું છે.

શેતાન ઘણો જ ક્રૂર અને ખંધો શત્રુ છે. તે આપણને દેવને માટે લડતા રોકવા આપણા માર્ગમાં ખીલા, ફાચરો અને સુરંગો છૂપાવે છે. તેનો આશય આપણને આગેકૂચ કરતા રોકવા માત્રનો

જ નહીં, પરંતુ આપણને ઘાયલ કરી આપણી શાંતિ હણી લેવાનો હોય છે. આપણી શાંતિને હરામ કરી નાખવા માટે તેની પાસે અનેક યુક્તિઓ છે. આપણને નોકરીમાંથી છૂટા કરવાના છે એવા સમાચાર આવે. આપણા કુટુંબ વિશે કે મંડળી વિશે માઠા સમાચાર મળે અને આપણે ચિંતા કરવા લાગી જઈએ. તથા આપણી કરેલી બધી પ્રાર્થનાઓ વ્યર્થ ગઈ છે એવું લાગે અને આપણા મનની શાંતિનો ભંગ થાય.

ઉપરાંત, શેતાન એવી યોજના કરે છે અને એવા પાશ નાખે છે કે જેમાં આપણે ફસાઈ જઈએ અને પાપ કરવા લાગીએ કે જેથી, પરમેશ્વર સાથેનો આપણો સંબંધ (સંગત) તૂટી જાય અને આપણે એકલા પડી જઈએ. આ સાથે બીજું પરિણામ એ આવે છે કે, પ્રભુ ઈસુને આપણે દગો કર્યો છે એ વાતનું સ્મરણ પણ આપણા મનને ખિન્ન કરતું રહે છે, અને આપણી શાંતિ ખોવાઈ જાય છે! આવી પરિસ્થિતિમાં આપણું નિરાશ થયેલું મન લાચારી અનુભવે છે અને અજ્ઞાત ભવિષ્યના ભયંકર ઓળા આપણને સતત ડરાવતા રહે છે, આપણી ઊંઘ હરામ કરી દે છે.

છતાં આપણે હંમેશાં યાદ રાખવાનું છે કે પરમેશ્વર જ સર્વશક્તિમાન છે. વિજય તો પ્રભુ ઈસુનો જ છે. સુવાર્તાનો આ શુભ સંદેશ આપણે યાદ રાખવાનો છે, કારણ કે :

માનવ-જીવનનો છે, અનુભવ જેમને,
સુખ-દુઃખ અને શું વેદના, તેની ખબર છે તેમને!
આપણા ભૂતકાળને ભૂંસી દીધો જેણે,
કરે સંભવ અસંભવને, કહો શું છે અસંભવ તેમને!

આપણે માટે વધામણીની વાત તો એ છે કે આપણા પ્રભુ ઈસુ જ આપણા મુક્તિદાતા છે. તે રાજાઓના રાજા અને સર્વશક્તિમાન સમ્રાટ છે. એ જ શાંતિના સ્વામી છે, જ્યાંથી શાંતિનો શ્રોત વહે છે (ફિલિપી ૪ : ૭-૯). તે સદા સાવધ એવા આપણા રક્ષક છે. અને તેમણે જ આપણને સુવાર્તા દ્વારા મળતી શાંતિનાં પગરખાંથી સજ્જ કર્યાં છે. આથી જ પેલા 'પ્યુરિટન' લેખકે કહ્યું હશે કે શુભસમાચાર જાણ્યા પછી આપણે માટે કોઈ સમાચાર અશુભ રહેતા નથી!

'શુભસંદેશ'થી પ્રાપ્ત થતી શાંતિ આપણાં જીવનોને મેઘધનુષ્યની સુંદરતાથી ભરી દે છે. જ્યારે આકાશમાં વાદળોની કાલિમા છવાયેલી હોય છે ત્યારે, એ મેઘધનુષ્યની છટા વધારે મનોહર લાગે છે. આથી જ શાંતિનાં પગરખાં, આવનાર સંકટોનો સામનો કરવા માટે આપણને તૈયાર કરે છે અને શત્રુએ છૂપાવેલી અણિદાર ફાચરોથી આપણા પગનું રક્ષણ કરે છે.

સૈનિકને આગેકૂચ કરવા માટે પગરખાં સહાયક બને છે અને તેને ગતિશીલ રાખે છે. પોતાના સમયનો મહાન સેનાપતિ એલેકઝાન્ડર જાણતો હતો કે ગતિશીલતા સૈનિકને વિજય અપાવે છે. ગમે તેવા સંજોગોમાં કે મોટા સૈન્ય પર ઝડપથી, ઓચિંતો હુમલો કરવામાં આવે, તો ગમે તેવા મોટા સૈન્યને પણ હરાવી શકાય છે. રોમનોએ એલેકઝાન્ડરના એ સિદ્ધાંતને આત્મસાત કર્યો હતો, આથી ઘણા રોમન સમ્રાટોએ મોટા મોટા વિજય મેળવ્યા. તેમનું સૈન્ય દુશ્મનને અણસાર આવે તે પહેલાં જ યુદ્ધભૂમિ પર ઘણી ત્વરાથી પહોંચી જતું અને હુમલો કરી દેતું! મહાન નેપોલિયનની રીત પણ આવી જ હતી. પ્રથમ વિશ્વયુદ્ધમાં સંડોવાયેલા દેશોના

સેનાપતિઓએ યુદ્ધકલાના ઈતિહાસની અવગણના કરી અને તેમણે યુદ્ધ રેખા (Battle Line)ની પાછળ ખાઈઓ તૈયાર કરવામાં ઘણો સમય બગાડ્યો આથી, છેવટે તેમણે જ ખોદેલી માટીના કાદવમાં પોતે જ ફસાઈ ગયા!

'તત્પરતા' (Readiness), શબ્દના ત્રીજા અર્થ 'શાંતિનો સંદેશો જાહેર કરવાની તત્પરતા'માં લવચીકપણું (Flexibility) અને બદલાણ પામવાની ઈચ્છા (Willing to change)નો ભાવ સમાયેલો છે. મારું દઢપણે માનવું છે, કે આજે આપણી મંડળીઓ નકમા રૂઢિ-રિવાજોને વળગી રહે છે, આથી તેમના આધ્યાત્મિક ક્ષેત્રે સંઘર્ષની સ્થિતિ ઉત્પન્ન થાય છે. ઘણા લોકો માને છે કે આપણી મંડળીઓમાં 'સુવાર્તિક' પ્રકારની પદ્ધતિ (Evangelistic Mission) અપનાવીએ, તો સારામાં સારા ગાયકગણ અને ગાયકોની સહાયથી ઘણી બધી ભક્તિસભાઓનું આયોજન કરી શકાય. પરંતુ આજે સમય બદલાયો છે. આજે જો તમારે સુવાર્તાનો 'સંદેશ' એવા લોકો સુધી લઈ જવો છે કે જેમણે કદી પ્રભુમંદિરનો ઉંબરો ઓળંગ્યો નથી, તો તમારે સ્વયં એવા લોકોની પાસે, એ જ્યાં હોય, ત્યાં જવું પડશે.

આપણાં ભજનોની વાત કરીએ. એ ઘણાં જ સુંદર અને પ્રેરણાદાયક ભજનો છે. મને પણ વૉટસ (Watts), વૅસ્લી (Wesley), મૉન્ટગોમરી (Montgomery), જોન ન્યૂટન (John Newton) બોનાર (Bonar) અને બીજા ઘણા ભક્ત-કવિઓનાં ભજનો ઘણાં જ ગમે છે. પરંતુ આજે ભાષા બદલાઈ ગઈ છે. પ્રભુ ઈસુએ પોતાના સમયનાં લોકોને તેમની પોતાની બોલી (Dialect)માં ઉપદેશ આપ્યો હતો, તેથી એ સમયનાં લોકો તેને સમજી શક્યાં.

પરંતુ આજે આપણે આપણા જૂના વારસાને ગમે તેટલો પ્રેમ કરતાં હોઈએ, તોપણ તેને આજના સમયમાં સમજવાનું સહેલું નથી. આથી, તેને આજની પ્રચલિત ભાષામાં ફેરવવો જોઈએ. લોકો સારી રીતે સમજી શકે એવી તેમની ભાષામાં 'સુવાર્તા'ના 'સંદેશ' આપવા જોઈએ. જ્યારે હું ભાષામાં પરિવર્તન લાવવાનું કહું છું, ત્યારે એનો અર્થ 'સુર્વાતા'નાં જે સત્યો છે તેમાં પરિવર્તન લાવવાની વાત નથી કરતો. લોકો એ સત્યોને આત્મસાત કરી શકે એ માટે તે સત્યોને સમજાવી શકે એવી ભાષાનો ઉપયોગ કરવાની વાત હું કરું છું. આ જ આપણી 'ગતિશીલતા (Mobility) છે. આજ 'શાંતિનો શુભ સંદેશ જાહેર કરવાની તત્પરતા' છે!

'તત્પરતા' એટલે તૈયારી, ઉત્સુક્તા. પગરખાં સૈનિકને તેની ફરજ બજાવવામાં સહાયક બને છે. તેના મનને પ્રોત્સાહન પૂરું પાડે છે. અને જ્યાં સૈનિકની જરૂર હોય ત્યાં; એ પગરખાંને લીધે તે નિશ્ચિંત બની સમયસર પહોંચી જાય છે.

અમારા આયર્લેંડની મંડળીઓ આજે દુઃખી અવસ્થામાં છે. (જોકે થોડીક મંડળીઓ ઘણી જ સમૃદ્ધ છે, પરંતુ મોટાભાગની મંડળીઓ નાદાર થઈ ગઈ છે અને પ્રભુમંદિરો ખાલી પડ્યાં છે.) સ્કોટલેંડના કોઈ શહેરો કે ગામોમાં તમે સાંજને સમયે સાંજની ભક્તિસભામાં જવાના ઇરાદાથી આંટામારો, પરંતુ એક પણ પ્રભુમંદિર સાંજની ભક્તિસભા માટે તમને ખુલ્લું મળશે નહીં અને મોટાં દેખાતાં ઘણાં પ્રભુમંદિરો પર કાર્પેટ રાખવાની વખારો (Warehouses)નાં પાટિયાં જોઈને તમને દુઃખ થશે. તમને પ્રશ્ન થશે કે આવું કેમ થયું? પ્રભુમંદિરનાં પાટિયાં શા માટે પડી ગયા અને તેને સ્થાને વહેપારનાં પાટિયાં શા માટે લાગી ગયાં! પ્રશ્નનો

જવાબ સહેલો છે. મંડળીઓ પોતાનું, સાર્વકાલિક સંદેશો આપવાનું કર્તવ્ય ભૂલી ગઈ અને બદલાતા સમયની સાથે કદમ મિલાવવાની ગતિ ચૂકી ગઈ! એ મંડળીઓએ શાંતિનો શુભસંદેશ જાહેર કરવા માટેની તત્પરતા (ઉત્સુક્તા)નાં પગરખાં પહેર્યાં ન હતાં! બીજી રીતે કહીએ તો, એ તૂટેલી મંડળીઓએ 'સુવાર્તા' પ્રચારની ઉત્સુક્તા ગુમાવી દીધી હતી.

અહીં આપણે ત્રણ પ્રશ્ન આપણી જાતને પૂછવાના છે. પ્રથમ પ્રશ્ન છે : શું આપણે આપણા પગનાં પગરખાં તરીકે શાંતિનો શુભસંદેશ જાહેર કરવાની તત્પરતા રાખીએ છીએ? અને શાંતિનાં પગરખાં પહેરીને આપણે નિશ્ચિંતતા અનુભવીએ છીએ કે પછી લપસણી ભૂમિમાં પ્રવેશ કરતાં જ પડવાનું કાર્ય શરૂ થઈ જાય છે?

બીજો પ્રશ્ન : આપણે પહેરેલાં શાંતિનાં પગરખાં શું આપણને શેતાનની છૂપાવેલી સુરંગો, અણિદાર ફાચરોથી બચાવે છે? શું એ શાંતિનાં પગરખાંને લીધે આપણે દેવની સંગતમાં રહી શકીએ છીએ? શું દેવની એ શાંતિ આપણા હ્રદયમાં રહીને અન્ય લોકો સાથે શાંતિમાં રહેતાં આપણને શીખવે છે?

ત્રીજો પ્રશ્ન : શું પરમેશ્વર 'શુભસંદેશ' આપવાની તક આપણને આપે છે ત્યારે એ તક ઝડપી લેવા આપણે ઉત્સુક હોઈએ છીએ? શું એ તક લેવા માટે આપણે હંમેશાં તત્પર રહીએ છીએ? જ્યાં જ્યાં આપણી જરૂર હોય ત્યાં ત્યાં શું આપણે દોડી જઈએ છીએ?

હવે તમને ખાતરી થઈ હશે કે આ તો ઘણી જ વ્યાવહારિક વાત છે. પ્રભુ ઈસુની આ શાંતિ આપણને તેમની સેવા માટે સજ્જ કરે છે અને સાચા સૈનિક બનાવે છે!

યશાયા શાંતિને નદીની ઉપમા આપે છે (૬૬ : ૧૨). આપણે સરિતાને સાગર તરફ દોડતી દીઠી છે. તેના પાણીમાં મોટો પથ્થર ગબડાવો, તો નદીનું પાણી તેને ઘેરી વળશે, પરંતુ વૃક્ષના કોઈ મોટા થડને નદીના પાણીમાં નાખો તો નદીનું પાણી તેને ઊંચકીને એક કિનારે મૂકી દેશે. જ્યારે દેવની શાંતિ આપણા જીવનમાં છવાયેલી હોય, ત્યારે તેનો પ્રભાવ પેલી નદીના જેવો હોય છે. તેની ગતિને કોઈ અવરોધ રોકી શક્તો નથી. શાંતિની નદી સત્ય અને ન્યાયીપણા (પ્રામાણિક્તા)ના બે કિનારા વચ્ચે વહે છે, અને તેનું મૂળ પ્રેમરૂપી દેવના શિખર પર આવેલું છે. એ નદી રાત અને દિવસ દોડતી જ રહે છે, દોડતી જ રહે છે, જ્યાં સુધી તે દયાના સાગર, ગૌરવના સ્વામી અને શાંતિના રાજકુમાર પ્રભુ ઈસુના સાન્નિધ્યમાં આપણને લઈ જતી નથી ત્યાં સુધી!

✿✿✿

# પ્રકરણ ૧૪

# વિશ્વાસની ઢાલ

આ બધાં ઉપરાંત તમે વિશ્વાસની ઢાલ ધારણ કરો.

- એફેસીઓને પત્ર, ૬ : ૧૬

વ્યાપારી જગતમાં નાણાં અંગે ઘણાં કૌભાંડ થતાં હોય છે. હમણાં હમણાં હુવર (Hoover) કંપનીનાં વેક્યુમક્લિનર અંગેનું એક કૌભાંડ બહાર આવ્યું છે. એ કંપનીએ જાહેરાત કરેલી કે ૧૦૦ પાઉન્ડથી ઉપરના હુવર કંપનીના કોઈપણ ઉત્પાદન (માલ)ને જે કોઈ ખરીદશે, તેને યુરોપ કે અમેરિકામાં ફરવા માટેની એક હવાઈ ટિકિટ મફત આપવામાં આવશે. સ્વાભાવિક છે કે આવી લલચાવનારી જાહેરાતની જાળમાં કોઈ પણ વ્યક્તિ ફસાઈ જાય! લોકોએ ફ્લોરિડા ફરવા જવાની લાલચમાં હુવર કંપનીનાં વેક્યુમક્લિનર ખરીદવા માટે પડાપડી કરી. બે લાખ લોકોએ હુવરનો માલ ખરીદ્યો અને ટિકિટ મેળવવાની રાહ જોવા લાગ્યાં. એ લોકોમાં મારો દીકરો પણ હતો, જેણે ઝેકોસ્લોવેકિયાની ટિકિટ મેળવવાની લાલચમાં એ કંપનીનું એક વોશિંગ મશીન ખરીદેલું! હુવર કંપનીએ ટિકિટ આપવાની કરેલી ઓફર કદાચ તેના ગજા બહારની હતી!

વિશ્વાસની ઢાલ અંગે અભ્યાસ કરતાં પહેલાં આપણે એક અગત્યના પ્રશ્ન પર દૃષ્ટિપાત કરી લઈએ. સંત પાઉલ કહે છે કે વિશ્વાસની ઢાલ, શેતાન શત્રુના સળગતાં બાણોથી આપણું રક્ષણ કરવાને સમર્થ છે. એ તેમનો દાવો કેટલો સાચો છે? આ પ્રશ્ન પૂછવા પાછળ મારો આશય છે કે મફત હવાઈ ટિકિટ મેળવવા

માટે રાહ જોઈને બેઠેલાં લોકો જેવી સ્થિતિ વિશ્વાસની ઢાલ અંગે પણ થવાની શક્યતા ખરી?

બીજી રીતે પૂછીએ તો : શું વિશ્વાસની એ ઢાલ પોતાનું કામ સારી રીતે કરી શકશે? શું સંત પાઉલ ઢાલની એ કાર્યક્ષમતા વિશે અતિશયોક્તિ તો નથી કરતાને?

હવે આપણે તેમને થયેલા વિશ્વાસની ઢાલ અંગેના અનુભવોમાં ડોકિયું કરીએઃ ''મને તો એમ લાગે છે કે ઈશ્વરે અમ પ્રેષિતોને જાહેરમાં મરણ પામવા દોષિત ઠરેલા માણસોની જેમ દૂતો અને માણસો સમક્ષ તમાશા જેવા બનાવીને સૌથી છેલ્લે સ્થાને મૂક્યા છે. ખ્રિસ્તને લીધે અમે મૂર્ખ, પણ તમે જ્ઞાની; અમે નિર્બળ, પણ તમે બળવાન છો. અમને તુચ્છકારવામાં આવે છે, પણ તમને માન આપવામાં આવે છે. છેક આ સમય સુધી અમારે ભૂખ્યા અને તરસ્યા રહેવું પડે છે. અમે ચીંથરેહાલ છીએ, અમને માર મારવામાં આવ્યો છે, અમે અહીં તહીં ભટકીએ છીએ. પોતાનું ભરણપોષણ કરવા માટે અમે સખત કામ કરીએ છીએ. અમને શાપ આપવામાં આવે છે ત્યારે અમે સામી આશિષ આપીએ છીએ. જ્યારે અમારી સતાવણી થાય છે, ત્યારે અમે સહન કરીએ છીએ. અમારું અપમાન કરવામાં આવે છે, ત્યારે અમે માયાળુ શબ્દોથી પ્રત્યુત્તર આપીએ છીએ (૧ કોરિંથી ૪ : ૯-૧૩).

ઉપરનો ગદ્યખંડ વાંચ્યા પછી તમને પ્રશ્ન થતો હશે કે વિશ્વાસની ઢાલમાં શેતાનનાં સળગતાં બાણોને હોલવવાની ક્ષમતા હશે ખરી? આપણા આ પ્રશ્નના ઉત્તરમાં એ લખનાર સંત પાઉલને ફરીથી સાંભળીએ :

''પણ અમે જે કાંઈ કરીએ છીએ તેમાં ઘણીવાર ધીરજથી અડચણો, મુશ્કેલીઓ, અને સંકટો સહન કરીને, અમે ઈશ્વરના

સેવકો છીએ તેવું દર્શાવીએ છીએ. અમને માર પડ્યો છે, જેલમાં પૂરવામાં આવ્યા છે, ટોળાના હુમલાનો ભોગ બન્યા છીએ. અમારી પાસે વૈતરું કરાવ્યું છે.... મેં સખત કામ કર્યું છે, વધુ વખત જેલમાં રહ્યો છું, ઘણીવાર મને ફટકા પડ્યા છે અને ઘણીવાર હું મરણની ઘણી નજીક પહોંચ્યો છું. યહૂદીઓએ પાંચ વાર મને ઓગણચાલીસ ફટકા માર્યા છે. ત્રણ વાર મને રોમનોએ ફટકા માર્યા છે, એક વાર મને પથ્થરે મારવામાં આવ્યો હતો, ત્રણ વાર મારું વહાણ ભાંગી ગયું હતું, અને એક વાર મેં ૨૪ કલાક પાણીમાં વીતાવ્યા હતા. મારી ઘણી મુસાફરીઓમાં મને નદીઓનાં પૂરનું અને લૂંટારાનું જોખમ હતું, યહૂદી અને બિન યહૂદીઓનો ભય હતો, શહેરોનું, જંગલોનું, દરિયાનું અને જૂઠા મિત્રોનું જોખમ મેં વેઠ્યું છે. મેં મહેનત મજૂરી કરી છે, ઘણી વાર મેં ઉજાગરા વેઠ્યા છે, હું ભૂખ્યો અને તરસ્યો રહ્યો છું, ઘણી વાર પૂરતો ખોરાક, આશરો કે કપડાં મળ્યાં નથી" (૨ કોરિંથી ૬ : ૪, ૫. ૧૧ : ૨૩-૨૭).

ઉપરનાં બંને અવતરણો વાંચ્યા પછી, જેણે એક હાથમાં વિશ્વાસની ઢાલ અને બીજા હાથમાં દેવનાં વચનની તલવાર ગ્રહણ કરી છે, એવા ખ્રિસ્તના એ યોદ્ધા વિશે તમારા મનમાં કેવા વિચાર ઉદ્ભવે છે? વિશ્વાસની ઢાલ વિશે બાઈબલ શો ખુલાસો આપે છે? તેની ઉપયોગીતા શી છે? એક તરફ સંત પાઉલ આપણને શત્રુનાં બળતાં બાણને નાકામયાબ કરવા માટે વિશ્વાસની ઢાલ લેવાની વાત કરે છે ત્યારે બીજી બાજુ, તેમના પર તો દુઃખોના ડુંગર તૂટી પડ્યા છે? અને છતાંય એ વિશ્વાસની ઢાલમાં એવું તે શું છે કે આપણને વિશ્વાસની ઢાલ ગ્રહણ કરવાની તે ભલામણ કરે છે!

તમારા આ પ્રશ્નો ઘણા અગત્યના છે. આજે આપણે એવા યુગમાં જીવી રહ્યાં છીએ, જેમાં લોકો સુવાળાં બની ગયાં છે. એશ આરામની જિંદગી જીવવાની તેમને આદત પડી છે, આથી તેમને પરસેવો પાડવો ગમતો નથી. શ્રમની તેમને સૂગ ચડી છે! આપણને બધું સારું જ જોઈએ છે, ઉત્તમ શોધીએ છીએ, પરંતુ આપણે ઉત્તમ બનવું નથી. આપણે આપણી આદતો અને ભાવનાઓને લાડ લડાવીને બગાડી મૂકી છે! પરમેશ્વર જો આપણી પ્રાર્થનાનો આપણને ગમતો ઉત્તર ન આપે તો પેલી હુવર કંપનીનાં ગ્રાહકોની પેઠે મફત ટિકિટ મેળવવામાં થતી વારને લીધે આક્રોશ વ્યક્ત કરીએ છીએ!

આપણા આ જાતના વલણ અંગે આપણે આપણી જાતને તપાસવાની જરૂર છે. આપણા ઉપરના પ્રશ્નોના ઉત્તરો શોધવા માટે સમગ્ર બાઈબલને ધ્યાનમાં રાખી આપણે વિચાર કરવાની જરૂર છે, કારણ કે પરમેશ્વરના માર્ગો એ આપણા માર્ગો નથી અને તેમના વિચારો, એ આપણા વિચારો નથી. પ્રભુ ઈસુ આપણને કહે છે કે મુગટ પ્રાપ્ત કરતાં પહેલાં આપણે આપણો વધસ્તંભ ઊંચકવાનો છે. જો વધસ્તંભ ન ઊંચકો, તો મુગટ મળે નહીં! આથી આપણે સમજી લેવાનું છે કે વિશ્વાસની ઢાલ એ કોઈ જાદુઈ લાકડી નથી, જે આપણાં બધાં સંકટોને ગૂમ કરી દે! આથી આપણે સંત પાઉલના અનુભવોમાંથી કાંઈક શીખવાનો પ્રયત્ન કરીએ.

સંત પાઉલ લખે છે : એ સર્વ ઉપરાંત વિશ્વાસની ઢાલ ગ્રહણ કરો. એ સર્વ ઉપરાંત (above all) શબ્દ પ્રયોગના ગ્રીક ભાષામાં ઘણા અર્થ થાય છે. અહીં હું તેના કેટલાક અર્થ બતાવવા માગું છું.

In addition to all this, or above all (એ સર્વ ઉપરાંત)નો અર્થ કરાય - 'બધામાં.' 'બધામાં' એટલે તમારાં દુઃખોમાં, તમારાં પરીક્ષણોમાં, તમારી મુશ્કેલીઓમાં, તમારી ફરજોમાં, બધી જ વખતે વિશ્વાસની ઢાલ લો. અથવા બીજા અર્થમાં - વિશ્વાસની ઢાલ લઈને જીવવું, એ ઉત્તમ પ્રકારનું ખ્રિસ્તી જીવન છે. અથવા ત્રીજો અર્થ કરવો હોય તો કહેવાય કે, બધાં શસ્ત્રોમાં સૌથી અગત્યનું શસ્ત્ર (અસ્ત્ર) એ ઢાલ છે, આથી ગમે તેમ થાય, પરંતુ વિશ્વાસની ઢાલ તો તમારી સાથે જરૂર રાખો જ.

પરંતુ બીજો પણ એક અર્થ એ ગદ્યખંડોને વધારે સ્પષ્ટ કરે, એવી એક શક્યતા છે. આપણી પાસે ત્રણ પ્રમુખ શસ્ત્રો છે. એક સત્ય, બીજું ન્યાયીપણું અને ત્રીજું શાંતિ. એ ત્રણેયનો એકબીજા સાથે ઘનિષ્ટ સંબંધ છે. અને એ ત્રણ, રાતદિવસ સૈનિકની સાથે જ રહે છે. તેમને સૈનિક પોતાના શરીર પરથી ક્યારેય ઉતારતો નથી. હવે આપણે બીજાં ત્રણ શસ્ત્રો વિશે વિચાર કરીએ. એ ત્રણ શસ્ત્રોને સૈનિક જ્યારે ઈચ્છે ત્યારે તે પોતાના શરીર ઉપરથી કાઢી શકે છે. ખાતી વખતે, રમત રમતી વખતે, સૂતી વખતે, કે આરામ કરતી વખતે. એ ત્રણ શસ્ત્રો છે : ટોપ, તલવાર અને ઢાલ. હા, એટલી જ શર્ત કે, એ શસ્ત્રો જ્યારે જરૂર પડે ત્યારે, તરત જ લઈ શકાય એ રીતે સૈનિકની સમીપ રાખેલાં હોવાં જોઈએ.

હવે સંત પાઉલ જે ક્રિયાપદોનો ઉપયોગ કરે છે તે વિશે થોડો વિચાર કરીએ. સત્યના કમરબંધ માટે તે 'બાંધો', ન્યાયીપણાના બખતરને માટે 'પહેરો' અને જોડા (પગરખાં)ને માટે કહે છે તેમાં પગ 'ઘાલો.' જ્યારે બાકીનાં ત્રણ : ટોપ, તલવાર અને ઢાલને માટે 'લો' ક્રિયાપદનો ઉપયોગ કરે છે, એક જ ક્રિયાપદનો. જ્યારે કમરબંધ, બખતર અને પગરખાં ત્રણે માટે ત્રણ, અલગ-અલગ

ક્રિયાપદ વાપરે છે. અહીં સંત પાઉલ પ્રથમ ત્રણ શસ્ત્રોની વધારે મહત્તા છે એમ દર્શાવવા માગતા લાગે છે. પરંતુ એ ત્રણ ઉપરાંત બીજાં ત્રણને માટે જ્યારે યુદ્ધભૂમિમાં જરૂર ઊભી થાય, ત્યારે જ હાથમાં લઈને તેનો ઉપયોગ કરવાની ભલામણ કરે છે. આપણને ખબર છે કે દુશ્મનના બાણોની વર્ષા સતત-રાતદિવસ થતી રહેતી નથી. કેટલાક દિવસો, બીજા દિવસોના કરતાં વધારે ખરાબ અને ખતરનાક હોય છે. જ્યારે કેટલાક દિવસ, મહિના અને વર્ષ ઘણાં જ સારાં હોય. બધું જ વ્યવસ્થિત અને સારું ચાલતું હોય અને એક દિવસ અચાનક જ દુઃખોનું આભ તૂટી પડે! આવે વખતે આપણને સ્વરક્ષણ માટે વિશ્વાસની ઢાલની જરૂર પડે છે. હંમેશાં નહીં, પરંતુ ક્યારેક ક્યારેક.

આપણે જાણીએ છીએ કે રોમન સૈનિકો વાપરતા હતા એ જાતની ઢાલ વિશે સંત પાઉલ વાત કરે છે. ઢાલ, એ સૈનિકનાં અન્ય શસ્ત્રો કરતાં એક પ્રકારનું વિશેષ મહત્ત્વ રાખે છે, કારણ કે ઘરનો કોઈ દીકરો સૈનિક બનીને યુદ્ધભૂમિ પર પ્રથમ વખત જતો, ત્યારે તેને તેની માતા, તેના આશીર્વાદના પ્રતિકરૂપે એ દીકરાને ઢાલ આપતી! અને જ્યારે પોતાના પરિવારનો એ યુવાન દીકરો યુદ્ધભૂમિ પર જવા ઘર બહાર નીકળતો, ત્યારે ઘરનાં સ્નેહીજનો કહેતાં, 'એ ઢાલને પાછી લઈને આવજે! અને જો યુદ્ધભૂમિમાં તું ખપી જાય, તો એ ઢાલની 'પાલખી' પર ચઢીને ઘેર પાછો આવજે!'

બધાં શસ્ત્રોમાં ઢાલ એ સૌથી મોટું સાધન હતું. તેની લંબાઈ ચાર ફૂટ અને પહોળાઈ અઢી ફૂટ રહેતી. આગળથી તે લગભગ આખા શરીરને રક્ષણ પૂરું પાડી શક્તી. આમ તો તે લાકડામાંથી બનાવવામાં આવતી, પરંતુ તેના આગળના ભાગે લોખંડની પટ્ટીઓ

જડી દેવામાં આવતી, જેથી સળગતાં તીર તેના પર અથડાય, તો પણ તેને આગ લાગતી નહીં. ઢાલ (Shield) શબ્દનો ઉપયોગ ગ્રીકમાં બારણાના રક્ષણ માટે મૂકવામાં આવતા મોટા પથ્થરને માટે પણ વપરાતો. આમ, વિશ્વાસની ઢાલ બારણાનું રક્ષણ કરે છે, જેમ લોખંડની જાળીવાળા દરવાજા કરે છે. તેમ.

યુદ્ધ અને તેની કરુણતા અને ભયંકરતા વિશે વાત કરતાં આપણને તિરસ્કાર છૂટે એ સ્વાભાવિક છે, કારણ કે યુદ્ધ દ્વારા નિર્મિત ભયંકરતા વિશે આપણને માહિતી છે. યુદ્ધ ભયંકર છે, છતાં દુનિયાનાં યુદ્ધો આપણને આત્મિક યુદ્ધો લડવા માટેની તાલીમ આપી શકે છે, કારણ કે યુદ્ધના કેટલાક સિદ્ધાંતો બંને, જગતના અને આત્મિક યુદ્ધના સિદ્ધાંતો લગભગ સરખા છે.

'એફેસીઓને' લખેલા પત્રમાં સંત પાઉલ સંરક્ષણની ત્રણ હરોળ (Three lines of defence)ની વાત કરે છે. પ્રથમ હરોળમાં તે અત્યંત અગત્યનાં ત્રણ શસ્ત્રો રાખવાની વાત કરે છે. તે ત્રણ શસ્ત્રો છે : સત્ય, ન્યાયીપણું અને શાંતિ, જે રક્ષણ પૂરું પાડે છે. આ ત્રણ શસ્ત્રો મુખ્યત્ત્વે આપણા રક્ષણ અને આપણી મુક્તિ (તારણ) સાથે ઘનિષ્ઠ સંબંધ રાખે છે. એક, સૈનિકને જેની સૌથી વધારે અગત્યતા છે તે ન્યાયીપણું (યોગ્યતા) બખતર તથા પગરખાં છે. સંરક્ષણની બીજી હરોળમાં વિશ્વાસની ઢાલને મૂકવામાં આવે છે, જે શત્રુસૈનિકોના સળગતાં બાણો સામે રક્ષણ પૂરું પાડવામાં સહાયક બને છે. અને ત્રીજી હરોળનાં સૈનિક દુશ્મનનાં નગરોમાં પ્રવેશ કરે છે, ત્યારે દ્વંદ્વયુદ્ધ થાય છે. (hand to hand fighting) અને એ વખતે સૈનિકોએ સમીપ આવી પહોંચેલા દુશ્મનના સૈનિકો પર પ્રહાર કરવા પડે છે. જો એ સૈનિકો શત્રુ પર પ્રહાર ન કરે તો શત્રુઓ તેમના પર પ્રહાર કરી તેમને ખતમ

કરવાનો મરણિયો પ્રયાસ કરશે. આથી પવિત્ર આત્માએ આપેલી ઈશ્વરનાં વચનરૂપી તલવાર ચલાવવી પડે છે.

આજના સમયમાં યુદ્ધનાં શસ્ત્રો જરૂર બદલાયાં છે, પરંતુ યુદ્ધકલા (Military science)ના સિદ્ધાંતોમાં ખાસ કાંઈ પરિવર્તન આવ્યું નથી.

યુદ્ધ માટે સૈન્ય કૂચ કરે છે ત્યારે તેને ત્રણ તબક્કામાં વહેંચવામાં આવે છે. પ્રથમ તો, પ્રશિક્ષણ પામેલા કેટલાક સૈનિકો યુદ્ધભૂમિ પર પહોંચી જાય છે. ત્યાર પછી જે જગા પર હુમલો કરવાનો છે તે જગા પર દૂરથી જ તોપમારો કરવામાં આવે છે અથવા એરોપ્લેન મારફતે બોંબમારો થાય છે અને છેલ્લે, પાયદળ (Infantry)ના સૈનિકો તોપગોળાથી કે બોંબમારાથી ધ્વસ્ત થયેલાં નગરોમાં પ્રવેશ કરે છે અને તે નગરોની શેરીઓમાં દુશ્મનોના સૈનિકો સાથે સામસામે આવીને લડાઈ કરે છે.

આત્મિક લડાઈમાં પણ આવું જ બને છે. આપણે ખ્રિસ્તના સૈન્યનો ગણવેશ ધારણ કરીએ અને સત્ય, ન્યાયીપણું તથા શાંતિ ધારણ કરીને પ્રભુ ઈસુના ઝંડાની નીચે આગેકૂચ કરીએ છીએ. ત્યારે શત્રુનાં સૈન્યો આપણા ઉપર સળગતાં બાણોનો મારો ચલાવે છે અને આપણે શેતાનશત્રુનાં સળગતાં તીરો સામે રક્ષણ પ્રાપ્ત કરવા માટે વિશ્વાસની ઢાલનો ઉપયોગ કરીએ છીએ. છેલ્લા અને ત્રીજા તબક્કામાં આપણે પવિત્ર આત્માએ આપેલી ઈશ્વરનાં વચનરૂપી તલવારનો ઉપયોગ કરી શેતાનના સૈનિકો સાથે દ્વંદ્વયુદ્ધમાં ઊતરીએ છીએ. સંત પાઉલ જ્યારે આત્માનાં શસ્ત્રોની અને આત્મિક યુદ્ધની વાત કરે છે, ત્યારે તેમના મનમાં જગતના યુદ્ધનું અને તેનાં શસ્ત્રોનું ચિત્ર છે, જેની મારફતે તે આપણને આત્મિક યુદ્ધ અને તેને માટે ઉપયોગી આત્માનાં શસ્ત્રોનું મહત્ત્વ બતાવવા માગે છે.

સંત પાઉલ શેતાનના વાસ્તવિક અસ્તિત્વમાં માને છે, કારણ કે શેતાન અને બૂરાઈનું ચિત્ર સંત પાઉલે નિહાળ્યું છે. કોઈપણ આતંકવાદીના, ખૂનીના, બદમાશ કે લુચ્ચા માણસના ચહેરામાં શેતાન, અને એ લોકોનાં કાર્યોમાં બૂરાઈ તાદશ્ય બને છે, આથી શેતાન, એ માત્ર કલ્પનાનું કોઈ પાત્ર નથી. પ્રત્યેક સાચા ખ્રિસ્તી સાથે શેતાનને વ્યક્તિગત વેર છે, આથી ખ્રિસ્તીની સામે ફેંકાતાં સળગતાં કાતિલ બાણો માટે શેતાન અને તેના સાગરિતો જવાબદાર છે.

અહીં હું તમને અયૂબની કહાની યાદ કરાવવા માગું છું. યાદ કરો, તેણે કેટલાં બધાં દુ:ખ વેઠ્યા! તેણે પરમેશ્વરને પૂછ્યું શા માટે આટલાં બધાં દુ:ખોનું આભ તૂટી પડ્યું! તેણે ફરિયાદ કરી કે હું દુ:ખોના ડુંગરો તળે કચડાઈ રહ્યો છું. મારા શરીર પર થયેલાં ગૂમડાં પાકી ગયાં છે. હતાશા તથા નિરાશાએ મારા જીવનને પૂરની પેઠે ઘેરી લીધું છે અને મારી લાચારીની મશ્કરી ઉડાવવામાં આવે છે. અયૂબની ધારણા હતી કે આ બધું પરમેશ્વર કરી રહ્યા છે આથી જ્યારે તેના મનની શંકા દઢ થાય છે ત્યારે તે પૂછી બેસે છે. મને સતાવનાર પરમેશ્વર નથી, તો બીજો કોણ છે? (અયૂબ ૯ : ૨૪).

ખરી વાત અહીં આવે છે. અયૂબના પુસ્તકનાં પહેલાં બે પ્રકરણ (અધ્યાય) આપણને જણાવે છે કે એ બધું કરનાર શેતાન છે. આથી આપણે જાણીએ છીએ કે અયૂબનાં સઘળાં દુ:ખોનું કારણ પરમેશ્વર નથી, પરંતુ જ્યારે દુ:ખો અને યાતનાઓનું બદલાણ તેને કચડી નાખે છે, ત્યારે મૂંઝાયેલા મનુષ્યની પેઠે તે પૂછી બેસે છે. 'ત્યારે એ નથી તો બીજું કોણ છે?'

ખ્રિસ્તીઓની સામે જે બાણોનો શેતાન ઉપયોગ કરે છે તે કેવાં હોય છે? એ બાણો વિવિધ આકાર તથા પ્રકારનાં હોય છે. તેમાંનું એક છે શંકા. લેખક જેમ્સ ફિલિપ તેમના પુસ્તક : 'ખ્રિસ્તીયુદ્ધ અને તેનાં આયુધો' (Christian warfare and Armour)માં એક પાળકની વાત લખે છે. એક સાંજે તે પાળકે રવિવારની ભક્તિસભા માટે 'સંદેશો' તૈયાર કર્યો. 'સંદેશો' તૈયાર કર્યા પછી તેને મઠારવા માટે વાંચવા લાગ્યા તે જ વખતે શેતાને શંકાનું એક તીર તેમના પર છોડ્યું! તે બેચેન બની ગયા અને પરમેશ્વરના અસ્તિત્વ વિશે તેમના મનમાં સંદેહ ઉત્પન્ન થયો. અને એટલું જ નહીં, પોતે સાચા વિશ્વાસી, સાચા ખ્રિસ્તી નથી એવા વિચારો મનમાં ઊઠવા લાગ્યા. બીજે દિવસે સવારે તેમણે 'સંદેશો' આપવાનો હતો. 'પુલ્પિટ' પરથી તેમણે બેચેની ભરી અવસ્થામાં 'સંદેશો' તો આપ્યો, પરંતુ એ માત્ર શાબ્દિક હતો, પવિત્ર આત્માના પરાક્રમનો તેમાં અભાવ હતો! અને તે પાળક આવી લાચાર અને અસહાય અવસ્થામાં કેટલાક દિવસો સુધી રહ્યા!

જોન બૅપ્ટિસ્ટ, જે પ્રભુપુત્રનો માર્ગ તૈયાર કરવા આવેલો, તેણે યરદન નદી તરફ આવતા પ્રભુ ઈસુને જોઈને જાહેરમાં સાક્ષી આપેલી કે, જુઓ, દેવનું હલવાન, જે જગતનાં પાપનું હરણ કરે છે, તે જ જોન જ્યારે જેલમાં હોય છે ત્યારે, પોતાના શિષ્યોને પ્રભુ ઈસુ પાસે મોકલીને પૂછાવે છે : શું તમે જ મસીહા છો, કે અમે બીજા કોઈની રાહ જોઈએ? (માથ્થી ૧૧ : ૨). આ પણ, જોન પર શેતાને ફેંકેલું શંકાના તીરનું પરિણામ હતું!

એક બીજું ભયંકર તીર આપણા પર શેતાન ફેંકે છે, જ્યારે આપણે પ્રાર્થના કરતાં હોઈએ છીએ ત્યારે! પ્રાર્થનાની કડી તોડી નાખી ભિન્ન-ભિન્ન પ્રકારના વિચારો અને વિકારો આપણા મનમાં

તે ઉત્પન્ન કરે છે. શેતાનનો પ્રધાન આશય પરમેશ્વર સાથેની આપણી વાતચીતમાં વિક્ષેપ પાડવાનો હોય છે. તમને ખબર હશે કે જ્યારે આપણે પ્રાર્થના કરીએ છીએ, ત્યારે કેવા કેવા વિચારો કરતાં હોઈએ છીએ! આવું જ થાય છે, જ્યારે આપણે બાઇબલ વાંચવા બેસીએ છીએ ત્યારે! કોઈ નવલકથા, રહસ્યકથા કે મેગેઝિન વાંચીએ છીએ ત્યારે તેમાં તલ્લીન બની જઈએ છીએ. બીજો કોઈ વિચાર આવતો નથી અને ભૂખને પણ ભૂલી જઈએ છીએ! પણ બાઇબલ હાથમાં લીધું નથી કે કોઈ વિઘ્ન આવ્યું નથી! બાઇબલ વાંચન એક બાજુ રહી જાય અને બીજું જ કાંઈક કરવા લાગી જઈએ છીએ. શંકા, લાલચ, હતાશા, ટેલિફોનની ઘંટડી - વગેરે સેંકડો પ્રકારનાં તીર શેતાનના ભાથામાં ભરેલાં છે. અને જ્યારે આપણે નિરાંત અનુભવતાં હોઈએ, ત્યારે જ શેતાન તેનાં તીર આપણા પર ફેંકે છે!

શેતાન જ્યારે આપણા પર લાગ જોઈને તીર ફેંકતો હોય છે, ત્યારે આપણે વિશ્વાસની ઢાલનો કેવી રીતે ઉપયોગ કરી શકીએ, તે અંગે હું થોડી માહિતી આપવા માગું છું. સૌ પ્રથમ, અને અગત્યની બાબત એ છે, કે આપણે દેવ તરફથી શું છે અને શેતાન તરફથી શું છે, એ સમજવાની ક્ષમતા કેળવવી જોઈએ.

યુદ્ધ જાતે જ એક નઠારી વસ્તુ છે, પરંતુ યુદ્ધભૂમિ પર પોતાના જ સૈનિકમિત્રો પોતાનાં જ શસ્ત્રો (Friendly fire)થી હણાય. એના જેવી બીજી કરુણ બાબત કોઈ નથી. સૈનિકો પોતાના જ સૈનિકમિત્રોને ભૂલથી દુશ્મન માની લઈ તેમના પર ગોળીઓ છોડે અને ઠાર કરે, એવા ઘણા બનાવો યુદ્ધના ઈતિહાસમાં નોંધાયા છે. એક વખત યુવાન ભાઈ મને મળવા માટે આવ્યો. તે માનતો હતો કે બીજા કોઈ માણસો કરવા માટે તૈયાર ન હોય

એવું કામ તેણે કરવું જોઈએ. મેં અને તે ભાઈએ, તેણે કરવા ધારેલા કામ અંગે વિચાર વિમર્શ કર્યો. થોડા જ સમયમાં મને અને તેને, - અમને બંનેને સમજાઈ ગયું કે તે ભાઈના મનમાં આવેલો વિચાર પરમેશ્વર તરફથી આવેલો વિચાર ન હતો! ત્યારે અમારે પણ અયૂબની જેમ પૂછ્યું પડ્યું કે જ્યારે એ વિચાર દેવ તરફથી નથી, તો ક્યાંથી આવ્યો?

સ્કૉટલૅંડની ચાંદીની વસ્તુ પર હંમેશાં એક છાપ મારેલી આવતી, જેમાં એ ચાંદીનું પાત્ર કે ઘરેણું જ્યાં બન્યું તે જગાનું નામ અને કઈ તારીખે બન્યું તેની જાણ પણ કરવામાં આવતી. આપણા જીવન પર પણ પરમેશ્વરની છાપ મારવામાં આવેલી છે. જો આપણે જાણવું હોય કે આપણા ઉપર તીરોનો જે વરસાદ વરસે છે તે ક્યાંથી આવે છે, તો આપણે સત્ય, ન્યાયીપણું અને શાંતિ - એ ત્રણે તરફ આપણી દૃષ્ટિ નાખવી પડશે. દેવ તરફથી જે હશે તેમાં સુસંગતા અને સત્ય, ન્યાયીપણું તથા શાંતિનો સુમેળ હશે. આપણા તારનારનો અવાજ, અંતરનો અવાજ અને બાઈબલની વાણીને સત્ય, ન્યાયીપણું અને શાંતિ - એ ત્રણેય વડે ઓળખી શકાશે. આથી તમે વિશ્વાસની ઢાલ હાથમાં લો તે પહેલાં તમારા તરફ હુમલો ક્યાંથી આવી રહ્યો છે તે, બરાબર જાણી લો. જો તેમાં સત્ય, ન્યાયીપણું (જેમાં પવિત્રતા પણ સામેલ છે) અને શાંતિ હોય નહીં, તો જાણવું કે તે દેવ તરફથી નથી, એટલે શેતાન તરફથી છે.

આપણા વિશ્વાસની વસ્તુને ઓળખવી અથવા આપણી શ્રદ્ધાના લક્ષ્યને ઓળખી લેવું, એ બીજો માર્ગદર્શક સિદ્ધાંત છે. જ્યારે તમે શસ્ત્રક્રિયા માટે જાવ છો, ત્યારે તમને તમારા સર્જન પર વિશ્વાસ હોય છે કે તે તમારું ઓપરેશન બરાબર કરી તમને સાજા કરશે.

જ્યારે તમે હવાઈયાત્રા કરો છો, ત્યારે તમને તમારા વિમાનચાલકમાં વિશ્વાસ હોય છે. આમ વિશ્વાસ એ ગતિશીલ, કાર્યક્ષમ અને શક્તિશાળી તો છે, પરંતુ તેને હંમેશાં કોઈને કોઈ લક્ષ્ય તરફ વાળવો પડે છે. જ્યારે તમે શેતાનના હુમલાના ભોગ બનો છો, ત્યારે પણ તમારે તમારા વિશ્વાસને ટકાવી રાખવા માટે કોઈ આધાર કે લક્ષ્યની જરૂર પડે છે.

વિશ્વાસ પોતે જ વિશ્વાસનો આધાર બની શક્તો નથી. ઘણા લોકો કહેતા હોય છે કે મને વિશ્વાસ છે, પરંતુ તેમનો વિશ્વાસ શામાં છે? કોના પર છે? તેમને પૂછ્વામાં આવે કે શાના પર વિશ્વાસ છે? તો કહેશે 'બસ, વિશ્વાસ છે,' પરંતુ જો આ જાતનો વિશ્વાસ હોય તો, આધાર વિનાનો એ વિશ્વાસ ફળદાયક નથી. આપણા વિશ્વાસનું લક્ષ્ય કે આધાર પરમેશ્વર હોવા જોઈએ. એ પરમેશ્વર, જેમણે આપણને પસંદ કર્યાં, જેમણે આપણને તારણ આપ્યું, એ પ્રભુપવિત્ર આત્મા, જેમણે આપણા પર ખ્રિસ્તના નામની મહોર મારી છે (એફેસીઓને પત્ર, પ્રથમ અધ્યાય, ૪ થી ૮).

આથી જ્યારે વિશ્વાસની ઢાલ આપણા હાથમાં લઈએ છીએ, ત્યારે સ્વાભાવિક રીતે જ આપણી દૃષ્ટિ આપણા તારનાર પ્રભુ ઈસુ તરફ જાય છે. આપણે તેમની કરુણા અને કૃપાનો આશ્રય લઈએ છીએ. આપણે આપણી જાતની બિનશરતી સોંપણી કરી દઈએ છીએ! આપણે વિશ્વાસની ઢાલનો સફળ ઉપયોગ ત્યારે જ કરી શકીએ છીએ, જ્યારે પિતા, પુત્ર અને પવિત્ર આત્માની એક્તાનો તથા તેમણે આપણા ઉદ્ધારને માટે કરેલી યોજનાનો સ્વીકાર કરીએ છીએ. આનું કારણ એ છે કે પરમેશ્વર એ જ આપણી શ્રદ્ધાનું એક માત્ર લક્ષ્ય છે.

ત્રીજો માર્ગદર્શક સિદ્ધાંત છે : શ્રદ્ધાને કાર્યાન્વિત થવા દેવી અથવા શ્રદ્ધાને ઉપયોગમાં લેવી. આપણે ઘણી જ ત્વરાથી વિશ્વાસની ઢાલને હાથમાં ગ્રહણ કરવી જોઈએ. આપણે આપણું ધ્યેય નિશ્ચિત કરવું જોઈએ, અને આ ધ્યેય નક્કી કરતાં પહેલા આપણા શત્રુ (શેતાન)ની યુદ્ધકલા વિશે માહિતગાર બનવું જોઈએ. ક્યાં સુધી તેણે આપણા પંર આક્રમણ કર્યું છે? અને એ આક્રમણ પાછળ તેનો શો આશય છે? આ પ્રશ્નોના ઉત્તર ઘણા જ સરળ છે. શેતાનનો મુખ્ય આશય પરમેશ્વર અને આપણા સંબંધ વચ્ચે ફાચર મારી મોટી તીરાડ પાડવાનો છે. તે આપણને ખ્રિસ્તથી અલગ પાડી દઈ, આપણને નિરાધાર અને આશ્રયવિહિન બનાવી આપણો નાશ કરવાની યોજના બનાવી રહ્યો છે.

આથી જ્યારે આપણે હાથમાં વિશ્વાસની ઢાલ ઉપાડીને શેતાનનાં સળગતાં તીરોના પ્રહાર સામે ધરીએ છીએ, ત્યારે એનો અર્થ એ થાય છે, કે આપણે દેવની સમીપ રહેવાનો પ્રયાસ કરીએ છીએ અને સાથે સાથે દેવની સહાય પ્રાપ્ત કરવા માટે તેમને પોકારીએ છીએ. આપણે હિમ્મતપૂર્વક ઈશ્વરના કૃપાસન પાસે દયા પામવાનો તથા જરૂરને પ્રસંગે મદદ પ્રાપ્ત કરવા માટે તેમની પાસે જઈએ છીએ (હિબ્રુઓને પત્ર ૪ : ૧૬). શત્રુ શેતાનની બનાવટી વાતોનો અને આપણી સામે મૂકેલાં પ્રલોભનોનો જવાબ તેને આપીએ છીએ. હું તો મારા પરમેશ્વરનો ગુલામ છું. તેમણે તેમની કૃપાથી મને મૂલ્ય આપીને ખરીદી લીધો છે. અને મારા જન્મ અગાઉ જ તેમણે મારી પસંદગી કરી લીધી છે. આ સનાતન સત્ય છે અને એ જ સત્યનો કમરબંધ મેં મારી કમર પર પહેર્યો છે. મારું ન્યાયીપણું જ મારું બખતર છે કારણ કે પ્રભુ ઈસુના મૃત્યુથી મને મારા ઋણમાંથી મુક્તિ મળી છે અને પરમેશ્વરની સાથે મારે યોગ્ય

પ્રકારનો સંબંધ બંધાયો છે. મેં મારાં પગરખાં તરીકે શાંતિને પહેરી છે, આથી પ્રભુ ઈસુ દ્વારા પ્રભુપિતા સાથે મારે કોઈ જ વિખવાદ રહ્યો નથી. આમ આપણે દેવના આશ્રયે આપણી સંપૂર્ણ જાતનું, સંપૂર્ણ વ્યક્તિત્વનું અર્પણ કરી દઈએ છીએ. આ જ વિશ્વાસની ઢાલ છે, અને એ ઢાલ પર દુશ્મનનાં બળતાં તીરોને ઝીલી લઈને શેતાનની મેલી મુરાદને નાકામયાબ બનાવીએ છીએ!

✿✿✿

# પ્રકરણ ૧૫

# તારણનો ટોપ

તારણનો ટોપ (પહેરો). - એફેસીઓને પત્ર ૬ : ૧૭

જેને આપણે મગજ (Brain) કહીએ છીએ, તે આપણા માથાની ખોપરીમાં આવેલું છે એ હકીકતની જાણકારી સામાન્યરીતે આજનાં બધાં બાળકોને હોય છે. આપણને પણ આપણા બાળપણથી જ શીખવવામાં આવ્યું હતું કે આપણને આવતા બધા જ વિચારોનું ઉદ્દ્ભવસ્થાન મગજ છે. આધુનિક વિજ્ઞાને સાબિત કરી બતાવ્યું છે કે આપણું મગજ એક અબજ (એક લાખ કરોડ Billion) કોષો (cells)નું બનેલું છે અને એ કોષોમાં આપણને મળેલી માહિતીનો સંગ્રહ થાય છે. આથી જો આપણે પ્રત્યેક ક્ષણે મળતી માહિતીનો સંગ્રહ આપણી નેવું વર્ષની ઉંમર સુધી પણ કરતા રહીએ તોપણ આપણા મગજના કેટલાક કોષો ખાલી રહેશે. તમારા અને મારા મગજના પણ ઘણા બધા કોષો ખાલી પડી રહ્યા હશે!

બાઇબલના સમયમાં વિચાર, ઊર્મિઓ અને લાગણીઓનું સ્થાન હૃદયને માનવામાં આવતું. એ વખતે માથાનું - મગજનું શું મહત્ત્વ હતું? જો મગજ માથામાં ના હોય અને મગજ વિચારોનું ઉદ્દ્ભવસ્થાન ના હોય, તો સંત પાઉલ માથાને ટોપથી ઢાંકવાનું શા માટે કહે છે? બીજા શબ્દોમાં પૂછાય કે ખ્રિસ્તીના દૈનિક જીવનમાં આજે હેલ્મેટ (ટોપ)નું મહત્ત્વ શું હોઈ શકે?

બાઇબલના સમયમાં માથાને જીવનનું ઉદ્દ્ભવસ્થાન ગણવામાં આવતું. એ પુરાણા સમયના લોકોની માન્યતાને આજના વૈજ્ઞાનિક યુગની વિચારસરણીથી ચકાસવામાં આવે તો તેમની એ માન્યતામાં

તથ્ય જણાય છે. આજે શલ્યચિકિત્સા (Surgery)ના ક્ષેત્રે મનુષ્યની નકામી બની ગયેલી કિડનીને શરીરમાંથી કાઢી નાખી તેને સ્થાને બીજી વ્યક્તિની કાર્યક્ષમ કિડનીનું પ્રત્યારોપણ (Transplant) કરી શકાય કે નહિ, એવા નૈતિક પ્રશ્નના ચક્કરમાં સર્જનો ફસાયા છે અને 'મૃત્યુ'ની પરિભાષા નક્કી કરવાના કાર્યમાં ગોથાં ખાઈ રહ્યાં છે, ત્યારે તેમના ધ્યાનમાં 'બ્રેઈનડેડ' (Braindead - મગજ અથવા સંવેદન કેન્દ્રનું મૃત્યુ) જેવો શબ્દ આવ્યો છે. જેમ બાઈબલના 'જૂનો કરાર' અને 'નવા કરાર'ના જમાનામાં મગજને જીવનનું કેન્દ્ર માનવામાં આવતું હતું. તેમ આજે પણ મગજને જીવનનું કેન્દ્ર મનાય છે. જ્યારે મનુષ્યનું મગજ મૃત્યુ પામે છે, ત્યારે એ મનુષ્યને ખરેખરો મૃત્યુ પામેલો ગણવામાં આવે છે.

હવે આપણે જીવનના કેન્દ્ર તરીકે મગજના કાર્યનો વિચાર કરીએ. જ્યારે આપણે 'ગીતશાસ્ત્ર'ના અધ્યાયોનું વાંચન કરીએ છીએ, ત્યારે 'તમારા માથાં ઊંચા કરો' - એવો શબ્દપ્રયોગ 'ગીતશાસ્ત્ર'ના ૨૪મા અધ્યાયમાં આવે છે. એ જ કલમમાં 'ગીતકાર' કહે છે : 'હે પુરાતન દ્વારો તમે ઊંચાં થાઓ....' (૨૪ : ૭). અને ૨૭મા ગીતમાં લખ્યું છે, 'મારી આસપાસના શત્રુઓ ઉપર મારું માથું ઊંચું કરવામાં આવશે.' (૨૭ : ૬). આનો અર્થ એવો કરી શકાય કે જીવન અને જીવનનું સાફલ્ય, જીવનની સાર્થકતા આપવામાં આવશે, ગૌરવ અપાશે.

જીવનની સાર્થકતા અંગે એક બીજી બાબતનો વિચાર કરીએ. 'ધોળામાં ધૂળ પડી' એવો શબ્દપ્રયોગ સૂચવે છે કે 'આબરૂ ગઈ' અથવા જીવનમાં નિષ્ફળ નીવડ્યા. ઈજ્જત-આબરૂ વિનાના જીવનને સમાજમાં કોઈ સ્થાન હોતું નથી. આથી બીજા અર્થમાં સામાજિક રીતે એ વ્યક્તિનું મૃત્યુ થઈ ગયું છે. આમ માથું એ અધિકાર,

ઈજ્જત, આબરૂ અને જીવનનું પ્રતિક છે. સ્કૉટલેંડના સ્વાતંત્ર્ય સંગ્રામના નેતા રોબર્ટ બ્રૂસે પોતાના મૃત્યુ પહેલાં મિત્રોને કહેલું કે જ્યારે તેમનું મૃત્યુ થાય ત્યારે તેમના શરીરમાંથી તેમનું હૃદય કાઢી લઈ તે હૃદયને યરુશાલેમમાં દાટવામાં આવે. અને તેમના વિશ્વાસુ મિત્રોએ તે પ્રમાણે કર્યું. આજે પણ જ્યાં રોબર્ટ બ્રૂસના હૃદયને દફનાવવામાં આવ્યું છે તે સેંટ એન્ડ્રૂના દેવળમાં સ્કૉટલેંડના લોકો તેને શ્રદ્ધાંજલિ આપવા માટે જાય છે. પરંતુ બાઈબલના સમયમાં માથાને જીવનનું કેન્દ્ર માનવામાં આવતું હતું. આથી જ હેરોદિયાએ પોતાની પુત્રીને જોન ધ બૅપ્ટિસ્ટનું માથું માગે એવી સૂચના આપેલી. પ્રભુ ઈસુના શિષ્ય યોહાન, કાલવરીના ક્રોસ પર થયેલા પ્રભુ ઈસુના મૃત્યુનું વર્ણન કરતાં લખે છે: અને માથું નમાવી તેમણે પ્રાણ છોડ્યો (યોહાન ૧૯ : ૩૦).

'માથું' એ જીવનનો સ્ત્રોત અને શક્તિ છે, એવો ઉલ્લેખ પ્રભુ ઈસુ અને તેમના અનુયાયીઓના સંદર્ભમાં જોવા મળે છે. પ્રભુ ઈસુ એ, અનુયાયીરૂપી શરીરનું શિર છે (કરિંથીઓને પ્રથમ પત્ર, ૧૨ : ૧૨-૨૭). સંત પાઉલ લખે છે :

એને બદલે પ્રેમથી સત્ય બોલીને આપણે ખ્રિસ્ત જે શિર છે, તેમનામાં દરેક રીતે વૃદ્ધિ પામીએ (એફેસીઓને પત્ર ૪ : ૧૫).

ખ્રિસ્ત એ આપણું શિર છે, જ્યાંથી આપણને જીવન, માર્ગદર્શન અને જીવનનો ઉદ્દેશ્ય પ્રાપ્ત થાય છે.

(જ્યાં સુધી લોકો પતિ-પત્નીના સંદર્ભમાં બાઈબલને 'શિરપતિ' શબ્દનો જે અર્થ અભિપ્રેત છે, તેને બરાબર સમજી શકશે નહીં, ત્યાં સુધી, અર્થાત પતિ એ પત્નીનો શિરપતિ છે, એ હકીકતનો સ્વીકાર કરશે નહીં, ત્યાં સુધી પ્રભુ ઈસુ એ આપણા

એટલે મંડળીના શિરપતિ છે એ બાબતને બરાબર સમજી શકશે નહીં. હમણાં હમણાં કેટલાંક લોકો પશ્ચિમની વિચારસરણીના આધાર પર 'આધિપત્ય' એટલે શિરપતિપણાનો અર્થ બાઈબલના મૂળ અર્થ પ્રમાણે નહીં, પરંતુ પશ્ચિમની વિચારસરણીના આધાર પર કરવાનો અયોગ્ય પ્રયત્ન કરી રહ્યા છે.)

આથી, આપણા માથા પર તારણનો ટોપ ધારણ કરવાની વાત કરીએ છીએ ત્યારે આપણે શાનો વિચાર કરીએ છીએ? વાસ્તવમાં આપણે જીવનના સ્ત્રોત વિશે વિચારીએ છીએ. આપણામાં ઉછાળા મારતી આધ્યાત્મિક શક્તિ વિશે વિચારીએ છીએ. આપણને મળતી પ્રેરણા અને પ્રોત્સાહન વિશે વિચારીએ છીએ. ઘણી વખત જીવનથી આપણે કંટાળી જઈએ છીએ અને ઘણી વખત આપણને જિંદગી જીવવા જેવી લાગતી નથી. અહીં આપણે જિંદગીની એ જડીબુટ્ટી અંગે વિચાર કરીએ છીએ. જે આપણને ઉત્સાહ, શક્તિ અને ગૌરવ પ્રદાન કરે છે. 'ગીતશાસ્ત્રકાર' તેને ઉત્તમતાપૂર્વક રજૂ કરતાં લખે છે :

હે ભાગળો, તમારાં માથાં ઊંચાં કરો,<br>
હે પુરાતન દ્વારો, તમે ઊંચાં થાઓ,<br>
એટલે ગૌરવવાન રાજા અંદર આવશે.

(ગીતશાસ્ત્ર ૨૪ : ૭)

અને જ્યારે આપણા રાજા પોતાના ગૌરવ સાથે આપણી મધ્યે આવે, ત્યારે આપણાં હૃદય પુલકિત બને છે, આનંદથી આપણી આંખો ઝળહળી ઊઠે છે તથા આપણો ચહેરો ચમકી ઊઠે છે. અને આપણા રાજાનું ગૌરવ આપણાં મસ્તકોને ઉન્નત બનાવે છે કે જેથી આપણે ઈજ્જતભેર જીવન જીવી શકીએ છીએ.

થેસ્સાલોનીકીઓને પ્રથમ પત્રમાં સંત પાઉલ તારણના ટોપનો ઉલ્લેખ કરતાં કહે છે : ઉદ્ધારની આશાનો ટોપ પહેરીએ. જ્યારે સંત પાઉલ 'તારણના ટોપ'ની જગાએ 'તારણની આશાનો ટોપ' એવો શબ્દપ્રયોગ કરે છે, ત્યારે તે 'ટોપ'ની કાર્યક્ષમતા વિષે પોતાના વિચારોમાં પરિવર્તન કરતા નથી.

એક ભાઈ છે, જે હંમેશાં મારા 'સંદેશા' વિશે આલોચના કરતા રહે છે (ભયંકર ટીકા કરે છે). તેમની ટીકાનો મુખ્ય સૂર એ હોય છે કે, મારા 'સંદેશા'ઓમાં નિરાશાની અને દુઃખોની છાંટ હોય છે. કદાચ એ ભાઈની વાત સાથે મારી મંડળીનાં કેટલાંક લોકો સહમત થાય પણ ખરાં, પરંતુ જો તમે સંત પાઉલના લખેલા પત્રોથી માહિતગાર હો, તો તમને જણાશે કે સંત પાઉલનું જિંદગી પ્રત્યેનું વલણ વાસ્તવિક રહ્યું છે. તેમણે પણ જીવનનાં દુઃખો અને હતાશાઓનો ઉલ્લેખ કર્યો છે. આ દુનિયામાં ફેલાયેલા પાપ અને તેના કારણે ઉત્પન્ન થયેલાં દુઃખોને ઘણી જ નજીકથી નિહાળ્યાં છે. તેમણે અંધકારની શક્તિઓ અને ખ્રિસ્તની મંડળીઓ વચ્ચે ખેલાતાં ઘમાસાણ યુદ્ધોના દુઃખોને અનુભવ્યાં છે. તેમને લોકોના હૃદયની કપટનીતિના શિકાર પણ થવું પડ્યું છે અને તેમણે જગતમાં ફેલાયેલાં અંધકારનાં કાળાંડિબાંગ વાદળોનું ભયંકર ચિત્ર પોતાનાં લખાણોમાં રજૂ કર્યું છે. પરંતુ સંત પાઉલનો જીવન પ્રત્યેનો દૃષ્ટિકોણ ક્યારેક મારા 'સંદેશા'ઓમાં પ્રગટ થાય છે એવો, નિરાશાવાદી દૃષ્ટિકોણ રહ્યો નથી. સંત પાઉલના પત્રોની વિશેષતા એ છે કે તેમાં નિરાશાનાં ચિત્રો તો છે, છતાં પ્રકાશનાં કિરણો પણ ચમકે છે, કારણ કે અંધકારના પ્રત્યેક કાળાવાદળની પાછળ છૂપાયેલા પ્રકાશને નિહાળવાની તેમની પાસે વિશેષ દૃષ્ટિ છે. 'નવા કરાર'ના કોઈ પણ સંતે પ્રકાશનાં એવાં વૈવિધ્યપૂર્ણ

રંગીન અને ભવ્ય ચિત્રો આપણને આપ્યાં નથી. કદાચ 'પ્રકટીકરણ'ના દ્રષ્ટા સંત જોનને જો આપણે ઈચ્છીએ તો, સંત પાઉલની હરોળમાં મૂકી શકીએ છીએ, જેમણે જગતના અંધકારનું અતિ વાસ્તવિક ચિત્ર આપ્યું છે. જો કે સંત પાઉલ અંધકારનાં ચિત્રો રજૂ કરે છે, કિન્તુ એવાં ચિત્રો રજૂ કરી નિરાશા ઉત્પન્ન કરવાનું તેમનું ધ્યેય નથી. એ ચિત્રણ દ્વારા તેમનું પ્રમુખ ધ્યેય તો દેવની કૃપા, કરુણા અને પ્રભુ ઈસુના અદ્વિતીય પ્રેમનાં ગૌરવગીત ગાવાનું છે. પ્રભુ ઈસુનું જે ગૌરવ તેમણે દમાસ્કસના માર્ગ પર નિહાળ્યું હતું, તે સંત પાઉલના જીવનમાં એવું તો ઊંડું ઊતરી ગયું હતું કે જે તેમના જીવનની પ્રત્યેક ક્ષણે પ્રકાશતું રહેતું હતું.

શું તમે રાત્રિના અંધકારમાં સાગરના તટ પર ચાલતા ચાલતાં કદી ચંદ્રને ક્ષિતિજની પેલી પારથી બહાર નીકળતાં નિહાળ્યો છે? થોડી ક્ષણો પહેલાં સાગરજલ, જે ડામરના થર જેવું લાગતું હતું તે, ચાંદનીનો સ્પર્શ થતાં જ પુલકિત બની નૃત્ય કરતું દેખાવા લાગે છે.

પવિત્રશાસ્ત્ર બાઈબલની બાબતમાં પણ આવું જ છે. પુરાણા અને દરિદ્ર બનેલા ભવસાગરનાં કાળાં પાણી પર તે પ્રકાશ પાથરે છે અને ધરતીને છેડેથી સ્વર્ગના રાજ્ય સુધી ચાંદીના સેતુ બાંધી આપે છે. સંત પાઉલ જ્યાં જ્યાં ગયા - યરુશાલેમ, અંત્યોખ, લિસ્ત્ર, એફેસસ, ફિલિપી, એથેન્સ, રોમ, બધે જ તેમને કાંતો ફટકા ખાવા પડ્યા, પથ્થરમારાથી ઘાયલ થવું પડ્યું. જેલવાસ ભોગવવો પડ્યો, લાંઘણો કરવી પડી, દુઃખ અને યાતના ભોગવવાં પડ્યાં, છતાં બધે જ તેમણે પરમેશ્વરનું ગૌરવ પ્રગટ કર્યું અને પ્રભુ ઈસુએ તેમને આપેલી શ્રદ્ધાને વળગી જ રહ્યા. આશા મનુષ્યના જીવનને ટકાવી રાખે છે. રેગિસ્તાનમાં ભૂલો પડેલો માનવી જ્યાં સુધી તેને આશા હશે ત્યાં સુધી ચાલ્યા જ કરશે. સાગરમાં તૂટેલા વહાણના

કાટમાળને વળગીને મનુષ્ય મોજાં સાથે ત્યાં સુધી ઉછળતો રહેશે, જ્યાં સુધી મદદ મળવાની આશા તેનામાં જીવતી હશે. પોતાની જીવલેણ માંદગી સાથે પણ દર્દી ઝઝૂમતો રહેશે, જ્યાં સુધી સાજા થવાનું એક ઝાંખું કિરણ પણ તેને દેખાતું હશે. આશા મનુષ્યને શક્તિ આપે છે, પ્રોત્સાહન આપે છે અને જીવનની ભયંકરતાઓ સામે પણ ટકાવી રાખે છે.

જેણે જીવવાની તમામ આશા છોડી દીધી છે એવા મનુષ્યને તમે જોયો છે? આવા મનુષ્યની પથારી પાસે હું બેઠો છું. એ માણસને જીવવાની ઇચ્છા જ હતી નહીં. કારણ કે તેના જીવનમાંથી આશા મરી પરવારી હતી. તેનો શ્વાસ ચાલતો હતો, હૃદય ધડકતું હતું, મારી સાથે વાત કરતો હતો, પરંતુ તે મરેલો હતો. મારા કહેવાનો આશય તમને સમજાઈ ગયો હશે. જીવન તેના માટે નિરર્થક બોજ બની ગયું હતું.

તમને ખ્યાલ આવ્યો હશે કે સંત પાઉલ શા માટે આપણને તારણની આશાનો ટોપ પહેરવાનું કહે છે! જો આપણા માથા પર તારણની આશાનો ટોપ પહેરેલો હશે, તો તેનાથી આપણા જીવનમાં પરિવર્તન આવશે. આપણા ચહેરા પર સ્મિત ફરકતું રહેશે, આપણી આંખોમાં ચમક આવશે અને જીવનનો સાચો મર્મ સમજાતાં, જીવન જીવવા જેવું લાગશે! અને ત્યારે ગમે તેવાં સંકટોનો સામનો કરવા માટે શક્તિ પ્રાપ્ત થશે! જેમ સંત પાઉલ અને બીજા સંતોના શિર તારણની આશાના ટોપથી સુરક્ષિત બન્યાં હતાં, એવી આશા આપણાં મસ્તકો પર છવાશે ત્યારે આપણામાં શક્તિ, સામર્થ્ય અને સાચું જીવન પ્રવેશ કરશે. આ જ મહત્ત્વ છે તારણનો ટોપ પહેરવાનું અને એ જ કારણથી સંત પાઉલ આપણને તારણની આશાનો ટોપ ધારણ કરવાની ભલામણ કરે છે.

ઘણા ખ્રિસ્તીઓ તારણ અંગેની વાત વિશે મૌન રહેવાનું પસંદ કરે છે. આનું કારણ એ છે કે ઉનાળાના દિવસોમાં 'બીચ' (Beach) પર લટાર મારતાં મારતાં લોકોને પૂછવામાં આવે કે, 'તમારું તારણ થયું છે?' આવા પ્રશ્ન પૂછનાર ખ્રિસ્તીઓએ 'તારણ' શબ્દના અર્થને ઘસી નાખ્યો છે, આથી એ શબ્દનું મહત્ત્વ ઘટી ગયું છે! અથવા આપણે ધર્મજાગૃતિની સભા ચાલતી હોય એવા સ્થળેથી પસાર થતાં હોઈએ ત્યારે કોઈ વ્યક્તિ લાઉડસ્પીકર પર જોર જોરથી બરાડા પાડતો હોય કે પ્રભુ ઈસુના રક્તથી મારું 'તારણ' થયું છે, - ત્યારે આપણને પ્રશ્ન થાય કે ખરેખર એ માણસનું તારણ થયું હશે? શું એ માણસ પ્રભુ ઈસુના તારણના કાર્યમાં મદદ કરે છે કે પછી પોતાના સારાપણાનાં બણગાં ફૂંકી રહ્યો છે !

'તારણ' (Salvation) શબ્દને સંત પાઉલ પ્રભુ ઈસુની આપણા પરની કરુણાના પરિણામસ્વરૂપ ઉત્પન્ન થયેલું ફળ ગણાવે છે. આપણે હવે જોઈશું કે 'તારણ પામવું' એટલે શું. 'નવા કરાર'માં તારણ પામવું ક્રિયાપદનો ત્રણેય કાળમાં પ્રયોગ થયેલો જોવા મળે છે. ભૂતકાળમાં આપણને 'તારી લેવામાં આવ્યા હતા' પરમેશ્વરની દંડાજ્ઞાથી આપણને 'મુક્ત કરવામાં આવ્યા હતાં.' આપણા મૂર્ખામીભર્યા અવળા માર્ગોથી, વિદ્રોહી સ્વભાવને લીધે થયેલા અપરાધોની આપણને ક્ષમા આપી દેવામાં આવી હતી. (૨ તીમોથી ૧ : ૯, તીતસ ૩ : ૫).

પરંતુ તારણ પામવાની ક્રિયાનો વર્તમાનકાળમાં પણ ઉપયોગ કરવામાં આવ્યો છે, જેમ કે 'આપણું તારણ કરવામાં આવે છે' (રોમનોને પત્ર ૮ : ૨૪). 'નવા કરાર'ના સમયના ખ્રિસ્તીઓ તારણના કાર્યનો થતો પ્રસાર જોતા હતા. દેવની કૃપા અને

કરુણાનો તેઓ સતત અનુભવ કરી રહ્યા હતા. દેવ આપણાં પાપોના ડાઘ ભૂંસી નાખીને અટકી જતા નથી, પરંતુ તેમનું તારણનું એ કાર્ય આપણામાં અવિરત ચાલુ જ રહે છે.

તારણની ક્રિયાને ભૂતકાળમાં અને વર્તમાનકાળમાં જોયા પછી હવે આપણે તેનો ભવિષ્યકાળમાં કેવી રીતે ઉપયોગ થયો છે તે જોઈએ. સંત પાઉલના રોમનોને લખેલા પત્રના પાંચમા અધ્યાયની નવમી અને દશમી કલમોમાં લખ્યું છે :

તેમના મરણને લીધે હવે આપણે ઈશ્વરની સાથે સીધા સંબંધમાં આવ્યા છીએ. તો પછી તેઓ આપણને ઈશ્વરના કોપથી બચાવી લેશે તે કેટલી વિશેષ ખાતરીપૂર્વકની વાત છે!

આપણે ઈશ્વરના દુશ્મન હતા, પણ ઈશ્વરના પુત્રના મરણથી આપણને તેમના મિત્રો બનાવવામાં આવ્યા છે. હવે આપણે ઈશ્વરના મિત્રો બન્યા છીએ, તેથી ખ્રિસ્તના જીવનથી વિશેષ બચીશું એ કેટલું ખાતરીપૂર્વક છે!

'તારણ' એ જીવનના ભૂત, વર્તમાન અને ભવિષ્યકાળ - ત્રણેય પર પોતાનું પ્રભુત્ત્વ ધરાવે છે. અને તેનું રહસ્ય એક ક્ષણમાં જ આપણે જાણી શકીએ છીએ. સંત પાઉલ અને બીજા સંતો વ્યક્તિગતરીતે પ્રભુ ઈસુને ઓળખતા હતા, કારણ કે તેમણે પ્રભુ ઈસુને સાક્ષાત જોયા હતા. તેમણે તેમને વધસ્તંભ પર માથું નમાવીને પ્રાણ છોડતા જોયા હતા, કબરમાં દટાતા નિહાળ્યા હતા અને ત્રીજે દિવસે પુનરુત્થાન પામેલા તથા અંતરિક્ષમાં અદશ્ય થતા પણ સાક્ષાત્ નિહાળ્યા હતા. અને આથી તેમને તો પોતાના તારણની કદી જ વિફળ ન થાય તેવી અમર આશા હતી. તેમની દષ્ટિ તો પોતાના ભવિષ્ય પર સ્થિર જ હતી. આપણને પણ ત્રણેય

કાળના પ્રશ્નોનો 'હ'કારમાં જ ઉત્તર મળે છે. શું ભૂતકાળનાં પાપની ક્ષમા મળી છે? હા! શું વર્તમાનકાળનાં પાપ આપણને માફ કરાયા છે? હા!.શું ભવિષ્યમાં થનાર અપરાધોની આપણને ક્ષમા મળશે? જરૂર! કારણ કે ખ્રિસ્તનું પુનરુત્થાન થયું છે અને તે દેવબાપને જમણે હાથે બેસી આપણે માટે મધ્યસ્થતા કરે છે.

હું તમારી સમક્ષ બે પ્રકારના ખ્રિસ્તીઓનું વર્ણન રજૂ કરવા માગું છું. પહેલાં ભાઈ છે 'દિવેલિયા (Droppy)! આમ તો તેમની ખ્રિસ્તીતા વિશે કોઈ શંકા કરવાનું કારણ નથી. તેમ જ તેમને ઉતારી પાડવાનો પણ મારો ઈરાદો નથી, છતાં વાસ્તવમાં તેમનો સ્વભાવ પણ 'દિવેલિયો' જ છે. કોઈ દિવસ તમને તેમના ચહેરા પર આનંદ દેખાય જ નહીં. જ્યારે જુઓ ત્યારે તેમનો ચહેરો ઉતરેલો જ હોય! જાણે આખા ગામની ચિંતાનો ટોપલો તેમના માથે કોઈએ ચઢાવી દીધો હોય! જાણે જિંદગીનું સર્વસ્વ લૂંટાઈ ગયું હોય! આવી રીતે નિરાશા અને હતાશાના આવરણમાં તે જીવી રહ્યા છે તેના કારણની તમને ખબર છે? તે નીચી મૂંડીએ જીવી રહ્યા છે. ઊંધું ઘાલીને જ ચાલે છે. તેમણે પોતાનું માથું ઊંચું કરી આગળના ભવિષ્યને નિહાળ્યું જ નથી. આથી સામે આવતી ચીજ સાથે ટકરાઈ જાય છે અને પડી જાય છે. તેમનામાં કોઈ ઉત્સાહ નથી, આત્મવિશ્વાસ નથી અને જીવનનું કોઈ નિશ્ચિત ધ્યેય નથી. તેમને ખબર છે કે પવિત્ર આત્મા મનુષ્યના જીવનમાં તાજગી લાવે છે અને હૃદયને જીવનનો ઝરો બનાવે છે, જ્યાંથી જીવનનું જળ વહેતું રહે છે. આથી, તે ભાઈ ખ્રિસ્તીઓનાં એવા સમૂહોમાં જોડાયા, જ્યાં પવિત્ર આત્માને અધિક મહત્ત્વ આપવામાં આવે છે. ત્યાં એ સમૂહના લોકો સાથે ગીતો ગાઈ જોયાં, તેમની વિશેષ પ્રકારની માન્યતાઓ પર મૂકાતા ભારનો અને વલણોનો

અનુભવ કરી જોયો, છતાં તેમનું નીચું નમી ગયેલું માથું ઊંચું થયું જ નહીં, ગ્લાની દૂર ન થઈ.

તમને ખબર પડી કે તેમણે શું કરવાની જરૂર હતી? તે ભાઈએ તારણની આશાનો ટોપ લઈને પોતાના માથે મૂકવાનો હતો. તેમણે અત્યાર સુધી જે કાંઈ કર્યું તે બધું વ્યર્થ હતું. તેમણે માથું ટટ્ટાર રાખીને 'ટોપ' પહેરવાનો હતો. તેમની દૃષ્ટિ નીચી હતી. માત્ર પોતાની નિષ્ફળતાઓ, મૂર્ખતાઓ, અપરાધો અને આંતરિક ગંદકી તરફ જ તેમની નજર હતી. આથી તે નિરાશાના કાદવમાં ઊંડા ને ઊંડા ઊતરી રહ્યા હતા. ખરેખર તો તેમને તારણની આશાના ટોપની જરૂર હતી. તેના વિના, તે નિરાધાર, હતાશ, હારેલા, ચિંતાતુર અને વ્યગ્ર બની, પોતાની નિસ્તેજ આંખોને ઝૂકાવી, 'દિવેલિયા' મુખે જીવનયાત્રાનો માર્ગ કાપવા માટે નિષ્ફળ પ્રયત્ન કરી રહ્યા હતા! માથું ઊંચું રાખીને આગળ વધવાના આનંદનો અનુભવ તેમને ક્યારે થયો નહીં ! મને વાસ્તવમાં એ ભાઈ માટે ઘણી જ સહાનુભૂતિ છે. તે શેતાનના હાથનું પ્યાદુ બની તેના હાથમાં રમી રહ્યાં છે! શેતાન તે ભાઈને તેમના અપરાધો, તેમની ભૂલો અને નિષ્ફળતાનાં ચિત્રો બતાવ્યે જ રાખે છે, જેથી પ્રભુ ઈસુએ આપેલ ક્ષમા અને વધસ્તંભની શક્તિ તરફ તેમની નજર પડતી જ નથી.

એક બીજા ખ્રિસ્તીની વાત કરું. તે બહેનનું નામ આશા (Hope) છે. તે પણ એક વખત આપણા 'દિવેલિયા' ભાઈના જેવી જ સ્થિતિમાં જીવી રહ્યા હતાં. પરંતુ તેમના જીવનમાં પરિવર્તન આવ્યું. જ્યારથી તેમણે તારણનો ટોપ પોતાના માથા પર ધારણ કર્યો, ત્યારથી તેમનામાં પરિવર્તન દેખાવા લાગ્યું. આનો અર્થ એ કે તેમને તારણ દ્વારા શક્તિ અને જીવનનું ધ્યેય પ્રાપ્ત થયાં. તેમને

ખાતરી થઈ કે ભૂતકાળનાં તેમનાં સઘળાં પાપોની તેમને ક્ષમા મળી ગઈ છે, આથી તેમને શેતાનની યુક્તિઓ તેમના વિશ્વાસમાંથી ડગાવી શકતી નથી. વર્તમાનમાં પ્રભુ ઈસુ તે બહેનના હ્રદયમાં નિવાસ કરી રહ્યાં છે, આથી દરરોજ તેમને શુદ્ધતા મળી રહે છે. જો પાપના ડાઘ પડી પણ જાય, તો પ્રભુ ઈસુ તરત જ તે ડાઘ ધોઈ નાખે છે! તે બહેનનું ભવિષ્ય ઘણું જ ઉજળું છે, કારણ કે તેમની શ્રદ્ધા છે કે એક દિવસ તે પોતાના તારણહાર અને જીવનના માલિક પ્રભુ ઈસુને સ્વર્ગીયધામમાં સાક્ષાત નિહાળી શકશે અને અનંતકાળ તેમની આરાધના કરવાનો લહાવો તેમને મળવાનો છે. ભૂતકાળનું ભૂત તેમને પરેશાન કરી શક્તું નથી. કારણ કે પ્રભુ ઈસુ ખુદ તે બહેનની આંગળી પકડીને તેમની સાથે ચાલી રહ્યાં છે. તે બહેનને પ્રભુની સેવા કરવા અંગેની ચિંતા પણ રહી નથી, કારણ કે પુનરુત્થાન પામેલા પ્રભુ ઈસુ જાતે જ સ્વર્ગના ભંડારોને 'ઘઉં'થી ભરી દેનાર છે. તે બહેન આશાને ખબર છે કે પ્રભુ ઈસુ તે બહેન પાસે તેમના પ્રેમની અને વફાદારીની જ અપેક્ષા રાખે છે. બીજા કશાની તેમને જરૂર નથી. બીજા શબ્દોમાં કહેવું હોય તો કહેવાય કે તે બહેને તારણની આશાનો ટોપ પોતાના શિર પર ધારણ કર્યો છે, આથી પોતાના ભલા ભરવાડ પાછળ નિશ્ચિંત બનીને તે દોડી રહ્યાં છે.

આ બહેન ઘણી મોટી ઉંમરનાં છે. તેમને માટે કહેવાય કે તે મૃત્યુના કિનારા સુધી આવી ગયાં છે. પરંતુ હમણાં થોડા દિવસો પહેલાં જ્યારે હું તેમને મળવા ગયો ત્યારે, તેમના કરચલીવાળા, અશક્ત અને વૃદ્ધ શરીરમાં મને આત્માની અજબ શક્તિનાં દર્શન થયાં. આ આન્તરિક સામર્થ્યનું કારણ તમે જાણો છો? નેવું વર્ષની ઉંમરનાં એ બહેને પોતાનું માથું ટટ્ટાર કરીને તેના

પર તારણનો ટોપ પહેરેલો હતો અને ભવિષ્યની આશા તેમના મુખ પર ચમકી રહી હતી!

પ્રિય મિત્ર, શું તમે તારણનો ટોપ તમારા માથા પર મૂકવાની ઈચ્છા રાખો છો? શું તમારી ઈચ્છા છે કે પ્રભુ ઈસુ તમારું માથું ઊંચું કરે અને તારણનો ટોપ તમને પહેરાવે, કે જેથી તમારા જીવનમાં આનંદ અને શાંતિ પ્રવેશી શકે? તથા એ જીવનમાંથી વહેતું અનંતજીવનની આશાનું ઝરણું અનેક તૃષિતોની તૃષા મટાડી શકે? તારણનો ટોપ ધારણ કરવો એટલે આપણી દૃષ્ટિ બદલવી. શું આપણી દૃષ્ટિ અન્તર્મુખી બનીને આપણા હૃદયની સ્વાર્થીભાવનાઓ અને હૃદયની ગંદકીને નિહાળ્યા કરે છે, કે ઊંચે ખ્રિસ્ત તરફ કે ખ્રિસ્તવહોણા લોકો પર મંડાયેલી છે?

મને લાગે છે કે મારા 'સંદેશા'ઓની ટીકા કરનાર પેલા ભાઈ કદાચ સાચા હશે. કદાચ હું મારા શ્રોતાઓને વિષાદની વાતોમાં જરા વધારે ખેંચી જતો હોઈશ. પણ હવેથી હું મારી 'હેટ'ને નવું નામ આપીશ, - તારણની હેટ! અને જ્યારે જ્યારે હું એ હેટ મારા માથા ઉપર મૂકીશ ત્યારે ત્યારે હું આપણા સ્વામી પ્રભુ ઈસુ તરફ દૃષ્ટિ ઊંચી કરીને કહીશ : પ્રભુ તમે મને મુક્તિ આપી, તમે મને પ્રતિદિન ક્ષમા આપો છો અને ભવિષ્યમાં પણ મને ક્ષમા આપનાર છો, માટે હું તમારી સ્તુતિ કરું છું!

મિત્રો, શું તમે પણ તારણનો ટોપ પહેરશો? મારી વિનંતી છે, કે તમે પણ એ પહેરો, કે જેથી આપણે બધાં દેવનાં સંતાન બની શકીએ!

✿ ✿ ✿

# પ્રકરણ ૧૬

# દેવનાં વચનરૂપી આત્માની તલવાર

પવિત્ર આત્માએ આપેલી ઈશ્વરના વચનરૂપી તલવાર હાથમાં લો. - એફેસીઓને પત્ર ૬ : ૧૭

મારું માનવું છે કે ક્રિકેટ અને ફૂટબૉલની ચેમ્પિયન ટીમોના ખેલાડીઓ પોતાની રમતની પ્રેક્ટિસ સિવાયનો તમામ સમય પોતાના પ્રતિસ્પર્ધીઓની રમતના વિડિયો જોવામાં પસાર કરતા હશે. એ ખેલાડીઓ પોતાના ભાવિ પ્રતિસ્પર્ધીઓની રમતની ટેપ માત્ર એક જ વખત જોતા હોતા નથી, પરંતુ વારંવાર જોતા રહે છે કે જેથી પોતાના ભાવિ પ્રતિસ્પર્ધી ખેલાડીઓની ભૂલો અને તેમની રમતની વિશેષતાઓનો ઝીણવટથી અભ્યાસ કરી શકે. આ જાતનો અભ્યાસ બોક્ષિંગના ખેલાડીઓ પણ કરતા હોય છે. આપણે પણ જ્યારે આપણા પ્રભુના પ્રતિસ્પર્ધી શેતાનની ટીમ સામે લડવાનું છે, ત્યારે આપણને આપવામાં આવેલી આત્માની તલવારની શક્તિ અને તેની વિશેષતાઓથી માહિતગાર બનીએ તે જરૂરી છે. આત્માની જે તલવારનો અત્યંત કાબેલિયતથી જેણે ઉપયોગ કર્યો, તે તો આપણા સેનાપતિ પ્રભુ ઈસુ છે. આપણને સાબ્બાથશાળામાં શીખવવામાં આવેલું કે રાનમાં તેમનું ત્રણ વખત શેતાને પરીક્ષણ કરેલું. પરંતુ ત્રણેય વખત તેમણે દેવની વચનરૂપી તલવારથી શત્રુ શેતાન હરાવેલો.

જ્યારે શેતાને તેમને ભૂખ્યાં જોઈને પથ્થરની રોટલી બનાવીને ખાવા માટે લલચાવ્યા ત્યારે તેમણે આત્માની તલવારનો ચમકારો બોલાવ્યો કે,

શાસ્ત્રમાં લખેલું છે, 'માનવી ફક્ત રોટલીથી જ નહિ, પણ ઈશ્વરના દરેક વચન દ્વારા જીવે છે.' (માથ્થી ૪ : ૪).

બીજી વખત શેતાને તેમને પહાડની ટોચ પરથી નીચે કૂદી પડવાનું અને દેવના વચનની કસોટી કરવાની વાત કરી, ત્યારે ફરીથી તેમણે એ જ તલવારથી શેતાનનો સામનો કરતાં બોલ્યા હતા,

શાસ્ત્રમાં એમ પણ લખેલું છે કે, 'તારે તારા પ્રભુ ઈશ્વરની પરીક્ષા કરવી ન જોઈએ' (માથ્થી ૪ : ૭).

અને છેલ્લે મરણિયો પ્રયાસ કરતાં શેતાને તેમને પોતાના અધિકારનાં રાજ્યો અને તેમનો બધો વૈભવ બતાવતાં કહ્યું, જો તું પગે પડીને મારું ભજન કરે તો આ બધું જ હું તને આપીશ. ત્યારે તે બોલ્યા, "શેતાન મારાથી દૂર જા. શાસ્ત્રમાં લખેલું છે કે 'પ્રભુ તારા ઈશ્વરનું ભજન કર અને માત્ર તેમની જ સેવા કર" (માથ્થી ૪ : ૧૦).

રાનમાં થયેલાં પ્રભુ ઈસુનાં ત્રણ પરીક્ષણો વખતે તેમણે કરેલા આત્માની તલવારના ઉપયોગનો ઉલ્લેખ ઘણા જ ગૌરવથી કરવામાં આવે છે. પરંતુ બીજા પણ ઘણા એવા ગૌરવવંતા પ્રસંગો તેમના જીવનમાં આવ્યા, જ્યારે અત્યંત વીરતા અને કુશળતાથી એ જ તલવારનો તેમણે ઉપયોગ કર્યો અને શત્રુ પર જય પામ્યા.

એક વખત એક ધારાશાસ્ત્રીએ પ્રભુ ઈસુને પૂછયું, 'ગુરુજી, અનંત જીવન પ્રાપ્ત કરવા માટે મારે શું કરવું જોઈએ?' ત્યારે તેમણે તેને શાસ્ત્રમાં લખેલી એક આવશ્યક વાત (લૂક ૧૦ : ૨૭)નું અર્થઘટન કરવા જણાવ્યું અને તેને દેવના વચનથી જ બાંધી દીધો. પ્રભુ ઈસુએ એ ધારાશાસ્ત્રીના ઉત્તર દ્વારા તેને તેના પોતાના હૃદય તથા દેવના હૃદય અને મન તરફ દૃષ્ટિ કરવા પ્રવૃત્ત કર્યો.

પ્રભુની અને અનેક સંતોની ઉત્કૃષ્ટ પ્રકારની તલવારબાજીનાં અનેક દૃષ્યો આંખ આગળ રજૂ થાય છે, તેમાંનું એક આ પ્રમાણે છે.

જ્યારે સંત પાઉલ તથા સંત બાર્નાબાસે લિસ્ત્રામાં એક અપંગ મનુષ્યને ચાલતો કર્યો ત્યારે ત્યાંના લોકો તે બંને પર ઘેલા થઈ ગયાં અન તે બંનેને પોતાના દેવ જ્યુપીટર અને મર્ક્યુરી (Mercury)નો અવતાર માની તેમની આગળ પોતાનાં અર્પણ ચઢાવવાની તૈયારી કરવા લાગ્યાં, ત્યારે સંત પાઉલે ગીતશાસ્ત્ર ૧૪૬ની 'તલવાર'ના ઉપયોગથી એ લોકોને ભૂલ કરતાં રોક્યાં (પ્રેરિતોનાં કૃત્યો, ૧૪ : ૮-૨૦).

હવે તલવારની કરામતનો એક વધારે પ્રસંગ નિહાળી લઈએ. એ પ્રસંગ આવે છે જોન બનિયન કૃત 'યાત્રાકારી' (Pilgrim's Progress) નામના એક અમર પુસ્તકમાં. એ પ્રસંગનું વર્ણન આ પ્રમાણે છે :

એપોલિયને (Apollyon - એક રાક્ષસે) ખ્રિસ્તી યાત્રાકારી ઉપર  ભયંકર મોટા કરાના જેવાં તીરોની વર્ષા કરી. અને તલવારનું યુદ્ધ લગભગ અર્ધા દિવસ સુધી ચાલ્યું, જેમાં ઘવાયેલો 'યાત્રાકારી' ધીમે ધીમે અશક્ત બનવા લાગ્યો અને તેની નિર્બળતાનો લાભ લઈને એપોલિયને તેને ધક્કો લગાવ્યો, જેથી 'યાત્રાકારી'ના હાથમાંથી તલવાર છૂટી ગઈ. એપોલિયને તેને વધારે ભીંસમાં લીધો અને બોલ્યો, 'હવે તો તું ખતમ થઈ ગયો છે.' આમ કહી તેણે પોતાનો ભાલો યાત્રાકારી તરફ ઉગામ્યો. પરંતુ તે જ વખતે 'યાત્રાકારી' ઘસડાતો-ઘસડાતો પોતાની પડેલી તલવાર પાસે પહોંચી ગયો. હાથ લાંબો કરી તલવાર હાથમાં લીધી અને તેનાં મુખમાંથી શબ્દો સરી પડ્યા, 'મને પડેલો જોઈને મારા શત્રુ તું હરખાઈશ નહીં. હું ફરીથી ઊભો થવાનો છું.' અને તરત જ ઊભા થઈને

તેણે તલવારનો એક ઘા એપોલિયન પર ઝીંકી દીધો. તેનો પોતાનો ઉત્સાહ વધી ગયો અને તે બોલી ઊઠ્યો, 'જે અમને પ્રેમ કરે છે, તેમની સહાયથી અમે મહાવિજેતા બની શકીએ છીએ.' એપોલિયનની કપાયેલી પાંખો પહોળી થઈને વિંખાઈ ગઈ. યાત્રાકારીએ ભાગતા એપોલિયન સામે સસ્મિત નજર કરી! પોતાની બેધારી 'તલવાર' (દેવના વચનની તલવાર)થી વિજયી બનેલા યાત્રાકારીએ પોતાના માર્ગમાં આગળ વધવા માટે નજર નાખી. એ નજરમાં હજુ પણ સ્મિત ઝલકતું હતું! (સંદર્ભ માટે જુઓ 'યાત્રાકારી' પૃ. ૭૨, ૭૩, ૭૪ - અનુવાદક)

જોન બનિયન અહીં જે કહેવા માગે છે, તે બધું જ કદાચ આપણે સમજી શકીએ નહીં. પરંતુ તે એટલું તો ચોક્કસપણે કહે છે કે, જો શેતાનની સાથે લડવું હોય, તો આપણી પાસે દેવના વચનરૂપી તલવાર અવશ્ય હોવી જોઈએ. આત્માના શત્રુ શેતાન સામે તલવારબાજી કરવાની કળા જો બનિયન પાસે હોત નહીં તો, તે 'યાત્રાકારી' જેવા પ્રેરણાદાયી પુસ્તકની રચના કરી શક્યા જ ન હોત. હાથમાં બેધારી 'તલવાર' લઈને દેવના રાજ્યની વૃદ્ધિ માટે ઝઝૂમતા વીરલાઓની વિડિયો ટેપ વારંવાર જોવી જોઈએ, કે જેથી આપણા શત્રુ અને દેવના પ્રતિસ્પર્ધી શેતાનની ચાલને આપણે બરાબર જાણી શકીએ!

પશ્ચિમના દેશોમાં જ્યારે કોઈ કિશોર વયનો દીકરો કે દીકરી પોતાના પિતાની કાર ચલાવવા માગે તો તેણે કેટલીક પ્રક્રિયામાંથી પસાર થવું પડે છે. પ્રથમ તો તેણે ડ્રાઈવિંગ અંગેનું શિક્ષણ લેવું પડે છે. પછી ડ્રાઈવિંગનો ટેસ્ટ આપવો પડે છે. અને એ પરીક્ષામાં પાસ થયા પછી પણ પિતાને ખાતરી થાય કે દીકરો કે દીકરી સાચવીને કાર ચલાવશે, તો જ પોતાની કાર તેને

ચલાવવા દેશે! આમ, આત્મિક લડાઈ લડવા માટે પણ આપણને શિક્ષણ અને અનુભવ - બંનેની જરૂર પડે છે. તલવારબાજીની કલા પોતાની મેળે જ, રાતો-રાત આવી જતી નથી.

તલવાર એ એક એવું શસ્ત્ર છે જેનો ઉપયોગ બંને રીતે- સ્વરક્ષણ અને આક્રમણ માટે કરવામાં આવે છે. આત્માની તલવારનો ઉપયોગ આપણે સ્વબચાવ માટે શેતાનની સામે કરીએ છીએ. જ્યારે તમારામાં કોઈ લાલચ જાગૃત થાય અને તમે પરમેશ્વરના માર્ગ પર ચાલી ન શક્તાં હો, ત્યારે તમારા રક્ષણ માટે દેવના વચનરૂપી તલવારને હાથમાં લો. પ્રભુ ઈસુએ પણ જ્યારે તેમને લલચાવવામાં આવ્યા, ત્યારે તલવાર તાણી શેતાનના ઘા ઝીલ્યા હતા.

પરંતુ તલવાર એ શત્રુ પર આક્રમણ કરવાનું શસ્ત્ર પણ છે. આપણને એ શસ્ત્ર શત્રુ પર આક્રમણ કરવા માટે પણ આપેલું છે. દેવની સેનામાં, તેમની સેવા કરવાના આશયથી લોકોએ ઘણી જાતનાં શસ્ત્રો શોધ્યાં છે, પરંતુ જ્યાં સુધી શેતાનની સામે દેવના વચનરૂપી બેધારી તલવાર વાપરવામાં આવે નહીં, ત્યાં સુધી લોકોએ શોધેલાં અન્ય હથિયારોથી દહાડો વળવાનો નથી. મારો કહેવાનો આશય તમે સમજ્યાં? આપણે સમાજ સેવાનાં કાર્યો કરીએ, અન્ય ધર્મ અને જાતિનાં લોકો સાથે સંબંધો બાંધીએ અને ભાઈચારો રાખીએ, લોકોને આકર્ષવા અથવા ભાવનાઓને જગાડવા માટે ભક્તિ-સંગીતનો ઉપયોગ કરીએ, પરંતુ દેવના વચનરૂપી બેધારી તલવાર વિના ખ્રિસ્તને માટે આપણે એક પણ યુદ્ધ જીતી શકવાના નથી. એ બધું હવામાં બાચકા ભરવા જેવું છે! કેવળ સમયની બારબાદી!

આપણા આ યુદ્ધમાં આપણે હંમેશાં એક વાત આપણા

ધ્યાનમાં રાખવાની છે, કે આપણે એક ભયંકર,ખંધા શત્રુ સાથે લડાઈ કરી રહ્યાં છીએ. એક રીતે કહીએ તો આપણે શેતાન શત્રુથી ડરતાં નથી. કારણ કે આપણે જાણીએ છીએ કે એ હારેલો શત્રુ છે. છતાં સાથે-સાથે એ પણ યાદ રાખીએ કે એ હારેલો હોવા છતાંયે તે શત્રુ તો છે જ! તે ઘણો જ ચાલાક અને ખંધો શત્રુ છે. તેના પ્રત્યે આપણે અસાવધ રહી શકીએ નહીં. તેની શક્તિઓની અવગણના પણ ન કરી શકાય અને તેની વાતને હસી કઢાય નહીં. તેનો જરાપણ વિશ્વાસ ન રખાય. આથી આત્માની તલવાર આપણને રક્ષણ અને આક્રમણ - બંને હેતુઓ માટે આપે છે.

બીજી એક વાતને જરા સ્પષ્ટતાથી સમજી લઈએ. સત્યના કમરબંધ અને આત્માની તલવાર વચ્ચે શો ભેદ છે? આમ તો વાસ્તવમાં બંનેનું કાર્યક્ષેત્ર એક જ છે, સરખું જ છે. છતાં તે બેની વચ્ચે સ્પષ્ટ તરી આવે તેવી એક ભિન્નતા પણ છે. સામાન્યરીતે સત્યનો કમરબંધ એ દેવનાં વચનો છે, જે આપણને તારણ વિશેનું ડહાપણ (Wisdom) આપે છે. જ્યારે આત્માની તલવાર એ પણ દેવનાં વચનો છે, જે વિશેષરૂપે આપણને લડવા માટે પ્રવૃત્ત કરે છે.

આ વાત જરા વીગતે સમજાવું. કલ્પના કરો કે યુદ્ધભૂમિ પર સામસામે ગોળીઓની રમઝટ મચી છે અને ત્યાં ફસાઈ ગયેલા સૈનિકોને બચાવવા માટે એક ખાસ વાહન આવે છે અને ફસાયેલા સૈનિકોને સલામત સ્થળે લઈ જાય છે. સત્યનો કમરબંધ પેલા બચાવ માટેના ખાસ વાહનનું કામ કરે છે. દેવનાં એ વચનો આપણને તારણનો માર્ગ બતાવે છે ફરીથી બીજી એક વાર કલ્પના કરો કે એ પેલા ફસાયેલા સૈનિકો સલામત સ્થળે પહોંચ્યા પછી બચાવ માટેનું ખાસ વાહન લઈને બીજા ફસાયેલા સૈનિકોને બચાવવા માટે જાય છે. આત્માની તલવાર એ દેવનાં વચન છે,

જે આપણા દૈનિક જીવનને માટે પ્રેરકશક્તિ બનીને આપણને કાર્યરત બનાવે છે.

પરંતુ 'ન્યૂ ઇંગ્લિશ બાઇબલ' નામના બાઇબલના એક ભાષાન્તરમાં શેતાને પોતાની યુક્તિનો ઉપયોગ કર્યો છે. તેમાં 'પવિત્ર આત્માએ આપેલી ઈશ્વરના વચનરૂપી તલવાર હાથ ધરો' (The sword of the spirit, which is the word of God - (Ephesians 6 : 17 B)નું ભાષાન્તર જુદી રીતે કરવામાં આવ્યું છે 'ન્યૂ ઇંગ્લિશ બાઇબલ'માં લખ્યું છે : The sword which the spirit gives you - words that come from God અર્થાત્ જે વચનરૂપી તલવાર આત્મા મારફતે મળે છે, તે દેવ તરફથી હોય છે. આ જાતનું ભાષાંતર ગેરમાર્ગે દોરનાર, ભયંકર ભાષાંતર છે. આપણી સદીના આરંભમાં જોન હેનરી જોવેટ (John Henry Jowett) નામના એક સુવાર્તિક હતા. તે પોતાના ભાષણોમાં એફેસી ૬ : ૧૭ વિશે સ્પષ્ટતા કરતા કે **આત્માની તલવાર એ પરમેશ્વર તરફથી આવેલો કે આવતો વિચાર પણ હોઈ શકે. પરંતુ પવિત્રશાસ્ત્ર બાઇબલમાં જે લખાણ છે, તેમાં આવી મલતબનું કાંઈ જ લખ્યું નથી કે, જેથી આ જાતનું અર્થઘટન કરી શકાય. પરમેશ્વરનાં વચનો જ ખુદ આત્માની બેધારી તલવાર છે.** પરંતુ જોન જોવેટે આવી ભૂલ કેમ કરી? તેમના સમયનાં 'સોસાયટી ઓફ ફ્રેંડ્ઝ' નામના ધાર્મિક સંપ્રદાય (Quaker Movement)ના સ્થાપક જ્યોર્જ ફૉક્સના તે અનુયાયી હતા. જ્યોર્જ ફૉક્સની ઉપરોક્ત માન્યતા ઘણી જ ખતરનાક હતી. તેમની માન્યતા અને અર્થ પ્રમાણે આત્માની તલવાર એ બાઇબલમાં આપેલાં દેવનાં વચન નહીં, પરંતુ મનુષ્યના મનમાં ઉત્પન્ન થતા વિચાર હતાં. ઘણી વખત આપણે એક ગંભીર પ્રકારની ભૂલ કરી

બેસીએ છીએ કે આપણા મનમાં ઉત્પન્ન થતા વિચારો દેવ તરફથી આવે છે, એમ માની લઈએ છીએ. Words that come from God (NEB).

આ વાતનો આપણે વીગતે વિચાર કરીએ. ઘણી વખત આપણા મનમાં વિચિત્ર પ્રકારના વિચારો ઉત્પન્ન થતા હોય છે. ૧૯૦૪ની સાલમાં વેલ્સની ધર્મજાગૃતિ (Revival in Wales)ના એક પાદરીના મનમાં વિચાર (તુક્કો) ઉત્પન્ન થયો કે પરમેશ્વર તે પાદરીને તેમના બધા જ દાંત ખેંચી કાઢવાનું કહે છે અને જ્યારે તે બોખા થઈ જશે ત્યારે પરમેશ્વર તેમના બોખા મુખમાં નવા દાંત ઉગાડશે! તે પાદરી ખાતરીપૂર્વક માનતા હતા કે તેમના મનમાં દાંત પાડવાનો જે વિચાર આવ્યો છે, તે પરમેશ્વર તરફથી છે, આથી તે દાંતના ડૉક્ટર પાસે ગયા અને બધા દાંત પડાવી નાખ્યા. પણ તે મર્યા ત્યાં સુધી તેમના મુખમાં નવા દાંત ઉગ્યા જ નહીં! બીજા એક પાદરીને વિચાર આવ્યો કે તે દરિયામાં આવતી ભરતીને રોકી શકે છે, અને દેવે તે પાદરીને દેવનું પરાક્રમ લોકો સમક્ષ દેખાડવાની આજ્ઞા કરી છે. આથી તે પાદરીએ ભરતી આવવાના દિવસ પહેલાં જાહેરાત કરી કે અમુક દિવસે તે દરિયાની ભરતીને દેવના પરાક્રમની રોકી શકશે, તેથી દેવનો ચમત્કાર જોવા માટે બધાએ હાજર રહેવું! અને ઠરાવેલા દિવસ અને સમય પ્રમાણે લોકો તે પાદરી સાથે દરિયા કિનારે ગયાં. પાદરીએ ઘણી ઘણી પ્રાર્થના કરી, પરંતુ ભરતીનાં પાણી વધતાં જ ગયાં અને બધાં લોકો ભીનાં કપડે અને પાદરી સાહેબ વીલા મોઢે પોતાને ઘરે ગયા! અને તે પાદરીની તેમની મંડળીમાં લાજ ગઈ. આવા તો ઘણા બધા લોકો છે, જે માની લેતા હોય છે કે તેમને અમુક કરવાનું કે ન કરવાનું દેવે ફરમાવ્યું છે. તેમના મનમાં

ઉત્પન્ન થયેલાં તુક્કાને તે પવિત્ર આત્માની તલવાર માની લેતા હોય છે! પરંતુ છેવટે તો તે તેમના મનનો એક તુક્કો જ સાબિત થતો હોય છે! આથી આપણે સાવચેત બનીએ, કારણ કે સાચી આત્માની તલવાર તો પવિત્રશાસ્ત્ર બાઇબલમાં લખેલાં વચનો જ છે, આપણા મનમાં ઉત્પન્ન થતા વિચારો નહીં.

અને દેવે આપેલા એ કારગર (શક્તિશાળી) શસ્ત્ર વિશે ચોથી બાબત એ છે કે તે શસ્ત્ર તો પવિત્ર આત્માનું શસ્ત્ર છે. આનો અર્થ એવો કરાય કે દેવનાં જે વચન આપણને આપવામાં આવ્યાં છે, તે પવિત્ર આત્માના સામર્થ્યથી જ આપણને સમજાય છે અને એ વચનરૂપી તલવારનો ઉપયોગ પાપીઓને દેવની કૃપાને આશ્રયે લઈ જવા માટે પવિત્ર આત્માની સહાયથી જ કરી શકાય છે. આપણાં બાઇબલ પવિત્ર આત્માના શ્વાસથી સજીવ બનેલાં છે. તેમની રચના પણ પવિત્ર આત્માની પ્રેરણાથી થયેલી છે. તેમના સત્યોનું સ્પષ્ટીકરણ અને અંગીકરણ પણ પવિત્ર આત્માની સહાયથી જ શક્ય બને છે. પવિત્ર આત્મા જ બાઇબલના સત્યને સત્ય સ્વરૂપે લોકોનાં દિલ-દિમાગ સુધી પહોંચાડી શકે છે.

દુનિયામાં ઘણાં વિદ્વાનો છે, જેમને બાઇબલ વિશે ઘણું જ જ્ઞાન છે. બાઇબલનો અભ્યાસ તેમણે કાળજી અને કુશળતાપૂર્વક કરેલો હોય છે. પરંતુ તે અભ્યાસ માત્ર તેમના દિમાગમાં જ રહે છે. તેમના હ્રદય સાથે તેનો કોઈ જ સંબંધ હોતો નથી. બાઇબલનું તેમનું જ્ઞાન મૃત અવસ્થામાં જ રહે છે. તેને કાર્યશીલ કરવા માટે ઉષ્માની જરૂર છે અને જ્ઞાનતંતુને જાગૃત કરવા માટે પ્રાણવાયુની જરૂર છે. ઘણી વખત મારા કરાયેલા ઉપદેશના કાર્ય પર દષ્ટિપાત કરું છું, ત્યારે મને લાગે છે કે તેની કોઈ અસર જણાતી નથી, બિલકુલ નિષ્ફળ! બિનઅસરકારક હોય એવા ઘણા 'સંદેશા'

આપણે સાંભળ્યા છે. એ પ્રભાવહિનતાનું કારણ શું છે? મને લાગે છે કે પવિત્ર આત્માની શક્તિનો અભાવ જ તેનું એક માત્ર કારણ છે. જો પવિત્ર આત્માની હાજરી અને સામર્થ્ય ન હોય તો પવિત્રશાસ્ત્ર બાઈબલ પણ એક રસહિન, બોરિંગ 'બુક' બની જાય. જો પરમેશ્વરનો પ્રકાશ તેનાં પાનાં પર પડતો ન હોય તો એ હથિયાર કશા કામનું નથી. બુઠ્ઠી તલવાર સમાન છે! આથી જ દેવનાં વચનને આત્માની તલવાર કહેવામાં આવ્યાં છે અને એ તલવારને પવિત્ર આત્મા જ ધારદાર અને ચમકતી રાખી શકે છે.

આપણે એ તલરવાનો ઉપયોગ કેવી રીતે કરી શકીએ? એને કેવી રીતે હાથમાં પકડીએ? આપણે બધાં સારી રીતે જાણીએ છીએ કે આપણાં પ્રભુ ઈસુએ અને સંત પાઉલે, પ્રભુના સેવક જોન બનિયને તેનો ઉપયોગ ઘણી જ સફળતાથી કર્યો છે. આપણે એવો ઉપયોગ કરવો હોય, તો કેવી રીતે કરી શકીએ? આ અગત્યના પ્રશ્નનો ઉત્તર આપીએ તે પહેલાં ધ્યાનમાં રાખીએ કે અહીં 'વચન' શબ્દ વાપરવામાં આવ્યો છે તે ગ્રીકમાં વપરાતો 'લૉગોસ'નો પર્યાય નથી, પરંતુ બીજો ગ્રીક શબ્દ 'રેમા' (Rema) છે, જેનો અર્થ 'પરમેશ્વરના મુખમાંથી નીકળતો પ્રત્યેક શબ્દ' છે. સંત પાઉલ 'રેમા' શબ્દના ઉપયોગ દ્વારા આપણને સમજાવવા માગે છે કે આત્માની તલવાર કે 'દેવનો શબ્દ' એ આપણી સાથેની, દેવની વ્યક્તિગત વાતચીત છે. એ કાંઈ ધર્મવિદ્યાની ફિલસૂફી માત્ર નથી. અહીં દેવ આપણી એટલી નજીક આવીને આપણી સાથે વાત કરે છે, કે તેમના મુખમાંથી નીકળતા ઉચ્છ્વાસનો સ્પર્શ પણ આપણે અનુભવી શકીએ છીએ!

આત્માની તલવારના ઉપયોગ વિશે જો આપણે વિચાર કરીએ તો કહેવાય, કે આત્માની તલવાર આપણને દેવની પેઠે

વિચાર કરતાં શીખવે છે. આપણે કેટલાંક ઉદાહરણ લઈએ. દેવનાં વચન (શબ્દ) આપણને જીવન અને તેની સાર્થક્તા વિશે શીખવે છે. ઘણા લોકોને પોતાની જિંદગી અર્થહિન બોજ સમાન લાગે છે. આ લોકોનો મતિભ્રમ થયો હોય છે તથા તેમનાં જીવનમાં કડવાશ છવાઈ ગઈ હોય છે! અને આને કારણે એવાં લોકો માદકદ્રવ્યોના સકંજામાં ફસાઈ જતાં હોય છે. પરંતુ જ્યારે શેતાન આપણા પર તેનાં ભયંકર તીર વરસાવીને આપણા મનમાં ઠસાવવા લાગે કે જીવન નકામું છે, અર્થહિન બોજો છે, જીવન જીવવા જેવું નથી, ત્યારે આપણે મ્યાનમાંથી તલવાર કાઢવાની છે, જે કહે છે : 'મેં તને અનંતકાળ માટે પ્રેમ કર્યો છે' (યર્મિયા ૩૧ : ૩). અને 'તમારું શરીર એ આત્માનું મંદિર છે' (૧ કોરિંથી ૬ : ૧૯). આથી આપણને આપણા પેલા પ્રશ્નનો ઉત્તર મળે છે કે, 'જિંદગી એ પરમેશ્વર તરફથી મળેલી એક ભેટ છે. પરમેશ્વરના પ્રેમનો અનુભવ કરવાની એક મધુર તક છે. તેમની સાથે મૈત્રિસંબંધ કેળવવાનો એક લહાવો છે અને પવિત્રઆત્માની સંગતમાં જીવતાં જીવતાં સ્વર્ગે જવાનું એક સાધન છે! અને આથી જ જિંદગી જીવવા જેવી લાગે છે!

કેટલાક લોકો કહેતા હોય છે, જે વસ્તુઓથી તમને અથવા બીજાને કાંઈ હાનિ થતી ના હોય તેવી ચીજો કરવામાં કાંઈ વાંધો નથી. એ લોકો આવું કહે છે, ત્યારે તેમનો આશય એ હોય છે કે આપણે જાતીયતાથી માંડીને અપ્રામાણિક્તા અને પરીક્ષામાં કરાતી ચોરીથી માંડી બધાં જ પ્રકારની અનીતિનું આચરણ કરવા લાગીએ! આથી જ્યારે આપણા ઉપર આ જાતના હુમલા થાય, ત્યારે આપણે આત્માની તલવાર તાણીને આપણી જાતને દેવનાં વચનો યાદ કરાવીએ કે એ બધી બાબતો વિશે આપણને દેવ શું

કહે છે. દેવનાં વચનો 'કાં નરોવા કુંજરોવા' જેવાં હોતાં નથી. પરંતુ સ્પષ્ટ અને પારદર્શક હોય છે! એ વચનો વિશે શંકા કરવાનું કે બહાનાં કાઢવાનું કોઈ જ કારણ નથી. આ જ રીતે આપણે દેવના વચનરૂપી આત્માની તલવારનો ઉપયોગ કરી શકીએ છીએ. જીવનના ગમે તે ક્ષેત્ર કે ગમે તે પ્રશ્ન વિશે દેવ પોતાની ઇચ્છાને એ વચનો દ્વારા પ્રગટ કરે છે. આથી આત્માની તલવાર હાથમાં ગ્રહણ કરો અને દેવના મુખમાંથી નીકળેલા એ શબ્દોનો વાસ્તવિક રીતે ઉપયોગ કરો.

પરંતુ અહીં તમને એક ચેતવણી આપવા માગું છું. ઘણા ખ્રિસ્તીઓને હું જાણું છું, જે આખા બાઇબલનો શસ્ત્ર તરીકે ઉપયોગ કરતા હોય છે, જાણે બાઇબલ એ અલ્લાદિનનો જાદુઈ ચિરાગ ન હોય! એક ભાઈએ મને કહ્યું કે તે એક શહેરમાં ગયા. ત્યાંના એક લત્તામાં તેમને લાગ્યું કે શેતાનનું પ્રભુત્ત્વ વધારે છે, આથી તે પોતાની કારમાંથી બાઇબલ લઈ આવ્યા અને એ લત્તામાં પાછા જઈ બાઇબલને હાથમાં ઊંચું કરી ચાલવા લાગ્યા અને તેમણે શેતાનને ધમકાવ્યો અને ભગાડી દીધો. તે ભાઈનું દ્દઢપણે કહેવું હતું કે બાઇબલના પોતાનામાં જ એવી એક શક્તિ છે, કે જેનાથી શેતાન દૂર ભાગે છે. એ ભાઈ સારું ભણેલા છે, પોતાના કાર્યક્ષેત્રમાં ટોચ પર પહોંચ્યા છે. પરંતુ આવી નક્કામી વાતો કરતા હતા! બાઇબલને તકિયા નીચે મૂકીને સૂવામાં, માથા ઉપર ઊંચું કરીને વીંઝવામાં કે બગલમાં રાખી ફરવામાં કોઈ શક્તિ નથી. એ પણ કાગળ અને પૂંઠા પર છાપેલું એક પુસ્તક જ છે. તેમાં લખેલાં વચનોને પોપટની જેમ બોલી જવામાં પણ કોઈ શક્તિ નથી. ખરી શક્તિ તો તેનાં વચનોને વિશ્વાસ સહિત જીવનમાં ગ્રહણ કરી તે મુજબ જીવન જીવવામાં રહેલી છે.

આત્માની તલવારનો બીજો ઉપયોગ દેવની ઇચ્છા જાણવા માટે કરવામાં આવે છે. મને યાદ છે કે જ્યારે મને આયર્લેંડમાં બેન્ગોરના હેમિલ્ટન રોડ ચર્ચના પાળક તરીકે મૂકવાનો હતો, ત્યારે મને લાગ્યું કે મારે એ આમંત્રણનો સ્વીકાર કરવો જોઈએ. મને લાગતું કે પરમેશ્વર પોતે જ એ સ્થાન પર મને મૂકવા માગે છે. પરંતુ મારે એ વિશે થોડું વધારે ચોક્કસ બનવું હતું. એ આખા સપ્તાહ દરમિયાન હું એ બાબત વિશે વિચાર કરતો રહ્યો. એક દિવસ, સવારે મારાથી વહેલા ઊઠી જવાયું. લગભગ સવારના ચાર વાગે. મારા પલંગની પાસેના નાના ટેબલ પર મારું બાઈબલ મૂકેલું હતું, આથી મેં લાઈટ કરી અને બાઇબલ લીધું. એ દિવસનું શાસ્ત્રવાચન મેં વાંચ્યું. જાણે કે પરમેશ્વર મારી રૂમમાં જ હોય અને મારી સાથે સાક્ષાત બોલતા હોય, એ રીતે બાઇબલના એ ફકરા દ્વારા મારી સાથે વાત કરી. અને ત્યાર પછી તો આયર્લેંડના મારા આઠ વર્ષના નિવાસ દરમિયાન જ્યારે જ્યારે મને એકલતા લાગી કે જીવનમાં પ્રશ્નો ઊભા થયા, ત્યારે ત્યારે અનેક વખત એ જ ફકરો મેં વારંવાર વાંચ્યો છે અને પ્રત્યેક વખતે પ્રભુએ એ મંડળીમાં મને સોંપેલા સેવાકાર્ય પર તેમની સંમતિની મહોર મારી, મને પ્રોત્સાહન પૂરું પાડ્યું છે. આ રીતે મારા યુદ્ધમાં હું આત્માની તલવારનો ઉપયોગ કરતો રહ્યો છું.

યૂના વિશે વિચાર કરો. પરમેશ્વરે તેની સમક્ષ પોતાની ઇચ્છા અને યોજના પ્રગટ કરી હતી. તે યોજના પ્રમાણે તેને નિનવે જવાનું હતું. પરંતુ તાર્શિશ એક અદ્યતન અને સંસારની સર્વ પ્રકારની રંગીનતાથી ભરેલું આકર્ષક શહેર હતું. નિનવે પૂર્વ દિશામાં હતું, જ્યારે તાર્શિશ પશ્ચિમમાં હતું. અહીં દેવની ઇચ્છા અને જગતનાં પ્રલોભનોની વચ્ચે સંઘર્ષ ઉત્પન્ન થયો. અને સંઘર્ષનું

યુદ્ધક્ષેત્ર બન્યું, યૂનાનું મન! આ આત્મિક યુદ્ધ છે. રક્ત અને માંસની સાથેનું નહીં. પરંતુ અંધકારના સ્વામી શેતાનની વિરુદ્ધનું યુદ્ધ. આ જાતના યુદ્ધમાં જો વિજય હાંસલ કરવો હોય, તો આપણે આત્માનાં હથિયારોથી સજ્જ થઈને જ યુદ્ધ કરવું પડે. અને એ યુદ્ધમાં આપણે ત્યારે જ જીત મેળવી શકીએ છીએ. જ્યારે દેવનાં વચનરૂપ આત્માની તલવાર દ્વારા દેવની ઇચ્છા જાણી તે પ્રમાણેનું યુદ્ધ કરીએ છીએ ત્યારે! બીજી કોઈ રીતે આપણે એ યુદ્ધ જીતવાનો પ્રયત્ન કરીશું તો આપણે સદંતર નિષ્ફળ નીવડીશું, કારણ કે શેતાન તો આપણને હરાવવામાં જ રસ ધરાવે છે.

દેવના વચનરૂપી આત્માની તલવારની ત્રીજી વિશેષતા છે : આપણી સમક્ષ પરમેશ્વર પિતાનો અદ્વિતીય પ્રેમ પ્રગટ કરવાની. દવાખાનાંઓમાં વૃદ્ધોની મુલાકાતે જનાર એક પાળકને વૃદ્ધોની શારીરિક, માનસિક અને ધાર્મિક સ્થિતિના નિષ્ણાત એક સલાહકાર જે જાતની સલાહ આપતા હતા, તે મેં એક વખત સાંભળેલી. તેમણે દવાખાનામાં વૃદ્ધોની મુલાકાત વખતે તેમને થયેલા એક અનુભવ વિશે કહ્યું કે, એક દવાખાનામાં એક વૃદ્ધ નારી પોતાના મરણની ઘડીએ જોર જોરથી રડી રહી હતી અને પોતાની આસપાસનાં બીજા બિમાર વૃદ્ધોને તેમના આરામમાં ખલેલ પાડી રહી હતી. એ વખતે ત્યાં આવેલા ડૉક્ટરને એક નર્સે પૂછ્યું કે એ વૃદ્ધા શાંત થઈ જાય એવી દવા આપું? ડૉક્ટરે કહ્યું ના, અને તે પેલી વૃદ્ધા પાસે ગયા. તે પેલી રડતી વૃદ્ધા સાથે વાત કરવાનો પ્રયત્ન કરવા લાગ્યા, ત્યારે એ વૃદ્ધાએ રડવાનું બંધ કર્યું અને તેમની સામે જોવા લાગી. ડૉક્ટર એ લાચાર નારીની માનસિક સ્થિતિ પામી ગયા. અને તેને માથે હાથ ફેરવતાં ફેરવતાં બાઇબલમાં આવેલા પ્રબોધક

યશાયાના પુસ્તકના તેંતાલીસમાં અધ્યાયમાં પરમેશ્વર પિતાએ આપેલાં અભય વચનો બોલવા લાગ્યા.

તું બીશ મા, કેમ કે મેં તારો ઉદ્ધાર કર્યો છે; મેં તારું નામ લઈને તને બોલાવ્યો છે, તું મારો છે. તું પાણીઓમાં થઈને જઈશ, ત્યારે હું તારી સાથે હોઈશ. તું નદીઓમાં થઈને જઈશ, ત્યારે તેઓ તને ડુબાડશે નહીં, તું અગ્નિમાં ચાલીશ, ત્યારે તને આંચ લાગશે નહીં અને જ્વાળા તને બાળશે નહીં, કેમ કે હું તારો દેવ છું...

અને 'ગીતશાસ્ત્ર'નાં ૨૩માં અધ્યાયની ખાતરી અને આશ્વાસનદાયક કલમો, જે દેવને આપણા ભલા ભરવાડ તરીકે રજૂ કરે છે તે બધી કલમો એ ડૉક્ટર બોલી ગયા અને મોતનાં બિહામણા દશ્યો તે વૃદ્ધ નારીની આંખ સામેથી દૂર થયાં. પરમેશ્વરનાં અભય વચનોમાં તેને વિશ્વાસ ઉત્પન્ન થયો અને તે વૃદ્ધાનું મન શાંત થયું. ત્યાર પછી ત્રણ દિવસે તેનું મૃત્યુ થયું. પરંતુ એ ત્રણ દિવસો દરમિયાન તે જરા પણ રડી નહીં અને શાંતિથી 'મરણની છાયાની ખીણ'ને તે પસાર કરી શકી. એ હતી, દેવનાં વચનરૂપી આત્માની તલવારની વિશેષતા.

બાઈબલમાં એવાં ઘણાં ઉદાહરણો છે. જ્યારે દેવનાં સેવકો એકલતા અનુભવતાં અને હતાશ બનતાં હોય, ત્યારે દેવનાં વચનો તેમને દેવના અદ્વિતીય પ્રેમનું ભાન કરાવી શાંતિ આપે છે.

આત્માની તલવારના એક છેલ્લા, પરંતુ ઘણા જ મહત્ત્વના ઉપયોગ વિશે હવે થોડો વિચાર કરીએ. લોકોને આપણા તારનાર પ્રભુ ઈસુનો પરિચય કરાવવામાં અને લોકોને પ્રભુ ઈસુની પાસે લાવવામાં આત્માની આ તલવાર ઘણો જ મહત્ત્વનો ભાગ ભજવે છે. બ્રિટીશ નૌકાદળના એક એડમિરલની સાથે એક કિશોરીએ

દેવનાં વચનોનો ઉપયોગ કરી દેવના પ્રેમની વાત કહી અને તે એડમિરલે પ્રભુ ઈસુનો તારનાર તરીકે સ્વીકાર કર્યો. એકવીસ વર્ષની એક યુવતિએ એવરડીન શહેરના દારૂની બદી અને બીજી અનેક ગુનાહિત પ્રવૃત્તિઓમાં સંડોવાયેલા એક યુવક સાથે યુનિયન સ્ટ્રીટ નામની શેરીમાં ઘૂંટણ ટેકી પ્રાર્થના કરી. આથી તે યુવક પ્રભુની પાસે આવ્યો અને આજે પાળક બનીને પ્રભુ ઈસુના તારણનો 'સંદેશો' લોકોને આપે છે. ઓસ્ટ્રેલિયાના સિડનીનો એક સામાન્ય માણસ છેલ્લા દશ વર્ષોથી સિડનીની શેરીઓમાં યોહાનની લખેલી સુવાર્તાની નકલો લોકોને વહેંચે છે. આ સામાન્ય મનુષ્યની મારફતે દુનિયાનાં ઘણાં લોકોએ પ્રભુ ઈસુનો પોતાના તારનાર અને માલિક તરીકે સ્વીકાર કર્યો છે. પ્રભુના શબ્દોમાં આશ્ચર્યજનક શક્તિ છે.

અને છેલ્લે, દેવના શબ્દોરૂપી આ તલવારનો ઉપયોગ કરતાં આપણને બધાંને આવડે તે જરૂરી છે. એ વચનોને આપણે આત્મસાત કરવાનાં છે. પણ એ વચનોને આત્મસાત ત્યારે જ કરી શકાય કે જ્યારે વિશ્વાસ સહિત આપણે એ વચનોનું નિત્ય પઠન અને મનન કરતાં રહીએ. આપણે એ વચનોને શક્ય તેટલાં કંઠસ્થ કરવાં જોઈએ. આપણે બાઈબલનો નિયમિત અભ્યાસ કરવો જોઈએ. એ અભ્યાસ દ્વારા દેવનાં વચનોને યોગ્ય અર્થમાં સમજી શકીએ છીએ તથા દેવના અદ્વિતીય પ્રેમનું અને પ્રભુના બલિદાનનું રહસ્ય જાણી શકીએ છીએ. દેવનાં વચનો મારફતે પરમેશ્વરની કૃપાનો અનુભવ થાય છે અને એ કૃપા દ્વારા જ આપણને તારણની ભેટ મળે છે, જે તારણ આપણને દેવના પરિવારમાં સ્થાન અપાવે છે.

# પ્રકરણ ૧૭

# પ્રાર્થનાનું સ્વરૂપ અને મહત્ત્વ

આ બધું પ્રાર્થનાપૂર્વક કરો અને ઈશ્વરની મદદ માગો. જેમ પવિત્ર આત્મા દોરવણી આપે તેમ સર્વ પ્રસંગે પ્રાર્થના કરો.

- એફેસીઓને પત્ર ૬ : ૧૮

સામાન્ય રીતે પ્રત્યેક ખ્રિસ્તીએ લડવું પડે છે તે, 'અંધકારના સ્વામી' શેતાન સાથેના યુદ્ધ અંગેના અભ્યાસનો તથા તે યુદ્ધમાં વપરાતા આયુધોની વિશેષતાઓ અને ઉપયોગીતા તથા વાપરવાની રીત અંગેનો અભ્યાસ અહીં પૂરો થવાની તૈયારીમાં છે. પરંતુ સંત પાઉલ છેલ્લે છેલ્લે પણ એક સૌથી અગત્યની વાત અંગે નિર્દેષ કરવાનું ચૂકતા નથી, તે છે : પ્રાર્થના. સારામાં સારાં આયુધો, ઉત્તમ પ્રકારની રણનીતિ અને યુદ્ધકૌશલ્ય પણ પ્રાર્થનાની કડી વિના નિષ્ફળ, અર્થહિન બની જાય છે. આથી જ સંત પાઉલ પોતાના આ પત્રના અંતે બધાં જ ખ્રિસ્તીઓને પ્રાર્થના કરતાં રહેવાનું કહે છે.

હું 'બધી જ પ્રાર્થનાઓ' (All Prayer), એવો શબ્દ પ્રયોગ એટલા માટે કરું છું કે સંત પાઉલે આ પત્રમાં ચાર વખત બધી જ – All પ્રાર્થનાઓ – Prayer એવો બહુવચનમાં પ્રયોગ કર્યો છે. બધા પ્રસંગોએ... બધી જ જાતની પ્રાર્થનાઓ... બધી જ વખતે પ્રાર્થના કરતા રહો... બધા જ સંતો (ખ્રિસ્તીઓ) માટે પેલા પ્રસિદ્ધ ભજન : 'ઊઠો ખ્રિસ્તી યોદ્ધાઓ'માં પણ એ જ વાતનો - પ્રાર્થના સહિત શસ્ત્રો ધારણ કરવાની વાતનો ઉલ્લેખ કરાયો છે.

સંત પાઉલે પોતાની વાતનો આરંભ 'પ્રભુમાં સમૃદ્ધ બનો (બળવાન બનો)'થી કર્યો અને પોતાની વાતના અંતે પણ એ જ વાતને દોહરાવતાં કહે છે કે આપણે જો યુદ્ધને જીતવું હોય તો જ્યારે આપણે શસ્ત્રો ધારણ કરીએ, ત્યારે પ્રાર્થના સહિત ધારણ કરીએ, અન્યથા નિષ્ફળ નીવડીશું

એક દિવસ એક રોમન કેથલિક પાદરી ચાલતાં ચાલતાં પોતાની હાથમાંથી નાની ચોપડીમાંથી મોટેથી કાંઈક વાંચી રહ્યાં હતા. હું તેમની પાસેથી પસાર થયો અને તેમણે મને જોયો, છતાં મોટેથી વાંચતા જ રહ્યા. આથી એક દિવસ મેં મારા એક રોમન કેથલિક પાદરી-મિત્ર-ને મોટેથી વાંચવાની પેલી વાત અંગે પૂછ્યું. તો તેમણે મને કહ્યું 'એ જે વાંચતાં હતા તે તેમની દૈનિક ફરજરૂપ કરવામાં આવતી પ્રાર્થના હતી. પ્રાર્થના કરવાની ફરજ! મને લાગે છે કે આપણામાંના ઘણાને ફરજિયાત પ્રાર્થનાની બાબત ગમશે, ખ્રિસ્તીની ફરજના એક ભાગરૂપ પ્રાર્થના, એક આત્મિક ફરજ!

પરંતુ શું સંત પાઉલ આપણને એ જાતની પ્રાર્થના કરવાનું કહે છે? શું તે આપણને પ્રત્યેક પ્રસંગે પ્રાર્થના કરવાનું કહે છે? વાસણ માંજતાં, કપડાં ધોતાં, કામ કરતાં, ચાલતાં, રાંધતાં, રમત રમતાં, બગીચામાં છોડને પાણી પાતાં, પરીક્ષા આપતાં પહેલાં, - હા, સર્વ સમયે થેસ્સાલોનીકીઓને લખેલા સંત પાઉલના પ્રથમ પત્રના પાંચમા અધ્યાયની સત્તરમી કલમમાં તે લગભગ આવું જ લખે છે. તે કહે છે. સતત પ્રાર્થના કરો. 'સતત' પ્રાર્થનાનો અર્થ મને લાગે છે કે પ્રાર્થનાપરાયણતા કે પ્રાર્થનાની વૃત્તિ (Spirit) એવો અર્થ તેમને અભિપ્રેત છે. બીજી રીતે કહીએ તો, દેવની હાજરીનો સતત અનુભવ કરતાં રહેવું.

કદાચ તમે એક વિકલાંગ સાંધુ, બ્રધર લોરેન્સનું નામ સાંભળ્યું હશે. તે શારીરિક રીતે સશક્ત નથી અને વધારે ભણેલા પણ નથી. તેમને મઠના રસોડાનું કામ સોંપવામાં આવ્યું છે. તેમણે મોટેભાગે વજનદાર વસ્તુઓ લોરીમાંથી ઊતારવાની અને ચઢાવવાની હોય છે. ઘણી વખત તો પોતાની શારીરિક પંગુતાને લીધે લાચારી પણ અનુભવતા હોય છે. પરંતુ તેમણે પોતાના રસોડાના કામમાં દેવની હાજરી અનુભવવાનો અભ્યાસ કેળવ્યો છે. રસોડાના સામાનની ભારે વસ્તુઓ ઊંચકવાનું તેમને કઠણ લાગે છે, પરંતુ ત્યારે પણ તે દેવની હાજરીનો અનુભવ કરતાં કરતાં શ્રમને હળવો ગણી હસી કાઢે છે. એ જ રીતે આપણે પણ દેવની હાજરીનો અનુભવ કરી શકીએ છીએ. આપણે ચાલતાં હોઈએ, કામ કરતાં હોઈએ, વાંચતાં હોઈએ, કાર કે સાયકલ ચલાવતાં હોઈએ, ગમે ત્યાં હોઈએ - દેવની હાજરીનો અનુભવ કરતાં શીખીએ અને તેમની અદશ્ય સંગતનો આનંદ માણીએ.

સામાન્ય રીતે હું મારાં માતાપિતાને મળવા માટે વારંવાર જતો હોઉં છું. મારા માતાની એક ખાસિયત એ છે કે ઘરમાં કામ કરતાં કરતાં કે રસોઈ બનાવતાં બનાવતાં પણ તે પરમેશ્વરની સંગતમાં રહેતા હોય છે અને ભક્તિગીતોના શબ્દો ગણગણતાં એ દિવ્ય સંગતનો આનંદ માણતાં હોય છે. 'સતત પ્રાર્થનામાં રહેવું' - વાક્યનો અર્થ સંત પાઉલને મન કદાચ એ પ્રકારનો છે. પરમેશ્વરની હાજરીનો સતત અનુભવ કરતાં રહેવું એટલે પ્રાર્થનાપરાયણ, પ્રાર્થનામય જીવન જીવવું.

'બધી જ જાતની પ્રાર્થનાઓ' કરો, એમ સંત પાઉલ કહે છે અને બધી જ જાતની પ્રાર્થનાઓનો હેતુ પણ તીમોથીને લખેલાં પ્રથમ પત્રમાં આપતાં લખે છે :

વળી, રાજ્ય ચલાવનારાઓ અને બીજા સર્વ અધિકારીઓ માટે પણ પ્રાર્થના કરવામાં આવે જેથી સંપૂર્ણ ભક્તિભાવથી અને યોગ્ય વર્તણૂકથી આપણે શાંત અને સ્વસ્થ જીવન જીવીએ (૨ : ૧).

હવે આપણે 'બધી જ પ્રાર્થનાઓ' શબ્દપ્રયોગ કરીએ 'બધી પ્રાર્થનાઓ'ના કેટલા પ્રકાર સંત પાઉલ પાડે છે તે, અને એ પ્રકારને કેવી રીતે સમજાવે છે તે વિશે વીગતે જોઈએ.

## ૧. વિનંતીઓ (Requests) :

એફેસીઓને લખેલા પત્રમાં બે જગાએ અરજ (Supplication) શબ્દ વપરાયો છે (KJV – એફેસીઓને પત્ર ૬ : ૧૮). જ્યારે એ જ અધ્યાયની એ કલમમાં 'ન્યૂ ઈન્ટરનેશનલ વર્ઝન' (NIV)માં વિનંતી (Request) શબ્દ વપરાયો છે. આમ, પ્રાર્થનામાં વિનંતી એટલે અરજ હોય છે. વ્યક્તિગત રીતે મને અરજ, સપ્લીકેશન (Supplication) શબ્દ વધારે પસંદ છે. કારણ કે તેમાં વ્યક્તિની લાચાર સ્થિતિનો સંકેત થાય છે. જે વિનંતી (Request) શબ્દ કરતાં થોડો ભિન્ન છે. અરજ (Supplication)માં આરઝૂ, દિલનો પોકાર સમાયેલો છે.

અમારા દેશમાં એક સમય એવો હતો કે જ્યારે બાઇબલ ઘરમાં રાખવું એ ગુનો ગણાતો. અને બાઇબલને વાંચવું એ તો ગંભીર પ્રકારનો ગુનો ગણાતો. પરંતુ કેટલાક ખ્રિસ્તીઓનો નાનો સમૂહ દેવને અરજ કરતો રહેતો કે જેમને જોઈએ તેમને વાંચવા માટે બાઈબલ મળે અને સ્વતંત્રતાપૂર્વક તેનું વાંચન કરી શકાય એવો સમય અમારા દેશમાં લાવો! પાંચસો વર્ષ પછી પરમેશ્વરે એ અરજનો સ્વીકાર કર્યો અને 'બાઈબલ સોસાયટી'ની સ્થાપના થઈ.

તમે સેંટ પૉલ્સ કેથીડ્રલ (St. Paul's Cathedral) જોયું હશે. ઊંચે ઘુમ્મટમાં એક ગેલેરી છે, જ્યાં બેસીને કે ઊભા રહીને ધીરેથી કોઈની સાથે વાત કરીએ તો બધે, આખા દેવળમાં સંભળાય તેવી વ્યવસ્થા (Whispering Gallery) છે. ત્યાં ઊંચે એક યુવાન મોચી પોતાની પ્રિયતમાને દુ:ખી સ્વરે કહી રહ્યો હતો કે, તે પોતાની એ પ્રિયતમાને પરણી શકશે નહીં. કારણ કે તેની પાસે ધંધો કરવાના પૈસા નથી. પરંતુ એ ગેલેરીના બીજા છેડે ૧૯૮ ફૂટના અંતરે પણ ધીમેથી બોલાતો પ્રત્યેક શબ્દ સ્પષ્ટ સંભળાતો હતો. પ્રિયતમ-પ્રિયતમાનો કરુણ વાર્તાલાપ ૧૯૮ ફૂટના અંતરે ઊભેલા એક ધનાઢ્ય પુરુષે સાંભળ્યો. તે પેલા યુવાન ચમારની પાછળ પાછળ ગયા. તેના ઘરનું સરનામુ જાણી લીધું અને બીજે દિવસે તેમણે પગરખાં બનાવવાના ચામડાનું એક મોટું પાર્સલ મોકલ્યું. એના પર એક નાની ચબરખી ચોંટાડેલી હતી. 'ભેટ'. પેલા જુવાન મોચીએ તેમાંથી પગરખાં બનાવ્યાં. ધંધો શરૂ કર્યો. કમાયો અને પોતાની પ્રિયતમાને પરણ્યો! કેટલાંક વર્ષો પછી પેલા યુવાન મોચીને ખબર પડી કે તેને મદદ કરવા, ચામડાની ભેટ મોકલનાર શ્રી ડબલ્યુ. ઈ. ગ્લેડસ્ટન (W. E. Gladstone) હતા, જે ત્યારબાદ ઈંગ્લેંડના વડાપ્રધાન બની ગયા હતા.

વિશ્વ, એ એક પ્રકારની વિસ્પરિંગ ગેલેરી જેવું છે, જ્યાંથી બોલાયેલી પ્રત્યેક વિનંતી, આરઝૂ કે અરજ પરમેશ્વરના કાન સુધી પહોંચે છે. આથી તમારી સર્વ અરજો અને આરજો તેમની આગળ મૂકો.

## ૨. પ્રાર્થનાઓ (Prayers) :

તીમોથીને લખેલા પ્રથમ પત્રના બીજા અધ્યાયની પહેલી

કલમમાં 'પ્રાર્થના' શબ્દનો ઉપયોગ થયો છે. અહીં 'પ્રાર્થના' કે વિનંતીનો આપણી દૈનિક જરૂરિયાત પ્રાપ્ત કરવા માટેની માગણી એવો કરવાનો છે. જ્યારે અરજ, આજીજી કે આરઝૂ (Supplication) એ કટોકટીની પળોમાં વિશેષ પ્રકારની તાત્કાલિક મદદ માટેની માગણી છે. 'પ્રાર્થના' એ વિનંતી કરતાં થોડો વધારે ગહન અર્થ પ્રગટ કરે છે. તેમાં બંદગી કે આદરભાવ, ભક્તિની ભાવનાનો અર્થ પણ ગર્ભિત હોય છે. આમ, 'પ્રાર્થના'માં આપણે પરમેશ્વર પાસે આપણી 'દરરોજની રોટલી'ની માગણી કરીએ છીએ અને સાથે સાથે 'પરમેશ્વરના રાજ્યની સ્થાપના આ પૃથ્વી પર પણ થાય' એવો ભક્તિભાવ પણ વ્યક્ત કરીએ છીએ.

સો વર્ષ પહેલાં પાંચ વિદ્યાર્થીઓ લંડનમાં સી. એચ. સ્પર્જનનો 'સંદેશો' સાંભળવા ન્યૂયોર્ક સ્ટ્રીટના ટેબરનેકલમાં ગયા. જ્યારે તે ટેબરનેકલના દરવાજા પાસે હતા ત્યારે તેમને પ્રવાસી જાણી એક અત્યંત પ્રભાવશાળી પુરુષે પૂછ્યું, તમારે ચર્ચની હિટિંગ સિસ્ટમ જોવી છે? પેલા પ્રવાસી વિદ્યાર્થીઓને તો સ્પર્જનના ભાષણમાં રસ હતો. ચર્ચને ગરમ રાખનાર મશીનરીમાં નહીં. છતાં એ વિદ્યાર્થીઓ ના પાડી શક્યા નહીં. તેમણે હા પાડી, એટલે પેલા ભાઈ તેમને ચર્ચના ભોંયરામાં લઈ ગયા, જ્યાં દેવળની ભક્તિસભા ચાલુ થાય તે પહેલાં ભક્તિસભામાં પરમેશ્વરની આશિષની વૃષ્ટિ થાય એ માટે લગભગ ચારસો ભાઈ-બહેનો પ્રાર્થના કરતાં હતાં. કલાક પછી ભક્તિસભા ચાલુ થઈ અને પાળક પુલ્પિટ પર ચઢ્યા, ત્યારે પેલા પ્રવાસી વિદ્યાર્થીઓને ખબર પડી કે એ સી. એચ. સ્પર્જન છે, અને એ જ તેમને ચર્ચને ઉષ્મા પ્રદાન કરનાર ચર્ચની હિટિંગ સિસ્ટમ બતાવવા લઈ ગયા હતા!

આપણા જીવનમાં પ્રાર્થનાની ઘણી અગત્યતા છે. આપણા

ભૌતિક જીવનની આવશ્યક્તાઓ પ્રાપ્ત કરવા માટે આત્મિકજીવનના માર્ગ પર આગળ વધવા માટે, નિર્બળોને પરમેશ્વરની સહાય મળે તે માટે, બિમારોના સાજાપણા માટે, પાપીઓ પશ્ચાત્તાપ કરે અને પ્રભુ ઈસુના શરણમાં આવે તે માટે, પ્રભુના માર્ગ પર ચાલતાં ચાલતાં પડી ગયેલાં માટે અને પરમેશ્વરનું રાજ્ય આ પૃથ્વી પર ફેલાય તથા તેમની ઈચ્છા પૂરી થાય એ માટે પણ આપણે નિત્ય પ્રાર્થના કરવાની છે.

## ૩. મધ્યસ્થી (Intercessions) :

આ જાતની પ્રાર્થના બીજાઓને માટે કરવામાં આવે છે.

એક ફેક્ટરીના ભોજનાલયમાં કોઈ બાબતની ઉગ્ર ચર્ચા થઈ રહી છે. એ ચર્ચામાં ખ્રિસ્તીઓને ઢોંગી કહી તેમની નિંદા કરવામાં આવી રહી છે. તેમને નિર્બળ કહેવામાં આવે છે, નકામા કહેવામાં આવે છે. તેમને પાખંડીની ઉપમા અપાય છે અને તેમના પર આરોપ લગાડવામાં આવે છે કે ખ્રિસ્તીઓ બોલે છે તે પ્રમાણે કરતા નથી. આ બધું સાંભળ્યા પછી એક માણસ બોલવા ઊભો થયો. તે ખ્રિસ્તી હતો. તેણે કહ્યું 'મને લાગે છે કે ટીકા કરવામાં તમે હદ વટાવી દીધી છે. મને ખબર છે કે હું પૂર્ણ નથી અને કોઈ પણ ખ્રિસ્તી પૂર્ણ નથી. પરંતુ હું તમને એટલું તો જરૂર કહીશ કે હું જે માનું છું, તેને મારા આચરણમાં પણ મૂકું છું. તમે તો હદ કરી નાખી!'

ખ્રિસ્તીઓ વિરોધની ચર્ચામાં જે અગ્રભાગ લેતો હતો તે ભાઈ બોલ્યો, 'સારું. તમે કહો છો કે તમે પાખંડી નથી. ચાલો, થોડીવાર માટે માની લઈએ. પરંતુ તમે જ મને ઉત્તર આપો કે શું પ્રભુ ઈસુ પાપીઓને માટે મરણ પામ્યા?' પેલા ખ્રિસ્તીભાઈએ

જવાબ આપ્યો, 'હા, જરૂર.' ફરીથી પેલા વિરોધીએ પૂછ્યું, 'તો જે લોકો પરમેશ્વરપુત્ર તરફથી મળતી ક્ષમાનો અસ્વીકાર કરે છે તેને દેવ સજા કરશે?' ખ્રિસ્તીભાઈએ ઉત્સાહથી કહ્યું, 'હા, હું એ માનું છું. બાઈબલ પણ એ જ શીખવે છે.' પેલા ભાઈ જાણે ખ્રિસ્તીની કસોટી કરતો હોય તેમ તેણે ફરીથી પૂછ્યું, 'સારું, તમે મને કહો કે, પરમેશ્વર ખ્રિસ્તીની પ્રાર્થના સાંભળે છે?' ખ્રિસ્તીભાઈએ વિશ્વાસ સહિત કહ્યું, 'હા, તેમણે મને મારી ઘણી પ્રાર્થનાઓના પ્રત્યુત્તર આપ્યાં છે.' વિરોધીએ છેલ્લું તીર ફેંક્યું, 'તો તમે મને કહેશો કે, તમે મારે માટે કેટલી વખત પ્રાર્થના કરી? આપણી ફેક્ટરીમાં કામ કરનાર અન્ય કામદારો માટે કેટલી વખત પ્રાર્થના કરી? શું તમે અમારે માટે કોઈ વખત આખી રાત પ્રાર્થના કરી છે? અમે પસ્તાવો કરીને નરકના અગ્નિથી બચી જઈએ તે માટે કદી અમારે માટે આગ્રહપૂર્વક પ્રાર્થના કરી છે?' આ તીર બરાબર વાગ્યું. ખ્રિસ્તીભાઈ નરમ પડી ગયા અને કહ્યું, 'ના.' અને વિરોધી બોલી ઊઠ્યો, 'એટલે જ હું તમને ખ્રિસ્તીઓને ઢોંગી અને પાખંડી કહું છું, સમજ્યા હવે?' અને ભોજનખંડમાં સોપો પડી ગયો!

બીજાંઓને માટે પ્રાર્થના? આવી પ્રાર્થના કરવી જોઈએ તેની શું આપણને ખબર છે કે પછી આપણે સંસારમાં ડૂબી ગયાં છીએ? શું આપણે આપણાં હૃદયો પર હાથ મૂકીને કહી શકીએ છીએ કે, ખરેખર આપણે બીજાંઓને માટે પ્રાર્થના કરવાની અગત્યતા સમજીએ છીએ અને બીજાંઓને માટે પ્રાર્થના કરીએ છીએ?

### ૪. આભાર - દર્શન (Thanksgiving) :

એપ્રિલ માસના એક ઈસ્ટર સન્ડેના દિવસે પ્રભુના સેવક રેવ. ડૉ. હોલ, સ્નોડનના પહાડની ટોચ પર ઈસ્ટર સન્ડેના સૂરજને

ઊગતો જોવા માટે પોતાના કેટલાક મિત્રો સાથે ગયા. જ્યારે તે ટોચ પર પહોંચ્યા ત્યારે ઈસ્ટર સન્ડેના સૂરજને ઊગતો નિહાળવા માટે સેંકડોની સંખ્યામાં વેલ્સનાં લોકોને એકઠાં થયેલાં જોયાં. એ લોકોમાંથી કેટલાંક લોકો ડૉ. હોલને ઓળખતાં હતાં, તેથી તેમણે ડૉ. હોલને ઈસ્ટરનો 'સંદેશો' આપવાની વિનંતી કરી. પરંતુ 'સંદેશો' આપવાને બદલે તેમણે પ્રાર્થના કરાવશે અને પ્રભુના પુનરુત્થાન અંગે દેવનો આભાર માનશે, એમ જણાવ્યું. અને કેટલીક મિનિટો સુધી તેમણે દેવપુત્ર પ્રભુ ઈસુના અવાચ્ય દાન માટે તથા પ્રભુ પુત્ર સ્વામી ઈસુ ખ્રિસ્તે જે અસહ્ય દુઃખો વેઠીને આપણી ખંડણી ભરવા માટે પોતાનું રક્ત વહાવ્યું એ માટે આભાર પ્રદર્શિત કર્યો. અને ડૉ. હોલ એ પ્રાર્થના કરાવતાં કરાવતાં ભાવવિભોર બની ગયા અને ભક્તિમાં તન્મય બની ગયા. જ્યારે તેમણે 'આમેન' કહીને પ્રાર્થના પૂરી કરી ત્યારે ઘણા લોકોનાં ગાલ પર આંસુનો પ્રવાહ વહેતો હતો. ફરી પાછા કેટલાંક વર્ષો પછી ડૉ. હોલ એ જ પર્વતની ટોચ પર ઈસ્ટર સન્ડેના ઊગતા સૂરજને નિહાળવા ગયા, ત્યારે પણ ત્યાં લોકોની મોટી ભીડ હતી. એ ભીડમાંના એક પાળકે ડૉ. હોલને ઓળખ્યા. તે ડૉ. હોલની પાસે ગયા અને પૂછ્યું, 'ડૉ. હોલ તમને યાદ હશે કે આ જ પર્વત પર એક ઈસ્ટર સન્ડેના દિવસે તમે પ્રાર્થના કરાવેલી?' ડૉ. હોલે કહ્યું, 'હા', પેલા પાળકે ફરીથી પ્રશ્ન કર્યો, 'શું તમને એ પણ ખબર પડેલી કે તે દિવસે તમારી પ્રાર્થના વખતે ૪૦ માણસોનું તારણ થયેલું?' ડૉ. હોલે ઉત્તર આપ્યો, 'ના. પરંતુ એ તો આનંદ પમાડે એવી વાત છે.'

'હા. આનંદ જ નહીં, પણ આશ્ચર્ય પમાડે એવી વાત છે કે, જેમનું તારણ થયું તે ચાલીસેય જણ વેલ્સભાષા બોલનાર હતા

અને તેમાંનું કોઈ પણ અંગ્રેજી ભાષાનો અક્ષરેય સમજતું ન હતું. પવિત્ર આત્માએ જ એ લોકો સાથે વાત કરી અને તેમનાં હૃદય તમારી પ્રાર્થના દરમિયાન ખોલવામાં આવ્યાં!' પેલા પાળકે ખુલાસો કર્યો.

આત્માના સામર્થ્ય વડે દરેક પ્રસંગે પ્રાર્થના કરો. તમારી સર્વ અરજ અને ગરજ પ્રભુને જણાવો. વિનંતી, આજીજી, મધ્યસ્થી અને આભાર દર્શનની પ્રાર્થનાઓ તેમની સમક્ષ લાવો.

સંત પાઉલ જણાવે છે કે પ્રાર્થનામાં ખંતથી લાગુ રહો. અહીં 'લાગુ રહો' (Allways) એ શબ્દ મૂળમાં ગ્રીક શબ્દ Persevarence એટલે ખંત રાખવો, મંડ્યા રહેવું, ચીવટથી ચાલુ રાખવું - એવો અર્થ પ્રગટ કરે છે. અને પ્રાર્થનાનો આ જ સૌથી અઘરો ભાગ છે. કારણ કે પ્રાર્થના કરતાં આપણે થાકી જઈએ છીએ. અને કંટાળો આવવા લાગે છે. અને કહેવા લાગીએ છીએ, હવે કેટલી પ્રાર્થના કરવાની ! હવે તો થાકી ગયા! અને આમ, આપણે નિરાશ બની જઈએ છીએ.

તો પછી પ્રાર્થનામાં સતત લાગુ કેવી રીતે રહેવાય? શું તેનો કોઈ કીમિયો છે ખરો? હા, કીમિયો છે. બસ દઢ નિશ્ચય કરો અને પ્રાર્થના કરતા રહો. પ્રાર્થના કરવી એ આપણી ફરજ છે. તેમ માનો અને ફરજ અદા કરો. એ ફરજ અદા કરવા માટે શક્તિ અને સહનશક્તિની (stamina)ની ઘણી જ જરૂર છે. પરંતુ એવું કયું કામ છે જેમાં શક્તિની જરૂર પડતી ન હોય. જ્યારે સંત પાઉલ ખંતથી પ્રાર્થના કરવાની વાત કરે છે, ત્યારે એ પ્રાર્થનાના કાર્યમાં શક્તિ કે સહનશક્તિ તથા દઢ નિર્ધારનાં તત્ત્વોને પણ સામેલ કરે છે.

'જાથુ પ્રાર્થના કરો' અથવા 'પ્રાર્થનામાં લાગુ રહો' અથવા 'હર વખત પ્રાર્થના તથા વિનંતી કરો' શબ્દપ્રયોગોનો 'સઘળા સંતોને માટે સંપૂર્ણ આગ્રહથી વિનંતી કરીને જાગૃત રહો' (એફેસીઓને પત્ર ૬ : ૧૮) સાથે સંદર્ભ જોડાયેલો છે. અહીં સંત પાઉલ સંકેત કરે છે કે પ્રાર્થના એ માત્ર અન્તર્મુખી પ્રવૃત્તિ નથી પરંતુ બહિર્મુખી પ્રવૃત્તિ પણ છે. પ્રાર્થનામાં માત્ર સ્વાર્થની જ નહીં પરંતુ પરમાર્થની ભાવના પણ રહેલી છે. જ્યારે આપણે કેવળ આપણા સ્વાર્થની જ વાતોનું પ્રાર્થનામાં રટણ કરીએ છીએ, ત્યારે એવી પ્રાર્થના બોઝિલ બની જાય છે અને આપણો ખંત ખૂટી જાય છે.

આમ કહેવા પાછળ મારો શો આશય હશે? પ્રાર્થના કરવાનો એક આદર્શ નમૂનો પ્રભુ ઈસુએ આપણને આપ્યો છે. 'આકાશમાંના અમારા બાપ' વાળી પ્રાર્થનામાં પ્રભુએ આપણને પ્રાર્થનાનું એક માળખું (structure) બતાવ્યું છે. તેમણે આપણને શીખવ્યું છે કે પ્રાર્થનાનો પ્રારંભ પ્રથમ દષ્ટિને ઉર્ધ્વ કરીને, એટલે જગતમાં પરમેશ્વરનું રાજ્ય આવે અને તેમની ઇચ્છા પૂર્ણ થાય, એવી વિનંતી પછી જ બીજાઓ માટે વિનંતી કરાય: આપણી પોતાની માગણીઓ પ્રથમ મૂકીને પ્રાર્થના કરાય નહીં. પ્રાર્થનાનો સૌથી પ્રથમ અને મહત્ત્વપૂર્ણ આશય છે. દેવનો મહિમા પ્રગટ કરવાનો. અને તેમના રાજ્યની વૃદ્ધિ અંગે આપણી શુભ કામના પ્રગટ કરવાનો. આપણી અંગત જરૂરિયાતો અને માગણીઓનો વારો તો અંતે જ આવે છે. અને આપણી દૈનિક જરૂરિયાતોમાં 'દરરોજની રોટલી' અંગે, ક્ષમા પ્રાપ્ત કરવા અંગે, પરીક્ષણોથી બચવા અંગે તથા સર્વ પ્રકારની ભૂંડાઈથી રક્ષણ પ્રાપ્ત કરવા અંગે વિનંતી કરવામાં આવે છે.

પરંતુ મને કોઈ પૂછી શકે છે કે ઉર્ધ્વમુખી અને બીજાઓ માટેની પ્રાર્થના પ્રવૃત્તિથી ખંતથી પ્રાર્થનામાં લાગુ રહેવાની વાતને કોઈ લાભ છે ખરો? હા, એમ કરવાથી આપણે દેવના મહાન અને ભવ્ય હેતુને આ જર્જરિત ધરતી પર સ્થાપવાના કાર્યમાં સહાયક બનીએ છીએ. જે હેતુને ઘણાં લોકો જોઈ નથી શકતાં અને જુએ છે, તો સમજી નથી શકતાં. ખ્રિસ્તીઓને તો પરમેશ્વર જે કાંઈ કરે છે, તે બધામાં શ્રદ્ધા હોય છે. ખ્રિસ્તીને તો ખબર છે કે, ધરતી પર ચાલતા સત્ય અને અસત્ય વચ્ચેના સંગ્રામમાં આપણે સંડોવાયેલાં છીએ. અને ખ્રિસ્તીની એક અચળ શ્રદ્ધા પણ હોય છે કે છેવટે, વિજય તો દેવનો જ છે.

આથી, જ્યારે ખ્રિસ્તી પરમેશ્વર તરફ ઉર્ધ્વ દષ્ટિ કરે છે અને બીજાઓ માટે વિનંતીઓ કરે છે, ત્યારે તેની પ્રાર્થનાથી પોતાની નિરાશા ઘણી જ ઓછી થઈ જાય છે. આપણે હતાશ બની જતાં નથી. પેલાં બાઈબલ વાંચનાર ભાઈ-બહેનોની બાઈબલ અંગેની પ્રાર્થનાને સાકાર બનતાં પાંચસો વર્ષ લાગ્યાં અને દેવનાં વચનો પૃથ્વી પર ફેલાય એવી દેવની ઈચ્છાને પૂર્ણ થતાં વર્ષો લાગ્યાં. છતાં તેમની પ્રાર્થનાથી આખરે લંડનમાં બાઈબલ સોસાયટીની સ્થાપના થઈ.

આથી, આપણે આપણી પ્રાર્થનાઓમાં પ્રભુ ઈસુએ શીખવેલી પ્રાર્થના કરવાના ક્રમને અનુસરવો જોઈએ. પ્રથમ આપણે દેવની ઈચ્છા પૂર્ણ થાય એવી પ્રાર્થના કરવી જોઈએ. અને ત્યારબાદ તેમનાં બાળકો માટે, તેમનાં લોકોની જરૂરિયાતો માટે પ્રાર્થના કરવી જોઈએ. અને છેવટે આપણે આપણી વ્યક્તિગત આવશ્યક્તાઓ માટે વિનંતી કરવી જોઈએ. પ્રાર્થનાની આ રીત જ ખંતથી સતત પ્રાર્થના કરતા રહી શકવાનું રહસ્ય છે. આ જાતની પ્રાર્થના-

પદ્ધતિને કારણે જ આપણે જાથુ પ્રાર્થના કરતાં નિરાશ બનતાં નથી. આપણી પ્રાર્થનાઓના મળતા વિલંબિત ઉત્તરોથી આપણે હતાશ બની ડગમગી જતાં નથી. પૂર્વાકાશમાં સૂર્યોદય થતાં પહેલાંના અંધકારના ઈતિહાસથી આપણે પરિચિત છીએ, આથી અંધકાર હોય ત્યારે પણ આપણે પ્રાર્થના કરતાં રહીએ છીએ. આથી જ આપણે દેવનાં શસ્ત્રો સત્યનો કમરબંધ, ન્યાયીપણાનું બખતર, શાંતિના પગરખાં, વિશ્વાસની ઢાલ, તારણનો ટોપ તથા દેવના વચનરૂપી આત્માની તલવાર - એ બધાંથી પ્રાર્થના કરતાં કરતાં સજ્જ બનીએ.

ઉપસંહારમાં કહેવાય કે, આપણે પરિવર્તનશીલ જગતમાં સતત આવતાં પરિવર્તનો સાથે રહીને આ જગતમાં જીવવાનું છે. આપણામાંથી કોઈને આવતા વર્ષની મહિનાની, સપ્તાહની કે કાલની કશી જ ખબર નથી. આપણા જીવનની એ અનિશ્ચિતતા જ આપણને પ્રાર્થના કરવાની આવશ્યક્તાનું મહત્ત્વ બતાવે છે, કારણ કે એ જ આપણી 'લાકડી તથા છડી' છે.

'..... બધું જ પ્રાર્થનાપૂર્વક કરો અને ઈશ્વરની મદદ માગો. જેમ પવિત્ર આત્મા દોરવણી આપે તેમ સર્વપ્રસંગે પ્રાર્થના કરો. આ કારણથી હંમેશાં જાગૃત રહો અને તેમ કરવાનું કદી પડતું ન મૂકો. સર્વસમયે ઈશ્વરના લોકને માટે પ્રાર્થના કરો.' (એફેસી ૬ : ૧૮).

તમારી દષ્ટિ ઊંચી, દેવ તરફ રાખો. અને અન્ય લોકો માટે પ્રાર્થના કરવાનું ભૂલશો નહીં. પરંતુ વિશેષ કરીને જેઓ દેવનું શિક્ષણ આપે છે અને પ્રભુ ઈસુનો 'શુભસંદેશ' આ જગતમાં ફેલાવવા માટે પરીશ્રમ કરે છે, તેમને માટે પ્રાર્થના કરવા અંગેના સંત પાઉલના મર્મસ્પર્શી શબ્દોને હંમેશાં યાદ રાખશો. અહીં તો

તે પોતાના માટે પ્રાર્થના કરવાની વિનંતી કરે છે, પરંતુ એ વિનંતી પરમેશ્વરની વિવિધ રીતે કરાતી સેવાના સર્વ સેવકોને માટે પ્રાર્થના કરવાની જરૂરિયાતનો સંકેત પણ કરે છે. તે કહે છે:

માટે માટે પણ પ્રાર્થના કરો કે, જ્યારે મારે બોલવાનું હોય ત્યારે ઈશ્વર મને 'સંદેશો' આપે અને હું હિંમતથી શુભસંદેશનું રહસ્ય જાહેર કરી શકું. કારણ, હાલ જેલમાં હોવા છતાં હું શુભસંદેશનો રાજદૂત છું. મારે જે રીતે બોલવું જોઈએ તે રીતે હિંમતથી બોલી શકું માટે પ્રાર્થના કરો (એફેસીઓને પત્ર ૬ : ૧૯-૨૦).

અને સંત પાઉલે એફેસસની મંડળીનાં લોકો માટે ઉચ્ચારેલાં આશીર્વચન આપણને પણ આશિષિત કરે એવી પ્રાર્થના સાથે આપણે પણ બોલીએ.

"ઈશ્વરપિતા અને પ્રભુ ઈસુ ખ્રિસ્ત, સર્વ ભાઈઓને શાંતિ તથા વિશ્વાસ સહિત પ્રેમ બક્ષે. જેઓ આપણા પ્રભુ ઈસુ ખ્રિસ્ત પર અમર પ્રેમ રાખે છે, તે સર્વ પર કૃપા થાઓ. આમેન."

✿ ✿ ✿

# અનુવાદકનો પરિચય

ડૉ. રવિકાન્ત જેકબ પરમાર
એમ.એ., પી.એચ.ડી.

હિન્દીના નિવૃત્ત પ્રાધ્યાપક, નલિની એન્ડ અરવિંદ આર્ટ્સ કૉલેજ, વલ્લભવિદ્યાનગર, ગુજરાત.

હાલ યુ. એસ. એ. માં નિવાસ અને ખ્રિસ્તી ધાર્મિક ગ્રંથોના લેખન અને અનુવાદ-કાર્યમાં પ્રવૃત્ત. તેમણે કરેલા 'ચાર્લ્સ સ્પર્જન'ના જીવનચરિત્રનો અનુવાદ તથા ડો. બિલી ગ્રેહામના દૈનિક મનન પુસ્તક UNTO THE HILLSનો 'ટેકરીઓનો સાદ' શીર્ષકથી કરેલા અનુવાદ-ગ્રંથો ગુજરાતનાં ધર્મપ્રિય લોકોમાં પ્રશંસા પામ્યા છે.

ડો. પરમારનાં કાવ્યો અને લેખો હિન્દી ભાષાના પ્રતિષ્ઠિત સામયિક 'વીણા'માં કયારેક કયારેક છપાયાં છે. ડો. પરમાર કાવ્ય-પઠન અને અભિનયકલામાં રસ ધરાવે છે.

હવે પછી આવનાર તેમનું પુસ્તક છે : ડો. બિલી ગ્રેહામ : પ્રભુ ઈસુની સુવાર્તાના મહાન સંદેશવાહક.

5BGS2

આપણે પ્રભુ ઈસુની આરાધનાનાં ગીત કેવળ ગાવા ખાતર હોઠથી ગાતાં હોઈએ. જ્યારે આપણે પ્રાર્થનામાં ઘૂંટણે પડીએ, ત્યારે ખ્રિસ્તી જેવાં દેખાતાં હોઈએ. પરન્તુ આપણાં ગીતો અને પ્રાર્થનાના શબ્દો આપણા ખ્રિસ્તીપણાની કસોટી નથી. આપણા ખ્રિસ્તીપણાની ખરી કસોટી તો એ છે કે, આપણા સાચા અર્થમાં નમ્ર બનીને પ્રભુ ઈસુના શરણમાં ગયાં છીએ કે નહીં, તેમાં છે. આપણે કોના રાજ્યનાં નાગરિક છીએ? કોની આધિનતામાં આપણે જીવીએ છીએ? તમે નિયમિત રીતે ખ્રિસ્તીસંગતમાં ભાગ લેતાં હો, પરન્તુ હકીકતમાં તો તમારો નિવાસ શેતાનના રાજ્યની સીમાઓમાં જ હોય! તમે બીજાં લોકોની દૃષ્ટિમાં તો સાચાં ખ્રિસ્તી જેવાં દેખાતાં હો, પરન્તુ તમને પોતાને ખબર છે કે થોડા દિવસો પહેલાં જ તમે શેતાનની સાથે ખાનગીમાં છબછબિયાં (Debbling) કરતાં હતાં!

પ્રભુ ઈસુના રાજ્યમાં અભિમાન, આંખોની લાલસા અને શારીરિક વિલાસને કોઈ સ્થાન નથી. આ બધી તો શેતાનના સામ્રાજ્યની વસ્તુઓ છે. જો આપણા હૃદયમાં એ વસ્તુઓને સ્થાન હોય, તો એનો અર્થ એ થયો કે આપણે શેતાનની સત્તાની વિરુદ્ધમાં લડવાનું બંધ કર્યું છે અને ધીમે ધીમે શેતાનની છાવણીમાં પગપેસારો કરી, તેને શરણે જવાનું સ્વીકારી લીધું છે! કદાચ ગયા અઠવાડિયે, શેતાને તમારા હૃદયદ્વારને ખોલ્યું છે અને એ દ્વારની સાંકળ પર શેતાનની ફિંગરપ્રિન્ટ પણ છપાઈ ગઈ છે!